જંગમાં ઝૂકેલું જગત્.

કાજી અને નાણાવટી.

કીંમત આઠ આના.



મહારાજાધિરાજ સમ્રાટ્ પંચમ જ્યૉર્જ.

જંગમાં ઝૂકેલું જગત્.

(જે. નેલ્સન ફ્રેઝર કૃત 'The world t War'નું ભાષાંતર.)

ભાષાંતર કર્તા.

બાલુભાઇ લલ્લુભાઇ કાજી બી. એ., એસ. ટી. સી. ડી.

આ. માસ્તર, સરકારી હાઈસ્કુલ, ભરૂચ.

અને

ચુનીલાલ દ્વારકાદાસ નાણાવટી બી. એ., એસ. ટી. સી. ડી.

આ. માસ્તર, સરકારી હાઈસ્કુલ, ભરૂચ.

કીમત આઠ આના.

ભરૂચ.

૧૯૧૬

Printed by

PRABHUSHANKER NARBHERAM VYAS at the Khubchand Amichand's
The Surat Jain "Engine" Printing Press
Near Khapatia Chakla, **Surat.**

Published by

CHUNILAL DWARKADAS Nanavati B. A. at the
Zaveri Mohalla, **Broach.**

પ્રસ્તાવના.

મુંબઇ ઇલાકાની 'સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ'ના પ્રિન્સિપલ મિ. જે. એન. ફ્રેઝરે 'The World at War' (2nd edition, July 1916) નામનું લઘુ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. એ પુસ્તકમાં સાંપ્રત સમયના યુરોપીય વિગ્રહનું વર્ણન રસિક, સહેલી અને સરળ ભાષામાં આપ્યું છે. એ વર્ષ જેટલા ટુંકા સમયમાં એ પુસ્તકની દ્વિતીય આવૃત્તિ પ્રસિદ્ધ થઇ છે, એજ એની લોકપ્રિયતા સિદ્ધ કરે છે. વળી મુંબઇ યુનિવર્સિટિએ ઇ.સ. ૧૯૧૭ની મૅટ્રિક્યુલેશનની પરીક્ષા માટે એ પુસ્તક નિર્ણીત કર્યું છે.

અંગ્રેજી ભાષામાં પ્રવીણ પુરૂષોને એ ઉપરાંત આ વિગ્રહ સંબંધી અન્ય પુસ્તકો પણ વાંચવા લાયક મળી આવે છે, પરંતુ ગુજરાતી ભાષામાં આ જગપ્રસિદ્ધ મહાન્ જંગ સંબંધી પુસ્તકોનો અભાવ છે, અને તેથી ગુજરાતી ભાષા જાણનારાઓની યુદ્ધ સંબંધી જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે કાંઇ સાધન નથી. આથી નવીન પદ્ધતિપર નવીન વ્યૂહ રચના સાથે મહાન્ બળવાન્ પ્રજાઓના ચાલતા આ યુદ્ધ સંબંધી જ્ઞાનનો પ્રચાર કરવાના હેતુથી અને આપણા મહારાજાધિરાજ સમ્રાટ્ પંચમ જ્યૉર્જને નાનાં રાજ્યોના રક્ષણાર્થે અને દુનિયાની સર્વ પ્રજાની સ્વતંત્રતા જાળવવાના હેતુથી રણસંગ્રામમાં ઊતરવું પડ્યું છે તે બતાવવાના ઉદ્દેશથી ઉપરોક્ત લઘુ પુસ્તકનું ભાષાંતર કરવાનું અમે ઉચિત ધાર્યું છે. વળી આ પુસ્તક વિદ્યાર્થીવર્ગને તેમજ સામાન્ય જનસમુદાયને પણ ઉપયોગી થાય તો આ મહાભારત જંગ સંબંધી ખરી હકીકત તેઓ જાણે અને ખોટા ગપાટાના ભોગ ન થઇ પડે એ હેતુ લક્ષમાં રાખી આ ભાષાંતર ક્લિષ્ટ સંસ્કૃતમય ઉચ્ચ ભાષામાં ન કરતાં સામાન્યવર્ગને સહેલાઇથી સમજાય એવી સરલ ભાષામાં કરવામાં આવ્યું છે. સ્થળો તથા પુરૂષોનાં નામના ઉચ્ચાર વેબ્સ્ટરની 'ઇન્ટરનૅશનલ ડીક્શનરી' પ્રમાણે આપ્યાં છે.

આ લઘુ પુસ્તકમાં વિગ્રહ સંબંધી કોઇપણ નકશા અથવા ચિત્રો અમે આપી શકયા નથી, પરંતુ આશા છે કે એની દ્વિતીય આવૃત્તિમાં તેમનો સમાવેશ કરી શકાશે.

આ ભાષાંતરની આવશ્યકતા અને ઉપયોગિતા સૂચવવા માટે પ્રો. હિરાલાલ લલ્લુભાઇ કાજી એમ. એ. બી. એસ. સીનો અને ભાષાંતર કરવાની રજા આપવા માટે 'ઑકસફર્ડ યુનિવર્સિટિ પ્રેસનો અંતઃકરણ પૂર્વક આભાર આ સ્થળે માનીએ છીએ; તેમજ ફ્રાન્સના રાષ્ટ્રીય ગીતનું પદ્યમાં ભાષાંતર કરવામાં મિ. હિ. જ. પંચોળી, બી. એ. તથા ર. ચુ. શેઠનાની મદદ માટે તેમનો પણ ઉપકાર માનવો ઘટે છે.

બા. લ. કાજી.

અને

ચુ. દ્વા. નાણાવટી.

PREFACE TO THE FIRST EDITION.

We have lately passed through one of the most tragic moments in the history of the world. We have seen a war break out which has forced into arms the greatest nations of mankind. In its mere scale this war is unparalleled, and in other ways too it differs from all wars that have gone before it. It comes after the age of science and invention, when the world has grown so rich in material possessions that war is more destructive than ever. It comes after an age of growing charity and humanity. There has never been an age so averse to pain, or an age when the relief of human suffering has engaged so many thoughts. Finally it comes after an age of growing intercourse between nations, and even of growing sympathy between individuals in the least friendly countries. And yet it has come—with a swiftness inconceivable and a force that has left us no chance to hope or wish or work for peace. On neither side has there been any doubt or division of feeling; on both sides there is a conviction that the struggle must be fought out to the end, and that national defeat means national death. Few other wars in the history of the world have brought with them this appalling sense of a mortal struggle.

This calamity has not overtaken mankind without good reason, and it should be natural for the educated man to wish to know what the reasons for it are. Many books have already been written to explain them; we have here one more added to

their number. It is intended for junior students in India, but it may be found useful also by old readers.

Much of it is historical. The reasons for the present lie buried in the past; a study of the past shows us how we have reached our own day. Unfortunately it sheds but too scanty a light on the future; nevertheless, it fills the present with interest, and as we move on it helps us to realise in what direction we are moving. For this reason there is much history in this book.

As for the brief sketch of the war, it is naturally written from the point of view of the present. But it is written with a full sense that this ink will not be dry before events have moved and even the unforeseen has occurred.

Bombay, February 1st, 1915.

PREFACE TO THE SECOND EDITION.

In this edition the historical part has been rewritten so as to present within the same compass as before a proportionate account of the operations up to July 1st 1916. It contains some additional maps and illustrations.

Bombay, July 1st, 1916.

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના.

જગતના ઇતિહાસમાં ઘણાજ દુઃખદાયક સમયમાંથી આપણે હમણા પસાર થયા છીએ. આપણે વિગ્રહ ફાટી નીકળતાં જોયો છે, જેમાં દુનિયાની સૌથી મહાન્ પ્રજાઓને શસ્ત્ર ગ્રહણ કરવાં પડયાંછે. વિસ્તારમાં તો તે અપ્રતિમછે, તેમજ પૂર્વના વિગ્રહો કરતાં ઘણી રીતે તે જુદો પડે છે. વિજ્ઞાન અને નવીન શોધોના જમાનામાં દુનિયા ભૌતિક સંપત્તિથી એટલી બધી સમૃદ્ધ થઇ છે કે પહેલાના કરતાં આધુનિક સમયનો વિગ્રહ વધુ નાશકારક નિવડે છે; એવા જમાના પછી આ યુદ્ધ શરૂ થાય છે, ભ્રાતૃભાવ અને લોક કલ્યાણના જમાના પછી આ લડાઇનો પ્રારંભ થાય છે; દુઃખ દેવાના વિચારને પ્રતિકૂળ આ જમાના જેવો, પૂર્વે કોઈ જમાનો થયો નથી, અને મનુષ્ય જાતિના સંકટ નિવારણાર્થે આટલા બધા વિચાર પૂર્વના કોઇ જમાનામાં થયા નથી. પ્રજાઓ વચ્ચે વધતા વ્યવહારના, અને ઓછામાં ઓછા મિત્રભાવની લાગણીથી જોડાયલા દેશમાં વ્યક્તિઓ વચ્ચે વધતી જતી સહાનુભૂતિના પણ આ જમાના પછી આ લડાઈ શરૂ થાય છે. આમ છતાં પણ તે યુદ્ધ આવી પડયું છે અને તે એવી અકલ્પનીય ત્વરા અને શક્તિથી શરૂ થયું છે કે સંધિને માટે આશા, ઇચ્છા કે પ્રયત્નનો સંભવ આપણે માટે રહ્યો નથી. એક પણ પક્ષમાં શંકા કે મતભેદ જણાયા નથી. છેવટ સુધી આ લડાઇ લડવી જોઇએ અને પ્રજાની હાર એ પ્રજાનું મૃત્યુજ છે એવી ખાત્રી બંને પક્ષને થઈ છે. દુનિયાના થોડાજ યુદ્ધમાં આવા પ્રાણઘાતક યુદ્ધના જેવી ભયંકર લાગણી ઉત્પન્ન થઈ હશે.

મનુષ્ય જાતપર આ વિગ્રહની આપત્તિ સબળ કારણ વિના આવી નથી; તેનાં કારણ શું છે એ જાણવાની વિદ્વાન મનુષ્યને જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. તે સ્પષ્ટ કરવાને ઘણાં પુસ્તકો રચાયાં છે; તેની સંખ્યામાં આ પુસ્તકથી આપણે વધારો કર્યો છે. આ પુસ્તક **ભાર**તવર્ષના બાળ વિદ્યાર્થીઓ માટે યોજેલું છે, પણ પુખ્ત ઉમરના વાંચક વર્ગને પણ કદાચ ઉપયોગી થશે.

એમાંનો ઘણો ભાગ ઐતિહાસિક છે. વર્તમાનનાં કારણો હાલ તો ભૂતમાં દટાયલાં રહ્યાં છે. ભૂતકાળના ઇતિહાસના અભ્યાસથી, હાલનો સમય કેમ આવ્યો છે તે માલૂમ પડશે. દૈવયોગે ભવિષ્ય ઉપર તે બહુજ ઓછો પ્રકાશ પાડે છે; એમ છતાં વર્તમાનકાળના બનાવોને તે રસમય બનાવે છે; અને જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ આપણે કઇ દિશામાં પ્રયાણ કરીએ છીએ તે સમજવામાં તે સહાયભૂત થાય છે. આ કારણવશાત્ આ પુસ્તકમાં ઐતિહાસિક ભાગ વધુ છે.

યુદ્ધના ટુંક વર્ણન સંબંધમાં કહેવું જોઇએ કે સ્વાભાવિક રીતે વર્તમાન ઉપર દૃષ્ટિ રાખીને તે લખવામાં આવ્યું છે. આ લખાણની શાહી સૂકાતાં પહેલાં કાંઇ બનાવો બની જશે અને અણધાર્યું પણ થશે, એવું બરાબર સમજીને આ પુસ્તક લખ્યું છે.

મુંબઇ, ૧લી ફેબ્રુઆરી સન ૧૯૧૫.

દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના.

સન ૧૯૧૬ના જુલાઇની પહેલી તારીખ સુધીનું પ્રમાણસર લડાઇનું વર્ણન પહેલાના જેટલાજ વિસ્તારમાં આવી જાય એવી રીતે આ આવૃત્તિમાં ઐતિહાસિક ભાગ પુનઃ લખવામાં આવ્યો છે. તેમાં કેટલા વધારાના નકશા અને ચિત્રો મૂકવામાં આવ્યાં છે.

મુંબઇ ૧લી જુલાઇ સન ૧૯૧૬.

અનુક્રમણિકા.

ભાગ ૧ લો. પ્રાચીન ઇતિહાસ.

ભાગ ૨ જો. અર્વાચન ઇતિહ

ભાગ ૧ લો.

પ્રાચીન ઈતિહાસ.

પ્રકરણ ૧ લું.

જર્મનિ અને ઑસ્ટ્રિઆ.

'જર્મન' શબ્દ યુરોપની પ્રજાને બે હજાર કરતાં પણ વધારે વર્ષ થયાં જાણીતો થયો છે, પરંતુ એ શબ્દ પહેલાં કોણે વાપર્યો અથવા ખરેખર કઇ ભાષાનો એ શબ્દ છે, તે આપણે કહી શકતા નથી. ર્‌હાઇન નદીના ઉત્તર અને પૂર્વ ભાગમાં વસતી પ્રજા માટે એ શબ્દ એજ નદીની પશ્ચિમે વસતા લોકોએ કદાચ પ્રથમ યોજ્યો હશે. તેઓ પોતાને 'ડોઇચ' * તરીકે ઓળખાવતા હતા, પરંતુ એ શબ્દનો અર્થ તેમની પોતાની ભાષામાં તો માત્ર 'લોક' એટલોજ થાય છે; 'જર્મન' શબ્દ તેમણે કદી વાપર્યો નથી.

ટૅસિટસ નામના રોમન લેખકે આ લોકોનું વર્ણન ઇ. સ. ૧૦૦ માં કર્યું છે. તેઓ રોમન લોકોના શત્રુ હતા, છતાં ટૅસિટસે નિષ્પક્ષપાતપણે તેમનો ઇતિહાસ લખ્યો છે. તેમાં તેણે જર્મનોનાં બળ અને બહાદુરીનાં વખાણ કર્યાં છે, અને લડાઇ પ્રતિના તેમના પ્રેમ માટે સવિસ્તર વિવેચન કર્યું છે. તેઓ નિવૃત્તિને ધિક્કારતા અને હમેશ લડાઈનું ચિંતન કરતા, એમ તે કહે છે. તેઓ પોતાના સરદાર પોતેજ પસંદ કરતા, અને પૂર્ણ ભાવથી તેમની આજ્ઞામાં રહેતા. શાંતિના સમયમાં તેઓ પોતાનો વખત ખાવાપીવામાં અને ગાનતાનમાં ગાળતા. તેઓના વખતમાં મોટાં શહેરો નહતાં, તેમજ હુન્નરકળા કે ઉદ્યોગ એમાંનું કંઇ હતું નહિ. સ્ત્રીઓ સદ્દગુણી અને શરમાળ

* જર્મન વસ્તીનો એક ભાગ 'ડચ' જે પોતાને હૉલંડર તરીકે ઓળખાવે છે, તેમનેજ માટે યુરોપના બાકીના ભાગો આ નામ વાપરે છે.

હતી, અને જનસમાજમાં તેઓ સંકોચ વિના પુરુષના જેટલીજ છૂટથી ફરતી હતી; જાણવા જેવું એ છે કે, જો કે જર્મનોનાં જીવન અને ચારિત્ર્યમાં ઘણો ફેરફાર થયો છે, તોપણ ૨૦૦૦ વર્ષ પૂર્વે જેવી સ્થિતિ તેમની હતી તેવી હાલ પણ જોવામાં આવે છે, અને બીજી પ્રજાઓની સાથે સરખાવતાં જર્મન પ્રજાના લોહીમાં સૌથી ઓછું મિશ્રણ થયું છે. ર્હાઇન, ડૅન્યુબ અને વિસ્ટુલા નદીની વચ્ચેના પ્રદેશમાં વસતી પ્રજા મોટે ભાગે ટૅસિટસે વર્ણવેલી જર્મન પ્રજામાંથીજ ઉતરી આવેલી છે.

જર્મનોએ આ નદીઓના પ્રદેશમાં પડી રહેવામાં સંતોષ માન્યો નથી. રોમના પ્રાચીન ઇતિહાસપરથી માલમ પડે છે કે ટ્યૂટન * નામની જર્મન જાતે ઈટલિ ઉપર સંખ્યાબંધ ધસારા કરી રોમની પાયમાલીનો ભય ઉત્પન્ન કર્યો હતો. અંતે ઇ. સ. પૂર્વે ૧૦૨ માં રોમન લશ્કરે તેઓને હરાવ્યા પણ રોમનો કેટલી મુશ્કેલીથી પોતાનો બચાવ કરી શક્યા હતા તે તેઓ ભૂલ્યા નહિ, અને જુલિઅસ સિઝરે જ્યારે ગૅાલ + જીત્યું ત્યારે ર્હાઇન નદી ઓળંગી અને દાવ આવ્યો એટલે જર્મન પ્રજામાં રોમના નામનો ત્રાસ પેસાડી દીધો (ઇ.સ. પૂર્વે ૫૫). જર્મન અને રોમન વચ્ચે કદી પણ સલાહ હતીજ નહિ. વારાફરતી એક બીજા ઉપર તેઓ જીત મેળવતા. રોમનોએ તેમને ર્હાઇનની પૂર્વમાં અટકાવી રાખ્યા, પરંતુ તે પ્રદેશ મેળવી શક્યા નહીં, કારણકે ત્યાં જંગલમાં અને ખાનારાવાળાં સ્થળોમાં જર્મનો રોમની સેનાઓને પૂરા પડે એવા હતા, અને જો કે ગૅાલ દેશ રોમની સંપૂર્ણ સત્તા નીચે આવ્યો, તોપણ જર્મનિ તો સ્વતંત્રજ રહ્યું. ઍટલૅન્ટિક મહાસાગરથી તે યુફ્રેટીસ નદી સુધીના સઘળા પ્રદેશ ઉપર રોમની સત્તા પ્રસરી, અને તેથી ર્હાઇનની પશ્ચિમે અને ડૅન્યુબની દક્ષિણે આવેલી સઘળી પ્રજાઓ ઉપર રોમન અમલદારો સત્તા ભોગવવા લાગ્યા. આ પ્રમાણે રોમન સામ્રાજ્ય સ્થપાયું, અને તેમાં રોમના કાયદા અને સંસ્કૃતિ દાખલ થયાં.

* આ શબ્દ 'ડૅાઇચ' શબ્દ સાથે વ્યુત્પત્તિથી જોડાયલો છે. 'ડૅાઇચ' શબ્દ બોલવાના રોમન લોકોના પ્રયત્નથી આ શબ્દ આવ્યો છે.

+ ફ્રાન્સને વાસ્તે રોમન શબ્દ 'ગૅલિઆ' અને અંગ્રેજી શબ્દ 'ગૅાલ' હતો.

કેટલાક સૈકાઓ સુધી આ સામ્રાજ્યમાં રાજ્યવહીવટ ઉત્તમ પ્રકારે ચાલ્યો અને પરિણામે એ વૃદ્ધિ પામ્યું, પરંતુ સમય જતાં તેનું બળ શાથી અને કેમ ક્ષીણ થયું તે આપણે ચોક્કસ કહી શકતા નથી. તેની પડતીના સમયમાં તેના દુશ્મનો તેના ઉપર તૂટી પડ્યા. આ દુશ્મનોમાંના ઘણાખરા, વર્ષો થયાં રોમને હેરાન કરતા હતા, તેજ જર્મન લોકો હતા. તેઓએ હવે ડૅન્યુબ અને ર્‌હાઈન નદીને ઓળંગી રોમન સામ્રાજ્યપર વિજય મેળવ્યો (ઇ.સ. ૨૦૦થી ૫૦૦).

આ જીત થોડા વરસમાં મેળવાઈ ન હતી, પરંતુ તે મેળવતાં ઘણો કાળ વહી ગયો. દક્ષિણ યુરોપ પર જે જે મુખ્ય જર્મન જાતોએ હુમલા કર્યા, તેમનાં નામ સરખાંએ આપવાને આપણને અહિં અવકાશ નથી. આપણે તો માત્ર 'ગૉથ' અને 'ફ્રેંક' નાં નામોથીજ સંતોષ માનીશું. 'ગૉથ' લોકો સ્પેન તરફ ગયા (ઇ. સ. ૫૦૦), ત્યાં રહ્યા અને જ્યાં સુધી મુસલમાનોએ આફ્રિકાથી આવી તેમના પર વિજય મેળવ્યો ત્યાં સુધી તેમણે ત્યાં રાજ્ય કર્યું (ઈ.સ. ૭૧૩). તેમના વંશજો અદ્યાપિ સ્પેનમાં હયાત છે. સામાન્ય જર્મન જાતની માફક તેઓ ઉંચા, લાલ દાઢીવાળા અને ભુરી આંખોવાળા છે. ફ્રેન્ક લોકોએ ફ્રાન્સ જીત્યું તેમના ઉપરથી એ દેશનું નામ પડયું છે, અને તેમના પોતાના સરદારો ફ્રાન્સના રાજ્યકર્તા થઇ પડયા.

એમનો સૌથી મોટો સરદાર શાર્લમેન * થઇ ગયો. ફ્રાન્સ ઉપરાંત સ્પેનનો કેટલોક મુલક, લગભગ આખું ઇટલિ, અને અસલના જર્મન લોકોની વસ્તીવાળો દેશ, એ સઘળાં એ લોકોના કબજામાં હતાં; માત્ર યુરોપનો અગ્નિ કોણનો મુલક એના તાબામાં આવ્યો નહિ, જેના ઉપર કૉન્સ્ટૅન્ટિનોપલનો શહનશાહ રાજ્ય ચલાવતો હતો; તેણે રોમના જૂના રાજ્યનો એક વિભાગ કબજામાં રાખી મૂક્યો હતો.

રોમના સામ્રાજ્ય ઉપર હુમલો કરનારા પ્રથમના જર્મન લોકો જંગલી હતા, પરંતુ શાર્લમેનના વખતથી જર્મનો ઘણા સુધર્યા. તેઓ રોમની

* મહાન્ ચાર્લ્સ રાજા. જન્મ, ઇ. સ. ૭૬૮, મરણ, ઈ. સ. ૮૧૪.

સંસ્કૃતિ તરફ માનની દૃષ્ટિથી જોવા લાગ્યા અને રોમનો સુધારો પોતાના રાજ્યમાં આગળ વધે છે, એમ માની શાર્લમેન ખુશ થયો. તે પોતાના રાજ્યને રોમન સામ્રાજ્ય કહેવા લાગ્યો, અને જર્મનોએ ખ્રિસ્તિ ધર્મનો સ્વીકાર કર્યો હતો, તેથી તેણે પોતાના રાજ્યને પવિત્ર રોમન સામ્રાજ્યનું નામ આપ્યું, અને રોમમાં પોતાનો રાજ્યાભિષેક કરવા પોપને પ્રાર્થના કરી.

યુરોપના ઈતિહાસમાં એક મહાન્ રાજ્યકર્તા તરીકે આપણે એને ગણવો જોઇએ. તેને સારી રાજ્યવ્યવસ્થા, ધર્મ અને કેળવણી તરફ પૂરતો પ્રેમ હતો. આપણે એમ કહી શકીએ કે એના વખતથી અજ્ઞાનતાના કાળનો અંત આવ્યો, અને યુરોપની સંસ્કૃતિનો પુનઃ ઉદય થયો. એની રાજ્ય વ્યવસ્થા પટાવતી પદ્ધતિની (Feudal System) હતી. લડાઈમાં મદદ કરવાની શરતે તેણે પોતાના અમીરો અને સામંતોને જાગીરો (Fiefs) આપી. અમલમાં મૂકી શકાય એવી આજ પદ્ધતિ હતી, પણ પાછલા સૈકાઓમાં તે જર્મનિ અને આખા યુરોપમાં ભયનું કારણ થઇ પડી. અમીરો અને સામંતો માંહોમાંહે લડયા, અને પરિણામે મધ્ય યુરોપના અને તેમાં ખાસ કરીને જર્મનિના ઘણા નાના વિભાગો થઈ ગયા.આ વિભાગોમાં અસંતોષી અને ઉદ્ધત અમીરો પૂર્ણ અમલ ચલાવતા; તેઓ લડાઇમાંજ મોજમજાહ માનતા, અને કરવેરાને બદલે લૂટફાટથી તેમણે મધ્ય વર્ગના લોકોને પાયમાલ કર્યા.

શાર્લમેનના મોત પછી એનું વિસ્તીર્ણ રાજ્ય તૂટી ગયું, અને ફ્રાન્સ અને તેના રાજાઓ સ્વતંત્ર થયાં (ઈ.સ. ૮૪૩). તેના રાજ્યનો શેષ ભાગ ભિન્ન ભિન્ન નાના જર્મન રાજાઓના હાથમાં ગયો. તેઓ વાસ્તવિક રીતે સ્વતંત્ર હતા, પરંતુ તેઓ પોતામાંના એકને શહનશાહ તરીકે સ્થાપતા, અને તેના ચારિત્ર્ય બળ પ્રમાણે ઓછા વત્તા તેને તાબે થતા. આમાંના કેટલાક શહનશાહો લડવૈયા * હતા અને ઇટલિનો આખો દ્વીપકલ્પ જીતવાના ઉદ્દેશથી ઍલ્પ્સ પર્વતની બીજી બાજુએ જર્મન સેનાને લઇ ગયા. પરંતુ ઈટલિમાં (ઇ.સ. ૮૦૦ થી ઇ.સ. ૧૦૦૦ સુધી) જિનોઆ, ફ્લૉરન્સ અને

---

* આ શહનશાહનો મુખ્ય વંશ હોહ્‌નસ્ટોફન કુટુંબનો હતો.

વેનિસ જેવાં મોટાં શહેરો વૃદ્ધિ પામતાં હતાં, અને જર્મનો તેમને તાબે કરી શકયા નહિ. પોપ તો હમેશ તેમની સાથે શત્રુભાવે વર્તતો હતો. એકંદરે મધ્ય યુગમાં જર્મન શહનશાહોની * સત્તા જર્મનિમાંજ સમાઇ રહી, અને જ્યારે કોઈશહનશાહ નબળો હોય ત્યારે તો જર્મનિમાં એની સત્તા નહિ જેવીજ રહેતી.

આખરે એમ છતાં જર્મન સામ્રાજયનો ઉદય બીજી રીતે થયો. જર્મન રાજાઓમાં હૅબ્સ્બર્ગનું કુળ પ્રથમ પંક્તિનું ગણાવા લાગ્યું (ઇ.સ. ૧૨૭૩). સ્વિટઝર્લૅંડના એક નાના ગામડા ઉપરથી તેઓનું નામ પડ્યું, અને તઓની અસલી જાગીર એજ દેશમાં આવી રહેલી હતી. સુભાગ્યે સારા કુટુંબમાં તેઓનાં લગ્ન થતાં,અને ખાસ કરીને તે રાજામાંનો એક તો લગ્નને લીધે સ્પેનનો ગાદીવારસ થવાને ભાગ્યશાળી થયો (ઇ. સ. ૧૪૭૭). + એ સાથે ઈટાલનો દક્ષિણ ભાગ પણ એને મળ્યો, અને બીજા લગ્ન સંબંધને લીધે તેજ રાજાને, હાલ હૅાલંડ અને બેલ્જિયમ તરીકે ઓળખાય છે તે નેધર્લૅંડ મળ્યું. આથી જ્યારે અન્ય જર્મન રાજાઓએ એને શહનશાહ તરીકે ચુંટી કાઢયો ત્યારે, શાર્લમેનના જેટલાજ વિસ્તારવાળા રાજ્ય ઉપર તે રાજ્ય કરવા લાગ્યો. એનું નામ પાંચમો ચાર્લ્સ હતું.

શાર્લમેન કરતાં તેનું રાજ્ય વધારે વર્ષ ચાલ્યું નહિં. ચાર્લ્સના મરણ પછી સ્પેનના રાજા અને હૅબ્સ્બર્ગના કુળ વચ્ચે તે રાજ્ય વહેંચાયું. હૅબ્સ્બર્ગના

---

* શહનશાહનું કુટુંબ ગમે તે હોય અને તેની રાજધાની ગમે ત્યાં હોય તો પણ આ પુસ્તકમાં 'જર્મન શહનશાહ' એ શબ્દ શાર્લમેનના વખતથી તે નેપોલિઅનના વખત સુધીના જર્મન સામ્રાજ્યના મુખ્ય રાજ્યકર્તાને માટે વપરાયો છે. નેપોલિઅનના સમયથી તે ઈ.સ. ૧૮૭૦ સુધી 'ઑસ્ટ્રિઅન શહનશાહ' શબ્દ વપરાયો છે, કારણ કે જર્મનિના ઉત્તર ભાગે ઑસ્ટ્રિઆના (જર્મન) શહનશાહને શહનશાહ તરીકે સ્વીકાર્યો નથી. સન ૧૮૭૦ થી જર્મનિના ઉત્તર ભાગના રાજાએ 'જર્મન શહનશાહ'નો ખિતાબ ધારણ કર્યો છે, અને ઑસ્ટ્રિઅન શહનશાહ અદ્યાપિ ઑસ્ટ્રિઆમાં રાજ્ય કરે છે.

\+ ઑાયની પછી મૂર લોકોએ સ્પેન ઉપર ૭૦૦ વર્ષ રાજ્ય કર્યું. અંતે આખા સ્પેનના પહેલા ખ્રિસ્તિ રાજા ફર્ડિનંડે (ઈ. સ. ૧૪૫૨ થી ઈ.સ. ૧૫૧૬) તેમને હાંકી મૂકયા.

કુટુંબને, **ઑસ્ટ્રિઆ**માંનાં તેમનાં પોતાનાં **જર્મન** સંસ્થાનો, અને **ચાર્લ્સ પાંચ**માના તાબામાં જે ઇટલિનો ભાગ હતો તે, મળ્યાં. એ કુટુંબના મુખ્ય પુરૂષને **જર્મન શહનશાહ** તરીકે ચુંટી કાઢવામાં આવતો. પણ **ધાર્મિક સુધારાના** (Reformation) યુદ્ધને લીધે **જર્મનિ**માં તેની સત્તા ઓછી થવા લાગી. **પાંચમા ચાર્લ્સ**ના રાજ્ય દર્મિયાન **માર્ટિન લ્યુથરે** (ઈ.સ. ૧૪૮૩ **થી** ઇ.સ. ૧૫૪૬) **પોપ**ની સત્તાની સામે **પ્રોટેસ્ટન્ટ** પંથનો બળવો ઉઠાવ્યો હતો. આથી યુરોપીય લોકોના જીવનમાં મહાન્ ફેરફાર થયો. કેટલાક **જર્મન** રાજાઓ નવા પંથ તરફ ગયા અને બાકીના વિરૂદ્ધ રહ્યા. **પ્રોટેસ્ટન્ટ** અને **રોમન કૅથોલિક** વચ્ચે ત્રીસ વર્ષ (ઈ.સ. ૧૬૧૮ થી ઇ.સ. ૧૬૪૮) સુધી વિગ્રહ ચાલ્યો. આ વિગ્રહમાં ઘણી ખુઆરી થઇ અને દુનિયામાં જે ત્રાસદાયક બનાવો બન્યા છે, તેમાંના કેટલાક આ વિગ્રહમાં બન્યા હતા. **વેસ્ટફૅલિઆ**ના તહનામાથી (ઇ.સ. ૧૬૪૮) આ વિગ્રહનો અંત આવ્યો ત્યારે **જર્મનિ** પાયમાલ સ્થિતિમાં આવી પડયું.

જર્મન શહનશાહની પદવી ચાલુ છે એમ ધારવામાં આવતું હતું. **જર્મન** રાજાઓ હજુ સુધી **હૅપ્સ્બર્ગ**ના કુટુંબના મુખ્ય પુરૂષને પસંદ કરી **શહનશાહ** તરીકે ગાદીએ બેસાડતા; પણ **ઑસ્ટ્રિઆ**ની બહાર તેની સત્તા ચાલતી ન હતી. **તુર્ક** લોકોએ **કૉન્સ્ટૅન્ટિનોપલ** લઇ લીધું હતું અને **ડૅન્યુબ**ની દક્ષિણના મુલકો સર કર્યા હતા, તેથી તેમની સામે પોતાનો બચાવ તે ભાગ્યેજ કરી શકતો. પૂર્વમાં **પોલંડ**નો રાજા એનો દુશ્મન હતો. **ઑસ્ટ્રિઆ** કરતાં જો કે **પોલંડ**નું રાજ્ય વધારે બળવાન્ નહતું, તોપણ તે હમેશ હેરાનગતિ આપતું હતું.* **જર્મનિ**ના ઉત્તર ભાગમાં શહનશાહની સત્તા નામનીજ હતી અને **જર્મન** રાજાઓ દરેક પોતાના રાજ્યમાં સ્વતંત્ર સત્તા ભોગવતા હતા.

ઑસ્ટ્રિઆના રાજ્યના **હુંગરિ** નામના અગત્યના ભાગનું હવે આપણે વર્ણન કરીશું. **વિએના**ની પૂર્વે એક વિશાળ મેદાન આવેલું છે, અને ત્યાં

---

* એક વખત પોલંડના પ્રખ્યાત રાજાએ (સોબીઍસ્કિ) તુર્કોના હાથમાંથી વિએના બચાવ્યું હતું (ઇ. સ. ૧૬૮૩).

હંગેરિઅન લોકો વસે છે.+

એશિઆ ખંડમાંથી દસમા સૈકામાં આ લોકો હુમલો કરી આવ્યા, અને ઘણાં વર્ષો ઑસ્ટ્રિઆ સાથે લડાઈ કરી ઓછાવત્તા પ્રમાણમાં તેની સત્તાને તાબે થયા. તેઓ તેમની પોતાની ભાષામાં મૅગ્યર તરીકે ઓળખાય છે.

જ્યાં સુધી પ્રશિઆની ઉન્નતિથી હેપ્સબર્ગનો વંશ ચોંકી ગયો, ત્યાંસુધી, જો કે ઑસ્ટ્રિઆનો જર્મન શહનશાહ ઉત્તર જર્મનિમાં બહુ બળવાન્ ન હતો, તોપણ જર્મન પ્રજાનો નામનો પણ શહનશાહ, તે ગણાતો હતો. મધ્ય યુગમાં ઘણા સૈકાઓ સુધી જે રાજ્ય મહામુસ્કેલીએ પોતાનો ટકાવ કરી

+ તેઓના નામમાં કંઇ મળતાપણું છે, છતાં પણ હંગેરિઅનોને 'હન' સાથે સંબંધ નથી. હન મોંગોલિઅન જાતના હતા; તેમણે ઍટિલા નામના રાજાની સરદારી નીચે અજ્ઞાન યુગમાં (ઈ. સ. આસરે ૪૫૦) યુરોપ ઉપર હુમલો કર્યો અને રોમ શહેર લઈ લીધું. પછીથી તેમની સત્તા તોડી પાડી તેમનો નાશ કરવામાં આવ્યો, અને ત્યાર પછી તેઓ કદી પણ યુરોપમાં વસ્યા નથી. આપણે તેમને મોંગોલિઅન જાતના કહીએ છીએ, કારણ કે તે વખતના લેખકો તરફથી આપણને માલૂમ પડે છે કે ચપટાં નાકવાળા, ગાલનાં મોટાં હાડકાંવાળા અને વક્ર આંખવાળા મોંગોલિઅન ચહેરા તેમના હતા. યુરોપના ઉપર જે ખરા મોંગોલિઅન લોકો હુમલો લાવ્યા હતા તે એઓજ હતા. તુર્કોને કોઈ કોઇ વખત ખોટી રીતે મોંગોલિઅન કહેવામાં આવે છે. તુર્ક લોકોના ચહેરા યુરોપિઅનોથી જુદા નથી. હંગેરિઅન ઘણું કરીને તુર્કના જેવાજ લોકો છે. પરંતુ તેઓ ખ્રિસ્તિ થયા અને તુર્કો મુસલમાન થયા.

હિંદુસ્તાનનો શબ્દ 'મોગલ' એ 'મોંગોલિઅન' શબ્દનું બીજું રૂપ છે. હિંદુસ્તાન ઉપર ઘણા 'મોગલ' કહેવાતા મુસલમાન હુમલા કરનારાઓમાંના કેટલાક ખરા મોંગોલિઅન અને મોંગોલિઅન ચહેરાવાળા હતા, અને બીજાઓ ખરા તુર્ક લોકો હતા.

હંગેરિઅન કરતાં જર્મનોને હન સાથે કાંઇ વધારે સંબંધ નથી. હાલ તેઓને આ નામથી ઓળખવામાં આવે છે, કારણકે કેટલેક અંશે બેલ્જિઅમમાં તેઓની ક્રૂરતાએ દુનિયાને હનનું સ્મરણ કરાવ્યું હતું, અને જ્યારે પોતાનું લશ્કર કેટલાંક વર્ષ ઉપર ચીન જવા માટે નીકળ્યું હતું ત્યારે ચીનાઓની સાથેની લડાઈમાં હનની ક્રૂરતાનું કેટલેક અંશે અનુકરણ કરવા કૈસરે પોતે ભાષણમાં લશ્કરને ફરમાવ્યું હતું.

રહ્યું હતું, તે નાનું પ્રશિઆનું રાજ્ય હતું. કુદરતી લાભ ત્યાં બહુ હતા નહિ. જમીન કનિષ્ટ પ્રકારની હતી. દ્રવ્યની ઉત્પત્તિનાં સાધન ન હતાં, અને કોઇ પણ બાજુએ દરિયો આવેલો ન હતો. જર્મન શહનશાહની રાજધાની એમાં થાય એવો સંભવ જણાતો ન હતો. બળવાન્ રાજાઓનો વંશ એમ છતાં ત્યાં રાજ્ય કરતો હતો. તેમનું નામ 'હોહેટ્સૅલૉર્ન' નામના ગામડાપરથી પડયું હતું. તેમાંના એક મહાન્ ફ્રેડરિક નામના રાજાએ (ઇ.સ. ૧૭૧૨થી ઇ.સ. ૧૭૮૬) પોતાના વંશપરંપરાથી ઉતરી આવેલા રાજ્યની બહાર જવાનો અને પ્રશિઆને યુરોપનું એક બળવાન્ રાજ્ય કરવાનો નિશ્ચય કર્યો. જ્યારે ઑસ્ટ્રિઆનો જર્મન શહનશાહ મરી ગયો અને તેનું રાજ્ય તેની નિરાધાર મેરિઆ ટેરીસાને મળ્યું, ત્યારે તેને તે નિશ્ચય પાર પાડવાનો લાગ મળ્યો. ઘણીજ ત્વરાથી, કાંઇપણ સંકોચ વિના, ફ્રેડરિકે સાઇલિસિઆ નામનો એક ફળદ્રુપ ભાગ કબજે કર્યો. મેરિઆ ટેરીસા દૃઢ મનની હતી, અને તેણે લડાઇ વિના તે ભાગ તેને પચવા દીધો નહિ; પરિણામે ફ્રેડરિકને ઘણાં વરસ સુધી લડાઇમાં રોકાવું પડયું. પોતે બુદ્ધિશાળી અને દૃઢ નિશ્ચયવાળો સરદાર છે, એમ તેણે બતાવી આપ્યું. તેનાં લશ્કર કરતાં ઑસ્ટ્રિઆનાં અને તેના મિત્રરાજ્ય ફ્રાન્સનાં લશકર ઘણાં મોટાં હતાં, અને તેનાં માણસોની મોટી ખુઆરી થઇ છતાં પણ તેની સત્તા પૂરેપૂરી તૂટી નહિ. આખરે જ્યારે સંધિ થઇ ત્યારે પણ સાઇલિસિયા તો એનાજ કબજામાં રહ્યું. પોતાના દેશમાં તો એ ડાહ્યો, પ્રમાણિક, કરકસરીઓ અને શાણો રાજા ગણાતો હતો. તેની રાજધાની બર્લિન હતું, અને ત્યારપછી તે વૃદ્ધિ પામતું ગયું. શાણા અને શૂરવીર રાજા ઉપરાંત વિદ્યાવિલાસી રાજા ગણાવવાની આકાંક્ષા હોવાથી તેણે ફ્રાન્સના ઘણા પ્રખ્યાત પુરૂષોને પોતાની રાજધાની બર્લિનમાં ફ્રેન્ચ સંસ્કૃતિ દાખલ કરવાને નિમંત્રણ આપી બોલાવ્યા, કારણ કે તે સમયમાં ફ્રાન્સમાંજ વિદ્યાનો પ્રચાર વધુ હતો. તે ફ્રાન્સના લોકોની સામે રણક્ષેત્રમાં ઉતર્યો હતો, પરંતુ ફ્રેન્ચ કળાકૌશલ્ય અને વિદ્યાનો તે દુશ્મન ન હતો.

તેનાજ સમયમાં જર્મનિ પહેલવહેલું ઇંગ્લંડના સંબંધમાં આવ્યું, તે

પહેલાં લડાઈના વખતમાં કે શાંતિના સમયમાં બંને દેશ એક બીજાથી અજાણ્યા હતા; પરંતુ જ્યારથી ઇંગ્લિંડે ફ્રાન્સની સામે ફ્રેડરિકને મદદ કરી ત્યારથી બે દેશ વચ્ચે ગાઢ મૈત્રિ થઇ.

આપણે અર્વાચીન સમય પર હવે વિવેચન કરીએ. જર્મન પ્રજાના ચારિત્ર્યનું દિગ્દર્શન કરવાનું આ સ્થળ છે. લડાઈ પ્રતિ પ્રેમ અને પોતાના સરદારો પ્રત્યે નિમકહલાલી, એ જર્મન પ્રજાનાં ખાસ લક્ષણો છે, એવું ટૅસિટસ કહે છે તે આપણે જાણીએ છે. ત્યારપછીના સૈકાઓમાં તેમનાં એ લક્ષણો એમનાં એમજ રહ્યાં છે. ઈ. સ. ૨૦૦ થી ઈ. સ. ૫૦૦ દર્મિયાન રોમની સંસ્કૃતિ અને સત્તા ઉપરના જર્મન પ્રજાના હુમલાથી યુરોપનો ઇતિહાસ ભરપૂર છે. આ સમય પછી જનસમાજનું બંધારણ પટાવતી પદ્ધતિપર રચાયું, અને તેથી લડાઈ એ જીવનનો સામાન્ય ભાગજ હોય એમ થઇ ગયું. જર્મન સરદારોની પોતાની ભક્તિ હજુ ચાલુ છે, તેથી પટાવતી પદ્ધતિની ઐકયતા જળવાઇ રહી છે; ધૈર્ય ને ભક્તિની આ ભાવના મનુષ્યના નૈતિક આદર્શનો મુખ્ય ભાગ થઇ પડે છે. આ ભાવનાને ‘શૌર્ય’ના (Chivalry) નામથી આપણે ઓળખીએ છીએ.

આ શૌર્યમાં બીજા ગુણોનો પણ સમાવેશ થાય છે. સમયના વહેવા સાથે સૈનિકો સમજવા લાગ્યા કે પોતાના બળનો ઉપયોગ નિર્બળ મનુષ્યને લૂટવામાંજ કરવાનો નથી, પરંતુ પોતાના બરોબરીઆ સાથે લડી નિર્બળનું રક્ષણ કરવામાં છે. ખાસ કરીને અમીરી ખાનદાન કુટુંબોના પુરૂષોનો આ મુખ્ય ધર્મ હતો, અને સામાન્ય માન્યતા એવી હતી કે શૌર્યની ઉદાર ભાવનાથી પોતાના શસ્ત્ર વાપરવાનું વચન ન આપે ત્યાં સુધી, આવા કુટુંબના કોઇપણ માણસને, જો કે તે પુખ્ત ઉંમરનો હોય તોપણ, શસ્ત્ર ધારણ કરવાની અને પોતાને શૂરવીર પુરૂષ યા નાઇટ* (Knight) કહેવાની રજા ન આપવી.

---

* ‘નાઇટ’ (Knight) એ જર્મન શબ્દ હતો, અને તેનો મૂળ અર્થ ‘સેવક’ થતો હતો અને તે રાજા કે અમીરના લશ્કરી સિપાઇને માટે વાપરવામાં આવતો હતો. ત્યારપછી સારા કુંટુંબનો કોઈપણ શસ્ત્રધારી માણસ આ ખિતાબ ધારણ કરતો હતો. પહેલાં તો કોઈપણ લાયક સારા કુટુંબના માણસને કોઈપણ ‘નાઇટ’

ખરેખર કેટલી વખત આ વચન ભાગ્યેજ આપવામાં આવતું અને તેમ વારંવાર વચનનો ભંગ પણ થતો, તોપણ ઘણાખરા શૂરવીર પુરૂષો તો અંતઃકરણપૂર્વક વચન આપતા અને પાળતા. યુરોપીય ક્રુઝેડમાં* (ઇ. સ. આસરે ૧૧૦૦) ઘણા શૂરવીર પુરૂષોએ ખ્રિસ્તિ ધર્મ માટે લડવાને વચન આપ્યું હતું, અને પોતાનાં મંડળો સ્થાપ્યાં હતાં. આ ક્રુઝેડના અરસામાં યુરોપના શૂરવીર યોદ્ધાઓએ અત્યુપયોગી પ્રતિષ્ઠિત કામ દુનિયા માટે કર્યાં, ત્યાર પછી 'નાઈટ' શબ્દ નામનોજ રહ્યો; તોપણ શબ્દની કિંમત રહી અને આખા યુરોપમાં સારા કુટુંબના પુરૂષો પુખ્ત ઉંમરના થતા ત્યારે તેમને નાઈટ બનાવવામાં આવતા હતા.

યુરોપના અન્ય દેશોની માફક જર્મનિમાં મધ્ય યુગમાં નાઈટહૂડની$ સંસ્થા અને આ શૌર્યના વિચારો લાભકારી નિવડયાં, પરંતુ બીજી સંસ્થા અને વિચારોની માફક એ પણ ક્ષીણ થઇ ગયાં. નવો ધર્મ સ્થાપવાની માર્ટિન લ્યુથરની હિલચાલના અરસામાં (ઇ.સ. ૧૫૦૦ થી ઈ.સ. ૧૬૦૦) આ સંસ્થા અને વિચારો જનસમાજને ઉપયોગી હતાં નહિ, અને તેમને બદલે કંઇક નવીન શોધી કાઢવાને દરેક દેશ શરૂઆત કરતો હતો. દુર્ભાગ્યે જર્મનિ આ ધર્મયુદ્ધની આપત્તિમાં (ઈ.સ. ૧૬૧૮ થી ઈ.સ ૧૬૪૮) ડુબી ગયું, અને ધર્મનાં આવેશ અને ઝનુન જે મધ્ય યુરોપમાં વ્યાપી રહ્યાં હતાં તેનાથી મનુષ્યનાં હૃદય નિષ્ઠુર બની ગયાં. 'નાઇટહૂડ'ની જગા સાચવે એવી કોઇપણ સંસ્થા જર્મનિમાં ઉત્પન્ન થઈ નહિ. ઘણાખરા રાજ્યમાં સ્વાર્થી રાજાઓ, ખુશામતીઆ હજુરીઆઓ તેમજ અજ્ઞાનને અધમ લોકો માલૂમ પડતા હતા. અરાઢમા સૈકામાં જર્મનિના મોટા ભાગમાં સુધારો વધારો થયો

આ ખિતાબ એનાયત કરતો; આગળ જતાં રાજાઓએ અને અમીરોએ એ ખિતાબ આપવાનો હક પોતેજ રાખ્યો. હાલ રાજ્યના કોઈપણ પ્રખ્યાત નોકરને પછી તે લરકરી હોય કે ન હોય તોપણ તેને રાજકર્તાઓ એ ખિતાબ એનાયત કરે છે.

* મુસલમાન લોકના કબજામાંથી પૅલેસ્ટાઇન પાછું લેવાને યુરોપના લોકોએ કરેલું ધર્મયુદ્ધ. ભા. ક.

$ 'નાઇટ' નામના સરદારોની સ્થિતિ. ભા. ક.

નહિ. ઇંગ્લંડ ને ફ્રાંસમાં તો અનેક જાતની પ્રવૃત્તિ અને હિલચાલ માલમ પડતી હતી. જર્મનિમાં એમાંનું કશું ન હતું; વ્યાપાર કે ઉદ્યમની વૃદ્ધિ હતી નહિ; વ્યાપારનાં મથકો માત્ર ઉત્તરમાં હતાં અને ત્યાં બૉલ્ટિક અને જર્મન સમુદ્ર ઉપરનાં બંદરો[1] આબાદ થતાં હતાં. મધ્યકાળની શરૂઆતમાંજ તેમણે દ્રવ્ય અને સ્વતંત્રતા મેળવ્યાં હતાં, અને ઇ.સ. ૧૪૦૦ પછી મેળવેલી સ્થિતિ તેમણે પાછી ગુમાવી નથી. આખા જર્મનિમાં આટલાંજ બંદરો હતાં. આ બધા સૈકા દર્મિયાન જર્મનિમાં કોઇપણ જાતની નવી શોધ કે કોઇપણ હુન્નર વિષે આપણે સાંભળ્યું નથી; એમ છતાં છાપવાની કળા તો પહેલી જર્મનિમાંજ શોધવામાં આવી, અને સંગીત તો જર્મન કળાજ કહેવાય છે. અરાઢમી સદીમાં યુરોપીય સંગીતકળામાં તેણે અગ્રપદવી પ્રાપ્ત કરી અને હાલ પણ તે પદવી તેજ ભોગવે છે * બે હજાર વર્ષ પૂર્વે જર્મનોમાં સંગીતનો શોખ હતો એવી ટૅસિટસે નોંધ લીધી છે, તે આપણને યાદ છે.

જ્યારે ફ્રાન્સમાં રેવોલ્યુશન[2] (ઇ. સ. ૧૭૮૯) થયો ત્યારે જર્મન રાજાઓ× અને ઑસ્ટ્રિઆના જર્મન શહનશાહ ફ્રાન્સના રાજાને મદદ આપવા તૈયાર થયા, અને તેથી જર્મન અને ફ્રેન્ચ પ્રજા વચ્ચે યુદ્ધની શરૂઆત થઇ. એક મહાન્ ઇટૅલિઅન, નેપોલિઅન[1], તેમનો પહેલાં સેનાધિપતિ અને પાછળથી શહનશાહ થયો. તેના ઉદય પહેલાં ફ્રેન્ચોને બહુ ફતેહ મળી

---

૧ આમાંના મુખ્ય બંદરો હૅમ્બર્ગ, બ્રેમન અને લ્યુબેક હતાં. તેમણે બીજાં કેટલાંક બંદરો સાથે 'હન્સ લીગ' નામનું ઐક્યતાનું મંડળ સ્થાપ્યું હતુ. તેઓ રશિઆ ને ઇંગ્લંડ સાથે વ્યાપાર કરતાં હતાં અને વેનિસથી સ્થળ માર્ગે પૂર્વના તેજાનાનો તેમનો વ્યાપાર ચાલતો હતો.

* તેના મોટા સંગીતશાસ્ત્રીઓ બૅક (ઈ.સ. ૧૬૮૫-ઈ.સ. ૧૭૫૦) અને બેટોવન (ઈ.સ. ૧૭૭૦-ઈ.સ. ૧૮૨૭) થઈ ગયા છે.

૨ રાજ્યમાં ઉથલપાથલ. ભા. ક.

× પ્રશિઆ, સૅક્સનિ અને બૅવેરિઆના.

૧ તે કૅાર્સિકામાં જન્મ્યો હતો, જેના લોક ઈટૅલિઅન છે; તે બાંબો સમય થયાં ફ્રાન્સની સત્તા નીચે છે.

નહિ. જર્મનો ઉપરની તેની જીત પૂરતી રીતે જાણીતી છે. ફ્રાન્સના લશ્કરે ઑસ્ટ્રિઆને ઑસ્ટરલિટ્ઝની (ઇ.સ. ૧૮૦૫) અને પ્રશિઆને જેનાની (ઇ. સ. ૧૮૦૬) લડાઇમાં હરાવ્યું. ઑસ્ટ્રિઆ અને પ્રશિઆ એ બે તેની સામે ભેગા કેમ ન થયા એથી કેટલાકને આશ્ચર્ય થશે, પરંતુ ફ્રેડરિકે સાઇલિસિઆ લઈ લીધું હતું તેથી બે રાજ્યો વચ્ચે કડવાશ ઉત્પન્ન થઇ હતી, અને લાંબે કાળે નેપોલિઅનપર રશિયામાં આપત્તિ આવી પડી; તે પછી તેઓ પોતાના સામાન્ય દુશ્મનની સામે જોડાયા, પરંતુ એ પહેલાં તો એ બંનેને બહુજ ખમવું પડયું હતું. નેપોલિઅને ફ્રાન્સની સત્તા ર્‌હાઇન સુધી અને તેની પેલી બાજુ હૅમ્બર્ગ સુધી બેસાડી હતી; આથી લાખો જર્મનો ફ્રાન્સની હકૂમત નીચે આવ્યા. જેનાની લડાઇ પછી નેપોલિઅને પ્રશિઆ તરફ ઘણી સખ્તાઇ બતાવી, દ્રવ્ય, અનાજ ને ઘાસચારાની માગણીથી તેને પાયમાલ કરી વધુ લશ્કર રાખવાની સખ્ત મનાઇ કરી.

જ્યારે પ્રશિઆને નેપોલિઅને નીચું પાડયું ત્યારે કોઇપણ રીતે તે નબળું કે દમ વિનાનું હતું નહિ. ફ્રેડરિકના અસલના વખતના લશ્કર જેવું, હાલનું લશ્કર લડવામાં નિપુણ હતું નહિ, પણ તેના રાજકર્તા શક્તિવાન્ અને પ્રમાણિક હતા, અને જ્યારે જ્યારે તેમને તેમની ભૂલ માલમ પડતી ત્યારે, તે સુધારવા તેઓ પ્રયત્ન કરતા. આધુનિક લશ્કરી નોકરીનો પાયો જેનાપર રચવામાં આવ્યો છે તેનો વિચાર પહેલવહેલો એમને સૂઝયો. તે એ હતો કે ટુંકી મુદ્દત સુધી માણસોને લશ્કરી કેળવણી આપવી અને પછી તેમને અલાયદા રાખેલા લશ્કર તરીકે રાખી મૂકવા. નેપોલિઅનના હુકમ મુજબ આથી એકીવખતે લશ્કરમાં વધુ સંખ્યા રહેતી નહતી, પરંતુ હમેશ કેળવાયલાં માણસોનું લશ્કર પાછળ તૈયારજ રહેતું, અને જ્યારે નેપોલિઅનની સામે થવાનો સમય આવી પહોંચ્યો ત્યારે, આ માણસોને લશ્કરમાં તે ઉતારી શક્યા; તે બધાંને હથિયાર પૂરાં પાડવાનું કામ કઠિન હતું, કારણકે દેશ અત્યંત ગરીબ હતો, પરંતુ દરેક માણસ સ્વાર્થનો ભોગ આપતો હતો તેથી સમસ્ત પ્રજાના એકત્રબળથી દરેક પુરૂષ ફ્રાન્સના શહનશાહ સામે તૂટી પડયો. આ લડાઇ સ્વતંત્રતાની હતી, અને

આ સમયની પ્રશંસા આખી દુનિયાએ કરી છે; અંતે સમગ્ર યુરોપના એક સામાન્ય દુશ્મન ઉપર પ્રશિઆ અને ઇંગ્લંડે વૉટર્લુના (ઈ.સ. ૧૮૧૫) મેદાનમાં જીત મેળવી, તેનાથી એ વિગ્રહનો અંત આવ્યો.

આ જીત પછી વિએનાની પ્રતિનિધિસભામાં રાજ્યહદ નક્કી કરવા અને બને તો લડાઈના યુગ પછી શાંતિનો યુગ પ્રાપ્ત થાય એવા ઉદ્દેશથી યુરોપનાં રાજ્યો ભેગાં મળ્યાં. આ ઉદ્દેશમાં તેઓને ફતેહ મળી, અને તેથી યુરોપમાં બીજી લડાઇ શરૂ થઇ તે પહેલાં ત્રીસ વર્ષ વહી ગયાં. તેમ છતાં પ્રતિનિધિસભા કેટલા સવાલો અને કેટલીક બાબતો ઉપર ચોક્કસ નિર્ણય ઉપર આવી શકી નહિ. રેવોલ્યુશનના વિચારોમાં જે કાંઈ સૂચક તત્ત્વ હતું, તેનો સ્વીકાર દુર્ભાગ્યે તેમણે કર્યો નહિ અને આમાંના કેટલાક વિચારો તો હમેશ રહેવાના હતા, તેની તેમને સમજ પડી નહિ. તેઓએ પ્રજાત્વના વિચારોની ગણના કરી નહિ, રેવોલ્યુશનની પહેલાંનાજ સમય ઉપર દૃષ્ટિ રાખી અને દરેક પ્રજાના તાબામાં પહેલાં જે મુલક હતા તેજ બનતા સુધી આપ્યા. તે પ્રમાણે મિલન અને વેનિસ સાથે ઈટલિમાં આવેલા મુલકો ઑસ્ટ્રિઆને સોંપવામાં આવ્યા. તે સમય પહેલાં રશિયા, પ્રશિઆ, અને ઑસ્ટ્રિઆ વચ્ચે પોલંડના વિભાગો થયા હતા, તે તેમણે કાયમ રાખ્યા. ફ્રેન્ચ ભાષા બોલાતી હતી તે દેશોમાં ફ્રેંચ સત્તા કાયમ રાખી. હૅમ્બર્ગના બંદર સાથે જર્મનિની ઉત્તરનો મોટો મુલક પ્રશિઆને મળ્યો.

આ પ્રમાણે હદ નક્કી કરવામાં આવી, અને બધાં મુખ્ય રાજ્યો ઓછા વત્તા પ્રમાણમાં પોતાની સરહદથી સંતોષ પામ્યાં, પણ તેઓની રૈયતને પૂરેપૂરો સંતોષ થયો નહિ જે પ્રજામાં પોતાની પ્રજાનું રાજ્ય હતું તે પણ ફ્રેન્ચ રેવોલ્યુશનથી મનુષ્યહક વિષે કાંઇક, શીખી હતી, અને પોતાના રાજકર્તા પાસેથી રાજદ્વારી હકોનો દાવો કરવા તરફ તેમની વૃત્તિ થઇ. મુખ્યત્વે કરીને પ્રશિઆમાં આવા હકો મેળવવાની પ્રજા આશા રાખે એ વાજબી ગણાય, કારણકે ત્યાં દેશમાં દરેક વ્યક્તિએ પોતાની સ્વતંત્રતા માટે શ્રમ લીધો હતો, અને રાજાએ પણ વાસ્તવિક રીતે રાજ્યનું નવું બંધારણ રચવાનું વચન આપ્યું હતું. તેમ છતાં વચન પાળવામાં આવ્યું નહિ. યુરોપનાં બીજાં રાજ્યોની

માફક પ્રશિઆની સરકાર રાજકીય સ્વતંત્રતા આપવાથી કેવો ત્રાસ વર્તે છે, તે રેવોલ્યુશનપરથી જાણી ગઇ હતી. તે પોતાના વચનથી દૂર ને દૂર જતી ગઈ અને વધારે ને વધારે નિરંકુશ બની. પ્રશિઆના સુધારકપક્ષે (Liberals) પોતાના હકો મેળવવા ફોગટ ફાંફાં માર્યાં. પ્રશિઆમાં દરેક ઠેકાણે, સઘળા જર્મન સંસ્થાનોમાં, અને ખાસ કરીને ઑસ્ટ્રિઆમાં, સુધારકપક્ષને દાબી દેવામાં આવ્યો, અને ઠાકોર, રાજા કે શહનશાહ પોતાના રાજ્યાધિકારીઓ સાથે નિરંકુશ અમલ ચલાવવા લાગ્યા. જર્મનિમાં આ વર્ષો ઘણી શાંતિમાં પસાર થયાં, અને તે દર્મિયાન, તેમનામાં લડાઇ પ્રત્યે પ્રેમનો અભાવ છે એવી છાપ પડી. જો તેમને પીવાને દારૂ અને સાંભળવાને સંગીત મળે અને અધિકારિ વર્ગ તરફથી અતિશય જુલમ સહન કરવો ન પડે, તો તેમના મન સંતોષ થતાં. કેટલાક જર્મન લોકો વાસ્તે અને ખાસ કરીને હેસ, બેડન અને બૅવેરિઆ નામનાં જર્મનિનાં દક્ષિણનાં સંસ્થાનોમાં વસતા જર્મનો માટે આ વર્ણન બંધ બેસતું હતું. ત્રીસ વર્ષના વિગ્રહ પછી આ રાજ્યો બહુ જાગ્રત ન રહ્યાં. જ્યારે નેપોલિઅને ઑસ્ટ્રિઆ અને પ્રશિઆ બંનેને કચડી નાખ્યાં ત્યારે, સ્વદેશાભિમાનના જુસ્સાની અસર તેમના ઉપર જરાએ થઇ નહિ. તેઓએ માત્ર તેને દ્રવ્ય અને માણસની મદદ મોકલી. આ તેમની વર્તણુક તેમના દૂરના પૂર્વજો કરતાં તદ્દન ઉલટી હતી. આ પ્રમાણે જર્મનોનું ચારિત્ર્ય અથવા તો મનોવૃત્તિ જુદેજુદે સમયે કેમ બદલાઇ ગઇ એ અજાયબ જેવું છે. આવા સુલેહ શાંતિના પ્રેમી જર્મનોને જોઇને અંગ્રેજોએ સમસ્ત જર્મન પ્રજાનો વિચાર બાંધ્યો તે વધુ અજાયબ જેવું છે. જર્મનો ઘણા સૈકાઓ સુધી યુરોપમાં સાથી જબરા લડવૈયા હતા, અને ફ્રેડરિક તે સમયનો મોટામાં મોટો લડવૈયો હતો, એ વાત અંગ્રેજો ભૂલી ગયા એ તો સ્પષ્ટ છે.

કેટલાક જર્મનો તો એમ છતાં એ વાત જરાએ ભૂલ્યા ન હતા. તેઓમાંના ઘણા પ્રશિઆમાં રહેતા હતા, અને તેમનો અગ્રેસર પ્રશિઆનો અમીર પ્રિન્સ બિસ્માર્ક હતો (ઈ.સ. ૧૮૧૫–ઇ.સ. ૧૮૯૮). એ પ્રશિઆના જાગીરદાર વર્ગનો હતો.* તે શરીરે કદાવર અને ઊંચો હતો, અને યુવા-

* આ લોકો પ્રશિઆના 'જંકર' (Junker) તરીકે ઓળખાય છે. અંગ્રેજીમાં 'સ્કવાયર'ના (squire) જેવોજ એ શબ્દનો અર્થ થાય છે.

વસ્થામાં મહાપાઠશાળામાં દ્વંદ્વયુદ્ધ કરવામાં અને તરવાર ફેરવવામાં નિષ્ણાત હતો. જીવ્યો ત્યાંસુધી તે કડક મિજાસનો અને દૃઢ મનનો રહ્યો. માણસની પરીક્ષા કરવામાં અને ખરી વાત સમજવામાં તેની બુદ્ધિ સારી હતી. પોતાના આદેશ શા છે, અને તેને કેવી રીતે પાર પાડવા, તે તે સારી રીતે સમજતો, અને બળ કે છળ વાપરવાની આવશ્યક્તા જણાય ત્યારે તે વાપરતાં જરાપણ આંચકો તે ખાતો નહિ. જ્યારે યોગ્ય તક આવી છે, એમ તેને લાગતું ત્યારે તે બળ અને છળ બંનેનો ઉપયોગ કરતો અને ફતેહ મેળવતો. તે ખરો સ્વદેશાભિમાની હતો. યુરોપમાં જર્મનરાજ્ય પહેલી પંક્તિનું, અને પ્રશિઆને એ રાજ્યનું મુખ્ય સંસ્થાન બનાવવાનો તેના જીવનનો મુખ્ય હેતુ હતો. ફ્રાન્સમાં જેમ રાજ્યક્રાન્તિપુરૂષ પ્રજા તરફના હતા તેમ જર્મનિમાં તે હતો; પરંતુ મનુષ્યહકની માન્યતા તરફ દિલસોજી તેને હતી નહિ. સુધારકપક્ષને એ તોફાની અને સ્વાર્થી પક્ષ ગણતો, કારણ કે તેઓ જર્મનિમાં ઐક્યતા સાધવાના પ્રયત્નનો ડોળ દેખાડતા હતા; પરંતુ ખરી રીતે તો રાજ્યસત્તાને દુ:ખ દેવાની અને સારાં ભાષણોથી આનંદ મેળવવાની તેઓની ઇચ્છા હતી, એમ તે ધારતો હતો. વળી બિસ્માર્ક તો એમ માનતો કે રાજા મજબૂત હોય તો રાજ્ય બળવાન્ થાય અને રાજા ઉપર લોકોની સત્તા હોવી જોઇએ નહિ, અને તેને પોતાની બુદ્ધિ પ્રમાણે રાજ્ય ચલાવવા દેવું જોઇએ; જરૂર પડે તો બળવાન્ અને વફાદાર લશ્કરે તેને મદદ કરવી જોઇએ. આ રીતે અસલના જર્મન વિચારોનો પુનરૂદ્ધાર થતો આપણે જોઇએ છીએ.

જ્યારે રેવોલ્યુશનના વિચારો ફરીથી ફેલાયા, અને કેટલાંક રાજ્યો હચમચી ગયાં, અને ઘણી પ્રજાએ પ્રજાકીય સ્વતંત્રતા મેળવવાને પ્રયાસ કર્યો, ત્યારે બિસ્માર્ક નામીચો થયો (ઇ.સ. આસરે ૧૮૪૭). હુંગેરિઅન લોકોનો ભય ખાસ કરીને ઑસ્ટ્રિઆના રાજ્યને લાગ્યો અને હુંગરિમાં ઝનુની લડાઇઓ થઈ; પરિણામે ઑસ્ટ્રિઅન લોકોને હુંગેરિઅનોને પાર્લમેન્ટ આપવાની ફરજ પડી અને ઑસ્ટ્રિઆનો શહનશાહ હુંગેરિઅન લોકોના પસંદ કરેલા રાજા તરીકે જુદા ઇલ્કાબથી હુંગરિનો રાજા છે, એમ તેમને કબૂલ કરવું પડયું. આ કારણથીજ ઑસ્ટ્રિઆ-હુંગરિનું રાજ્ય દ્વિરાજપદ્ધતિનું

ગણાય છે. આ સમયે પ્રશિઆમાં કોઈ પણ જાતનો ફેરફાર થયો નહિ. રાજાની સત્તા ઓછી ન થતાં વધતી ગઈ. રાજ્યનો મુખ્ય પ્રધાન બિસ્માર્ક ઑસ્ટ્રિઆની નિર્બળતા ઉપર તિરસ્કાર દૃષ્ટિથી જોવા લાગ્યો અને જર્મન પ્રજાનું મુખ્ય સંસ્થાન ઑસ્ટ્રિઆ નહિ, પરંતુ પ્રશિઆ હતું, એ ખુલ્લી રીતે દેખાડી આપવાનો તેણે નિશ્ચય કર્યો. એથી કરીને શેલ્સ્વિગ્–હોલ્સ્ટિન નામનો નાનો જીલ્લો† જે પ્રશિઆએ ડેન્માર્ક પાસેથી ઇ.સ. ૧૮૬૪ માં લીધો હતો, તેની વ્યવસ્થાની બાબતમાં ઑસ્ટ્રિઆ સાથે કજીઆનું કારણ તેણે ઊભું કર્યું. ઑસ્ટ્રિઅન લોકોના ઉત્તર જર્મનિમાં કેટલાંક સંસ્થાન તે વખતે હતાં, અને તેમના વિચાર પ્રમાણે શેલ્સ્વિગ્–હોલ્સ્ટિન બાબતમાં મત આપવાનો તેમનો હક હતો. બિસ્માર્કે એમનો મત લેવા ચોખ્ખી ના પાડી અને ઑસ્ટ્રિઆ સાથે લડાઇ જાહેર કરી; અને થોડાં અઠવાડિઆમાં પ્રશિઆના લશ્કરે ઑસ્ટ્રિઅનોને સેડોવા આગળ (ઇ.સ. ૧૮૬૬) છૂંદી માર્યાં. આથી ઉત્તર જર્મનિનાં સંસ્થાનો છોડી દેવાની ઑસ્ટ્રિઆને ફરજ પડી, અને તે બધાં પ્રશિઆના રાજ્ય જોડે જોડી દેવામાં આવ્યાં. પરંતુ બિસ્માર્કે ઑસ્ટ્રિઆને છેક હલકું પાડી નાખ્યું નહિ, કારણકે એ દૂર અંદેશી હતો, અને પ્રશિઆને ઑસ્ટ્રિઆની મદદની કોઇ દિવસ જરૂર પડશે એવું એ સમજતો હતો.

આ દિવસ જલદી આવી પહોંચ્યો. યુરોપમાં આ સમયે પ્રશિઆ અને ફ્રાન્સ વચ્ચે હરિફાઇ ચાલતી હતી. ફ્રાન્સનો રાજા આ વખતે નેપોલિઅન ૩જો હતો. ૧લા નેપોલિયનના વિગ્રહ પછી ફ્રાન્સ પોતાની અસલ સ્થિતિપર આવી પહોંચ્યું હતું, અને જર્મનિ ઉપર નવેસર હુમલા કરવા વિચાર કરતું હોય એમ દેખાતું હતું. ફ્રાન્સના આવા ભાવિ હુમલાના વિચારને બિસ્માર્ક આવકારદાયક ગણવા લાગ્યો, કારણકે એ સારી રીતે જાણતો હતો કે પ્રશિઆનું લડાયક બળ ફ્રાન્સના કરતાં ઘણું વધારે હતું, અને જો લડાઇમાં પ્રશિઆ ફ્રાન્સ ઉપર વિજય મેળવે તો નવી જર્મન દુનિયામાં જર્મનિનો બાકીનો

† તેમાં ડેન્માર્કના લોકો અને જર્મન લોકો બંને રહેતા હતા. આ જર્મનો જર્મન સત્તા નીચે આવે માટે બિસ્માર્કે તેને કબજે લીધું હતું. વળી તેમાં કિલનું અમૂલ્ય બંદર આવેલું હતું, જે હમણાં જર્મન કાફલાનું મુખ્ય મથક થઈ પડયું છે.

ભાગ પ્રશિઆને અગ્રસ્થાન આપવાનું કબૂલ કરે, એમ તેની ખાત્રી હતી. એણે કજીઓ ઊભો કરી તેમાં મૂર્ખ જર્મન શાહનશાહને સપડાવ્યો અને ઈ.સ. ૧૮૭૦માં વિગ્રહ થયો, અને તેમાં ફ્રાન્સના લોકોએ સખ્ત હાર ખાધી. જર્મન સેનાધિપતિ મોલ્ટ્કે હતો, અને નેપોલિઅન પછી મોટામાં મોટો સરદાર એજ થઇ ગયો છે. તેનાથી ઊતરતો બુદ્ધિના, અને અપ્રમાણિક પણ કહી શકાય તેવા, સેનાધિપતિના હાથમાં ફ્રેંચ લશ્કર હતું, અને તેથીજ, જો કે ફ્રાન્સના સૈનિકો ઘણી બહાદુરીથી લડયા તોપણ તેઓ તદ્દન હારી ગયા. ફ્રેંચ શાહનશાહ એક લાખ માણસ સાથે સિડનની લડાઇમાં શરણ થયો; ઘાતકી ઘેરા પછી પૅરિસ શરણ થયું, અને ફ્રેંચોએ લાભકારક કોલકરાર મેળવવા પોતાથી બનતું કર્યું. લડાઇના ખર્ચ બદલ પૌંડ ૨૦,૦૦,૦૦,૦૦૦ બિસ્માર્કે ફ્રેંન્ચો પાસેથી કઢાવ્યા, અને મેટ્સ અને સ્ટ્રૅસ્બર્ગના કિલ્લા સાથે આલ્સેસ અને લૉરેન કબજામાં લીધા.

આગલા વખતમાં આ પ્રાંતો, કોઇ વખત ફ્રેંચો, તો કોઇ વખત જર્મનો, જીતી લેતા. ફ્રાન્સ અને જર્મનિની અતિપ્રાચીન હદ રહાઇન નદીથી બંધાઇ હતી; પરંતુ મધ્ય યુગમાં જર્મનો આ નદીની પશ્ચિમે પોતાની સત્તા જમાવી શકયા, અને સત્તરમાં સૈકામાંજ * આલ્સેસ અને લૉરેનનો કબજો ફ્રેંચોએ લીધો. ઓગણીસમા સૈકામાં એ પ્રાંતોના લોકો તદ્દન ફ્રેંચ થઈ ગયા હતા, અને એ પ્રાંતો કબજે લઇ રેવોલ્યુશનને પરિણામે પેદા થએલી આ લોકની પ્રજાકીય લાગણી ઉપર જર્મનોએ સખ્ત પ્રહાર કર્યો. આલ્સેસ અને લૉરેન તરફ સમસ્ત યુરોપની સહાનુભૂતિ થઇ અને ચાળીસ વર્ષ થયાં તો પણ જર્મન રાજ્ય તરફ તેમને અભિરૂચિ થઇ નથી.

એમ છતાં જર્મનો જરા પણ દયાથી પીગળ્યા નથી, અને તેમણે પોતાનાં કૃત્યનો પશ્ચાત્તાપ કર્યો નથી. સિડનની જીતની સંવત્સરી પ્રજાના મોટા વિજયના મહોત્સવ તરીકે અદ્યાપિ ઉજવાય છે. આ જીતપછી તરતજ ઉત્તર અને દક્ષિણ જર્મનિનાં સંસ્થાનોએ જર્મનિના એક અગ્રગણ્ય સંસ્થાન તરીકે પ્રશિઆની સર્વોપરિ સત્તાનો સ્વીકાર કરવા કબૂલ્યું છે. પ્રશિઆના રાજા

* લુઈ ૧૪ માના વખતમાં

૧લા વિલિઅમને જર્મનિનો શહેનશાહ બનાવવામાં આવ્યો, અને જર્મન સામાન્ય શહેનશાહત માટે રાજ્યબંધારણની યોજના કરવામાં આવી. આ યોજના પ્રમાણે સૅક્સનિ અને બૅવેરિયા જેવાં જર્મન સંસ્થાનોના રાજાઓની ગાદી ચાલે છે. પરંતુ સામ્રાજ્યના સવાલો (જકાતની ઉઘરાત જેવા), 'રિફ્સ્ટૅગ' (Reichstag) અને 'બુન્ડેસાટ' (Bundesrath), જેવી, આખા રાજ્યના પ્રતિનિધિઓની બનેલી બે સભાના હાથમાં મૂકવામાં આવે છે. કેળવણીની વ્યવસ્થા જેવાં સ્થાનિક કામો માટે દરેક સંસ્થાનની પોતપોતાની પાર્લમેન્ટ હોય છે. આ સામ્રાજ્યની સભા અથવા સ્થાનિક સભા ઇંગ્લંડની આમની સભા જેટલી સત્તાવાળી નથી. તેમજ તેની માફક લોકોના વિચારનું વલણ દર્શાવતી નથી. લડાઇ જાહેર કરવાનો હક તો ખાસ કરીને શહેનશાહનોજ છે.

ઑસ્ટ્રિઆના રાજ્યની માફક જર્મન સામ્રાજ્યમાં પણ એક છેડેથી બીજા છેડા સુધી સરકારના નીમેલા અધિકારીઓથી રાજ્ય ચલાવવામાં આવે છે. આ રાજ્યાધિકારીઓ નિપુણ અને પ્રમાણિક છે, એ વાત તો નિર્વિવાદ છે, અને દુનિયામાં સારામાં સારી રાજ્યપદ્ધતિવાળાં રાજ્યોમાં જર્મનિ પણ એક છે. સાર્વજનિક સંસ્થાઓ સહીસલામત અને સગવડ ભરેલી છે.‡ શહેરો સ્વચ્છ અને સુંદર છે, અને તેમાં સુશોભિત બાગ અને સંગ્રહસ્થાનો હોય છે. જ્યારે વિદેશી ત્યાં જાય છે, ત્યારે જ્યાં જાય ત્યાં પોતે ઘણાજ કાર્યકુશળ અને સશક્ત લોકો વચ્ચે તે ફરે છે, એવું તેને ભાન થાય છે.

જર્મન લોકોમાં જીવનનો નવો વિકાસ થયો તે હવે દષ્ટિગોચર થાય છે. અઢાર અને ઓગણીસમા સૈકાની શરૂઆતના જર્મન લોકો અવ્યાવહારિક, સંગીત અને કાવ્યના શોખીન તરીકે દુનિયાની નજરમાં જણાયા, પણ રાજ્યનીતિમાં કે સામાજિક જીવનમાં બહુ પ્રગતિમાન્ જણાયા નહિ. આ વાતમાં સત્ય તો જે હોય તે ખરું, પરંતુ ફ્રાન્સ ઉપર વિજય મેળવ્યા પછી આખી જર્મન પ્રજાનું જીવન આધુનિક સમયને અનુકૂળ બન્યું. તે મહાન્ ઉદ્યોગી પ્રજા બની. તેમના રમકડાના ઉદ્યોગે ઇ.સ. ૧૯૧૪ સુધી આખા યુરોપને બાળકોનાં

‡ દાખલા તરીકે "રેલ્વે" કે જેનો માલિક રાજા છે.

રમકડાં પૂરાં પાડયાં છે. આવા તેના કેટલાક ઉદ્યમો શરૂઆતથીજ વિકાસ પામ્યા હતા. કેટલાક ઉદ્યમો નવા હતા, જેવા કે, લોખંડ અને પોલાદનાં કારખાનાં, જેમાં ક્રુપની પેઢી મુખ્ય હતી તે, અને અનેક રાસાયણિક ઉદ્યમો.

આ ઉદ્યમોને ઉપાડી લેવામાં જર્મનોને જે ફતેહ મળી, તેનાં અનેક કારણો છે.

એક તો નવી તકોનો લાભ લેવાની બુદ્ધિ. તેનો એક દાખલો આ છે. પ્રશિઆની કનિષ્ઠ જમીનમાં બટાટા અને બીટકંદ પુષ્કળ ઉગે છે. જર્મનોએ બીટકંદમાંથી ખાંડ બનાવવાની અને બટાટામાંથી દારૂ બનાવવાની રીતને પરિપક્વ બનાવી. આ બે વસ્તુઓ તેઓ દેશમાં વાપરતા હતા, એટલુંજ નહિ, પણ યુરોપના બીજા દેશોમાં વેચી નફો મેળવતા. બીજું, વસ્તુ બનાવવાની વિધિમાં પદ્ધતિસર જ્ઞાનનો ઉપયોગ. દાખલા તરીકે, ડામરનાં લક્ષણ અને ગુણભેદનો તેમણે અભ્યાસ કર્યો, અને તેમાંથી અસંખ્ય દવાઓ અને રંગો બનાવ્યા. ડામરમાંથી જર્મનોએ એક ભુરો રંગ બનાવ્યો અને તેનાથી આખી દુનિયા સાથેના હિંદુસ્થાનના ગળીના વ્યાપારને તેમણે બંધ કર્યો. ત્રીજું, સાંચા કામમાં, વીજળીના સાંચામાં અને ખાસ કરીને સઘળી જાતનાં મોટર એન્જિનમાં સુધારો. ચોથું, તેમની વ્યવસ્થા કરવાની બુદ્ધિ: એટલે ભિન્ન ભિન્ન ધંધાઓ માટે યોગ્ય માણસોને કેળવવાં અને કંઇક કરી શકાય એવું કામ દરેકને મળે એવી રીતે અનુકૂળ કામ સોંપવું.

આ બધાં કારણોને લીધે આધુનિક સમયના જર્મનો આખી દુનિયામાં પ્રશંસાપાત્ર થયા છે. વધારામાં મિત્ર કે દુશ્મનોને નોંધ લીધા વિના ન ચાલે, એવાં જર્મનિનાં મહાકૃત્યો અહિં આપણે વર્ણવીએ. હમેશ મહાબુદ્ધિશાળી પુરૂષો ત્યાં થતા આવ્યા છે. અઢારમા અને ઓગણીસમા સૈકામાં જ્યારે રાજદ્વારી પ્રવૃત્તિમાં ત્યાં સ્વતંત્રતા ન હતી, ત્યારે ત્યાં બુદ્ધિમય જીવનમાં પ્રવૃત્તિ હતી. કવિઓ, તત્ત્વવેત્તાઓ, ઇતિહાસના લેખકો ત્યાં થયા હતા. આગળ જતાં વિજ્ઞાનશાસ્ત્રીઓ થયા, જેઓ રસાયન, પદાર્થજ્ઞાન અને ગણિતશાસ્ત્રમાં દુનિયામાં અગ્રેસર થયા. કોઇપણ દેશના કરતાં જર્મનિના વિશ્વવિદ્યાલયોમાં ઘણા પંડિતો અને વિજ્ઞાનશાસ્ત્રીઓ હતા. કેળવણીના સં-

બંધમાં આપણે એટલુંજ કહેવાની જરૂર છે કે, ફ્રોબલ એક જર્મન હતો, અને અમેરિકા જર્મન શાળાઓને નમુનેદાર ગણે છે.

ફ્રાન્સની સાથે લડાઈ થઇ તે પહેલાં આ સંસ્કૃતિ અને વિદ્યા રૂપી ધન જર્મનિ પાસે હતું, અને ત્યાર પછી કંઈક તેણે મેળવ્યું છે; પરંતુ કેટલીક આધ્યાત્મિક સંપત્તિ તો તેણે ગુમાવી છે, કારણ કે જે દિવસથી તેને ઘણી દ્રવ્ય સંપત્તિ પ્રાપ્ત થઈ તે દિવસથી ત્યાં આધ્યાત્મિક સંપત્તિનો નાશ થયો છે, તે અનુભવે આપણને દર્શાવી આપ્યું છે. ગમે તેમ હોય તોપણ, જર્મનિ જેવો પહેલાં ધાર્મિક દેશ હતો તેવો હાલ નથી. એક વખતે તે લ્યુથરની જન્મભૂમિ હતી, અને પ્રોટેસ્ટન્ટ પંથનો પણ ત્યાંજ જન્મ થયો હતો; છતાં પ્રશિઆમાં લ્યુથરના ધર્મ તરફ ઘણુંજ ઓછું માન લોકો રાખે છે. જે પ્રમાણે દક્ષિણ જર્મનિમાં રોમન કૅથોલિક ધર્મ નામનો રહ્યો છે, તેજ પ્રમાણે ઉત્તર જર્મનિમાં પ્રોટેસ્ટન્ટ ધર્મ નામનો રહ્યો છે, અને તેને બદલે દુનિયાદારીના લાભોમાંજ લોકોનાં મન મચેલાં રહે છે. જર્મનિના બુદ્ધિશાળી લોકોએ મોટે ભાગે ખ્રિસ્તિ ધર્મ ત્યાગ કર્યો છે, અને પોતાના કેટલાક આધુનિક તત્ત્વવેત્તાના વિચિત્ર મતનો તેઓ સ્વીકાર કરે છે.

સૌથી જાણીતો તત્ત્વવેત્તા નિટ્શ થઈ ગયો છે (ઇ.સ. ૧૮૪૪-ઇ.સ. ૧૯૦૦). એણે દુનિયાને પ્રસિદ્ધ કર્યું કે ક્રાઇસ્ટ દાંભિક હતો અને એક જાતની બલા હતી. તે કનિષ્ઠ વર્ગનો હતો અને જનસ્વભાવ વાસ્તે તે હલકો અભિપ્રાય ધરાવતો હતો. ક્રાઇસ્ટના મત પ્રમાણે ગુલામના જેવો નીચ અને ગરીબ માણસ સૌથી શ્રેષ્ઠ ગણાય છે, જ્યારે નિટ્શના મત પ્રમાણે અભિમાની, ક્રૂર અને તે ઉપરાંત જબરો અને બળવાન્ માણસ સૌથી શ્રેષ્ઠ ગણાય છે. કહેવત છે કે, 'બળીઆના બે ભાગ' તે પ્રમાણે કોઇપણ ચીજ લેવાને માણસ શક્તિવાન્ હોય તો તેને તે ભોગવવાનો હક છે.

આ બધામાં કાંઇ નવીનતા નથી, પરંતુ નિટ્શની એ કહેવાની રીત મનોરંજક હતી અને જર્મનો એનાથી ઘણા ખુશ હતા, કારણ કે તે તેમની લાગણીઓને તદ્દન અનુકૂળ હતું. ફ્રાન્સ ઉપર મેળવેલી મોટી જીત અને વ્યાપાર અને વિદ્યાના ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલી નિપુણતાને લીધે, યુરોપની પ્રજામાં

જર્મનિએ અગ્રસ્થાન મેળવ્યું છે, એમ તેઓને લાગતું હતું; અને એ બાબતનો આખી દુનિયાએ સ્વીકાર કરવો જોઇએ એમ તેઓનું ધારવું હતું. તેમના ઘણા લેખકોએ આ બાબત ખુલ્લી રીતે જણાવી અને આ બાબત માંહોમાંહે એકબીજાને જણાવતાં તેઓ કંટાળતા નહિ. આમાંનો મુખ્ય લેખક ટ્રિટ્શ્ક* હતો, અને એના લેખ ઉપરથી હાલ ચાલતું મહાભારત યુદ્ધ કેવી રીતે શરૂ થયું, તે લગભગ આપણે સમજી શકીએ છીએ, કારણ કે લડાઇ ઊભી કરવામાં બીજા કોઈ એકાદ માણસ કરતાં એણે ઘણું વધારે કર્યું છે.

એમ છતાં, આ વિષય આપણે હાથપર લઇએ તે પહેલાં એટલું જાણવાનું છે કે, હાલ ચાલતા વિગ્રહ તરફ બધા જર્મનો એક દૃષ્ટિથી જોતા નથી. સો વર્ષ ઉપરના જર્મનો જેવા, સાદા અને શાંતિને ચાહનારા જર્મનો હજી જીવે છે, અને દેશસંરક્ષણ પૂરતોજ મહાન્ વિગ્રહ હોવો જોઇએ, એમ તેઓ માને છે. બીજા કોઈપણ પ્રકારના વિગ્રહની તેઓ દરકાર કરતા નથી. જે જર્મનો રોમની સામે યુદ્ધમાં ઊતર્યા હતા અને જે શહનશાહોએ ક્રુઝેડમાં ભાગ લીધો હતો, તેમના અભિપ્રાયને તેઓ મળતા નથી; પરંતુ ફ્રાન્સની સામે સ્વતંત્રતા માટે કરવી પડેલી લડાઇ તરફજ તેઓના વિચાર વળે છે. આવા લોકોથી બિસ્માર્કને મોટી ચિંતા થઇ હતી. કારણકે ફ્રાન્સની સામે રાજી ખુશીથી તેઓ લડશે નહિ, એમ તેને ધાસ્તી હતી, અને તેમની મદદ લેવા વાસ્તે ફ્રાન્સ જર્મનિ ઉપર હુમલો લાવે છે‡ એવું તેને દેખાડવું પડયું હતું. એજ લોકો આજ એવું માને છે કે જર્મનિ ઉપર ઇંગ્લંડ અને રશિઆ હુમલા લાવે છે, અને આ માન્યતાને પુષ્ટિ આપવાને જર્મન સરકારે બહુ મહેનત લીધી છે; પણ ઘણાખરા જર્મનો આવા ખોટા ડોળ કરતા નથી.

---

* બર્લિનના વિશ્વવિદ્યાલયમાં ઇ.સ. ૧૮૭૪થી ઇ.સ. ૧૮૯૬ સુધી તે ઇતિહાસનો પ્રોફેસર હતો.

‡ લડાઈ થશેજ નહિ એવો સંભવ છેલ્લી ઘડીએ લાગ્યો, પણ એક જુદા તારની યુક્તિથી આ લડાઈની ફરજ બિસ્માર્કે પાડી હતી, અને તે યુક્તિ ફતેહ સાથે પાર પડી હતી. જ્યારે જ્યારે પાછળથી એ તાર સંબંધી વિચાર કરતો ત્યારે ત્યારે એ ઘણો ખુશ થતો.

તેઓ શો વિચાર કરે છે, અને કહે છે તે હમણાંજ આપણે જોઇશું. પણ તે દર્મિયાન આપણે સમજવું જોઇએ કે આ વિગ્રહના હેતુઓ સંબંધી જર્મનિમાં મતભેદ છે. કેટલાક જર્મનો વાસ્તે સૌથી ખરાબ આપણે એટલુંજ કહી શકીએ કે, તેઓએ પોતાના પાડોશીઓના વિચાર સમજવામાં એક ગંભીર ભૂલ કરી છે. પોતાની સ્વદેશભૂમિનું રક્ષણ કરવા, બહાદુર, બુદ્ધિશાળી અને સ્વદેશાભિમાની તરીકે દુનિયા સમક્ષ જર્મનિએ ઊભા રહેવામાં સંતોષ માન્યો હોત અને બહારની કોઇપણ પ્રજાને ઉપદ્રવ કરવાનો ઇરાદો ન રાખ્યો હોત તો આપણે કહીએ કે આખી દુનિયા તેના પર હુમલા કરવા હિંમત ધરત નહિ.

જર્મનિના આગળ પડતા પક્ષના ખરેખરા ઉદ્દેશ અને કાર્યક્રમ શા હતા, તે આપણે હવે જોઇએ. આપણે ઉપર કહ્યું તે પ્રમાણે, પુસ્તકો મારફત તેમના મતનો પ્રચાર કરનાર ટ્રીટ્શ્કી હતો, પણ જે વિચારો ઉપર આપણે વિવેચન કરવા માગીએ છીએ, તે એના એકલાજ ન હતા. સમસ્ત જર્મનોમાં ઐક્યતા સાધનાર મંડળના* આ વિચારો હતા, અને આખો જમાનો તે મંડળ આ વિચારો ફેલાવતું હતું, અને આપણે કદાચ કહી શકીએ કે ઇ.સ. ૧૯૧૪માં તો જર્મનિના યુવક વર્ગના લગભગ આવાજ વિચાર હતા, અને હાલ પણ તેવાજ છે.

દરેક દેશના સ્વદેશાભિમાની પુરૂષોના વિચારોની માફક અલબત્ત આ વિચારોમાં, જર્મન સંસ્કૃતિ અને વિદ્યાનો ઘણોજ ઉત્કૃષ્ટ ભાવ રહેલો છે. આ પ્રમાણે તેની બાદશાહી અને અધિકારી વર્ગની પદ્ધતિ, ખાસ કરીને તેના અત્યંત પ્રશિઅન રાજ્યપદ્ધતિના સ્વરૂપમાં, શ્રેષ્ઠ છે. જનસમાજના બંધારણના નિયમો બીજો કોઇપણ દેશ આટલી બધી સારી રીતે સમજતો નથી; તેથી કરીને બીજી કોઇપણ પ્રજા જર્મન સત્તા નીચે જતી તો તે પ્રજા મોટા લાભનું કારણ ગણતી, પછી તે આફ્રિકાના હબસી હોય યા તો ટ્સિંગટાઉના ચીના હોય યા તો આલ્સેસ અને લોરેનના ફ્રેંચો હોય. સંસ્કૃતિનો શો અર્થ થાય છે, તે દુનિયામાં દરેક સ્થળે શીખવવાને જર્મનિ નિર્માણ થયલું હોય એમ લાગે છે.

---

* અંગ્રેજીમાં એને Pan-Germanic League કહે છે. ભા. ક.

વળી જર્મનોને પોતાના રાજ્યનો વિસ્તાર કરવાનો પૂરતો હક છે તેનું કારણ એટલુંજ કે તેઓને વિસ્તારની જરૂર છે, અને વિસ્તાર માટે નવાં સ્થળો પોતાને માટે ખુલ્લાં કરવાને તેમનામાં સામર્થ્ય છે. લાખો માણસની તેમની વસ્તી માટે પૂરતી જગ્યા જર્મનિમાં નથી. તેમની નજર આગળ ઘણા દેશો છે; તેમાંના કેટલાક દેશમાં સંસ્કૃતિ અને વિદ્યાનો લોપ થયો છે; કેટલાક દેશ પાછા જંગલી સ્થિતિમાં જતા જાય છે, અને કેટલાક તો અસલ જંગલી સ્થિતિમાં છે. ત્યારે આવા ઉજડ પ્રદેશોનો કબજો લઇ તેમનો સદુપયોગ જર્મનિ શું નહિ કરશે ?

આમ કરવું એ યુદ્ધ થતું હોય તો ભલે યુદ્ધ થાય. પ્રજાના જીવનમાં યુદ્ધની આવશ્યકતા છે. તે માણસના બળને પ્રદીપ્ત કરે છે, અને રાજ્ય માટે આત્મભોગ આપતાં પ્રજાને શીખવે છે. પ્રજાને બળ આપનાર વિગ્રહમાં મળતા વિજય જેવું બીજું કાંઈ નથી. લડાઇમાં થતી કતલ તરફ ધિક્કાર બતાવવાનો અને એ ઉપરાંત બીજું કાંઇ કરવાનો ડોળ આપણે કરવો જોઇએ નહિ. માત્ર બાયલા અને નિર્બળ માણસોજ આ પ્રમાણે બોલે છે. બહાદુર પ્રજા વિગ્રહને તો પોતાની ઉન્નતિ સિદ્ધ કરવાના સાધન તરીકે ગણશે.

જેઓ આવા વિચારના હતા અને આવા વિચાર જાહેર કરતા હતા, તેમાં પ્રિન્સ બિસ્માર્ક ન હતો. ફ્રાન્સની સાથેના યુદ્ધ પછી એનું કર્તવ્ય પુરૂં થયું હતું. યુરોપમાં જર્મનિ વાસ્તે અગ્રસ્થાન એણે પ્રાપ્ત કર્યું હતું. એટલાથી એને સંતોષ થયો હતો. એ સારી રીતે જાણતો હતો કે ફ્રાન્સ વેર લીધા વિના રહેશે નહિ. ફ્રાન્સ અને બીજાં રાજ્યો વચ્ચે સંધિ થાય તો ભયનું કારણ થશે માટે જર્મનિની ડહાપણભરેલી રાજનીતિ તો એ હતી કે, તેણે બીજી પ્રજા સાથે સારો સંબંધ રાખવો. સંસ્થાનો મેળવવાનો એને લોભ ન હતો. ઇંગ્લંડ સાથે એને તકરાર ન હતી. જો એના વિચાર પ્રમાણે જર્મનો ચાલ્યા હોત તો જર્મનિનો વિસ્તાર થાત નહિ, અને આજની પદ્ધતિપર લડાઇ પણ થાત નહિ. નવા પ્રદેશમાં તેના નિયમો યુવાન વર્ગે અમલમાં મૂકયા અને તેની અને તેની સૂચનાની અવગણના કરી. જે બનાવોને એ ભયનું કારણ ગણતો હતો તેજ બનાવો ઇતિહાસમાં બન્યા.

આ ફેરફાર કરનારો પહેલો પુરૂષ શાહનશાહ વિલિઅમ રજો હતો (જન્મ ઇ.સ. ૧૮૫૯). એ ગાદીએ બેઠો ત્યારે તો યુવાન્ હતો. થોડી મુદ્દતમાં તેના જૂના મંત્રી બિસ્માર્કને તેણે રજા આપી, અને ત્યારથી રાજનીતિ અને રાજ્ય ચલાવવાના નિયમો તેનાં ખુદ પોતાનાંજ છે. તેના ચારિત્ર્ય વિષે લખવું અને ખાસ કરીને થોડા શબ્દોમાં લખવું એ મુશ્કેલ છે, કારણકે, એ ચારિત્ર્ય કેટલેક અંશે ઘણા પ્રકારનું છે, અને કેટલેક અંશે તે સમજી શકાય એવુંજ નથી. ધૈર્ય, આત્મશ્રદ્ધા અને કામ કરવાની અનહદ શક્તિ એનામાં છે. કંઇક તુરંગી, અને વળી સ્વદેશભક્તિને અંગે એ તુરંગી હતો, અને જર્મનિના ભવિષ્યની ખોટી કલ્પના સિવાયના બીજા બધા વિષયો તરફ એ જરાએ લક્ષ આપતો નહિ, એમ છતાં પોતાના વિચારના પ્રવાહમાં ઘણા માણસોને એ તાણતો ગયો અને વિગ્રહ દર્મિયાન પ્રશંસા અને માનથી પોતાના સૈનિકોનો બદલો વાળવામાં, અને મોટીમોટી ખાત્રીઓ આપીને લોકોનો ઉત્સાહ કાયમ રાખવામાં, અથાગ શ્રમ એણે રાત અને દિન લીધો છે.

લડાઈ પહેલાં તેનું પોતાનું મહાન્ કામ જર્મન વહાણનો કાફલો ઊભો કરવાનું હતું. પહેલાંના વખતથી જો કે જર્મનિના તાબામાં એક બે બંદરો તો હતાં પણ તેની પાસે કોઇપણ વખત આગળ નૌકાસૈન્ય હતું નહિ. પ્રશિઆની શરૂઆત મધ્યદેશસ્થ સત્તા તરીકે થઇ, અને આગળ ઉપર હૅમ્બર્ગ તેને મળ્યું અને ત્યારપછી કીલ મળ્યું. દરિયાઇ બાબતો પર બિસ્માર્કે બીલકુલ લક્ષ આપ્યું નહિ, અને લોકોનું લક્ષ પહેલવહેલું આ તરફ હાલના શહનશાહે દોર્યું. ઈંગ્લંડ સાથે દુશ્મનાવટ કરવાના હેતુથી શરૂઆતથી આ કાફલો ઊભો કર્યો હોય કે ન હોય, પણ એ તો નક્કી છે કે સંસ્થાનો સ્થાપવાનો ઇરાદો તેનો પહેલેથીજ હતો, અને તેને જલદીથી માલમ પડયું કે કાફલા સિવાય સંસ્થાનો પર જર્મનિનો કબજો સહીસલામત રહેશે નહિ.

નૌકાસૈન્યના કાયદાથી (ઇ.સ. ૧૮૯૮) જર્મનિના કાફલાની શરૂઆત થાય છે. તે કાયદાથી વહાણો બાંધવાને માટે એક મોટી રકમ જુદી કાઢવામાં આવી. ત્યારપછી બીજી વધારે મોટી રકમો આ કામ પાછળ ખર્ચવામાં આવી છે, અને જ્યારે બ્રિટને મોટા લડાયક બારકસની (Dreadnought)

શોધ કરી, અને બધાં નૌકાસૈન્યની પુનઃ શરૂઆત કરવી પડી ત્યારે, લગભગ આપણા જેટલીજ ઝડપે જર્મનિએ આ વહાણો બાંધ્યાં. જર્મન નાવિકોને આપણા નાવિકોની માફક ધંધાની ઉત્તમતા માટે તાલીમ આપવામાં આવી છે.

શહનશાહ અને આગળ પડતા લોકોના વિચાર પ્રમાણે જે સંસ્થાનો મેળવવાનો તેમનો હેતુ હતો, તે ખરા અર્થ પ્રમાણે* સંસ્થાનો નહિ, પણ કેટલેક અંશે તો ઉષ્ણ કટિબંધમાં આવેલા મુલકો હતા. આવા મુલકો યુરોપના દેશોને કીમતી હતા, કારણકે આધુનિક જીવન માટે જરૂરી ચીજો તેઓ પૂરી પાડતા હતા (જેવું કે રબર). અને યુરોપના ઘણા લોકો ઘણું ખરૂં મોઘમ રીતે એમ માને છે કે સાંપ્રત સમયમાં કોઇ પણ રાજ્યનો આવા મુલકમાં ભાગ હોય તો તે રાજયને તે પ્રતિષ્ઠાનું કારણ થઇ પડે છે. જેમ કોઇએ કહ્યું છે તેમ ઉષ્ણ પ્રદેશમાં જર્મનિએ એકાદ સ્થાન મેળવ્યું છે, અને મુખ્યત્વે કરીને ઇંગ્લંડની સાથે સાટું કરી પૅસિફિક મહાસાગરમાં સામોઆ અને પૂર્વ અને પશ્ચિમ આફ્રિકાનો થોડો ભાગ જર્મનિએ મેળવ્યો. ત્યારપછી બીજા પ્રદેશો પર તેની નજર પડી. તેમાંનું પહેલું ચીન હતું. ચીનાઓએ મૂર્ખાઇથી કેટલાક જર્મન પાદરીઓને મારી નાખ્યા, અને તેના બદલામાં ટ્સિંગટાઉનો કબજો જર્મનિએ લીધો, અને શાન્ટંગના પ્રાંતમાં કેટલાક હક મેળવ્યા અને તે વ્યાવહારિક રીતે જર્મન પ્રદેશ થયો (ઇ.સ. ૧૮૯૭).

આપણે પહેલાં જોયું છે તેમ આ કાર્યોમાં જર્મનોએ ચાઇનીસ પ્રજાની લાગણી તરફ કંઇ બેદરકારી રાખી છે, તેની નોંધ આપણે અહિં લઇશું. ચીનને દુશ્મન બનાવવાનો તેમનો ઇરાદો હતો એમ જણાતું નથી: ખરી રીતે તો જર્મનોએ તેમને મિત્ર‡ બનાવવા માગણી કરી છે, અને તેમની વર્તણુકથી ચીનાઓની લાગણી દુખાઇ છે, એમ તેઓ સમજ્યા હોય એમ લાગતું નથી. ચીન સામે લડાઇમાં જે લશ્કર હતું તે બીજી કોઇપણ પ્રજાના લશ્કર કરતાં વધુ નિર્દય હતું. શાન્ટંગમાં કરેલી માગણીઓ બહુ ભારે

---

* જ્યાં આગળ જર્મનિના લોકો હમેશ રહી શકે અને વસ્તી વધારી શકે તેવાં સ્થાનો.

‡ મફત કેળવણી આપવા તેમણે ઘણી સર્વોત્તમ શાળાઓ ચીનમાં સ્થાપી છે.

હતી. * વળી તેઓની વર્તણૂકથી યુરોપની બીજી પ્રજા પણ ગુસ્સે થઇ હતી, કારણ કે ચીનનો કોઇપણ ભાગ કબજે કરવો નહિ એવો કરાર બીજી બધી સત્તાએ કર્યો હતો, અને આ કરાર જર્મનિએ પહેલો તોડ્યો. જાપાનનું દિલ પણ આ વર્તણૂકથી કેવું દુખાશે તે તેઓ સમજ્યા નથી, અથવા તો બીજી કોઇ પ્રજાને પોતાનો અભિપ્રાય પૂછવાની ફરજ પાડવા જાપાન પૂરતું બળવાન્ નથી, એમ ખોટી રીતે ધારી લઇને કદાચ તેઓએ સમજવાની દરકાર કરી નથી. જર્મનિના રાજદ્વારી ચાતુર્યમાં બંને પ્રકારની ભૂલો થઇ શકે એમ .

જે બીજા પ્રદેશમાં પોતાના ભવિષ્યના ઉદય માટે પ્રયત્ન કરવાને જર્મનિ વિચાર કરતું હતું, તે પાસેનો પૂર્વનો દેશ હતો. યુફ્રેટીસ નદીથી કૉન્સ્ટૅન્ટિનોપલ સુધીના તુર્કસ્તાનના તાબાનો તે પ્રદેશ હતો. તુર્કસ્તાન પાસેથી જોરજુલમ કરીને તે પ્રદેશ લઇ લેવાનો તેનો ઇરાદો ન હતો. ખરેખર તેના મનની ધારણા શું હતી તે કહેવું અશક્ય છે. તુર્કસ્તાનને જર્મનિ આખરે એક આશ્રિત રાજ્ય તરીકે રાખે, અને જેથી હાલ હિંદુસ્થાનમાં જે ભાવ અંગ્રેજ અમલદારો ભજવે છે, તેવીજ જાતનો કંઇક ભાવ જર્મન અધિકારી વર્ગ ત્યાં ભજવે એવો સંભવ છે. પણ એટલું તો યાદ રાખવું જોઇએ કે તુર્કસ્તાનના રાજ્યનો મોટો ભાગ હાલ જે ઉજડ છે, તે પહેલાં એક વખત વસ્તીવાળો અને ધનાઢ્ય હતો; ખરાબ રાજસત્તાથી તે પાયમાલ થયો, પણ સારી રાજસત્તાથી તે અસલ સ્થિતિ પ્રાપ્ત કરે; તેથી યુફ્રેટીસની ખીણમાં ખરેખરાં જર્મન સંસ્થાનો સ્થાપવાનો ખ્યાલ ઘણા જર્મનોને આવ્યો.

છેવટે આજ પ્રકારના કંઇક ખ્યાલથી દક્ષિણ અમેરિકામાં પણ જર્મન સંસ્થાનો કરવા લોકોનાં મન દોરવાયાં હશે. હાલની સ્થિતિમાં ઘણા જર્મનો પોતાનાં ઘીચ વસ્તીવાળાં શહેરો છોડી કામ મેળવવા ત્યાં જાય છે, અને ત્યાં વસે છે, અને આથી સ્વદેશભૂમિના લશ્કરમાં આ માણસોની ખોટ પડે છે. બ્રૅઝિલના કેટલાક ભાગ ઉપર કાળા ગરૂડ પક્ષીવાળો જર્મન વાવટો ઉડાવીને તે માણસોને પાછાં સંપાદન કરવા જર્મનિના રાજનીતિજ્ઞ પુરુષોએ વિચાર

*જ્યાં જ્યાં તેમને રેલ્વે નાખવાનો હક આપવામાં આવ્યો ત્યાં બંને બાજુએ ૩૦ માઇલ સુધી જમીન તેમને મળવી જોઇએ એવી તેમણે માગણી કરી.

કર્યો હોય એમ લાગે છે, પરંતુ આથી તેમને યુનાઇટેડસ્ટેટ્સ સાથે લડાઈમાં ઊતરવું પડત. પણ આવી યોજના સ્વપ્નામાંજ રહી ગઈ. કારણ કે જે યોજનાઓ જર્મનિએ તૈયાર કરી હતી, તેની અંદર તેમનું ધ્યાન એકાગ્ર થયું હતું અને તે યોજનાઓને લીધે બીજી સત્તાઓ સાથે જર્મનિને લડાઇમાં ઊતરવું પડયું.

પહેલાં તો આ યોજનાઓ અંગ્રેજોને પ્રિય ન હતી. જર્મનો તરફ અંગ્રેજોની લાગણી લાંબા સમય સુધી મિત્રાચારીની રહી, અને તેથી જર્મનિને સામોઆ અને આફ્રિકાના પ્રદેશો મેળવવામાં કાંઇપણ અડચણ કરી નહિ. બ્રિટનના વ્યાપારીઓ જર્મનોની સ્પર્ધાથી બબડવા લાગ્યા પણ જ્યાંસુધી જર્મનિ જાહેર રીતે બ્રિટનના દુસ્મન તરીકે બહાર પડયું નહિ, ત્યાંસુધી જર્મનિ તરફની બ્રિટનની લાગણી ઉપર અસર થઇ નહિ. આપણે કહીશું કે બોઅર લોકો સાથેના વિગ્રહ સુધી (ઇ.સ. ૧૮૯૯ થી ઈ.સ. ૧૯૦૨) આ સ્થિતિ રહી. આજ સમયે કૈસરે પ્રેસિડન્ટ ક્રુગરને દિલસોજીનો પ્રખ્યાત તાર મોકલ્યો અને વિગ્રહ દર્મિયાન જર્મન વર્તમાનપત્રોનું વલણ બ્રિટન તરફ તીવ્ર દુસ્મનાવટવાળું હતું. આવું વલણ કૈસરનું કેટલે અંશે હતું, એ નક્કી થઇ શકે એમ નથી. આ સંબંધમાં એના વિચારો કરતાં જર્મન યુવક મંડળના વિચારો ઘણા સખ્ત હોવાનો સંભવ લાગે છે, પરંતુ તે મંડળના વિચારો સંબંધી શકજ નથી.

જર્મનોના વાસ્તવિક રાજ્ય લોભમાં ઇંગ્લંડજ નડે છે, એવો તેઓનો મત છે. જ્યારે જર્મનિ અશક્ત અને વિભક્ત હતું ત્યારે ઇંગ્લંડે સૌથી સુંદર પ્રદેશ કબજે કરી લીધા. વળી ચીન અને તુર્કસ્તાનમાં જર્મન સત્તાને હંફાવનાર ઇંગ્લંડજ છે. ઇંગ્લંડનોજ કાફલો જર્મનિના વ્યવહારને દરેક ઠેકાણે તોડી પાડે છે. જ્યાં જોઇએ ત્યાં ઇંગ્લંડજ દુસ્મન તરીકે નજરે પડે છે. આવા વિચારવાળા જર્મનો ઇંગ્લંડને સૌથી વધારે ધિક્કારે છે કે તેનાથી બીએ છે કે તેનો તિરસ્કાર કરે છે, એની ખાત્રી તેઓને હોય એમ જણાતું નથી. અંગ્રેજ લોકોના વર્તન ઉપર તેઓ ધિક્કારજ વરસાવે છે. અંગ્રેજ સૈનિકો લડી શકશે કે કેમ અને અંગ્રેજ શહેરીઓ વિગ્રહને અંગે કરવા પડતા

ભોગો આપવાને તૈયાર થશે કે કેમ એ બાબતનો તેમને શક છે.* અથથી ઇતિ સુધી તેઓ ઇંગ્લંડનો ઇતિહાસ શોધી વળે છે, અને નસીબના જોરે મૂર્ખ અને બેવકૂફ અંગ્રેજો બીજા લોકોની મિલ્કત પચાવી પડ્યા છે, એ સિવાય બીજું કશું પણ ઇતિહાસમાં તેમને જડતું નથી.

કૈસરના આવા વિચાર છે કે નહિ એ વાત શંકાભરેલી છે. ઇંગ્લંડ ઉપર ખરા અંતઃકરણનો પ્રેમ એને હતો એમ ખરેખર લાગે છે, અને એને શાંતિ વહાલી છે, એવું એણે અહર્નિશ જાહેર કર્યું છે. આ એણે અંતઃકરણપૂર્વક જાહેર કર્યું છે એમ આપણે માનીએ, છતાં પણ શાંતિ અને શાંત પ્રકૃતિના શા ખરા અર્થ થાય છે, તે એ કદી પણ સમજ્યો નથી. જર્મનિ પોતાનું ધારેલું બધું પાર પાડે, અને બીજી પ્રજાઓ તેની આગળ દબાઈ જાય એવીજ સુલેહની રાજનીતિની એ પ્રશંસા કરતો હોય એમ જણાય છે. જો કોઇપણ પોતાના આશયમાં વિઘ્ન નાખે તો તેને લોખંડની મુક્કીથી મારવો એવો દરેક બહાદુર સિપાઇઓનો સિદ્ધાંત હોવો જોઇએ એવું તેણે ચીન જવા માટે નીકળેલા પોતાના સૈનિકો આગળ એક પ્રખ્યાત ભાષણમાં જાહેર કર્યું હતું. મનુષ્યજાતની કલ્પનાશક્તિ ઉપર આ વાકયની અસર થઇ છે અને દુનિયામાં જર્મન સિવાયના દરેક પુરૂષને પોતાના મોઢાપર મુક્કી વાગી હોય એમ લાગે છે

થોડાં વર્ષ થયાં જર્મનિને એમ ખબર પડવા માંડી કે બીજી પ્રજાઓની લાગણી તેની વિરૂદ્ધ ઉશ્કેરાઇ છે. જ્યારે મોરોક્કોનો પહેલો બનાવ બન્યો ત્યારે આ એણે જાણ્યું. આફ્રિકાના વાયવ્ય કોણમાં મોરોક્કો નામનો દેશ છે, જેનો યુરોપ સાથેનો સંબંધ લાંબો સમય થયાં ફ્રાન્સના હાથમાં છે; આ ઇંગ્લંડે કબૂલ કર્યું. કૈસર એકદમ જાતે મોરોક્કો ગયો, સુલતાનની મુલાકાત લીધી, અને મોરોક્કોને લગતા સઘળા સવાલો એક પરિષદ્‌માં લાવવા અને તેમાં જર્મનિના પ્રતિનિધિઓ બોલાવવા, એવો એણે આગ્રહ કર્યો. આનો સ્વીકાર ફ્રાન્સને કરવો પડ્યો, અને પરિષદ્ ઇ.સ. ૧૯૦૫માં મળી. કૈસરની મુખ્ય મતલબ ફ્રાન્સને હલકું પાડવાની હતી, કારણ કે જર્મનિને મોરોક્કોમાં

* લડાઈ શરૂ થઈ તે પહેલાં તેમના વિચાર હતા, તે લખ્યા છે.

કંઈ હિત નહતું. થોડાં વરસ પછી જ્યારે **ફ્રાન્સ** અને ઇંગ્લંડ વચ્ચે ગાઢ મૈત્રિ થઇ, ત્યારે **ફ્રાન્સ**ને હલકા પાડવાના ઈરાદાથી કૈસરે પુનઃ આ પ્રશ્ન ઉપાડ્યો. પરિષદ્‌માં આપેલાં વચન **ફ્રાન્સે** પાળ્યાં નથી એવો આક્ષેપ તેણે એકદમ મૂકયો, અને આ બહાનાથી શિક્ષા રૂપે **જ**ર્મનનૌકાસૈન્યને માટે કોયલાનું મથક કરવાના ઇરાદાથી **મો**રોક્કોના પશ્ચિમ કિનારા ઉપરનું એક બંદર **અગા**દિર તેણે લઇ લીધું. આ વખતે ભોગ આપી **ફ્રાન્સે** **સ**લાહ કરી. **આ**ફ્રિકામાં કેટલોક મૂલક તેણે **જ**ર્મનિને આપ્યો અને તેના બદલામાં **જ**ર્મનિએ તે બંદર પાછું આપ્યું. એનાથી બંદર રખાયું નહિ તેથી **જ**ર્મનિ ખરેખર હારી ગયું, એવી માન્યતા આ વખતે બધે થવા લાગી. **જ**મન લોકો ઘણા ગુસ્સે થયા અને ચીડવાયા. આ જમાનામાં પહેલીજ વખત **જ**ર્મનિ પોતાની મુરાદમાં નિષ્ફળ નિવડયું, અને ઇંગ્લંડ જે ખુલ્લી રીતે **ફ્રાન્સ**ના દોસ્તદાર અને મિત્રરાજ્ય તરીકે બહાર પડયું હતું તેનાપર તેણે દોષ મૂકયો.

પ્રશિઆએ આપેલી હાર પછી ઇતિહાસમાં કોઇપણ ભારે કામ **ઑ**સ્ટ્રિઆએ કર્યું નથી. એના રાજ્યમાં મિશ્રિત પ્રજા છે. **ઑ**સ્ટ્રિઅનો, **જ**ર્મનો, **હું**ગેરિઅનો અને **બો**હિમિઅનો જે સઘળા **સ્લાવ** જાતના છે, તેમને માંહોમાંહે બહુ તકરાર હતી, પણ તેઓ કદી પણ લડયા નથી. એકંદરે રાજય આબાદ થયું છે. **ઍ**ડ્રિઍટિક **સ**મુદ્રના પૂર્વ ભાગ ઉપર સત્તા મેળવીને **ઇ**જિઅન **સ**મુદ્ર આગળ પહોંચી જવા જેવા રાજ્ય લોભ તેનામાં પ્રકટયા છે. આ બંને ઉદ્દેશોમાં **સ**ર્વિઆ આડું આવતું હતું, તેથી તે **પ્ર**શિઆની આંખમાં ખટકયા કરતું હતું. **જ**ર્મનિએ આ લોભને ઉત્તેજન આપ્યું. **ર**શિઆની સાથે લડાઇમાં તેઓ ઊતરે તો આ લોભ પાર પાડવામાં પોતાની મદદ **ઑ**સ્ટ્રિઆને આપવાનું વચન તેણે આપ્યું. આમજ બન્યું છે. પરંતુ હવે આપણે વિગ્રહની શરૂઆત સુધી આવી પહોંચ્યા છે, તેથી **જ**ર્મનિના સામાન્ય ઇતિહાસને બંધ કરી આ વિગ્રહમાં લડતી બીજી પ્રજાઓનો ઇતિહાસ શરૂ કરીએ છીએ.

પ્રકરણ ૨ જું.

ફ્રાન્સ, બેલ્જીઅમ અને ઇટલિ.

(અ). ફ્રાન્સ.

ઇંગ્લંડના સંબંધમાં જેટલું **ફ્રાન્સ** આવ્યું તેટલોજ **ફ્રાન્સનો** ઇતિહાસ ઇંગ્લંડના લોકોને ખબર છે; પણ યુરોપના સંબંધમાં **ફ્રાન્સના** ઇતિહાસનું જ્ઞાન તેમને ઘણું થોડું છે. થોડો વખત આ બાબતમાં પાછળ આપણે નજર કરીએ.

ફ્રાન્સના પહેલા વતનીઓ **ગૉલ** હતા; તેઓએ **જર્મનોની** માફક અનેકવાર **ઇટલિ** ઉપર હુમલા કર્યા હતા અને એક વખત **રોમ** પણ લીધું હતું (ઇ.સ. પૂર્વે ૩૯૦). જ્યારે **રોમની** સત્તા પ્રબળ થઈ, અને એનો વારો આવ્યો ત્યારે એણે **ગૉલપર** હુમલો કરી તેઓને જીતી લીધા (ઈ.સ. પૂર્વે ૫૮). **જુલિઅસ સિઝર** નામના એક મહાન્ **રોમને** એ દેશમાં પહેલો પ્રવેશ કર્યો. તે આપણે વાસ્તે એ લોકોનું એક ઉત્તમ વૃતાન્ત મૂકી ગયો છે. દેખાવમાં ઊંચા અને ગોરવર્ણના **જર્મનો** હતા તેથી ઉલટા **ગૉલ** ઠીંગણા અને કાળાહતા, પણ સસ્કૃતિ અને લડાઈની પ્રીતિમાં બંને સરખા હતા.

આ લોકોમાં **રોમનોએ** પોતાના કાયદા, ભાષા અને રીતરિવાજો મજબૂતાઇથી દાખલ કર્યા, તેથી **ગૉલ** સદાને માટે **જર્મનિથી** જુદો પડ્યો. જ્યારે **રોમન સામ્રાજ્ય** પડ્યું (આસરે ઇ. સ. ૪૦૦) અને **જર્મનો** ર્‌હાઇન નદી ઓળંગી ગયા ત્યારે ઘણા **જર્મનો** અને મુખ્યત્વે કરીને **ફ્રેન્ક્સ ગૉલમાં** વસવાટ કરી રહ્યા; તેમના ઉપરથી દેશનું નામ પડ્યું અને તેના પહેલા રાજકર્તા **ફ્રેન્ક** હતા. પણ આ હુમલો કરનારાઓ **ફ્રાન્સની લૅટિન** ભાષા જલદીથી શીખ્યા અને ર્‌હાઇનની પેલી ગમના **જર્મનો** સાથેનો સંબંધ તોડી નાખ્યો. **ફ્રાન્સ** પોતાના મૂળ દેશી રાજાઓના હાથમાં ગયું (ઈ.સ. ૮૪૩), અને સંયુક્ત સ્વતંત્ર દેશ તે બન્યો.

બીજા દેશોની માફક **ફ્રાન્સમાં પટાવતી** પદ્ધતિ દાખલ થઇ હતી, અને

તેનાથી હરીફ રાજાઓ વચ્ચે લડાઇ જાગવાનુંજ પરિણામ આવ્યું. બર્ગન્ડિના વંશ અને ફ્રાન્સના રાજા વચ્ચે લાંબો સખ્ત વિગ્રહ ચાલ્યો. બર્ગન્ડિના લોકો અંગ્રેજ લોકો સાથે જોડાયા અને તેમની મદદથી અંગ્રેજો ફ્રાન્સના ધણી થઇ પડ્યા. એમ છતાં જો કે તેમને કેટલીક મોટી જીતો મળી, તોપણ તેઓ ફ્રાન્સપર સત્તા રાખી શકયા નહિ. સો વર્ષની લડાઇ પછી (ઇ.સ. ૧૩૩૭ થી શરૂ થતી) તે ફ્રેન્ચ રાજાઓના તાબામાં ગયું. ફ્રાન્સના મોટા અમીરોને આ ફ્રેન્ચ રાજાઓ કાબુમાં રાખી શકયા, તેથી કજીઓ હતો છતાં પણ, આ દેશ છિન્નભિન્ન થઇ ગયો નહિ, અને રેફ્રમેશન વખતે પણ જર્મનોના જેવી ધાર્મિક લડાઇઓ ત્યાં થઇ નહિ. એ વાત ખરી છે કે પ્રોટેસ્ટન્ટ લોકોને ફ્રાન્સની બહાર હાંકી કાઢવાથી લડાઇઓ થઈ નથી, પરંતુ ફ્રાન્સમાંથી ઘણા ઉપયોગી શહેરીઓ જતા રહ્યા, જેઓએ ઇંગ્લંડને જબરૂં બનાવ્યું, પણ તેથી કરીને ત્રીસ વર્ષના યુદ્ધ જેવું તેને કાંઈ દુઃખ ખમવું પડયું નહિ. ૧૪મા લુઇના વખતમાં (ઈ.સ. ૧૬૩૮થી ઇ.સ. ૧૭૧૫) તે ભવ્યતાના શિખરે પહોંચ્યું અને વિદ્યા અને કળામાં આખા યુરોપમાં અગ્રસ્થાન પામ્યું.

દુર્ભાગ્યે ૧૪મા લુઇને બીજી ખ્યાતિનો લોભ થયો, અને તેના રાજ્ય દર્મિયાન ખરાખોટાનો વિચાર કર્યા વિના પરરાજ્ય પર હુમલા કરવામાં આવ્યા. લાંબા વખત સુધી સ્પેન અને જર્મનિની સામે તેણે વિજય મેળવ્યો, પણ જ્યારે લડાઇમાં ઇંગ્લંડ ઊતર્યું ત્યારે તેની પડતી થઇ. શત વર્ષના યુદ્ધ પછી ઇંગ્લંડ અને ફ્રાન્સ લડયાં ન હતાં; હવે બીજી વખત તેઓ લાંબા યુદ્ધમાં ઊતર્યાં. બ્લેન્હિમની (ઈ.સ. ૧૭૦૪) જીતથી લુઇ ૧લો મહાત થયો. પૅરિસની સલાહથી આ યુદ્ધનો અંત આવ્યો (ઈ.સ. ૧૭૬૩). લડાઇનો પહેલો ઉદ્દેશ લુઇ સામે હૅાલંડનું રક્ષણ કરવાનો હતો: ઇંગ્લિંડનો રાજા વિલિઅમ હૅાલંડનો વતની હતો; પણ પાછળથી લડાઇનો હેતુ વિદેશમાં સંસ્થાનો મેળવવાનો થયો. આ સંબંધમાં ફ્રાન્સની હાર થયા પછી તેનો અંત આવ્યો. અંગ્રેજોએ હિંદુસ્તાનમાંથી ફ્રેન્ચોને કાઢી મૂકયા અને અમેરિકામાં ફ્રેન્ચ સંસ્થાનોના તેઓ માલિક થયા.

આ સંસ્થાનોની ખોટ, અને તેને પરિણામે મૂકવામાં આવેલા કરનો

બોજો, અને તેની સાથે અંધેર રાજ્યવહીવટ, એ બધાંને લીધે રાજ્યની સામે ફ્રેન્ચ પ્રજા ઊઠી, જે ઇતિહાસમાં રેવોલ્યુશનને નામે પ્રસિદ્ધ છે (ઈ.સ. ૧૭૮૯). ફ્રેન્ચ રાજાને પકડી મારી નાખવામાં આવ્યો, અને ફ્રાન્સમાં લોકોની સત્તા પ્રબળ થઇ. આ રાજ્યબંધારણનો શો ઉદ્દેશ હતો તેનો આપણે વિચાર કરીએ તો આપણને માલમ પડશે કે તેના બેજ ઉદ્દેશ હતા, જે તેના નેતાઓને જોઇતા હતા, અને જેને વાસ્તે તેઓ માગણી કરતા હતા.

૧. **મનુષ્યહક.** જે લોકોએ આ શબ્દ વાપર્યો અથવા જે લોકોએ ત્યારપછી આ શબ્દ વાપર્યો છે, તેઓ આ શબ્દનો શો અર્થ કરે છે તે આજે પણ કહેવું અશકય છે. તેનો અર્થ શો કરવો જોઇએ, અથવા તો આ શબ્દથી કેવી જાતના રાજ્યવહીવટનો અર્થ નીકળે છે, અથવા તો કેવી જાતના કાયદાઓ તેઓ સૂચવે છે, તે કહેવું ઘણુંજ અશકય છે. આ સઘળા મુદ્દાઓપર ઘણા જુસ્સાવાળા વાદવિવાદ થાય છે. છેવટે નિર્ણય ઉપર અવાશે કે કેમ તે પણ ભાગ્યેજ કહી શકાય; પણ એટલું તો ખરૂં છે કે ફ્રાન્સના રેવોલ્યુશનના નેતાઓના કહેવા પ્રમાણે પોતાના ઉપર કોણ કેવા કાયદાથી સત્તા ચલાવે તે નિર્ણય કરવાનો, મનુષ્યહક પૈકીનો દરેક મનુષ્યનો એક હક છે; પ્રજાના મત લીધા સિવાય કોઇ પણ રાજ્યસત્તાને પોતાની મરજી પ્રમાણે રાજ્ય ચલાવવા દેવાની તેઓ વિરૂદ્ધ હતા.

૨. **પ્રજાકીય વિચાર.** દરેક પ્રજાને પોતાની રાજસત્તા પોતાના હાથમાં રાખવાનો હક છે. એ તો સ્પષ્ટ છે કે મનુષ્યહકના સખ્ત વિચારો સાથે આ વિચારને ઘણો ગાઢ સંબંધ છે, કારણકે જે મનુષ્યો પોતાના રાજકર્તાને પસંદ કરે છે, તેઓ વિદેશીને ઘણે ભાગે પસંદ કરે એવો સંભવ નથી. સર્વ ફ્રેન્ચ રેવોલ્યુશનના હિમાયતીઓ જે પ્રમાણે હોવા જોઇએ તેમ પ્રજાકીય વિચારને ટેકો આપનારા હતા કે કેમ તે કોઇ કહી શકે એમ નથી. ઉલટું જે પ્રમાણે નિરંકુશ રાજાઓ અને શહનશાહો અન્ય પ્રજાને ચગદી નાંખવા તત્પર હતા, તે પ્રમાણે તેઓમાંના ઘણા તત્પર દેખાતા. તેમ છતાં ફ્રેન્ચ રેવોલ્યુશનની સાથે પ્રજાકીય વિચારોનો પ્રચાર થયો અને તેથી તેને તેનો ભાગ સમજવો જોઇએ.

કદાચ ફ્રેન્ચ રેવોલ્યુશનનો પ્રારંભ અને અંત ફ્રાન્સમાંજ આવત. પણ

જ્યારે તેણે ફ્રાન્સના રાજાની જિંદગી અને સ્વતંત્રતાપર તડાપ મારી ત્યારે પાડોશના રાજાઓ બીધા અને ટુંક સમયમાં તેને મદદ કરવા હથિયાર ઉપાડયાં, તેથી ફ્રેન્ચોએ પૂરબળથી તેમની સામે વિગ્રહ જાહેર કર્યો. તેમને નેપોલિઅન સરદાર તરીકે મળ્યો, પણ તે પાછળથી ધણી થઇ પડયો અને નેપોલિઅનના સામ્રાજ્યમાં પ્રજાસત્તાક અદશ્ય થયું. (શહનશાહનો ખિતાબ ધારણ કરવાનો ખાસ હક એને હતો નહિ, પરંતુ અસલી રોમન શહનશાહ અને ત્યારપછીના જર્મન શહનશાહનું અનુકરણ કરી તે ખિતાબ તેણે ધારણ કર્યો).

નેપોલિઅન સામે આ લડાઇમાં ભાગ લેવા બ્રિટન પાછું પડયું નહિ. રેવોલ્યુશનના વિચાર બ્રિટિશ સરકારને ગમ્યા નહિ, અને નેપોલિઅનની સત્તાનો ઉદય થતો ગયો તેમ તેમ તેમને માલમ પડયું કે તે બીજી બધી પ્રજાને તે કચડી નાખવા માગતો હતો. ફ્રાન્સની સરખામણીમાં બ્રિટન એક નાની પ્રજા હતી,* અને યુરોપખંડમાં મોટું લસ્કર ઇંગ્લંડ ઊતારી શકયું નહિ. એમ છતાં વેલિંગ્ટનની સરદારી નીચે બ્રિટિશ લશ્કરે સ્પેનની બહાર નેપોલિઅનના સેનાપતિને હાંકી કાઢયા. યુરોપની પ્રજાઓને મદદ કરવા બ્રિટનોએ પુષ્કળ દ્રવ્ય વાપર્યું, અને બ્રિટિશ અરમારે સમુદ્ર ઉપરથી ફ્રેન્ચોને હાંકી કાઢયા. બ્રિટિશ અને જર્મન લસ્કરોએ અંતમાં વૉટર્લુની લડાઇમાં વિજય મેળવ્યો (ઈ. સ. ૧૮૧૫).

ફ્રાન્સ અને ઇંગ્લંડ વચ્ચે સો વર્ષ સુલેહ રહી. આખા સૈકાસુધી મિત્રાચારી રહી નથી, કારણ કે એજિનકોર્ટ, બ્લેહિમ અને વૉટર્લુની હારો ફ્રેન્ચોના મનમાં ખટકયા કરતી હતી, અને એ સૈકાના છેલ્લા ભાગમાં ફ્રાન્સ અને ઇંગ્લંડને લડાઈ કરવાના નવા પ્રસંગો મળ્યા. ભૂમધ્ય સમુદ્રમાં પહેલા વર્ગની સત્તા થવાનો પ્રયત્ન ફ્રેન્ચો કર્યા કરતા હતા. જર્મનિ સાથે હારી ગયા પછી (ઇ.સ. ૧૮૭૦-૭૧) અને ફરીથી અસલ સ્થિતિમાં આવ્યા પછી તેઓ

* લંડનની હાલની વસ્તી કરતાં કંઇક વધારે ઇંગ્લંડની વસ્તી સન ૧૮૦૧માં હતી. તે ૮૦,૦૦,૦૦૦ માણસની હતી.

ભૂમધ્ય સમુદ્રના કાંઠા ઉપર પોતાની સત્તા ફેલાવવા લાગ્યા. **કૉન્સ્ટૅન્ટિનોપલ, સિરિઆ**, ઈજિપ્ટ, **ઍલ્જીઅર્સ**માં **ફ્રેન્ચો** રાજ્ય ચલાવતા હતા, **અથવાતો સત્તા** ભોગવતા હતા, અને એમ લાગતું હતું કે રખે **ભૂમધ્ય સમુદ્ર** એક **ફ્રેન્ચ** સરોવર થઇ જશે. આ યોજનાની સામે પહેલાં **બ્રિટિશ** લોકો થયા. **બ્રિટિશ** લોકોની મરજી વિરૂદ્ધ **ફ્રેન્ચ** લોકોએ **સ્વેઝ**ની નહેર તૈયાર કરી હતી (ઇ.સ. ૧૮૬૯)†, અને તેથી ત્યાં આ નહેર ઉપર કાબૂ રાખવાના હેતુથી **બ્રિટિશે** ઇજિપ્ટનો કબજો મેળવવાની તક સાધી. આથી બે દેશોવચ્ચે બહુ કડવાશ ઉત્પન્ન થઇ અને એક વખતે તો તેના પરિણામે લડાઇ જાગી.

તે અરસામાં, એમ છતાં બંનેને માલૂમ પડયું કે **જર્મનિ** તેમનું એક સામાન્ય અને બળવાન્ દુશ્મન થતું હતું. **ફ્રાન્સ**માં ગુમાવેલા પ્રાન્તોનો ઘા લોકો ભૂલી ગયા ન હતા. કૅાન્સ્ટૅાન્ટનોપલમાં વધેલી **જર્મનિ**ની સત્તાથી **સિરિઆ** સંબંધી સર્વ **ફ્રેન્ચ** આશાઓ લગભગ નાશ પામી હતી. ઇંગ્લંડને આપેલા **જર્મનિ**ના આવ્હાન સંબંધી ઉલ્લેખ બીજે ઠેકાણે કર્યો છે. આ વખતે **મહારાણી વિક્ટોરિઆ**નો સ્વર્ગવાસ થયો (ઇ.સ. ૧૯૦૧), અને એની સાથે **જર્મનિ** પ્રત્યે **અંગ્રેજો**ની સહાનુભૂતિ ચાલી ગઈ. **સપ્તમ ઍડ્વર્ડ ફ્રાન્સ**નો એક મિત્ર હતો, અને તેની પ્રશંસા કરતો હતો, અને એના રાજ્યમાં બંને દેશો વધારે ગાઢા સંબંધમાં આવ્યા. **બ્રિટિશો**એ ઇજિપ્ટનો કબજો લીધો, એ મોટી બાબતથી તેમનાં અંતઃકરણ જુદાં થયાં. **બ્રિટન** આ છોડે એમ હતું નહિ, અને **ફ્રેન્ચો** કબૂલ કરે એવી શરતો નક્કી કરવામાં આવી, અને બંને એવા નિર્ણયપર આવ્યા કે આ બાબત ફરીથી તકરાર કરવી નહિ. બે પ્રજા વચ્ચે બીજા કેટલાક તકરારી મુદ્દાપર ફેંસલા થઈ ગયા હતા; આથી ઇંગ્લંડ અને **ફ્રાન્સ** વચ્ચે **'આંટાંટ કૅાર્ડિઅલ'** (Entente Cordiale) એટલે સ્પષ્ટ સમજુતિ થઈ (ઇ.સ. ૧૯૦૪). સંધિથી કંઇક ઊતરતા પ્રકારનો, રાજકીય ચાતુર્ય માટે યોજાયલો આ શબ્દ છે, જેનો અર્થ કંઈક ઉદ્દેશ ધ્યાનમાં રાખી પરસ્પર સહાય કરવાની કબુલાત થાય છે. ઘણે ભાગે આ કબુલતનામાની શી શી શરતો છે,

---

†હિંદુસ્થાનનો રસ્તો ટુંકો થયો અને તે દેશમાં બીજી યુરોપની પ્રજાઓનો વચમાં પડવાનું સહેલું થયું તેથી બ્રિટિશોએ વાંધો લીધો.

તે દુનિયા હજી પુરેપુરી જાણતી નથી, પણ આટલું તો ચોક્કસ જ છે કે ફ્રાન્સ, ભૂમધ્ય સમુદ્રમાં, અને બ્રીટન, જર્મન સમુદ્રમાં, પોતાનાં વહાણોનો સંગ્રહ કરવા શક્તિવાન્ થયાં છે. તે પ્રદેશોમાં એક બીજાના લાભોનું રક્ષણ કરવા કેટલે દરજ્જે બંને દેશોએ માથે લીધું અને જો જર્મનિ હુમલો કરે તો એક બીજાને મદદ કરવી એવી સમજુત થઇ.

મારસાંયા.

જ્યારે પહેલવહેલો રેવોલ્યુશન ફાટી નીકળ્યો અને જર્મનિના રાજાઓએ ફ્રેન્ચ રાજાને લશ્કરી મદદ આપવાની બીક દેખાડી ત્યારે, 'મારસાંયા' લખાયું હતું. માર્સેલ્સ આગળ સૈનિકોએ આ પહેલું ગાયું હતું, તે ઉપરથી તેનું નામ આ પડયું હતું, ત્યારથીજ એ ફ્રાન્સનું રાજગીત ગણાય છે. નીચે તેનું ગુજરાતી ભાષાંતર આપેલું છે.

*પ્રખ્યાત થયા ઇતિહાસે, તે શૂરાના સંતાન !
સૌ કૂચ કરો મરવાને, કે લેવા જયનું માન,
રણભૂમિ પર, દુશ્મનની, આ જુઓ ધજા ફરકાય;
મૃત્યુ ભૂમિ તેઓની જે થઇ જાશે પલમાંય,
રણધીર ! તમે સુણો છો, ખણખણતાં એ હથિયાર ?
ને દારૂણ ભય સૂચવતી, કિકિયારી કાળી અપાર ?
આતુર, ખૂનરેજી કરવા, ધસતા ને પાસે ધાય;
સંતાનો આપણ કેરાં, સૌ અનાથ કરવા ચહાય.
તો, આપણ સૌ શૂરવીરો ! પકડી તાતી તલવાર,
દુશ્મનનાં લોહી રેડો ! કરવા નિજ ભૂમિ રસાળ. ૯
કાં ધસતી આવે પેલી, લોહીની તરસી ફોજ ?
આપણ દરિયા કિનારે, જ્યાં શાંતી રમતી રોજ.
આ હરિયાળા મેદાને, જે તેઓ ખેંચી જાય;
બેડી તે કોને માટે, તૈયાર કરી દેખાય ?

*આ દિવ્ય છંદમાં તેમજ અંગ્રેજી બૅલેડમાં ગાઇ શકાય છે.

રે ફ્રાન્સ તણા સત્પુત્રો,! આવે દુશ્મન આ પાસ;
દુર્ભાગ્ય આપણાં કરવાં, કરી બેડી આપણ કાજ.
સૌ ફ્રાન્સ તણાં સંતાનો, છે જન્મ થકીજ સ્વતન્ત્ર;
પ્રભુ અમ શિરપર શું આવે, આ બદનામીનું તન્ત્ર !
તો, આપણ સૌ શૂરવીરો ! પકડી તાતી તલવાર,
દુશ્મનનાં લોહી રેડો ! કરવા નિજ ભૂમિ રસાળ. ૨.

રણક્ષેત્રે દારૂણ-યુદ્ધે, જો, થાતાં ચંડ વિરોધ,
હથિયાર ધરી ઉભો રહે, તમ સામે શત્રુ યોધ;
ને ખુલ્લે ઊંચે સાદે, વિનવે "હું નામું શીષ,"
તો તેના પ્રાણ બચાવો, વીરા ! છોડી દઇ રીસ;
પણ પૂંઠે ધાઇ, પકડી, શિર કાપી લેજો અંત,
જો સામે ઊભો જુઓ, એવો કોઇ સામંતઃ—
જેણે રેંસી નિજ ભૂમિ, લક્ષ્મી લેવાને કાજ;
ને શીખ દીધી બીજાને એવાં કરવાને કાજ.
તો, આપણ સૌ શૂરવીરો ! પકડી તાતી તલવાર,
દુશ્મનનાં લોહી રેડો ! કરવા નિજ ભૂમિ રસાળ. ૩.

(બ). બેલ્જિઅમ.

જુલિઅસ સિઝરના સમયથી બેલ્જિઅમનું નામ જાણીતું થયું છે. તે બેલ્જિઅનોને ગૉલની એક જાત ગણે છે. રોમન લોકોએ તેમને ઇ. સ. પૂર્વે ૫૭ માં જીતી લીધા; અને તેથી તે પહેલાં રોમન સામ્રાજ્યનું અને પાછળથી શાર્લમેનના સામ્રાજ્યનું એક અંગ બન્યું (ઇ.સ. ૮૦૦). જ્યારે તેની પડતી થઇ ત્યારે તેઓ ફ્રાન્સના રાજાના હાથમાં ગયા નહિ, પણ જર્મનિના તાબામાં ગયા, અને આખરે ઑસ્ટ્રિઅન સામ્રાજ્યનો એક ભાગ બન્યા. નેપોલિઅને એ દેશ ઑસ્ટ્રિઆ પાસેથી લઇ ફ્રાન્સના રાજ્ય સાથે જોડી દીધો.

નેપોલિઅનના વિગ્રહ પછી (ઇ.સ. ૧૮૧૫) યુરોપનાં રાજ્યોએ ફ્રાન્સ અને જર્મનિ વચ્ચે એક નાનું રાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો, અને

તેઓએ હૉલંડ અને બેલ્જિઅમનું એક નાનું રાજ્ય બનાવ્યું. એમ છતાં એ બને પ્રજાઓ ભાષા, ધર્મ અને પોતાના સ્વાર્થમાં એટલી બધી જુદી પડતી હતી કે તેઓ એકત્ર રહી શકી નહિ, અને આખરે બેલ્જિઅમ સ્વતંત્ર થઇ ગયું. (ઇ.સ. ૧૮૩૦). તેઓની સ્વતંત્રતા બધાં રાજ્યોએ કબૂલ કરી, અને એ દેશ તટસ્થ રહેવો જોઇએ, એવા નિર્ણય ઉપર આવ્યા (ઇ.સ. ૧૮૩૯). આ ગોઠવણ માત્ર બેલ્જિઅમને લાભપ્રદ હતી એટલુંજ નહિ પણ, ઈંગ્લંડ, ફ્રાન્સ અને જર્મનિને પણ હતી. ઘણાં વર્ષો સુધી બેલ્જિઅમના કબજા વાસ્તે ફ્રાન્સ અને જર્મનિ વચ્ચે તકરાર ચાલી. જો બધાં રાજ્યો એ રાજ્ય ઉપરથી પોતાની બુરી નેમ કાઢી નાખે તો યુરોપમાં વિગ્રહનું કારણ નષ્ટ થાય; તે વખતે ઇંગ્લંડને આ દેશમાં કાંઇ હિત હતું નહિ, પરંતુ હાલ પોતાના કિનારાની બરાબર સામેના કિનારાનો જર્મનિ કબજો કરે નહિ, તેમાંજ એનું હિત સમાયલું છે.

લડાઇ પહેલાં આખી દુનિયામાં સૌથી ઘીચ વસ્તીવાળો દેશ બેલ્જીઅમ હતો, અને ત્યાં ઊન, લોખંડ અને કાચનાં મોટાં કારખાનાં હતા. લડાઇને લીધે તાત્કાળિક દુઃખ અને જોખમમાં આવી પડે એવો બીજો કોઇ દેશ ન હતો; બેલ્જીઅમમાં વળી ઘણાં ભવ્ય મકાનો હતાં. ઈપરના દીવાનખાનાં અને મિનારા જેવાં કેટલાંક મકાનો મધ્ય યુગના ઉત્તમ બાંધકામના નમુના રૂપે હતાં, તેમનો નાશ થયો છે. કેટલાંકનો પુનરૂદ્ધાર થશે, પણ નાશ પામેલાં શહેરોને ફરીથી બાંધવાને અને બેલ્જિઅમના ઉદ્યોગોને પુનઃ સ્થાપવાને એક આખા જમાનાની મહેનત પણ પૂરતી થશે નહિ.

(क). ઈટલિ.

લોહીમાં જરાએ મિશ્રિત ન થઇ હોય એવી તો કોઇપણ પ્રજા દુનિયામાં નથી. પરંતુ યુરોપમાં જર્મનો સૌથી ઓછા મિશ્રિત છે; તેનાથી ઉલટુ ઈટલિના લોકો તો ચોક્કસ સૌથી વધુ મિશ્રિત છે. ઇટલિમાં ઇતિહાસ શરૂ થાય છે, તે પહેલાં તે એક ભવ્ય સંસ્કૃતિનું સ્થાન હતું. ઇતિહાસના પ્રારંભ કાળમાં માલૂમ પડે છે કે તેની ઉત્તરે ગૅાલ, મધ્યમાં લૅટિન અને દક્ષિણમાં

ગ્રીક લોકો વસતા હતા. આ બધી જુદી પ્રજાઓ વચ્ચે રોમ શહેરની ઉત્પત્તિ થઇ (ઇ.સ. પૂર્વે ૭૫૩થી). પહેલેથીજ તેમાં અજાણ્યા વિદેશી લોકો વસતા હતા. રોમન ચારિત્ર્યનો ઉદય આ પ્રજાઓમાંથી થયો, જેનાથી રોમન સામ્રાજ્ય સ્થપાયું.

આ ચારિત્ર્યના બે કે ત્રણ ગુણો ઉપર આપણે વિવેચન કરીશું. રોમન લોકો ઘણાજ વ્યવહાર કુશળ હતા. તેઓને કામ ગમતું હતું અને કોઇ પણ સદ્‌ગૃહસ્થ; ખેડુત કે વ્યાપારી થાય તો, તેમાં કાંઇ ખોટું છે, એમ તેઓ માનતા નહિ. જે જે ચીજથી ધંધો, સુખ કે આરોગ્ય પ્રાપ્ત થાય, તે દરેક ચીજને તેઓ કીમતી ગણતા. તેઓએ રસ્તા, ગટરો અને પાણીનાં બાંધકામ કર્યાં છે, જે આજે બે હજાર વર્ષ પછી પણ સારી સ્થિતિમાં છે. તેઓએ કાયદા ઉપર પહેલું ધ્યાન દોડાવ્યું અને આગળ જતાં તેઓ કાયદાની વ્યવસ્થાને પૂર્ણ કરતા ગયા. તેઓ દૃઢ હિંમતવાળા હતા, અને હજાર વર્ષ સુધી (ઇ.સ. પૂર્વે ૭૫૫ થી આસરે ઇ.સ. ૪૦૦ સુધી) દુશ્મન ઉપર છેલ્લે જીત મેળવ્યા વિના લડાઇ તેમણે ભાગ્યેજ પૂરી કરી છે. તેમને ઘણા દુશ્મન થતા, પણ તેમાંના ઘણા આખરે હારી જતા અને હથિયાર હેઠે મૂકી તેઓ રોમન સામ્રાજ્યના શહેરીઓ બનતા.

આ 'empire' (સામ્રાજ્ય) શબ્દ પ્રથમ રોમન લોકોએ યોજ્યો હતો, અને તેનો અર્થ માત્ર 'રાજ્ય' થતો હતો. આજે જે રાજ્યમાં ઘણાં જુદાં જુદાં સંસ્થાનો હોય, અને જુદી જુદી પ્રજા વસતી હોય તેને માટે ખાસ કરીને આ શબ્દ આપણે વાપરીએ છીએ. રહાઇન અને ડૅન્યુબની દક્ષિણે અને યુફ્રેટીસની પશ્ચિમે દરેક ઠેકાણે રોમન સામ્રાજ્ય ફેલાયું. આ પ્રદેશના લોકોએ પોતાના વિચાર અને કાયદાઓ રોમ પાસેથી ગ્રહણ કર્યા, અને પશ્ચિમ ભાગમાં તો રોમની ભાષા પણ દાખલ થઇ. ગૉલ, સ્પેન અને ઈટલિમાં એક જાતની લૅટિન ભાષા ચાલતી હતી.

પૂર્વમાં મુખ્ય ભાષા ગ્રીક હતી અને રોમન સામ્રાજ્યનો આ ભાગ જુદો પડ્યો, અને તેનો રાજા કૉન્સ્ટૅન્ટિનોપલમાં રહેવા લાગ્યો. (તે ઇ.સ.

૩૩૦માં સ્થપાયું). જર્મન જાતોના એક પછી એક હુમલાથી અસલના રોમન સામ્રાજ્યના કકડે કકડા થયા અને આખરે અંત આવ્યો. આ નાશકારક જમાનો તે યુરોપનો અજ્ઞાન યુગ કહેવાય છે, ને ઈટલિમાં તે ઘણાં વર્ષ સુધી ચાલુ રહ્યો (ઈ.સ. ૪૦૦ થી ઇ.સ. ૮૦૦). આ સૈકા દર્મિયાન ઇટલિ ઓછું વત્તું જર્મન રાજાઓના તાબામાં અને ખાસ કરીને ઑસ્ટ્રિઆના રાજાના તાબામાં હતું, પરંતુ કેટલાંક એવાં જબરાં શહેર હતાં કે જેઓ કોઇને પણ તાબે થયાં નહિ, અને તેથી ઈટલિને યુરોપમાં એક અગત્યનું સ્થાન મળ્યું. આમાંનાં મુખ્ય શહેર જિનોઆ અને વેનિસ હતાં, જેના કિલ્લા અને કારખાનાં ભૂમધ્ય સમુદ્રના આખા કાંઠાપર હતાં, અને યુરોપમાં ઘણોજ લાભદાયક વ્યાપાર ચલાવતા હતા. વેનિસ ઑસ્ટ્રિઆને જરાએ નમ્યું નહિ; માત્ર નેપોલિઅનેજ તેની સ્વતંત્રતા છીનવી લીધી (ઈ સ. ૧૭૯૭).

આ સઘળો વખત ઈટલિ શા વાસ્તે સંયુક્ત અને સ્વતંત્ર દેશ હોવો જોઇએ, તેનાં કારણ સંબંધી કાંઇપણ વિચાર કોઇને આવ્યો નહિ. પણ ફ્રેન્ચ રેવોલ્યુશન સાથે પ્રજાકીય વિચાર દાખલ થયો અને ઈટૅલિઅનો તે પોતાને માટે વાપરવા લાગ્યા. આખા ઓગણીસમા સૈકામાં તેઓ ઘણીજ ધીમી રીતે અને ઘણી મુશ્કેલીથી સ્વતંત્રતા મેળવવામાં આગળ વધ્યા. તેઓને પહેલાં પોતાનો સરદાર શોધવાની જરૂર પડી; અને આખરે પિડમંટના રાજાને તેઓએ સરદાર તરીકે શોધી કાઢ્યો. પણ ઑસ્ટ્રિઆની સાથે લડવાને તે પૂરતો જોરાવર ન હતો, અને જ્યારે ફ્રાન્સ તેની મદદે દોડી આવ્યું ત્યારેજ (ઈ.સ. ૧૮૫૯) ઑસ્ટ્રિઆની સત્તા ઉથલાવી પાડવા ઈટલિ શક્તિવાન્ થયું. આ પછી રોમ ફરીથી એકવાર ઈટૅલિની રાજધાની બન્યું (ઈ.સ.૧૮૭૦.)

ત્યાર પછી ઈટલિએ આગળ વધવા પ્રયત્ન કર્યો અને ધીમે ધીમે તેનો ઉદય થયો; પરંતુ તે હમેશ નિર્બળ રહ્યું અને યુરોપમાંનું કયું રાજ્ય પોતાનું મિત્ર છે, તે બાબત તેને હમેશ શંકા રહેતી. ઑસ્ટ્રિઆની સામે ફ્રેન્ચોએ જ્યારે તેને મદદ કરી ત્યારે, તેઓએ પોતાની મદદના બદલામાં ઈટલિના પશ્ચિમ ભાગનો એક ટુકડો લઇ લીધો; આ અને બીજાં કારણોને લીધે ઈટૅલિઅનો ફ્રાન્સના બહુ આભાર તળે હતા નહિ. આફ્રિકામાં ફ્રેન્ચો આગળ

વધતા હતા, તેથી તેમની ઇર્ષ્યા ઇટૅલિઅનોને થઇ. ટ્રીએસ્ટમાં ઇટૅલિઅન ભાષા બોલાય છે, પણ પોતાના દેશ ઉપર ઑસ્ટ્રિઆ રાજ્ય કરતું હતું, તેથી તેઓની અસલની વેરબુદ્ધિ ચાલુ રહી, પણ ઑસ્ટ્રિઆ અને જર્મનિ સાથે સંધિ કરતાં તે અટક્યું નહિ; તે સંધિનું નામ ત્રિપુટ સંધિ (triple alliance) પડ્યું. મધ્ય યુરોપની સ્થિતિ કાયમ રાખવાનો સામાન્ય હેતુ આ સંધિનો હતો, અને ઇટલિ સંબંધમાં તેનો મુખ્ય હેતુ ફ્રાન્સની સામે પોતાનું રક્ષણ કરવાનો હતો.

લડાઇ શરૂ થઇ તે વખતથી આ સ્થિતિમાં ફેરફાર થયો. ઍલ્બેનિઆમાં એક જર્મન રાજા રાજ્ય કરતો હતો, તે ઇટલિને માલમ હતું; એ તો ખરૂં હતું કે જો જર્મનો વિજયી થાય તો આખા ઍડ્રિઍટિક સમુદ્રનો પૂર્વ કિનારો જર્મનિના તાબામાં જાય. ટ્રીએસ્ટ પણ હમેશને માટે જાય. જો કે ઇટલિ એક ગરીબ દેશ હતો અને લડાઇનો બોજો ખમવાને પૂરતું તૈયાર તે નહતું, તોપણ લડાઇમાં સામેલ થવાનો લોકોનો મત મજબૂત હતો. ઑસ્ટ્રિઅનોએ કેટલી છૂટ મૂકી, પણ તેમનો વિશ્વાસ કરવો એ ઇટલિને ઠીક લાગ્યું નહિ. કેટલાક મહીના સુધી ભાંજઘડ કર્યા પછી તે મિત્ર રાજ્યો સાથે જોડાઈ ગયું.

પ્રકરણ ૩ જું.

યુરોપનો પૂર્વ ભાગ.

(અ). રશિઆ.

યુરોપમાં આખા રશિઆ અને પોલંડમાં, સર્વિઆ અને બલ્ગેરિઆમાં, બોહિમિયા અને ઑસ્ટ્રિઆમાં, અને હુંગરિના રાજ્યના કેટલાંક નાનાં રાજ્યોમાં સ્લાવ લોકોની ભાષા પ્રચલિત છે. યુરોપના પશ્ચિમ ભાગમાં જે આર્ય ભાષાઓનો સમુદાય ચાલે છે, તેજ સમુદાયને લગતી આ ભાષા છે. પણ જે લોકો આ ભાષા બોલે છે, તેઓ ચારિત્ર્યમાં બીજા યુરોપિઅનો કરતાં જુદા પડે છે, અને ખરેખર, માંહોમાંહે પણ તેઓ એક બીજાથી ઘણા જુદા પડે છે.

આમાંની સૌથી મોટી પ્રજા **રશિઅન** છે. તેનો પ્રાચીન ઇતિહાસ આપણને ઘણોજ થોડો જાણીતો છે; જે **સિથિઅન** લોકોને **ગ્રીક** અને **રોમન** લોકો **કાળા સમુદ્રની** પેલી બાજુના મેદાનોમાં રહેનાર તરીકે જાણતા હતા, તેમાંથી હાલના **રશિઅન** ઊતરી આવ્યા છે કે કેમ, તે આપણે કહી શકતા નથી. **રશિઆના** જે લોકો પહેલાં જાણીતા થયા તેઓ **નૉર્થમેન** તરીકે ઓળખાય છે; તેઓ અસલ **સ્કૅન્ડિનેવિઆમાં** રહેતા, અને તેમણે પછીથી **ઇંગ્લંડ** અને **ફ્રાન્સનો** ઉત્તર ભાગ જીતી લીધાં. **રશિઆમાં** તેઓ હુમલો કરી આવ્યા (આસરે ઇ.સ. ૧૦૦૦), પણ તેઓ દેશમાં રહ્યા અને **ખ્રિસ્તિ** થઇ ગયા. તેઓએ **કાન્સ્ટૅન્ટિનોપલ** તરફથી **ખ્રિસ્તિ** ધર્મનો અંગીકાર કર્યો. આ પ્રમાણે તેઓ **ખ્રિસ્તિ** ધર્મની **ગ્રીક** શાખાને માનવા લાગ્યા, અને **પોપની** સર્વોપરિ સત્તાનો તેમણે સ્વીકાર કર્યો નહિ. તેમના રાજ્યમાં **રશિઆ** સુધારામાં આગળ વધવા માંડયું અને **કીવ** તેમનું મુખ્ય શહેર બન્યું.

દુર્ભાગ્યે **મધ્ય એશિઆમાંથી મોંગોલિઅન** લોકોએ એનાપર હુમલા કર્યા (ઇ.સ. ૧૨૦૦). તેઓએ નિર્દયતા વાપરી દેશને ઉજાડ કર્યો, અને તેનાં ઉછરતાં શહેરોનો નાશ કર્યો. બધા **સ્લાવના** દેશો આ હુમલાથી હેરાન થયા. પહેલવહેલાં **પોલંડે** પોતાની અસલની સ્થિતિ પ્રાપ્ત કરી, પણ આખરે **મોંગોલિઅનની** સત્તા **મૉસ્કોએ** તોડી પાડી (ઈ.સ. ૧૪૮૦), અને આ વખત પછી **રશિઆ** ધીમે ધીમે ચઢતું ગયું. એનો પહેલો મહાન્ રાજા **ભયંકર ઇવાન** હતો (ઈ.સ. ૧૫૩૩–ઇ.સ. ૧૫૮૪). **તુર્કસ્તાનનો સુલેમાન, પાંચમો ચાર્લ્સ,** અને **એલિઝાબેથ** જેવા જે સમયમાં **પશ્ચિમ યુરોપમાં** મહાન્ રાજ્યકર્તાઓ થઇ ગયા, તેજ સમયે તે થઇ ગયો; પણ તેને **પશ્ચિમ** સાથે બહુ સંબંધ હતો નહિ. તેના પછી ઘણાં વર્ષ સુધી **રશિઆ** અંધકારમાં રહ્યું. તેમાં પોતાની જાતો વચ્ચે અને અમીરો વચ્ચે ઘણી સખ્ત લડાઇઓ થઇ; પણ **મહાન્ પિટરના** વખતમાંજ એક સંયુક્ત દેશ તે બન્યો (ઇ.સ. ૧૬૮૯–ઇ.સ. ૧૭૨૫).

પિટરે તેના રાજ્યબંધારણની વ્યવસ્થા એવી કરી કે જેથી **રશિઆનો ઝાર** નિરંકુશ રીતે પોતાની સત્તા નાના અને મોટા અમલદારો મારફત ચલાવતો હતો. તેણે દેશને ગાઢ નિદ્રામાંથી જાગૃત કર્યો, ખેતીવાડી સુધારી, કારખાનાં

શરૂ કર્યાં અને નિશાળો સ્થાપી. તેણે નેવા નદી ઉપર નવી રાજધાની તરીકે પિટર્સબર્ગ* બાંધ્યું, કે જ્યાંથી પોતાનાં વહાણો પરદેશ રશિઆ મોકલી શકે, અને જ્યાં પરદેશના વ્યાપારીઓ આવી રશિઅન પ્રજામાં ભળી શકે. તે સ્વદેશાભિમાની હોવાથી સમજ્યો કે યુરોપના બીજા દેશોની સરખામણીમાં રશિઆ સુધર્યું નથી, અને તેથી તેના જીવનમાં વિદ્યા અને શિષ્ટતા દાખલ કરવાની તેની ઇચ્છા થઇ. વળી તે બહાદુર લડવૈયો હતો. એણે સ્વીડન અને પોલંડ કચડી નાખ્યાં, કારણ કે તેઓ હજુ સુધી રશિઆના મુખ્ય દુશ્મન હતાં, અને જે મોંગોલ લોકો દક્ષિણ પ્રાંતોમાં અને ક્રિમિઆમાં હજુ સુધી વસતા હતા, તેમના ઉપર રાજ્યસત્તાનો પ્રસાર કરી તે દૃઢ એણે બેસાડી.

એના મૃત્યુ પછી તેના વંશજોએ પ્રશિઆ અને ઑસ્ટ્રિઆ સાથે પોલંડના ભાગ વહેંચી પોલંડનો છેવટનો અંત આણ્યો (ઇ સ. ૧૭૭૨, ૧૫૯૩ અને ૧૭૯૫). આથી રશિયા યુરોપની રાજ્યનીતિમાં દાખલ થયું અને અંતે તેને નેપોલિઅન સાથે વિગ્રહમાં ખેંચાવું પડ્યું. નેપોલિઅનનો ઉદ્ધત હુમલો, રશિઆએ આપેલું મૉસ્કોનું બલિદાન, અને નેપોલિઅનનો નાશ, એ સંબંધી ઇતિહાસ દુનિયા સારી રીતે જાણે છે. રશિઆની સત્તા તેટલાજ જોરવાળી રહી, અને કેટલાંક વર્ષો સુધી તે તુર્કસ્તાન અને ઇરાન સામે ધીમેધીમે આગળ વધ્યું. તેણે કૉકેસસ પર્વત ઓળંગ્યો, અને તુર્કસ્તાનનો પૂરેપૂરો નાશ થવાનો સંભવ જણાયો એટલામાં ઇંગ્લંડે અને ફ્રાન્સે ક્રિમિઆના વિગ્રહમાં રશિયાની સામે હથિયાર ઊંચક્યાં. (ઇ. સ. ૧૮૫૪).

આ પછી યુરોપની અંદર રશિઆને આગળ વધતું અટકાવવામાં આવ્યું, અને તેથી તેણે દેશની સમગ્ર શક્તિ મધ્ય એશિઆ તરફ વાળી. વર્ષોવર્ષ મધ્ય એશિઆના ખાનોને ઉથલાવી પાડવામાં આવ્યા, અને સમરકંદ અને બોખારા રશિઅન નગરો બન્યાં. તેજ વખતે સાઇબીરિઆનો હક કરી

*આ નામ મૂળે જર્મન છે, અને તેનો અર્થ ' પિટરનું શહેર ' થાય છે. સેંટ એ ભૂલ છે, અને યુરોપના પશ્ચિમ ભાગે સેંટ પિટરના નામ સાથે પિટરનું નામ ભેળવીને આ ભૂલ કરી છે. લડાઈ પછી રશિઅન સરકારે એનું નામ બદલી પેટ્રોગ્રૅડ રાખ્યું છે, અને તે ખરૂં રશિઅન નામ છે.

કબજો કરવામાં આવ્યો. રશિઅનો સૈકાઓ પહેલાં યુરલ પર્વત ઓળંગી ગયા હતા (ઇ. સ. ૧૬૦૦); પણ ઓગણીસમા સૈકામાંજ તેઓએ સંસ્થાનો સ્થાપ્યાં અને સાઇબીરિઆમાં મોટાં શહેરો અસ્તિત્વમાં આવ્યાં.

જો આપણે પૂછીએ કે રશિઆને શું જોઇતું હતું, તો જવાબ એટલોજ કે તેને જમીન જોઈતી નહતી, પણ દરિયા ઉપર બંદરો જોઇતાં હતાં. વર્ષનો મોટો ભાગ ઉત્તર મહાસાગર બરફથી ઢંકાયલો રહે છે. ઉત્તર સમુદ્ર અને કાળો સમુદ્ર, એ બંને સાંકડી સામુદ્રધુનીથી બહારના સમુદ્ર સાથે જોડાયલા છે, અને તે સામુદ્રધુની બીજી સત્તાઓના કબજામાં છે, તેથી રશિઆની ઇચ્છા ભૂમધ્ય સમુદ્ર ઉપર, ઈરાનના અખાતમાં અથવા પીળા સમુદ્રમાં કંઈ બંદર મેળવવાની હતી. આ ઇચ્છાને લીધે તેને તુર્કસ્તાન, બ્રિટન અને આખરે જાપાન જેવાં કેટલાંક રાજ્યો સાથે, દુશ્મનાવટ થઇ. કૉન્સ્ટૅન્ટિનોપલ અને ઈરાન સામે બધી યુક્તિઓ છોડી દઇને જ્યારે રશિઆએ પોર્ટ આર્થર અને ડૅલ્નિ સ્થાપ્ન કર્યાં ત્યારે તેને માલમ પડયું કે નવો દુશ્મન પોતાની સામે ઊભો થયો છે. આ દુશ્મનની બહાદુરી અને પોતાના બળનાં મૂળ મથકોથી આટલે બધે દૂર લડવાની મુશ્કેલી, એ બે કારણોને લીધે તેની હાર થઈ અને ફરીથી તેનો અસંતોષ કાયમ રહ્યો (ઈ.સ. ૧૯૦૫).

સ્વાભાવિક રીતે, એશિઆમાં રશિઆનો વધારો થવાથી બ્રિટનને અદેખાઈ આવી, અને ઓગણીસમા સૈકાને છેડે ઘણાં વરસો સુધી આ બે દેશ વચ્ચે લડાઇ અનિવાર્ય થઈ પડી. પણ જર્મનિનો એકાએક ઉદય અને તેની લોભી મતલબ, એ લડાઈ અટકાવનાર એક બનાવ હતો. જર્મનોની આશા નજદીકના પૂર્વના સામ્રાજ્ય ઉપર હતી, એ તો સ્પષ્ટ છે. આને લીધે એશિઆ માઇનૉરમાં જર્મનિ સાથે રશિઆને યુદ્ધ થશે, એમ લાગતું હતું; અને બીજા પણ એવા બનાવો બન્યા કે જેથી યુરોપમાં પણ લડાઈ થશે, એવો ભય રહેતો હતો.

સ્લૅવોનિક પ્રજાના નસીબ જોગે એવું બન્યું છે કે તેઓની લડાઇમાં ઘણીવાર હાર થઇ છે. એટલે બધે દરજ્જે આમ બન્યું છે કે સ્લાવ

શબ્દજ કેદી કે ગુલામને માટે વપરાયો છે અને હાલ પણ ઘણી સ્લાવ પ્રજાઓ બીજી સત્તાઓના તાબામાં છે. અલબત્ત ખાસ કરીને, પોલ લોકોની સ્થિતિ એવી છે. ઑસ્ટ્રિઆના તાબામાં સ્લાવ જાતો છે, અને સર્વિઆ, બલ્ગેરિઆ અને રૂમૅનિઆ થોડો વખત થયાં તુર્કસ્તાનની સત્તામાંથી મુક્ત થયાં છે. જબરી સહાનુભૂતિની ગાંઠથી રશિઅનો તેમની સાથે જોડાયલા છે, અને તેઓ ભયની નજરથી જોતા આવ્યા છે કે, જર્મનો તેમાના કેટલાંકને પોતાની સત્તા તળે લાવવાનો ભય દેખાડે છે. ઉદાહરણ તરીકે, સર્વિઅનો, ઑસ્ટ્રિઆ અને ઇજિઅન સમુદ્ર વચ્ચે આવેલા છે, અને એતો ચોક્કસ છે કે, જર્મનિ અને ઑસ્ટ્રિઆને તેમના પ્રદેશ કબજે કરવાનો લોભ હતો.

હાલ રશિઆ એક મોટો દેશ છે, અને તેની વસ્તી ઘણીજ મોટી છે, પણ તે ગરીબ છે; બધી વિદ્યામાં પાછળ છે, અને લશ્કરની બાબતમાં જર્મનિ સાથે ટક્કર ઝીલી શકે એમ નથી. થોડાં વરસ પહેલાં રશિઅન સરકારને સ્પષ્ટ થયું કે જર્મનિ સામે તે એકલું ઊભું રહી શકશે નહિ. તે ફ્રાન્સનું મિત્ર રાજ્ય તો હતુંજ, પણ બ્રિટન સાથે વધુ મિત્રાચારી કરવામાં એનો સ્વાર્થ સમાયલો હતો, કારણ કે બ્રિટન પણ જર્મનોના આગળ વધવાથી ભયમાં આવી પડયું હતું. એશિઆમાં પોતાના સ્વાર્થ બાબત રશિઆ અને બ્રિટન બંને સમજી જાય એમ હતું, એમ જલદીથી માલમ પડયું (ઇ. સ. ૧૯૦૭). સાઇબીરિઆ ઉપર બ્રિટનનો ડોળો ન હતો, અને પોતાની સમગ્ર શક્તિ ત્યાં વાપરવાનો રશિઆને પૂરતો આવકાશ હતો. ઈરાન સંબંધી કંઇ સમજૂતિ કરવાની આવશ્યકતા હતી, અને તે કરવામાં આવી તે એ હતી કે ઈરાનની રાજ્યસત્તા સ્વતંત્ર રાખવી, પણ વ્યાપારની બાબતમાં ઉત્તરનો તેનો અડધો ભાગ રશિઆની સત્તા તળે રહે અને દક્ષિણનો અડધો ભાગ બ્રિટનના હાથમાં રહે.

આ પ્રમાણે આપણે લડાઇના સમય સુધી આવી પહોંચ્યા છીએ, જેમાં સર્વિઆ ઉપર કરેલા ઑસ્ટ્રિઆના હુમલાને લીધે રશિઆને ઊતરવું પડયું. જો તે શાંત બેસી રહે અને સર્વિઆનો નાશ થતો જોયા કરે, તો સ્લાવ પ્રજાનું રક્ષણ કરવાને તે અશક્ત છે, એમ તે કબૂલ કરે છે, એવું સાબિત થાય.

પ્રજાએ સ્વાભિમાનને લીધે આમ થવા દેવાની ના પાડી અને રાજા રૈયત જર્મન સામ્રાજ્ય સામે એકત્ર થયા.

(ઘ) પોલંડ.

પોલ લોકો જુદીજ જાતના છે, અને જરા વધારે ડહાપણ સાથે વધારે મોટો ભાગ દુનિયામાં તેમણે ભજવ્યો હોત તોપણ યુરોપના સામાન્ય ઇતિહાસમાં **પોલંડનો** ઇતિહાસ બહુ અગત્યનો તેમજ રસમય થાત નહિ. મધ્ય યુગ સુધી તેમને વિષે આપણે બહુ જાણતા નથી, અને ત્યાર પછી **પોલંડનું** રાજ્ય ધીમે ધીમે ઘણાં મોટાં અને આબાદ શહેરો સાથે **પ્રશિઆ** અને **રશિઆ** વચ્ચે સ્થપાયું. તેમનાં મુખ્ય શહેર, ડૅન્ટઝિગ, વૉર્સો અને ક્રૅકે છે. તે હાલ અનુક્રમે **પ્રશિઆ**, **રશિઆ** અને **ઑસ્ટ્રિઆના** તાબામાં છે. જે વખતે ઇંગ્લંડમાં **આઠમો હેન્રિ** રાજ્ય કરતો હતો, તે વખતે રશિઆના ઉદય પહેલાં **પોલંડ** સૌથી સારી સ્થિતિમાં હતું.

જ્યારે **રશિઆ** બળવાન્ ઝારની સર્વોપરિસત્તા નીચે હતું, ત્યારે તોફાની અમીર ઉમરાવથી **પોલંડના** કકડે કકડા થઇ ગયા હતા. પોતાનું રક્ષણ તે કરી શકયું નહિ, અને આખરે પાસેનાં બળવાન્ રાજ્યો વચ્ચે તેના ભાગ વહેંચાઇ ગયા (ઈ. સ. ૧૭૯૫). તેના દેશનો સૌથી મોટો ભાગ **રશિઆને** મળ્યો.

રશિઆ અને **પ્રશિઆ** બંનેને **પોલંડની** પ્રજા સંબંધમાં એક ગંભીર પ્રશ્ન ઊભો થયો. તેમણે તે પ્રજાને **રશિઅન** અને **પ્રશિઅન** બનાવવાને પ્રયત્ન કર્યો છે. પરંતુ ઘણાજ ભેદ હોવાને લીધે, તેઓ પોતાના રાજયકર્તાઓથી જુદા પડે છે. **પોલંડની** ભાષા **જર્મન** કે **રશિઅન** ન હતી; **પોલંડનો** ધર્મ **પ્રોટેસ્ટન્ટ** કે **ગ્રીક** ન હતો, પણ **રોમન** કૅથોલિક હતો. આખા ઓગણીસમા સૈકા દર્મિયાન, રાજયકર્તા વિરૂદ્ધ તેમણે ચળવળ કરવા માંડી, પણ તે ઘણી સખ્તાઇથી તોડી પાડવામાં આવી. હાલના યુદ્ધમાં એકે પક્ષ લેવાનું તેમને કાંઇ ખાસ કારણ નથી, અને બંને પક્ષ તરફ **પોલ** લડતા દેખાય છે. કેટલાંક વરસ થયાં સ્વતંત્ર અને લોકપ્રિય રાજ્યસત્તા બનાવવા ધીમી હિલચાલ થઇ છે; તેમાં **પોલંડને** કાંઇ હક મળવાનો સંભવ છે. **રશિઆના ઝારે** જાહેર

કર્યું છે કે આ લડાઇમાં ફત્તેહ મળશે તો હાલના પ્રશિઆ અને ઑસ્ટ્રિઆના પોલંડના ભાગ સાથે આખા પોલંડને સ્વરાજ્યની બક્ષિશ કરવામાં આવશે.

(ક) તુર્કસ્તાન.

તુર્કલોક ખરેખર કોણ છે, એ સંબંધી તુર્કસ્તાનનો પ્રવાસી ગુંચવાયા વિના રહેશે નહિ. દેખાવમાં તેઓ બીજા યુરોપિઅન લોકોના જેવા છે, અને તેઓના લાલચોળ ચહેરા અને શિકલ, એશિઆના લોકો કરતાં યુરોપના લોકોને બહુ મળતાં આવે છે. છેલ્લા કેટલા સૈકામાં આ લોકોએ પોતાના ચહેરાના દેખાવમાં કેટલા ફેરફાર કર્યા છે, એ બનવા જોગ છે, પણ પહેલાના તુર્કો પોતાના વંશજોને તદ્દન મળતા હતા, એ વધુ બનવા જોગ છે. ઘણું કરીને તુર્ક લોકો મૅગ્યરના પિત્રાઇઓ હતા, પણ મૅગ્યર લોકો ખ્રિસ્તિ થયા, અને તુર્કો યુરોપમાં દાખલ થયા તે પહેલાં મુસલમાન થઈ ગયા.

ઑટોમન અથવા ઑસ્મનલિ તુર્કો પ્રથમ આમુ દરિયા અથવા ઑકસસ નદીના કિનારા પરથી આવ્યા, અને ધીમે ધીમે એશિઆ માઇનૉર તેમણે જીતી લીધું. પછીથી તેઓએ બૉસ્ફરસની સામુદ્રધુની ઓળંગી કૉન્સ્ટૅન્ટિનોપલ અથવા બાઇઝેન્શિઅમ (ઇ.સ. ૧૪૫૫) લીધું, અને ડેન્યુબની દક્ષિણે આખા દ્વિપકલ્પમાં તેઓ ઝપાટાબંધ પ્રસરી ગયા. એઓનો મહાન્ રાજા સુલેમાન (ઇ.સ. ૧૫૨૦–ઇ. સ. ૧૫૬૬) હતો, તેણે હંગેરિઅન લોકોને દાબી દીધા, અને વિએના લેતાં લેતાં તે રહી ગયો. તેના સમયમાં તુર્ક લોકોની સામે જમીન કે દરિયા ઉપર થવાય એમ હતું નહિ, અને આખા નજદીકના પૂર્વ પ્રદેશ ઉપર તેની સત્તા ચાલતી હતી. પછીના જમાનાના ઇતિહાસમાં, ધીમી પણ ચાલુ, તેમની પડતી માલમ પડે છે. એ જમાનામાં ખુનખાર લડાઈઓ અને તુર્કોની ઘણી જીતો થઇ હતી; તોપણ એનાથી તુર્કસ્તાનની સત્તા દૃઢ થઇ નહિ. તેના મુખ્ય દુશ્મન, પહેલાં ઑસ્ટ્રિઆ અને પછીથી રશિઆ, થયા. રાજ્યનો ભાગ, ગ્રીસ, પહેલાં તેમણે ખોયો, અને તુર્કસ્તાનનું સામ્રાજ્ય પડી ભાંગશે એમ જણાયું, પણ એટલામાં કંઇક કારણથી તે પડી ભાંગતાં બચી ગયું. ઓગણીસમા સૈકાના મધ્ય ભાગમાં ફ્રાન્સ અને ઈંગ્લંડ રશિઅન સત્તાની વૃદ્ધિથી ભયભીત થઈને તુર્કસ્તાનની મદદે દોડયાં (ઇ.સ.

૧૮૫૪), અને જે પ્રમાણે મહાન્ પિટરની સત્તા નીચે રશિઆ એક આધુનિક પ્રજા બની, તેમ તુર્કસ્તાનને પણ બનવાની તક મળી. આ તકનો એણે લાભ લીધો નહિ, અને એના રાજ્યમાં સ્લાવનાં સંસ્થાનો અધિક ને અધિક અસંતુષ્ટ થતાં ગયાં. રશિઆ તેમની મદદે ગયું (ઇ.સ. ૧૮૭૭), અને અંતે સર્વિઆ બલ્ગેરિઆ અને રૂમૅનિયા સ્વતંત્ર સત્તાઓ થઈ.

આ અરસામાં સુલતાનનું નિરંકુશ રાજ્ય કંઇપણ ફેરફાર વિના એમને એમ ચાલુ રહ્યું. પણ ઇ. સ. ૧૯૦૮માં તરૂણ તુર્ક વર્ગે રાજ્યક્રાંતિ ને રાજ્ય બંધારણનો સ્વીકાર કરવાને અબ્દુલ હમિદને જરૂર પાડી (ઈ. સ. ૧૯૦૮). આ તરૂણોને પોતાના કામમાં અંતઃકરણનો ઉત્સાહ હતો, એમાં કાંઇ શક ન હતો, પણ તેઓએ માંહોમાંહે એક બીજા સાથે અને લશ્કર સાથે કજીઓ કર્યો અને ધારેલો ઉદય અટકી ગયો. મેસિડોનિઆમાં ગ્રીક અને તુર્ક વચ્ચે હમેશ લડાઇ ચાલતી હતી, અને હમેશ આપદા આવી પડતી હતી. ત્યાં આ બાબતનો નિકાલ કરવામાં નવી રાજ્યસત્તા નિષ્ફળ થઇ; અંતે બાલ્કનનાં રાજ્યોએ તુર્કો પર હુમલો કર્યો (ઇ. સ. ૧૯૧૨), અને ખુનખાર લડાઈમાં તુર્કસ્તાનને પાયમાલ કર્યું. કૉન્સ્ટેન્ટિનોપલ સિવાય યુરોપમાં બધું ગુમાવી દઇને તુર્કસ્તાને સલાહ કરી.

એ દર્મિયાન બર્લિનની જર્મન સરકારે પોતાની મૈત્રી અને સલાહ કબૂલ કરવાને તુર્કોને સમજાવ્યું. ઓગણીસમા સૈકાના મધ્ય ભાગમાં ઘણાં વર્ષો સુધી બ્રિટન તુર્કસ્તાનનું મુખ્ય મિત્ર રહ્યું, પણ બ્રિટિશોએ ઇજિપ્ટનો કબજો લીધો (ઈ. સ. ૧૮૮૨) ત્યારથી બ્રિટન વિરૂદ્ધ તુર્કોની લાગણી થઇ, અને વેર લેવાનાં જર્મનોનાં વચનો તુર્કોએ માન્ય કર્યાં. તુર્કસ્તાનના લશ્કરને કવાયત કરાવવા જર્મન અમલદારો લાવવામાં આવ્યા અને જર્મનિના પૈસાથી યુફ્રેટીસની ખીણમાં રેલ્વે બાંધવામાં આવી. આ સંધિથી જર્મનો શાની આશા રાખતા હતા, તે સ્પષ્ટ છે, પરંતુ એમાંથી તુર્કો શી આશા બાંધતા હતા, અથવા કેવી જાતનાં વચનો તેમને આપવામાં આવ્યાં હતાં, તે એટલું સ્પષ્ટ નથી. પોતાના દેશમાં પૂરો બંદોબસ્ત કરવાની અને યુરોપની કોઇપણ સત્તા સાથે સંબંધ બાંધવાથી દૂર રહેવાની તુર્કોને ખરી આવશ્યકતા હતી, પરંતુ આ બાબત

તેમણે સ્વીકારી નહિ, અને હાલની લડાઇ ફાટી નીકળ્યા પછી તે જર્મની સાથે જોડાયું.

(ड). બાલ્કન રાજ્યો.

આ રાજ્યોમાં બલ્ગેરિઆ અને સર્વિઆ ઘણાંજ જાણવા લાયક છે; તેઓ સૈકાઓ થયાં સાથે સાથે વસેલાં છે; તોપણ તેઓ વચ્ચે કાંઈ મિત્રાચારી નથી. બંને જૂના રોમન સામ્રાજ્યના ભાગો હતા. જ્યારે તે રાજ્ય તૂટયું ત્યારે એ બંને ઉપર હુમલા થયા હતા, અને બંને અણસુધરેલા જંગલી રાજ્ય બન્યાં. બન્નેએ એક વખત ઉન્નતિનો દિવસ જોયો હતો અને પોતાનું મહારાજ્ય પણ બનાવ્યું હતું. દસમા સૈકામાં બલ્ગેરિઆએ, અને ચૌદમા સૈકામાં સર્વિઆએ આવો દિવસ જોયો અને પોતપોતાનું મહારાજ્ય બનાવ્યું. હતું. તુર્ક લોકોના આગમનથી બંને પ્રજાનો નાશ થયો, અને ઘણાં વર્ષ સુધી ગુલામગીરીની સ્થિતિમાં તે રહી.

ઓગણીસમા સૈકા દર્મિયાન લાંબી લડાઇ પછી સર્વિઅનો મુક્ત થયા. રશિઆ અને તુર્કસ્તાનની લડાઇ પછી (ઇ. સ. ૧૮૭૭) અંતે તેઓ સ્વતંત્ર બન્યા, અને બલ્ગેરિઆ પણ તેથી સ્વતંત્ર થયું. બંને દેશો રશિઆના મોટા આભાર તળે હતા, પરંતુ બંનેએ રશિઅન સત્તા નીચે જવા ના પાડી, અને તેથી કોઇ કોઈ વખતે રશિઆ અને તેમની વચ્ચે કચવાટ ઉત્પન્ન થાય છે. તેમની વચ્ચે થયલી સલાહ, મસિડોનિઆની ખાતર તુર્કસ્તાન સાથે થયલી લડાઇ અને અંતે પુરાતન હરિફાઇનું એકાએક જાગ્રત થવું, એ તેના ઇતિહાસના છેલ્લા પ્રકરણના બનાવો છે. આથી તેમની વચ્ચે એક સંપ્ત લડાઇ થઇ, અને તેમાં હારી જવાથી બલ્ગેરિઆને પ્રતિકૂળ શરતો કબલ કરવી પડી (ઇ.સ. ૧૯૧૩).

પણ મરજી પ્રમાણે સર્વિઆને બધું મળ્યું નહિ. ઑસ્ટ્રિઆએ એવો આગ્રહ કર્યો કે સર્વિઆની પશ્ચિમનો દેશ ઑલ્બેનિઆ, સ્વતંત્ર ગણવો જોઇએ, અને તેને પોતાનો એક જર્મન રાજા આપવો જોઇએ. સર્વિઆનો દરિયાઈ વ્યવહાર આથી બંધ થયો, અને સર્વિઆની પ્રજા બનવા ખુશી હતા તેવા, ઑલ્બેનિઆમાંમાં રહેતા સર્વિઅનોને તેને છોડી દેવા પડ્યા. તેજ પ્રમાણે બૉઝ્નિઆમાં ઑસ્ટ્રિઅન સત્તા નીચે હજારો સર્વિઅનો હતા, તે પણ

તેને જોઈ રહેવું પડયું. આ સ્થિતિથી સર્વિઆમાં ઘણી કડવાશ ઉત્પન્ન થઈ. ઑસ્ટ્રિઆના પાટવીકુંવરને મારી નાખનાર અને લડાઈ સળગાવનાર એક સર્વિઅન હતો.

બલ્ગેરિઆની દીનતા વખતે જર્મનો તેમની વેરભાવના પ્રદીપ્ત કરવાને તેમની પાસે ગયા હોય એમ જણાય છે, જ્યારે લડાઈ ફાટી નીકળી ત્યારે સર્વિઆ પર હુમલો કરવાને તેઓએ બલ્ગેરિઆને કહ્યું. મામલો કેમ છે, તે જોવાને બલ્ગેરિઅનોએ થોડી વાર રાહ જોઈ, અને ઇ.સ. ૧૯૧૫ના ઉનાળામાં રશિઆની હાર પછી તેઓએ નક્કી કર્યું કે હવે સમય આવી પહોંચ્યો છે, અને સર્વિઆપર સખ્ત હુમલો કરવા વાસ્તે ઑસ્ટ્રિઆના લોકો સાથે તેઓ જોડાયા.

પોતાના પાડોશીઓ કરતાં ઘણાજ વહેલા (ઈ. સ. ૧૮૨૮માં) રૂમૅનિઅનો તુર્કસ્તાનના રાજ્યની સત્તામાંથી મુક્ત થયા, અને પ્રજાકીય ઉદયમાં તેઓએ સારી વૃદ્ધિ કરી. લડાઇ ફાટી નીકળી ત્યારે તેઓ તટસ્થ તરીકે જાહેર થયા. છતાં પણ હુંગરિની પ્રજા—ટ્રાન્સિલ્વૅનિઆના સ્લાવ લોકો—રૂમૅનિઅન રાજ્યની સત્તામાં આવે, એ કારણ લડાઇમાં ભાગ લેવાનું તેમને હતું. પણ ખર્ચનો અંદાજ ગણ્યો હોય, અને તટસ્થ રહેવું એજ ડહાપણ છે, એમ નિશ્ચય તેમણે કર્યો હોય એમ જણાય છે. આ વાસ્તે તેમને ઠપકો દેવાનો કોઇને પણ હક નથી.*

પ્રકરણ ૪ થું.

બ્રિટિશ સામ્રાજ્ય.

કોઇપણ અંગ્રેજ ના કહીશકશે નહિ કે ઇંગ્લંડના લાંબા ઇતિહાસમાં બીજી સત્તાઓ ઉપર કરેલા હુમલાનાં ઘણાં પ્રકરણો છે. જેઓના વંશજો અંગ્રેજો છે, તે સૅકસન, ડેન અને નૉર્મન લોકો, લડાયક પ્રજા હતી, અને જ્યારે તેઓ એક રાજસત્તા નીચે એક પ્રજા તરીકે એકઠા થયા ત્યારે તેઓને પ્રથમ પોતાના પાડોશીઓ સાથે લડવાનો આવેશ થયો. આ આવેશના પરિણામે શતવર્ષી યુદ્ધ શરૂ થયું. (શરૂઆત ઇ.સ. ૧૩૩૭ થી), જેનો હેતુ ફ્રાન્સમાં

---

* ત્યારપછી તેઓ સને ૧૯૧૬ના ઑગસ્ટ માસમાં મિત્રરાજ્યો તરફથી લડાઈમાં ઉતર્યા છે. ભા. ક.

અંગ્રેજી સત્તા સ્થાપવાનો હતો. અંગ્રેજી રાજાને ફ્રાન્સની ગાદીનો જન્મને લીધે હક મળ્યો છે, એવું કાંઇ નિમિત્ત તેમને મળ્યું. પરંતુ બ્લૅક પ્રિન્સના સૈનિકો તો એમ ધારતા હતા કે તેઓ રાજદ્વારી પુરૂષોની દલીલો કરતાં પોતાની તરવાર ઉપર વધારે આધાર રાખે છે.

ગમે તેમ હોય પરંતુ ઈંગ્લંડની આ યુક્તિઓ નિષ્ફળ નિવડી, અને આસરે ત્રીસેક વર્ષ સુધી ઈંગ્લંડના સૈનિકો 'ગુલાબની લડાઇ'માં (Wars of the Roses) રોકાયા અને થાકી ગયા (ઇ.સ. ૧૪૫૫ ઇ.સ. ૧૪૮૫). પછીના જમાનામાં ઈંગ્લંડે પોર્ટુગલના વ્યાપાર અને સ્પેનના સામ્રાજ્ય સાથે બાથ ભીડી. મધ્ય અને દક્ષિણ અમેરિકાના સ્પેનના સામ્રાજ્યે સોના અને રૂપાની ખાણોથી સ્પેનને ધનાઢ્ય બનાવ્યું હતું; અંગ્રેજોનો પહેલો વિચાર સ્પેનનાં વહાણોને પકડવાનો અને લૂટવાનો હતો. આગળ જતાં અમેરિકામાં સંસ્થાન સ્થાપવાનો વિચાર આવ્યો, અને વર્જિનિઆનું સંસ્થાન દુનિયાના ઇતિહાસમાં નવા જમાનાની શરૂઆત કરે છે (ઇ.સ. ૧૬૦૭). અહિં અંગ્રેજો પહેલવહેલા આવ્યા; તેમનો ઉદ્દેશ સ્પૅનિઅર્ડોની માફક લડી લૂટી સ્વદેશ પાછા જવાનો નહતો, પરંતુ ખેતી કરી ત્યાં વસવાટ કરવાનો હતો.

અમેરિકાના વતનીઓના * હકનો સવાલ બાજુએ રાખીએ તો આ સાહસમાં તેઓએ કોઇને પણ દુઃખ દીધું નથી; તે અને તેમના અનુયાયીઓ પોતાની ખંત અને હિંમતને માટે આપણી મોટી પ્રશંસાનેપાત્ર છે.

અમેરિકામાં તેમની પાછળ જનાર બીજી પ્રજા ફ્રેન્ચ હતી. ફ્રેન્ચનાં સંસ્થાનો સેંટ લૉરેન્સ નદીની પેલીગમ ઉત્તરે હતાં, અને ફ્રેન્ચો જયારે દક્ષિણમાં આવવા લાગ્યા ત્યારે કજીઓ ઉત્પન્ન થયો. અંદરના ભાગમાંથી ફ્રેન્ચો અંગ્રેજોનો વ્યવહાર બંધ કરશે, એમ લાગ્યું. આજ વખતે એમ પણ બન્યું કે યુરોપમાં ફ્રેન્ચ અને અંગ્રેજો દુશ્મન થયા, અને જો કે સંસ્થાનોના સવાલને લીધે દુશ્મનાવટ થઇ નહતી, તોપણ અંગ્રેજ સરકાર ફ્રેન્ચો કરતાં વધારે જલદી સંસ્થાનોની કિંમત સમજી ગઇ હતી, અને જયારે સલાહ થઇ ત્યારે, ઉત્તર

---

*ઉત્તર અમેરિકાના વતનીઓ લાલ રંગના હતા નહિ, પણ ઘેરા તપખીરિઆ રંગના હતા.

અમેરિકાનાં ફ્રેંચ સંસ્થાનો અંગ્રેજોએ છીનવી લીધાં (ઈ.સ. ૧૭૬૩).

અજાયબ જેવું એ છે કે જૂની દુનિયામાં પોર્ટુગીઝે સંસ્થાન સ્થાપવામાં જે રીત અખત્યાર કરી હતી, તેજ રીત ઇંગ્લંડે નવી દુનિયામાં અખત્યાર કરી; તેમણેજ હિંદુસ્તાનને સંસ્થાન બનાવવા પ્રયત્ન કર્યો. ઉષ્ણ પ્રદેશમાં વસવાટ થઇ શકશે નહિ, અને માત્ર વ્યાપારી તરીકે તેઓ દેશમાં જઇ શકશે, એટલુંજ પહેલાં અંગ્રેજો જાણતા હોય એમ દેખાયું. કિલ્લા અને કારખાનાં બાંધવાનો અને પૂર્વ દેશના રાજાઓ સાથે વ્યાપાર સંબંધી શરતો કરવાનો તેમનો મુખ્ય હેતુ હતો. આ બાબતમાં તેમના મુખ્ય હરીફ પોર્ટુગીઝ પણ નહિ ફ્રેંચ અને વલંદા હતા. હિંદુસ્તાનમાં ફ્રેન્ચો અને મલાયાના દ્વીપકલ્પમાં ડચ સામે થયા.

વલંદા અને અંગ્રેજો વચ્ચે લડાઇમાં વલંદા ફાવ્યા, કારણકે અંગ્રેજો હિંદુસ્થાનમાં ઘણા કામમાં પડ્યા હતા. અહિં તેઓ એક વખત લગભગ ગયા જેવા થઇ ગયા હતા. ફ્રેંચ સરદાર, ડયુપ્લિ (ઇ.સ. ૧૬૯૭ થી ઇ.સ. ૧૭૬૩) છૂટા છવાયાં કારખાનાં અને કિલ્લાની નબળાઈ જોઇને પ્રદેશ મેળવી મોટા પાયા પર ફ્રેંચ રાજયસત્તા સ્થાપવા પ્રયત્ન કરવા લાગ્યો. સ્વદેશમાં વસતા ફ્રેંચોએ જો તેને ટેકો આપ્યો હોત, તો તે ફ્રેંચ રાજ્ય સ્થાપી શકાત; પરંતુ તેની યોજના નિષ્ફળ ગઈ, અને કામને પુષ્ટિ મળી નહિ. જે ડયુપ્લિએ યોજ્યું, તે અંગ્રેજો તરફથી કલાઇવે કર્યું (ઈ.સ. ૧૭૨૫ થી ઇ.સ. ૧૭૭૫), અને કંપનીએ રાજ્યસત્તા મેળવી.

ત્યારપછી ઉત્તર અમેરિકામાં સંસ્થાનો બ્રિટિશોએ ગુમાવ્યાં (ઇ.સ. ૧૭૮૩). આનું કારણ એ હતું કે બ્રિટિશ સરકાર ઈંગ્લંડથી તેમના ઉપર અમલ કરવાને અને કર નાખવાને ઇચ્છા રાખતી હતી. અસલના વિચારો તરફ દૃષ્ટિ કરતાં આ કાંઇ અયોગ્ય ન હતું, પણ રાજનીતિજ્ઞ પુરૂષોએ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ ઉપર દૃષ્ટિ રાખવી જોઇએ, અને બ્રિટિશ સરકારે જોવું જોઈતું હતું કે ગ્રેટબ્રિટનની નિરંકુશ સત્તા સંસ્થાનો સહન કરશે નહિ. આ તેઓ સમજ્યા નહિ, પણ રણક્ષેત્રમાં તે બરોબર સમજ્યા અને આ શિક્ષણ હજુ પણ ભૂલાયું નથી.

આ સંસ્થાનો ગયા પછી થોડા વર્ષમાં બ્રિટિશો ઑસ્ટ્રેલિઆમાં સંસ્થાન સ્થાપવા ગયા (ઈ. સ. ૧૭૮૭). બધી પ્રજાઓ માટે તે ખંડ ખુલ્લો હતો.

અને તેનો કબજો મેળવવા ફ્રેન્ચો નક્કી ઇરાદો રાખતા હતા, પરંતુ સૌ અંગ્રેજો પહેલા દાખલ થયા, અને આખી દુનિયાની સંમતિથી ઑસ્ટ્રેલિઆ ઉપર બ્રિટિશ વાવટો હાલ ઉડે છે; એજ પ્રમાણે ન્યુઝિલંડ ઉપર પણ ઉડે છે. બ્રિટિશ વાવટો ત્યાં ચઢાવતાં પહેલાં અંગ્રેજ સંસ્થાનવાસીઓએ (આસરે ઇ.સ. ૧૮૧૪) તેમાં વસવાટ કર્યો હતો.

જ્યારે ડચ નેપોલિઅનના મિત્ર હતા ત્યારે, (ઈ.સ. ૧૮૧૪) તેમની પાસેથી આફ્રિકામાં કેપ કોલોનિ લઇ લેવામાં આવ્યું. લાંબે કાળે આસરે ઇ.સ. ૧૮૯૦) આફ્રિકાના બીજા ભાગો મોટી સત્તાઓએ વહેંચી લીધા. આ સમયે ઉષ્ણ કટિબંધના સંસ્થાનોની કીમત સમજવામાં આવી હતી, અને યુરોપીય સત્તા તેમને છોડી દેવામાં તત્પર ન હતી. આવાં સંસ્થાનો સ્થાપવાની આકાંક્ષા જર્મનિને છેલ્લી થઇ, અને થોડાં વર્ષ થયાંજ જર્મનિએ આફ્રિકામાં પોતાનો હકનો દાવો કર્યો છે. આ દાવા તરફ અંગ્રેજો ઉદારવૃત્તિથી જોવા લાગ્યા. જર્મન ઇસ્ટ આફ્રિકાની હદ વધારીને કિલિમૅન્જૅરો પર્વત અંદર લઇ લીધો છે, એ જ્યારે તમે જોશો ત્યારે ઉપલી બાબત તમો બરોબર સમજી શકશો.

આ લાંબા ઇતિહાસમાં અંગ્રેજોએ કરેલી ઉચાપતનાં કામો દેખાડી શકાય છે, એની અમે ના કહેતા નથી. ઉત્તમ અમેરિકામાં ફ્રેન્ચ સંસ્થાનો તેઓએ છીનવી લીધાં અને ડચ પાસેથી કેપ કોલોનિ લઇ લીધું, તે નિષ્ઠુર કામો હતાં. પરંતુ ડચ અને ફ્રેન્ચ સરકારની તેજ સમયની વર્તણુકની પરીક્ષા કરીએ તો આપણને માલમ પડશે કે, તેમના કરતાં બ્રિટિશના સિદ્ધાંતો વધારે ખરાબ ન હતા, પરંતુ માત્ર વધારે સફળ થયા હતા. ઇતિહાસમાં વધારે ઊંડા જો આપણે ઉતરીશું તો આપણને માલમ પડશે કે, બ્રિટન કરતાં કોઇપણ પ્રજાએ જીતના સમયમાં ઓછું લીધું નથી અને કોઇપણ પ્રજાએ લીધેલું વધુ પાછું આપી દીધું નથી. દાખલા તરીકે હૉલાંડને જાવાનો ટાપુ આપણે પાછો આપ્યો છે (ઇ.સ. ૧૮૧૮).* વલંદાના સાંસ્થાનિક સામ્રાજ્યમાં તે એક મુખ્ય કીર્તિ રૂપ છે.

*કેપના મારફ નેપોલિઅન સાથેના વિગ્રહ દર્મિઆન એ લઈ લેવામાં આવ્યો હતો.

એકંદરે, દુનિયામાં બ્રિટનની પદવી નક્કી કરવાના પ્રશ્નમાં, પોતાની પ્રજા તરફ બતાવવામાં આવતી વર્તણુક, અને પોતાની શહેનશાહી સત્તાનો ઉપયોગ, એ બેજ વસ્તુઓ અગત્યની છે. આની કસોટી તેની પ્રજાની વફાદારીથી કરવી જોઇએ. અમેરિકાનાં સંસ્થાનોએ બળવો કર્યો, તેથી સંસ્થાનો સાથેની એની રાજનીતિને વખોડી કાઢીએ તો તેની સાથે સેંટ લૉરેન્સ નદીની ઉત્તરનાં ફ્રેંચ સંસ્થાનો શાથી વફાદાર રહ્યાં, તે પણ ધ્યાનમાં લેવું જોઇએ. આગળ તે લોકોએ બળવો કર્યો, પણ તે બળવો જોરથી દાબી દેવાને બદલે, તેનાં કારણોની શાંતિથી શોધ કરાવી યોગ્ય છૂટ આપીને તેમનાં દુઃખોનું નિવારણ કર્યું, અને પરિણામે ઍટ્લૅન્ટિક મહાસાગરની પેલીગમ બ્રિટનનું એક વફાદાર સંસ્થાન ફ્રેંચ કૅનૅડા હાલ છે.

બ્રિટિશ સામ્રાજ્યના બચાવમાં પહેલી દલીલ એ છે કે, જોકે બળથી એનો વિસ્તાર કરવામાં આવ્યો છે, પણ બળથીજ એને જાળવવામાં આવ્યું નથી. દરેક રાજ્યે કોઈ વખત બળ તો વાપરવુંજ જોઇએ, પણ સારા રાજ્યનો હેતુ એવો હોવો જોઇએ કે પોતાની પ્રજાને સમજાવી ખાત્રી કરી પોતાની બાજુમાં રાખવી જોઇએ. જે રાજ્યમાં ઘણી જાતની પ્રજા હોય, અને લાગણી અને સ્વાર્થથી તે વિભક્ત હોય, તે રાજ્ય માટે આ કામ ઘણું કઠિન હોવું જોઇએ; પરંતુ બ્રિટિશ સામ્રાજ્યે આ કામ ઉપાડી લેવા લાંબો સમય થયાં નિશ્ચય કર્યો છે. સખ્ત વિચારના માણસો ગમે તેમ કહે, તોપણ લોકલાગણીને અને પ્રજાકીય વિચારને તે માન આપે છે.

વળી બ્રિટિશ સામ્રાજ્યનો વહીવટ બ્રિટનના લાભાર્થેજ ચાલતો નથી. ઇ.સ. ૧૮૪૬ પછી બ્રિટિશ રાજ્યમાં વ્યાપારની સંપૂર્ણ છૂટ છે. આવો બંધન વિનાનો વ્યાપાર, આર્થિક લાભના સંબંધમાં વાજબી કે ગેરવાજબી છે, તે સંબંધી ચર્ચા આપણે અહિં કરીશું નહિ, પરંતુ આપણે તો આ વિષયને આધ્યાત્મિક દૃષ્ટિથી જોઇશું. અપ્રતિબદ્ધ વ્યાપારમાં છૂટથી હરિફાઇ કરવા દેવામાં આવે છે, તેમાં દરેક માણસને બને તેટલો સારો માલ બનાવવા પ્રયત્ન કરવા દેવામાં અને માલની શ્રેષ્ઠતા ઉપર ફતેહ મેળવવા દેવામાં આવે છે. ઓગણીસમી સદીના બ્રિટિશ વ્યાપારીઓને બીજી કોઇ જાતની ઇચ્છા હતી નહિ, અને પોતાના હરીફ વ્યાપારીઓ સામે ટક્કર ઝીલવામાં રક્ષણનીતિની

જરૂર છે, એ વિચારનેજ તેઓ ધિક્કારતા. જો હરીફો તેમને પાછળ પાડતા, તો વાજબી રીતે મેળવેલી ફતેહની તેઓ ઈર્ષ્યા કરતા નહિ. 'હરિફાઇ'નો તેઓ આવો અર્થ કરતા.

વિચારમાં અને વ્યવહારમાં આ રીતિ શાંતિદાયક હતી. શાંતિ જાળવવાના ઇરાદાપૂર્વક વ્યાપારી કે કારીગર તરીકે આવનાર કોઇપણ પુરૂષ માટે બ્રિટિશ સામ્રાજ્યના દરવાજા ખુલ્લા હતા. તેને કોઇપણ વેરા આપવાના નહતા, તેમજ નિયમ પણ કોઇ પાળવાના નહતા. બારણાં બધા માટે ખુલ્લાં હતાં. ખરેખર જો બ્રિટને કંઈપણ બીજી નીતિ અખત્યાર કરી હોત, તો દુનિયાએ એની સર્વોપરિસત્તાને આટલી બધી વાર સહન કરી નહોત, અને હાલ પ્રજાઓનું જૂથ જર્મનિની વિરૂદ્ધ છે, તેમ તેની વિરૂદ્ધ થયું હોત અને તેને પણ લડવું પડયું હોત. જ્યાં જર્મન વાવટો ઉડતો હોય, ત્યાં વિદેશીનું કામ નથી. આવી પદ્ધતિવાળું રાજ્ય હોય ત્યાં બેશક લશ્કરી સત્તા પ્રબળ હોવી જોઇએ, પણ ઓગણીસમા સૈકાના બ્રિટને બે જમાના થયાં નૌકાસૈન્યને ઓછું કર્યું છે, અને લશ્કરને તો ઘટાડી લગભગ નહિ જેવું કર્યું છે. આવી સ્થિતિ લાંબા વખત સુધી ચાલી શકી નહિ, પણ પ્રશંસાપાત્ર સારા આશ્રયને લીધે આ સ્થિતિ ઉત્પન્ન થઇ છે. અને તેથી તે આપણા માનને પાત્ર છે. પ્રખ્યાત કવિ ટેનિસનના શબ્દ પ્રમાણે દુનિયાના 'શ્વેત પાંખવાળા શાંતિ કરાવનાર' (the fair white-winged peace-maker) તરીકે આપણે વ્યાપારને વધાવી લેતા નથી, એ દિલગીરીની વાત છે.

અંતે એતો આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે, બ્રિટિશ સામ્રાજ્યના અસ્તિત્વને લીધે કોઇ પણ રાજ્યને બળતરા કરવાનું કારણ હોય તો તે જર્મનિને તો નથીજ. પોતાના રસ્તામાં ઇંગ્લંડ આડે ઘણીવાર આવ્યું છે, એમ ફ્રાન્સે જોયું છે. જર્મનિને કદીપણ એમ માલમ પડયું નથી. અમારા માલ કરતાં જર્મનો તેઓનો માલ ઓછી કિંમતે વેચે છે, અને અમારાં બજારો હાથ કર્યાં છે, આમ જર્મનિના ઉદયથી અંગ્રેજ વ્યાપારીઓ કોઇ કોઇ વખત બડબડયા હોય, પરંતુ ઇંગ્લંડ જર્મનિના એક પણ પ્રજાકીય ઉચ્ચ આશયની આડે આવ્યું નથી. નકશામાં એવી એકે જગ્યા નથી, જ્યાં આગળ આંગળી મૂકી તમો કહી શકો કે, અહિં ઇંગ્લંડે જર્મનિને હાંકી કાઢયું ?

ભાગ ૨ જો.

અર્વાચીન ઈતિહાસ.

પ્રકરણ ૫ મું.

બારીક સમય.

વર્તમાન સૈકાની શરૂઆતમાં યુરોપનાં રાજ્ય વચ્ચે ઘણી ઈર્ષ્યા ઉભી થઇ હતી તે આપણે જોયું છે; આ બારીક સમય કેમ આવ્યો અને ખુલ્લી રીતે લડાઈ કેમ શરૂ થઈ તે આપણે હવે અહિં જોઇશું.

એક રીતે આ લડાઇને દરેક જણે આવકારદાયક ગણી છે. યુરોપમાં દરેક જણને લાગતું હતું કે લડાઇની સઘળી સામગ્રી સાથે તૈયાર રહેવું તે લડાઇના જેવુંજ અનિષ્ટ છે. ભાવોમાં જે વધારો થયો અને જેનાથી દુનિયામાં કચવાટ થઇ રહ્યો હતો તેનું એક કારણ ઘણું કરીને એવી તૈયારીનો ખર્ચ હતો; અને યુરોપના યુવાન્ વર્ગ ઉપર તેણે જે બોજો મૂકયો તે અસહ્ય હતો. સામાન્ય રીતે એક વર્ષ, અને કોઇ વખત બે વર્ષ સુધી તેઓને લશ્કરી કેળવણી લેવાને ઘર અને ધંધો છોડવાની જરૂર પડતી હતી; સારા માણસોને માટે જે કોઇ વખત ઘણુંજ નુકસાનકારક નિવડે છે તેવું સખ્ત અને ઘણી ખરી વખત અધમ જીવન 'બરાક'માં (barrack-room) તેમને ગાળવું પડતું હતું; તેથી આવી શાંત કરતાં ખરેખર લડાઇ વધારે સારી કે નહિ તે બાબત ઘણાના મનમાં શંકા ઉત્પન્ન થવા લાગી.

જો લડાઈ એકદમ શરૂ થાય તો તે તેમને વધારે લાભદાયક નિવડશે એમ માનવાને દરેક પ્રજાને કાંઇક કારણ હતાં. ઈંગ્લંડને માલૂમ પડયું કે જર્મન અરમાર વધતું જતું હતું અને તેના કરતાં પોતાનું અરમાર વધારે કરવાનો બોજો તેના પર વધતો જતો હતો. હુમલો અને ફરજ્યાત લશ્કરી

નોકરીની ધિક્કારવા લાયક જરૂરીઆત તેના પર આવી પડશે એવી બીક લાગવા માંડી. ફ્રાન્સને દરેક વર્ષે પોતાની વસ્તી ઘટતી અને જર્મનિની લાખો માણસથી વધતી માલૂમ પડી. ઇંગ્લંડ, ફ્રાન્સ અને રશિઆ મજબૂતાઈથી એકઠાં થતાં જર્મનિને માલૂમ પડયાં અને પોતાની પાસે આટલાં બધાં માણસ અને દ્રવ્ય છતાં બીવાનું કારણ છે, એમ એ લોકોની સંધિથી જર્મનિને ભય લાગ્યો.

જર્મનિના જેટલું મોટું લશ્કર ફ્રાન્સ રાખી શકે એવો સંભવ ન હતો, તેથી તેણે વધારે સારૂં લશ્કર તૈયાર કરવાનો નિશ્ચય કર્યો અને સન ૧૯૧૪ માં ફરજ્યાત લશ્કરી નોકરીની મુદ્દત ત્રણ વર્ષની કરી. જર્મનિએ આવો ભયંકર બોજો પોતાના યુવાન્ વર્ગ ઉપર નાખ્યો નહિ; પણ તેણે અઢી લાખ માણસ જાથુના લશ્કરમાં વધાર્યાં, અને મિલ્કત ઉપર ખાસ કર નાખીને લડાઇનું ફંડ એકઠું કરવા માંડયું. સન ૧૯૧૪ માં તેનો લડાઇ શરૂ કરવાનો ઈરાદો હતો કે નહિ તે આપણે ચોક્કસ કહી શકતા નથી, પણ એટલું તો ચોક્કસ છે કે જો તેને સારી તક મળે તો તે લડાઈ શરૂ કરવા તૈયાર હતું.

લલચાઇ જવાય એવા રૂપમાં તે તક મળી. ઑસ્ટ્રિઆની પ્રજામાંના એક યુવાન્ સર્વિઅને તા. ૨૮ મી જુન સન ૧૯૧૪ ને દિવસે સારાજેવોમાં ઑસ્ટ્રિઆના પાટવી કુંવરનું ખુન કર્યું. આ ખુનમાં સર્વિઆના મોટા અમલદારોનો ભાગ હતો કે નહિ તે બાબત દુનિયા હજુ સુધી ખાત્રી કરી શકી નથી, પરંતુ ઑસ્ટ્રિઅન સરકાર તો ચોક્કસ કહેતી હતી કે તેમાં તેઓનો ભાગ હતો; ખરેખર ઑસ્ટ્રિઆના અને બીજા બધા દેશના જર્મન લોક આ વાત માનતા હતા. સન ૧૯૧૪ જુલાઇ ૧૩ના દિવસે સર્વિઆ ઉપર એક પત્ર મોકલવામાં આવ્યો અને ઑસ્ટ્રિઅન સરકાર જે અમલદારને ગુનેગાર ગણતી હતી તેને સર્વિઆએ શિક્ષા કરવી, અને ઑસ્ટ્રિઆપર હુમલો કરવામાં, જેની ઉપર જાતે ભાગ લેવાનો અથવા તો ઉશ્કેરણી કરવાનો ગુનો સાબિત થાય તેને શિક્ષા કરવાની, અને સર્વિઆની અંદર તપાસ કરવાની, પૂરી સત્તા ઑસ્ટ્રિઆના અમલદારોને આપવી, એવી માગણી તેમાં કરવામાં આવી હતી. આ પત્રનો જવાબ આપવાને સર્વિઆને માત્ર થોડા કલાકની મુદ્દત આપવામાં આવી, અને ચોખ્ખું કહી દેવામાં આવ્યું કે આ સંબંધમાં કબૂલ કરવાની તે કાંઇપણ આનાકાની કરશે તો પરિણામે લડાઇજ થશે.

જેવો આ પત્ર પ્રસિદ્ધ થયો કે તરતજ દુનિયાને માલૂમ પડયું કે આનો હેતુ પાટવીકુંવરના ખુનીને શિક્ષા કરવાનો નથી, પણ સર્વિઆને નાબૂદ કરવાનો છે. રશિઅન સરકારે એકદમ ખબર આપી કે તે આમ કરવા દેશે નહિ; જો તેણે આ પ્રમાણે કરવા દીધું હોત તો માત્ર જર્મનોના નહિ પણ આખી દુનિઆના ધિક્કારને પાત્ર તે થાત. આ લડાઈથી રશિઆને ગમે તેટલી હાનિ થાય તોપણ તે ખમવાની તેને જરૂર હતી. એમ છતાં યુરોપનાં મહાન્ સામ્રાજ્યો માં એકલા રશિઆને લડાઇ મુલતવી રાખવાનાં ખાસ કારણ હતાં. જાપાનના વિગ્રહ પછી તેનું લશ્કર ઠેકાણે પડયું હતું નહિ; તેની પાસે ભારે તોપ બહુજ જુજ હતી. તેથી સર્વિઆમાં ઑસ્ટ્રિઆના અમલદારોની હાજરી સિવાય બધું સહન કરવાની સલાહ સર્વિઆને રશિઆએ આપી; સર્વિઅનોએ તેથી કરીને આ સિવાયની બીજી બધી શરતો કબૂલ કરવાનો ઉત્તર ઑસ્ટ્રિઆને આપ્યો. ઑસ્ટ્રિઆએ ટુંકમાં જવાબ આપ્યો કે આ તો મુદ્દાનો સવાલ છે અને તેથી તેઓએ સર્વિઆની સામે પોતાનું લશ્કર એકદમ મોકલી આપ્યું.

એ દર્મિયાન યુરોપની સઘળી પ્રજાને માલૂમ પડયું કે બારીક સમય આવી લાગ્યો છે. જર્મનિ શું કરશે તે મોટો સવાલ હતો; પણ જર્મનિ તો મુગું રહ્યું. બ્રિટિશના પરદેશ ખાતાના પ્રધાન સર એડ્વર્ડ ગ્રેએ સૂચવ્યું કે આ બાબતનો ફેંસલો કરવા પ્રતિનિધિઓની એક પરિષદ્ મેળવવી, પણ જર્મનિએ તે સૂચના સ્વીકારી નહિ. જર્મન અને ઑસ્ટ્રિઆ વચ્ચે શી મસલત થઈ તે આપણે જાણુતા નથી, પરંતુ એટલું તો ખરૂં કે પત્રમાં જણાવેલી શરતો અતિ નમ્ર અને લગભગ પૂરેપૂરી રીતે સ્વીકારનારો સર્વિઆનો જવાબ કબૂલ કરવાને જર્મનિએ ઑસ્ટ્રિઆને કદી પણ આગ્રહ કર્યો નહિ. દુનિયા એમ જાણુતી હતી કે જર્મનિ શાંત હતું. ખુનીને શિક્ષા કરવાના બહાનાથી ઑસ્ટ્રિઆ સર્વિઆ ઉપર હુમલો કરે, અને દેખીતી રીતે રશિઆ એક ખુનીના બચાવઅર્થે ઑસ્ટ્રિઆ ઉપર હુમલો કરે એવી તેની ઇચ્છા હતી; જેથી જર્મનિ ત્યાર પછી, ન્યાયને ખાતર અને જર્મનોના લાભને ખાતર, આગળ પડી શકે, અને દુશ્મનો સિવાય બીજાં બધાં રાજ્યો એની સાથે રહે-

કમનસીબે આ યોજના પૂરેપૂરી રીતે ફતેહમંદ નિવડી નહિ. **ઑસ્ટ્રિઆ** **આ પ્રસંગનો** અયોગ્ય લાભ લેછે એવું બધાએ જાણ્યું, અને **જર્મનોના** કબૂલ ન કરવા છતાં લોકો એમ માનતા હતા કે **ઑસ્ટ્રિઆએ** પોતાનો પત્ર **સર્વિઆ** પર મોકલ્યો તે પહેલાં **જર્મન** સરકારે તે જોયો હતો. બધા પૂરી રીતે સમજ્યા કે આ શરૂથતા વિગ્રહનો હેતુ બીજી પ્રજાઓ ઉપર હુમલો લઈ જવાતો છે. નજદીકના પૂર્વના દેશો તરફ વધવાનું આ **જર્મનિનું** ચોક્કસ પગલું હતું.

છેલ્લી આખરે જુદાં જુદાં લશ્કરો અને ખાસ કરીને **જર્મનિ** અને **રશિઆનાં** લશ્કરો લડાઈ માટે એકઠાં કરવાના સવાલો ઉત્પન્ન થયા. બન્નેએ એક બીજાપર, લશ્કરને ગતિમાં મૂકવાની પહેલ કરવાના, આક્ષેપો મૂક્યા. એમ છતાં એ વાત તો ચોક્કસ છે કે લડાઇના આરંભ પહેલાં લાંબા સમયથી **જર્મનિએ** પોતાનું અલાયદું લશ્કર એકઠું કરવા માંડ્યું હતું, અને બીજી સત્તાઓ કરતાં લડાઇની તૈયારી આ કરવામાં **જર્મનિ** આગળ વધેલું હતું અને વધારામાં લડાઈમાં પહેલો પ્રહાર પણ એણેજ કર્યો હતો. દક્ષિણમાં **ઑસ્ટ્રિઅનોએ** **સર્વિઆ** ઉપર કૂચ કરી; ઉત્તરમાં **પ્રશિઅનોએ** **બેલ્જિઅમમાં** પ્રવેશ કર્યો.

આ વિગ્રહમાં **ફ્રાન્સનો** ધર્મ તો ખુલ્લોજ હતો. **રશિઆને** મદદ કરવા સંધિથી તે બંધાયલું હતું. **ઈંગ્લંડનો** ધર્મ તેવો ચોક્કસ હતો નહિ **સર્વિઆના** રક્ષણાર્થે **ઈંગ્લંડ** લડાઇમાં પડત નહિ; જ્યાં સુધી **ફ્રાન્સ** ઉપર **જર્મનિ** હુમલો કરે નહિ ત્યાં સુધી **ફ્રાન્સને** મદદ કરવા તે બંધાયું ન હતું. પણ તે પ્રમાણે બન્યું નહિ; ઉલટું **રશિઆને** મદદ કરવા **ફ્રાન્સ** **જર્મનિ** ઉપર હુમલો કરતું હતું. જો **ઈંગ્લંડની** મરજી હોત તો તેને તટસ્થ રહેવાને પૂરતું કારણ હતું. આમ કરવું કાંઇ ડહાપણ કહેવાત નહિ; **ફ્રાન્સ** પ્રત્યે એ પણ વાજબી ગણાત નહિ; પણ જો **ઈંગ્લંડે** લડાઈમાં ઊતરવાની ના પાડી હોત તો કોઇ રીતે વચન ભંગ થાત નહિ. સુધારક પક્ષની બનેલી સરકારની (Liberal Government) લડાઇ તરફ વૃત્તિ ન હતી. જો **ઈંગ્લંડ** અલગ રહે તો **ફ્રેંચનાં** વહાણોને અને **યુરોપમાં** **ફ્રેંચ** પ્રદેશને નહિ છેડવાનું **જર્મનિએ** કહ્યું, પણ **બેલ્જિઅમની** તટસ્થતા તેણે કબૂલ કરી નહિ.

સન ૧૮૩૯ પછી યુરોપનાં બધાં મહાન્ રાજ્યો બેલ્જિઅમમાં રણક્ષેત્ર ન બનાવવાના નિર્ણય પર આવ્યાં હતાં. તેઓમાંના કોઈ એકના હુમલા સામે એનો બચાવ કરવા તેઓ કબૂલ થયા હતા; અને જ્યારે નિર્ણય પર પહેલાં આવ્યાં ત્યારે જર્મનિએ આ કબુલાતપર સહી કરી હતી, એટલુંજ નહિ પણ, થોડાં વર્ષો ઉપર બેલ્જિઅમને સ્પષ્ટ રીતે એવા વચન ફરીથી આપ્યાં હતાં. હવે તેણે એકાએક બેલ્જિઅમને ખબર આપી કે એ કબુલાત તેઓ માનશે નહિ, પણ ફ્રાન્સના પર હુમલો કરવાને બેલ્જિઅમમાં થઇને જશે. જર્મન લશ્કરને બેલ્જિઅમ રેલ્વેની મારફત જવા દેવામાં આવશે અને બીજી રીતે પણ બેલ્જિઅન સરકાર જર્મનિને સગવડ આપશે એમ તેઓ આશા રાખતા હતા. હવે શું જવાબ દેવો એ સંબધી બેલ્જિઅમને મોટો ગુંચવાડો થયો. ફ્રેંચો અને તેઓ એકજ લોહીના હતા, અને ફ્રેન્ચોના નાશ કરવામાં મદદ કરવા તેમને કહેવામાં આવ્યું અને તેમ નહિ કરશે તો બેલ્જિઅમનો પોતાનો નાશ થશે એમ સૂચવવામાં આવ્યું. મહાન્ જર્મન લશ્કર જેનાથી આખું યુરોપ ધ્રુજતું હતું તે એના પર તૂટી પડે અને જો જર્મનિ જીતે તો આલ્સેસની માફક બેલ્જિઅમ પણ કૈસરનો જીતેલો પ્રાંત થઇ જાય. તાત્કાળિક મદદ મળે એમ હતું નહિ. કારણકે થોડા કલાકમાં ઠરાવ ઉપર આવી જવાનું હતું, અને વળી દરેક જણ જાણતું હતું કે ફ્રાંસ તૈયાર નહતું.

બેલ્જિઅમના લોકો જરા પણ ડગ્યા નહિ; તે માટે તેઓએ અમર કીર્તિ સંપાદન કરી છે. તેઓએ એકદમ હથિયાર લીધાં; તેઓનાં પરાક્રમ અને પ્રારબ્ધનાં વર્ણન બીજે સ્થળે કર્યાં છે. પણ અહિં આપણે એટલું કહીએ કે બેલ્જિઅમ સાથે ચલાવેલી જર્મનોની વર્તણુકથી બ્રિટન નિર્ણયપર આવી ગયું. બેલ્જિઅમને મદદ આપવાની પોતાની ફરજ છે એમ બ્રિટિશ સરકારે ગણ્યું, અને આખી બ્રિટિશ પ્રજાનો મત પણ તેના જેવોજ થયો. એમ લાગ્યું કે આપણે કદાચ બેલ્જિઅમનું રક્ષણ કરી શકીશું નહિ, તોપણ તેને છોડવી તેનું વેર તો જર્મનો ઉપર લઇ શકીશું.

આ બારીક સમયમાં ચલાવેલી પોતાની વર્તણુકમાં ઘણા દોષો હોવા જોઇએ કે જેને માટે જર્મનો આજે પશ્ચાત્તાપ કરે છે; અને તેઓ કબૂલ કરે

છે તેવી ભૂલો પણ ઘણી થઈ હોવી જોઇએ. ઇટલિ સાથે મસલત ચલાવ્યા વિના લડાઇ જાહેર કરવાથી ઇટલિને તેઓએ નાખુશ કર્યું. બ્રિટિશની રાજનીતિની અટકળ ખોટી રીતે બાંધી અને તેઓ સમજ્યા નહિ કે બેલ્જિઅમ ઉપરના હુમલાથી બ્રિટન ચોક્કસ લડાઇમાં ઉતરશે. બ્રિટિશ સામ્રાજ્યમાં ઠેકાણે ઠેકાણે બળવા થશે એમ તેઓ આશા રાખતા હતા, કારણ કે તેઓએ દરેક ઠેકાણે ગ્રેટ બ્રિટનની પ્રજાના અસંતોષી અને અવિચારી માણસોનુંજ કહેવું સાંભળ્યું હતું. બેલ્જિઅનો એકત્ર અને મરણીઆ થઇ સામા થશે એવો તેમને ખ્યાલ હતો નહિ.

આ ભૂલો જાણવાજેવી છે, કારણ કે લડાઈ માટે તૈયારી કરવામાં જર્મનો જરાએ બેદરકાર રહ્યા નહતા અને પોતાના દુશ્મનોનાં સાધન વિષે ખબર અંતર મેળવવા ચૂક્યા ન હતા. દુનિયાનાં લશ્કરો અને હથિયારો વિષેની તેમની માહીતી સંપૂર્ણ હતી, પરંતુ માણસની મનોવૃત્તિ અને ચારિત્ર્ય સંબંધી માહીતી ખોટી હતી.

પ્રકરણ ૬ ઠું.

અ. આધુનિક સમયનાં હથિયારો અને યુદ્ધકળા.

હથિયારો અને યુદ્ધકળા સંબંધી એક પણ સારૂં વૃત્તાંત કોઇ જર્મન ઇતિહાસ લેખકે પણ લખ્યું નથી, તે ઘણું અજાયબ જેવું છે. કદાચ વિષય ઘણોજ વિશાળ લાગ્યો હશે. દરેક મહાન્ લડાયક પ્રજા કાંઇ કાંઇ ખાસ હથિયારો વાપરતી આવે છે અને તે હથિયારો જમાને જમાને બદલાય છે. યુદ્ધકળાના વિષયના બે વિભાગ છે. એક, સૈન્ય ચલાવવાનું કૌશલ્ય અને બીજો, વ્યૂહરચના. સૈન્ય ચલાવવાના કૌશલ્યનો અર્થ અનુકૂળ સ્થિતિમાં રહી લડાઇ લડવાને માટે સેનાઓની હિલચાલ કરવાની કળા એ થાય છે, અને લડાઇઓ લડવાની કળા એ વ્યૂહરચના છે.

સૈન્ય ચલાવવાના કૌશલ્યના સામાન્ય નિયમો બધા જમાનામાં એકજ જાતના રહ્યા છે. સત્વર ગતિ કરવી, છાનામાના ગતિ કરવી, દુશ્મનના લશ્કર

કરતાં વધુ સંખ્યામાં લશ્કરનો જમાવ કરવો,–આ બધા હમેશ સેનાપતિના આશયો હોય છે. પણ અસલના વખતના સેનાપતિઓને પોતાનાં લશ્કરને કાચી સડકો પરથી લઈ જવાં પડતાં હતાં; હાલના જમાનામાં લશ્કરો આગગાડીથી લઈ જઇ શકાય છે. યુરોપની રેલ્વે કંઈક અંશે લશ્કર લાવજાવ કરવાના ઉદ્દેશથી બાંધવામાં આવી છે અને બેલ્જિઅમની સરહદ ઉપર બધી રેલ્વે એકત્ર આવી શકે એવી તેમની અત્યુત્તમ રેલ્વે વ્યવસ્થાને લીધે બેલ્જિઅમ ઉપર જર્મનિ એકદમ હુમલો લાવી શક્યું. આ હુમલાને માટેજ રેલ્વે નાખવામાં આવી હતી, અને જર્મનોએ ઘણાં વર્ષોથી લડાઈ વખતે ખપ લાગે એટલા માટેજ પોતાનાં જૂનાં એન્જનો તૈયાર રાખ્યાં હતાં.

રેલ્વેટ્રેનો ઉપરાંત મોટર ગાડીનો પણ ઉપયોગ કરવામાં આવે છે, અને હાલની લડાઇમાં ઘણાં લશ્કરો મોટર ગાડીની મારફતે લઈ જવામાં આવ્યાં છે; અને બધાને ખોરાક પણ તેમની મારફતે પહોંચાડવામાં આવ્યો છે.

કૌશલ્યમાં થયલા ફેરફાર કરતાં હાલના સમયની વ્યૂહરચનામાં વધારે ફેરફાર થયા છે. ઓગણીસમા સૈકાની શરૂઆતમાં લશ્કરી સિપાઈઓને બંદૂકો આપવામાં આવતી હતી; તેમાં દારૂગોળો ભરવામાં આવતો અને તેમાંથી સીસાની ગોળ ગોળી ફેડાતી. સો વારથી વધારે દૂર તેની અસર થતી નહિ; આથી બીજા પક્ષના માણસો ઘણા નજદીક આવી જતા અને તેઓ સંગીનથી લડતા. જગ્યા ગમે તેવી મજબૂત હોય તોપણ તેનું રક્ષણ કરનારા માણસોને તેના ઉપર હુમલો કરનાર પક્ષ કરતાં વધારે લાભ મળતો નહિ.

બંદૂકોની માફક, તે સમયની તોપોને મોંઢા ઉપરથી દારૂગોળો ભરવામાં આવતો હતો, અને તેમાંથી લોઢાના નક્કર ગોળ ગોળાઓ છૂટતા. તેઓ બહુ દૂર જતા નહિ અને સિપાઇઓ તેનાથી જોઇએ તે કરતાં વધારે બ્હીતા હોય એમ જણાતું.

આજે હથિયારો બધાં બદલાઇ ગયાં છે. સાદી બંદૂકને બદલે પેચવાળી બંદૂક * (તોપનો કુંદો) દાખલ થઈ છે; તેમાં સંખ્યાબંધ કાર્તુસો હોય છે. વીસ પળમાં તે પાંચ બાર કરી શકે છે. માણસથી જેટલે દૂર દેખી શકાય તેટલે

*આવી જાતની બંદૂક આંખે જોવાથીજ સમજાશે.

દૂર તેના ઉપર નેમ લઇ શકાય છે. યાંત્રિક બંદૂક આગળ આવી બંદૂક કાંઇ વિસાતમાં નથી, કારણકે તેમાંથી બંબાની સૂંઢમાંથી પાણી નીકળે છે તેમ ગોળીઓનો સતત પ્રવાહ ચાલ્યો આવે છે. આવાં યંત્રો અદૃશ્ય રીતે કામ કરે છે. જૂના દારૂગોળાને બદલે ભડાકો કરીને ફુટે એવા નવા પદાર્થો દાખલ થયા છે; તેમાં નાઇટ્રિક ઍસિડ અને ગ્લિસરાઇન મુખ્ય આવે છે. આ પદાર્થો ઘણા નાશકારક છે અને એમાંથી ધૂમાડો નીકળતો નથી. આ પ્રમાણે દુશ્મન ઉપર ગુપ્ત રીતે ગોળીઓનો વરસાદ વર્ષાવવાનું લશ્કરીઓથી બની શકે છે, અને ખરેખર ખુનખાર લડાઇઓ થઇ છે કે જેમાં બન્ને બાજુ એકબીજાને જોઈ શકીજ ન હતી.

આથી બચાવ પક્ષને ઘણો લાભ થયો છે, કારણકે હુમલો કરનાર પક્ષને લાંબા વખત સુધી, દુશ્મન પાસે આવી પહોંચાય તે પહેલાં તોપના મારામાં રહેવું પડે છે. તે આગળ વધે છે ત્યારે તેતો દેખાય છે પણ દુશ્મન તો ગુપ્ત રહે છે. આ કારણને લીધે બન્ને બાજુ તરફથી ઘણી વખત રાત્રે હુમલા થયા છે; પણ દિવસે હુમલો કરવામાં તેઓ ડગ્યા નથી, અને બચાવ પક્ષને લુલો કરવાની આશામાં ઘણાજ માણસોનો ભોગ અપાયો છે.

હાલમાં બચાવનો અર્થ ખાઇ ખોદી કિલ્લેબંદી કરવી એ થાય છે. હાલનાં હથિયારો એવાં પ્રાણઘાતક છે કે સૈનિકો ખુલ્લા મેદાનમાં રહી પોતાનો બચાવ કરી શકે નહિ; તેથી લડાઇના ખુલ્લા મેદાનમાં પણ જ્યારે લડાઇ બંધ પડે છે ત્યારે સૈનિકો એકદમ પોતાને માટે ખાઇઓ ખોદી પડી રહે છે; તે ખોદવા વાસ્તે દરેક સિપાઇ પાસે એક કોદાળી હોય છે. જ્યારે સૈનિકોને કેટલોક વખત સુધી અમુક સ્થળે પડી રહેવું હોય અને જો ખાસ કરીને તેઓ સંખ્યામાં ઓછા હોય તો તેઓ આવી ખાઇઓ ઘણી ઊંડી ખોદે છે; માથે છાપરૂં વાળે છે, અને કાંટાવાળા તારની ગુંથણીથી આગલા ભાગનું રક્ષણ કરે છે. આવી ખાઇની કિલ્લેબંદીપર કોઇ પાયદળને જવું હોય તો તે પહેલાં તોપના મારાથી આવા તારોનો નાશ તેણે કરવો જોઇએ.

જૂની બંદૂકો જેટલોજ સુધારો હાલના તોપખાનામાં પણ કરવામાં આવ્યો છે. તોપો પાછળથી ભરાય છે, તેઓનો ગોળો ઓછામાં ઓછો ત્રણ

માઇલ જઇ શકે છે. અને જે કાંઇ દૃષ્ટિમાં આવે તેના પર નિશાન લઇ તેને મારી શકાય છે. અસલની તોપનો ગોળો હાલ જોવામાં આવતો નથી. હાલના ગોળા પોલા હોય છે ને તેમાં ભડાકો થઇ ફાટે એવા પદાર્થો ભરવામાં આવે છે. સામાન્ય રીતે તે કોઇ ચીજ સાથે અથડાય છે ત્યારે ફુટે છે, પણ કેટલાક ગોળા એવા પણ હોય છે કે તેઓ છુટયા પછી અમુક પળે ફુટે છે, જેથી તેઓ હવામાં ફુટી જાય છે. આવી જાતના ગોળાને સાધારણ રીતે 'શાર્પ્નલ ગોળાઓ' કહે છે. તેમાં નાની નાની ગોળીઓ ભરવામાં આવે છે; જ્યારે ગોળો ફુટે છે ત્યારે ગોળીઓ ચારે તરફ વિખરાય છે. આવા ગોળાઓ ઉપર વર્ણવેલી ખાઇની કિલેબંદી તોડવા માટે વપરાય છે; ગોળીઓ બરાબર ખાઇઓમાં સીધી પેસી જાય છે.

કિલ્લાઓની સામે આ ગોળા વાપરવામાંઆવતા નથી. કિલ્લાઓ મજબૂત અને દળવાળાં મકાનો હોય છે; ત્યાં લશ્કર આશ્રય લઈ શકે છે, અને લશ્કરી કૌશલ્યમાં આવા કિલ્લાઓ પણ અગત્યનો ભાગ ભજવે છે. દાખલા તરીકે, જ્યારે લશ્કર કોઈ દેશ પર હુમલો કરે અને તે દેશનું લશ્કર નબળું હોય તો તે લશ્કર કિલ્લામાં ભરાઇ જાય અને હુમલો કરનારા લશ્કરને આ જગ્યા લેવાને રોકાવુંજ પડે. એ લીધા વગર તે આગળ વધી શકેજ નહિ, કારણ કે કિલ્લામાં ભરાયલું લશ્કર બહાર નીકળી તેનો વ્યવહાર તોડી નાખે અને જોઇતો સામાન આવતો બંધ કરે. ફ્રેન્ચો ઇ.સ.૧૮૭૦માં જર્મનોથી હારીગયા ત્યારે પોતાની નિર્બળતા જાણી સરહદ ઉપર સંખ્યાબંધ કિલ્લાઓ તેમણે બાંધ્યા. બેલ્જિઅનો પાસે પણ મજબૂત કિલ્લા હતા અને તેથી ઘણા લોકો એમ ધારતા હતા કે જર્મનોને આ કિલ્લાઓને લીધે ઘણો વખત રોકાઇ રહેવું પડશે.

એમ છતાં જર્મનોએ બધી ગોઠવણ કરી રાખી હતી, અને રણક્ષેત્રમાં તેઓ બહુજ મોટી 'હોવિટ્ઝરો' લાવ્યા. આવી તોપોમાંથી ભડાકા સાથે ફુટે એવા પદાર્થોથી ભરેલો ભારે ગોળો મોટા વજન સાથે કિલ્લાના છાપરાપર સીધો પડે છે. બેલ્જિઅમના કિલ્લા ઉપર કાંક્રિટ અને પોલાદનાં ઘણાં દળદાર છાપરાં હતા; છતાં પણ આવા થોડાજ ગોળાથી તેના ચુરેચુરા થઇ ગયા. દસ માઇલ દૂરથી, ઘણી ચોકસાઇથી તૈયાર કરેલા નકશાની મદદથી, કિલ્લા

ઉપર નિશાન લઇ ગોળા ફેંકવામાં આવ્યા હતા; પરંતુ બેલ્જિઅમની તોપો તેની સામે કશું કરી શકી નહિ. આ મોટી 'હોવિટ્ઝરો' અને તેને રણક્ષેત્રમાં લઇ જવાનું યંત્ર જર્મનોએ અત્યાર સુધી છુપાં રાખ્યાં હતાં. સારા નસીબે ફ્રેન્ચ લશ્કરનો મોટો ભાગ કિલ્લામાં હતો નહિ, અને જે થોડો ભાગ હતો તે હાલ જર્મનિના હાથમાં કેદ છે.

યુદ્ધકળાનું ચોથું અંગ—હવાઇ વહાણ. આ લડાઇનું એક નવું લક્ષણ છે. 'એરોપ્લેન' અને 'ઝેપેલિન' એવી તેમની બે જાત છે. 'એરોપ્લેન'નો ઉપયોગ બધીજ પ્રજા કરે છે પણ 'ઝેપેલિન'નો તો માત્ર જર્મનિજ કરે છે. તેના શોધનાર એક અમીરના નામ ઉપરથી તેનું નામ 'ઝેપેલિન' પડયું છે. 'ઝેપેલિન'માં સંખ્યાબંધ બલુનો હોય છે; તેની આસપાસ એક ખોખું કરી નીચે એક ગાડી લટકાવવામાં આવે છે. બલુનો એને પૃથ્વીથી ઉંચે લઇ જાય છે, પણ એન્જિનથી ગતિ મળતા પંખાથી એ આગળ પાછળ જઇ શકે છે. કેટલાક ઉતારૂઓ અને કેટલાક ટન બંબગોળાઓને લઇ તે એક દિવસમાં એક હજાર માઇલ મુસાફરી કરી શકે છે. આ રાક્ષસી વિમાનોને લંડન અને પૅરિસ ઉરાડી દેવા માટે મોકલવાનો જર્મનોનો વિચાર હતો, પણ તેમાં તેઓ ફાવ્યા નથી. 'ઝેપેલિન'ને ઘણા અકસ્માત થવાનો સંભવ છે, અને 'એરોપ્લેનથી' તેને નુકસાન કરી શકાય છે. 'એરોપ્લેનો'એ સંતોષકારક કામ કરી બતાવ્યું છે. દુશ્મનના લશ્કરની હિલચાલની બાતમી મેળવવાને માટે તેમનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. બન્ને પક્ષના વૈમાનિકોએ ઘણીજ બાહોશી અને ધૈર્ય બતાવ્યાં છે, પણ આપણે હિંમતથી કહી શકીએ કે અંગ્રેજોએ રીતસર લડાઇમાં તે બતાવી આપ્યાં છે, જ્યારે દુશ્મનોએ તેમ કર્યું નથી. બ્રિટિશ લોકોએ જર્મન ગામડાં ઉપર બંબગોળા ફેંક્યા નથી, પણ તેમણે તો જર્મન સમુદ્ર અને કૉન્સ્ટન્સના સરોવર ઉપરની કિલેબંદીવાળાં સ્થળો જે તોપો વડે પોતાનો બચાવ કરી શકે એવાં હતાં તેના ઉપર બંબગોળા ફેંકયા છે, અને હવામાં સેંકડો માઇલની મુસાફરીના સાહસ પછી તેઓ પાછા સહીસલામત આવ્યા છે.

આ પ્રમાણે હવાઇ લડાઇએ યુદ્ધકળાના પ્રાચીન સમયનું આપણને સ્મરણ કરાવ્યું છે, કેમકે વીરરસવાળા કાવ્યમાં ચિત્રેલા યોદ્ધાઓનાં જેવાં

અંગત પરાક્રમ દેખાડવાનો અવકાશ એમાં મળે છે. બન્ને બાજુના છૂટા છૂટા વૈમાનિકોએ હિંમત અને ચાતુર્ય માટે કીર્તિ સંપાદન કરી છે, અને જે પ્રમાણે પ્રાચીન શૂરવીર પુરૂષો રણક્ષેત્રમાંથી દુશ્મનોને હાંકી કાઢતા હતા તેજ પ્રમાણે આકાશમાંથી દુશ્મનોના વિમાનોને તેમણે હાંકી કાઢયાં છે.

જમીનપરના યુદ્ધમાં ફેરફાર થયો છે તેના કરતાં જળ ઉપરની લડાઈમાં કાંઈ ઓછો ફેરફાર થયો નથી. હાલના કરતાં નેલ્સનના દિવસમાં કામ સહેલું હતું. અસલના કૅપ્ટનો આગળ જુદાજ પ્રશ્નો હતા: દુશ્મનને શોધવો અને પવન અને દુશ્મન વચ્ચે પોતાના વહાણને લઈ જવું;* પણ આ પૂરૂં કર્યા પછી તેના નાવિકોને માત્ર તોપો ભરી દુશ્મનનાં થોડે દૂર આવેલાં વહાણ તરફ તેમને તાકી તોપોનો મારોજ ચલાવ્યા કરવો પડતો.

હાલના કૅપ્ટનને ઉપર, નીચે ને આસપાસ ભય હોવા છતાં ઘણું નાજુક યંત્ર ચલાવવું પડે છે. લડાઈના હાલના બારકસનો મુખ્ય ઉદ્દેશ મોટી મોટી તોપો લઈ જવાનો હોય છે. તેમની મદદથી દુશ્મનનાં બારકસો યા દુશ્મનોના કિલ્લાનો નાશ કરી શકે છે, કારણ કે તે પોતે પણ એક જાતનો તરતો કિલ્લોજ છે. તોપો કેટલીક વખત વ્યાસમાં ૧૩ થી ૧૫ ઇંચિની હોય છે, અને દરેક ગોળાનું વજન ઘણા હંડરવેટ હોય છે; આવા ગોળાઓ દસ માઇલ સુધી બરાબર રીતે મારી શકાય છે. આ તોપો યાંત્રિક બળથી ફોડવામાં આવે છે; ગોળાઓ પણ તેમજ ભરવામાં આવે છે. ટુંકમાં વહાણપરનું દરેક કામ યંત્રથીજ થાય છે અને અંદરનો બધો ભાગ ઘડીઆળના જેવા સૂક્ષ્મ સાંચાકામથી ભરપૂર હોય છે.

આ બધું સાંચાકામ નાજુક અને મજબૂત બનાવેલું હોવું જોઇએ, કારણ કે મોટી તોપો જ્યારે ફોડવામાં આવે છે ત્યારે ધક્કો બહુ સખ્ત લાગે છે; વળી આ તોપો લઇ જવા અને તેમનું રક્ષણ કરવા વહાણનું આખું ખોખું મજબૂત હોવું જોઇએ. તે ખોખું પોલાદનાં દળદાર પતરાંથી બાંધવામાં આવે છે; પતરું અસલના કાલ્પનિક વજ્રના કરતાં પણ વધારે સખ્ત હોય છે.

---

*કારણ કે પવન અને દુશ્મન વચ્ચે વહાણ રાખવાથી જે પ્રમાણે મરજીમાં આવે તે પ્રમાણે વહાણને દુશ્મન તરફ અથવા તો તેનાથી દૂર હંકારી શકાય છે

મોટામાં મોટાં વહાણો 'ડ્રેડનૉટ' કહેવાય છે, કારણ કે એવી જાતના પહેલા વહાણને એ નામ આપવામાં આવ્યું હતું. તેઓની મુખ્ય ખૂબી એ છે કે તે મોટામાં મોટી કદની તોપો સિવાય કાંઇ પણ બીજું લઇ જતા નથી. આનાથી કાંઇક નાનાને 'ક્રુઝર' કહે છે; તેનો વેગ ડ્રેડનૉટ કરતાં વધારે છે; વધારેમાં વધારે તે કલાકના ત્રીસ માઇલ જઇ શકે છે.

આવાં વહાણો ઉપરથી લડવાનો ધંધો જેને કરવો હોય તેને આખી જિંદગી સુધી તાલીમ લેવાની જરૂર છે; બ્રિટિશ નૌકાસૈન્યમાં બધા નાવિકો નાની ઉમરથીજ જોડાય છે. નેલ્સનના દિવસમાં નાવિકનો ધંધો કોઇ પણ મનુષ્ય કરી શકતો હતો; હવે એમ બને તેમ નથી. બ્રિટિશ નૌકાસૈન્યમાં નાવિકની જગ્યા ખાલી પડે ત્યારે ઘણી મુસ્કેલીથી પૂરી શકાય છે; તેથી નૌકાસૈન્યમાં નાવિકની ખોટ બીજી ખોટ કરતાં ઘણી ગંભીર પ્રકારની હોય છે.

દોરડાં વગર સંદેશા મોકલવાની શોધ થવાથી નૌકાસૈન્યની લડાઇ ચલાવવાના કૌશલ્યમાં મહાન્ ફેરફાર થયો છે, કારણ કે એનાથી દરેક વહાણને બીજું વહાણ ક્યાં છે તેની ખબર પડે છે. નૌકાસેનાધિપતિ આખા કાફલાની હિલચાલ સબંધી સૂચના આપી શકે છે અને કિનારા ઉપર પોતાની સરકાર સાથે સંબંધ રાખી શકે છે. જર્મનોએ 'ઝેપેલિન' સાથે દોરડાં વગરનાં સંદેશા મોકલવાનાં યંત્રો રાખ્યાં છે, આવાં 'ઝેપેલિનો' પોતાના આકાશમાંના સ્થાન ઉપરથી દરિયાના વિસ્તીર્ણ પ્રદેશ ઉપર નજર રાખી શકે છે.

દુશ્મનની અરમારની તોપો ઉપરાંત લડાઇનાં વહાણોને બીજા ઘણા ભય હોય છે. કેટલાંક વર્ષ થયાં 'ટૉર્પેડો'ની શોધ થઇ છે. એનું હાલનુ સ્વરૂપ સીગારની આકૃતિવાળી ખોલી જેવું છે, જેમાં ભડાકો થઇને ફુટે એવા પદાર્થો ભરેલા હોય છે; તેને છેડે એક પેચ હોય છે જેનાથી પાણીમાં એને ગતિ મળે છે. હવાના દબાણથી ચાલતા એન્જિનથી આ પેચને ગતિ મળે છે, તેથી 'ટૉર્પેડો'ને એકવાર ગતિ મળી કે એક નાના વહાણની માફક પોતાની મેળે ચાલે છે. 'ટૉર્પેડો બોટ'ની બાજુમાં રાખેલી એક નળીમાંથી એને છોડવામાં આવે છે. જો એકજ 'ટૉર્પેડો' મોટા 'ડ્રેડનૉટ'ને વાગે તો તેના તળીઆમાં

એવડું મોટું ગાબડું પડે છે કે તે વહાણ થોડી મિનિટમાં બૂડી જાય છે. લડાઇના મોટા વહાણને 'ટૉર્પેડો બોટ' નો મોટો ભય રહે છે. તે ઘણી નાની હોય છે અને બહુ ઝડપથી ચાલે છે; જેમજેમ તે પાસે આવતી જાય છે તેમ તેમ તેને ગોળો મારવો બહુ કઠિન પડે છે. તેને હાંકી કાઢવાને 'ડિસ્ટ્રોયર'ને કામે લગાડવાં પડે છે. 'ડિસ્ટ્રોયર' 'ટૉર્પેડો બોટ' કરતાં કેટલેક અંશે મોટું હોય છે અને કલાકના ચાળીસ માઇલના વેગે ચાલી શકે છે અને એના ઉપર એક બે મોટી તોપો હોય છે. રસ્તો ખુલ્લો કરવાને, પડદારૂપે સંખ્યાબંધ આવાં વહાણો બારકસોની આગળ ચાલે છે.

એમ છતાં 'ડિસ્ટ્રોયર', 'એરોપ્લેન' અથવા તો'સબમરીન'ની સામે લડાઇનાં બારકસોનું સંરક્ષણ કરી શકતું નથી. 'ટૉર્પેડો' પછી 'સબમરીન'ની શોધ થઇ છે. એનો વિચાર લાંબા સમય પહેલાં કરવામાં આવ્યો હતો, પણ વ્યાવહારિક રીતે ફતેહમંદ કરવામાં ઘણી અડચણો પડી. પૂરેપૂરું બંધ કરી શકાય અને કાંઇક અંશે પાણીથી ભરી શકાય એવું તે એક નાનું વહાણ છે. પાણીની સપાટી નીચે તે ચાલી જઇ પોતાના એન્જિન વડે ત્યાં ગતિમાં રહે છે. પેટ્રોલથી ચાલતા એન્જિનથી તે ચાલે છે. 'સબમરીન'નો ઉદ્દેશ લડાઇના બારકસના પાસે ગુપ્ત રીતે જવાનો અને તેને 'ટૉર્પેડો' થી ઉરાડી મૂકવાનો હોય છે. તેમાં એક મુસીબત એ છે કે પાણીમાં તે રસ્તો જોઇ શકતી નથી, અને પાણીની બહાર પોતાનો 'પેરિસ્કોપ' રાખવા માટે તેને પાણીની સપાટી-પર આવવું પડે છે. 'પેરિસ્કોપ' એક નાની નળી છે, જેમાં કાચના પાસાથી 'સબમરીન'ની અંદર આજુબાજુના દેખાવના પ્રતિબિંબ પડેછે. જોકે 'પેરિસ્કોપ' ઘણો નાનો છે, તોપણ બારકસ ઉપરના માણસો એને જોઇ શકે તો 'સબમરીન' ક્યાં છૂપાઇ રહેલી છે, તેની ખબર આપવાને તે પૂરતો છે.

એકંદરે નાવિકો ધારતા હતા તે પ્રમાણમાં 'સબમરીને' અથવા તો સુરંગોએ એટલું બધું નુકસાન કર્યું નથી. સુરંગો પોલાદની ખોલીઓ છે; તેમાં ફુટે એવા પદાર્થો ભરેલા હોય છે, અને તે આગબોટોના રસ્તામાં પાણીની સપાટી ઉપર તરે છે. કેટલીક વખત તેમને છૂટી તરતી રાખવામાં આવે છે, અને કેટલીક વખત તેમને લંગર કરેલી હોય છે. ગમે તેમ હોય,

તો પણ જ્યારે આગબોટ તેની સાથે અથડાય છે ત્યારે તેઓ ઉથલાઈ જાય છે અને અંદરનો પદાર્થ ફુટે છે. કોઈપણ તરતી આગબોટનો નાશ કરવા એકજ સુરંગ પૂરતી મોટી અને બળવાન્ છે. તેમને શોધી કાઢી એકઠી કરી બધી સાથે ફોડી નાખવા નાનાં વહાણો મોકલ્યા સિવાય દરિયો ખુલ્લો રાખવાનો બીજો એકે ઉપાય નથી.

આધુનિક નૌકાસૈન્યની કળામાં નિપુણતા અને સાવચેતીની કેવી આવશ્યકતા છે તે બરાબર હવે સમજાય છે. 'સબમરીન'માં કોઈ દિવસ આપણે ઊતર્યા ન હોઇએ, અથવા તો લડાઈના બારકસના ઊંચા તૂતક પર ઊભા ન રહ્યા હોઇએ તો આ ભયનો ખરો ખ્યાલ કદી પણ આવશે નહિ. આપણે હવે એટલુંજ કહેવાનું બાકી છે કે લડાઈનાં બારકસોની રીતસર લડાઇમાં જે બારકસ હારી જાય તેનો અને તેની ઉપરના દરેક માણસનો ચોક્કસ નાશ થાય છે.

દાક્તરી કામ.

લડનારાઓની વાત પૂરી કરી રહ્યા પછી હવે આપણે દાક્તરો અને માવજત કરનારી સ્ત્રીઓ (nurses) સંબંધી થોડાક શબ્દો ઉમેરીશું. તેમને ઓળખાવનારૂં ચિહ્ન 'લાલ ચોકડી' (Red Cross) છે; જખમી થએલાને એક સ્થળેથી બીજે સ્થળે તેઓ લઈ જતા હોય, શસ્ત્રક્રિયા કરતા હોય, અથવા તો ઇસ્પિતાલમાં તેની માવજત કરતા હોય તો પણ સર્વ પ્રજાની સંમતિથી સર્વાનુમતે તે ચિહ્ન દાક્તરી કામનું નિશાન ગણાય છે. તેમનું કામ ભયભરેલું અને દુઃખદાયક છે, અને એવા સંજોગોમાં તેઓ કામ કરે છે કે તેઓ પણ બહાદુર બને છે. સર્વિઆમાં ૧૯૧૫ માં ટાઇફસ તાવ ફાટી નીકળ્યો હતો તે વખતે તેને નાબૂદ કરવામાં જે દાક્તરો અને માવજત કરનારી સ્ત્રીઓએ ભય વેઠ્યો હતો તેમનાં કરતાં ખરેખરા લડનારાઓએ વધારે વેઠ્યો નથી.

બ. સેનાઓ અને સેનાપતિઓ.

બ્રિટિશ લશ્કર.

ઈંગ્લંડના ઈતિહાસની શરૂઆતમાં ફ્રાન્સ સાથેના શતવર્ષી યુદ્ધ દર્મિયાન લશ્કરમાં નાના મોટા માણસો હતા; તેઓ જમીન પોતે ખેડતા અને પોતાની કહેવડાવતા, અને જેમની પાસેથી જમીન મળતી તેમની સાથે લશ્ક

બદલામાં લડવા જતા. તેમનો ઉપરી રાજા ગણાતો અને તેની સેવા કરવાને તેઓ સોગન લેતા. કેટલીકવાર જો રાજા પાસે પૂરતા પૈસા હોય તો તે બીજા સૈનિકો રાખતો, પણ સ્ટૂઅર્ટ રાજાઓ ગાદીએ આવ્યા ત્યાં સુધી આવો રિવાજ પ્રચલિત ન હતો. સ્ટૂઅર્ટ રાજાઓ લશ્કર રાખવામાં સરકારી પૈસો વાપરતા અને તેથી તેમની વિરૂદ્ધ ફર્યાદ કરવાનું પ્રજાને એક કારણ મળતું. જ્યારે સ્ટૂઅર્ટ રાજાને હાંકી કાઢવામાં આવ્યા ત્યારે લશ્કર ઉપરની સત્તા આમની સભાને આપવામાં આવી, અને દર વર્ષે બીજા વર્ષને માટે 'સ્થાયિ લશ્કર' નો પગાર આપવાને પૈસા પણ તેજ મંજુર કરતી. દરેક મનુષ્યને હથિયાર રાખવાનો અને તેને બોલાવવામાં આવે ત્યારે મદદ આપવાનો જૂનો સંપ્ર-દાય જતો રહ્યો હતો.

ઇ. સ. ૧૯૧૪નું સ્થાયિ લશ્કર તો થોડાં વર્ષની નોકરી વાસ્તે રાખેલું હતું. પાયદળનો દરેક આદમી સાત વર્ષ નોકરી કરવા બંધાતો; તે પછી નાગરિક જીવન ગાળવા પાછા જવું કે નહિ તે તે પોતેજ નક્કી કરતો. જો તે પાછો જાય તો ચાર વર્ષ સુધી તે એક અલાયદા લશ્કરી તરીકે ગણાતો. લડાઇમાં એની નોકરીની જરૂર પડે તો એને બોલાવવામાં આવતો. ત્યાર પછી તે મુક્ત થતો. પણ એથી ઉલટું જો લશ્કરમાં રહેવાનું એ નક્કી કરે તો તે આખી જિંદગી એજ નોકરીમાં ગાળે અને અરાઢ વર્ષ પછી એક નાના પેન્શન ઉપર તે વાનપ્રસ્થ થાય. નોકરી દાર્મિયાન તેને પગારમાં ખોરાક અને કપડાં ઉપરાંત દરરોજ એક શિલિંગ મળતી.

જે માણસો લશ્કરી નોકરીમાં દાખલ થતા તે ઘણે ભાગે દેશના મજુરો જે વર્ગમાંથી આવતા તેજ વર્ગના હતા. પ્રાથમિક શાળામાં તેર વર્ષની ઉમર સુધી તેઓ ભણતા અને લશ્કરી નોકરીમાં દાખલ થતાં પહેલાં તેઓ કાંઇ વ્યાપાર કે ધંધો શીખતા. લશ્કરી નોકરી છોડયા પછી પોતાને ધંધે પાછા વળગી જતા.

અમલદારો ઉચ્ચ સ્થિતિના યુવક હતા; તેઓ ઈંગ્લંડની વસ્તિગૃહવાળી શાળાઓમાં સાધારણ રીતે કેળવાયલા હતા. આસરે સત્તર વર્ષની ઉમરે આ-

શાળાઓ છોડી તેઓ લશ્કરી પાઠશાળામાં* દાખલ થતા; ત્યાં તેમને પોતાના ધંધાનું જ્ઞાન મળતું. લેફ્ટેન્ટ તરીકે પછી લશ્કરી નોકરીમાં તેઓ રહેતા, પણ ધીમે ધીમે ક્રમવાર કૅપ્ટન, મેજર, કર્નલ અને વખતે જનરલની પદવીએ પહોંચતા. તેઓ જિંદગીનો શ્રેષ્ઠ ભાગ લશ્કરી નોકરીમાં ગાળતા અને ૪૦ વર્ષની ઉમરે તરતજ પેન્શન લઈ વાનપ્રસ્થ થતા.

લશ્કરના ઘણા વિભાગો કરવામાં આવ્યા છે. **પાયદળ**, **ઘોડેસ્વાર** અને **તોપખાનું**. એ ત્રણ વિભાગ તો દરેક જણને માલૂમ છે, પણ ઇજનેરી ખાતું પણ એક અગત્યનો વિભાગ છે, એમ કેટલીકવાર વિસરી જવાય છે. ઇજનેરોનું કામ ઘણું અગત્યનું છે, એટલુંજ નહિ પણ કઠણ અને જોખમકારક હોય છે; તેમના કામમાં ઘણા ઊંચા પ્રકારની બુદ્ધિની જરૂર છે. દાખલા તરીકે દુશ્મનોના ગોળાના માર વચ્ચે ઘણીખરીવાર તેમને પુલ બાંધવા અથવા ભાંગવા પડે છે. ઇજનેરો ઉપરાંત દાક્તરોની ટોળી અને ખોરાક અને વાહન પૂરી પાડનારી ટોળી હોય છે. આવી ખોરાક અને વાહન પૂરી પાડનારી ટોળીનું કામ લશ્કરને ખોરાક પૂરો પાડવાનું હોય છે; તે કામમાં ઘણીજ દીર્ઘદૃષ્ટિ વાપરવી પડે છે; મૉન્ઝથી પાછા હઠતી વખતે બ્રિટિશ લશ્કરને ચાર દિવસમાં લગભગ સિત્તેર માઇલ પાછા હઠવું પડ્યું હતું, અને દરરોજ લાખ માણસને અને ઘોડાઓને ખોરાક પૂરો પાડવો પડતો હતો.

બ્રિટિશ પાયદળની ટુકડી કરવામાં આવે છે. લડાઇ પહેલાં, દરેક ટુકડીમાં આસરે હજાર માણસવાળી બે પલટણો હતી. સાધારણ રીતે એક પલટણ દેશમાં રહેતી અને બીજી સામ્રાજ્યમાં દૂર નોકરી કરવા જતી. વિગ્રહમાં બધી લશ્કરી ખાતાની ટુકડીઓથી એક સૈન્ય બને છે. જેમાં પાયદળની ચાર પલટણો, ઘોડેસ્વારની ત્રણ ટુકડીઓ, અને ત્રણ તોપખાનાં હોય છે. લશ્કરમાં બે અથવા વધારે વિભાગો હોય છે, અને એક વિભાગમાં બે અથવા તેથી વધારે સૈન્ય હોય છે.

લડાઇ પહેલાં બ્રિટિશ લશ્કરનું એકંદર બળ આસરે દસ હજાર અમલદારો અને બે લાખ માણસોનું બનેલું હતું. આમાનાં દોઢ લાખ અલાયદા

*સૅન્ડહર્સ્ટ અને વુલિચ.

લશ્કરમાં હતા, અને એક લાખ માણસ રણક્ષેત્રમાં ઊતરવા તૈયાર હતા. ઇ.સ. ૧૯૧૪ની પાનખર ઋતુમાં થોડા કલાકમાં આ લશ્કર લડાઇ માટે તૈયાર થયું અને થોડા દિવસમાં ફ્રાન્સમાં પહોંચી ગયું.

આ ઉપરાંત બ્રિટન પાસે રાષ્ટ્રીય લશ્કર હતું. જ્યારથી ફ્રાન્સ સાથે લડાઇ થવાનો ભય રહેતો હતો ત્યારથી ઓગણીસમા સૈકાના મધ્ય ભાગમાં તેમનો ઈતિહાસ શરૂ થાય છે. તે વખતે ઘણા શહેરીઓએ વૉલન્ટિઅર તરીકે નામો નોંધાવ્યાં; તેઓ લશ્કરી તાલીમ લેવા લાગ્યા, જેથી જરૂર પડે તો તેઓ હુમલાની સામે દેશનું રક્ષણ કરી શકે. આ પ્રમાણે બનેલું લશ્કર હયાતિમાં આવ્યું અને થોડાં વર્ષ થયાં તેમને સારાં હથિયારો આપવામાં આવ્યાં, તેમની સુવ્યવસ્થા થઈ અને 'ટેરિટોરિઅલ' તરીકે તેઓ ઓળખાવવા લાગ્યા.

ઈ.સ. ૧૯૧૪માં લડાઇની શરૂઆતમાં બ્રિટનનું આખું લશ્કર ફ્રાન્સમાં ઉતારવામાં આવ્યું. હિંદુસ્તાનનું ગોરૂં લશ્કર કાળા લશ્કર સાથે હિંદુસ્તાન છોડી ગયું અને તેની જગાએ 'ટેરિટોરિઅલ' મૂકવામાં આવ્યા. વખત જતાં આમાંના ઘણા 'ટેરિટોરિઅલ' પોતાની ખુશીથી ફ્રાન્સ અથવા તો લડાઈના કોઈ બીજા ક્ષેત્રમાં ગયા, અને ઈંગ્લંડમાં લશ્કરને માટે માણસોનાં નામ નોંધવામાં આવ્યાં. જે ટુકડીઓ હતી તેને માટે આ માણસોની પલટણો બનાવવામાં આવી, જેથી અસલની ટુકડીમાં બે પલટણને બદલે હાલ ત્રીસ પલટણો છે; તે દુનિયાના જુદા જુદા ભાગમાં નોકરી કરે છે. હથિયારબંધ બ્રિટિશ સૈનિકોની કુલ સંખ્યા આજે પચાસ લાખની છે.

યુરોપના અન્ય દેશનાં લશ્કરો.

જર્મન લશ્કરનાં ભિન્ન ભિન્ન ખાતાંઓ અને તેમની વ્યવસ્થા મોટે ભાગે આપણાં જેવાંજ હતાં. પરંતુ આ લશ્કરમાં લોકો રાજીખુશીથી જોડાતા ન હતા, દરેક પુખ્ત ઉમરે આવેલા, શરીર સંપત્તિવાળા પુરુષને બે વર્ષ લશ્કરી નોકરી કરવી પડતી હતી; ત્યાર પછી બાવીસ વર્ષ સુધી અલાયદા લશ્કરમાં તેની ગણના થતી. સામાન્ય સિપાઇઓને લશ્કરી નોકરીમાં થોડો કે નહિ જેવોજ પગાર મળતો.

અધિકારી વર્ગમાં મોટે ભાગે જાગીરદારો લેવામાં આવતા; અને આપણા અધિકારી માફક તેમને કેળવણી અને તાલીમ આપવામાં આવતી હતી. જર્મન સામ્રાજ્યમાં આવા કેળવાયલા સિપાઇઓની કુલ સંખ્યા લડાઈ ફાટી નીકળી તે વખતે આસરે ૫૯ લાખની હતી. જર્મન લશ્કરનો વાર્ષિક ખર્ચ લગભગ ૬,૦૦,૦૦,૦૦૦ પાઉન્ડ હતો; બ્રિટિશ લશ્કરનો ખર્ચ લગભગ ૨,૮૦,૦૦,૦૦૦ પાઉન્ડનો હતો. અલબત્ત બ્રિટિશ લશ્કરને પગાર આપવામાં આવતો હતો, અને વળી સામ્રાજ્યમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાનો તેનો ખર્ચ ભારે હતો, તેથી જર્મન લશ્કર કરતાં પ્રમાણમાં એનો ખર્ચ વધુ થતો.

જર્મન લશ્કરની માફક ફ્રેન્ચ લશ્કરમાં દેશના પુખ્ત ઉમરના પુરૂષો લેવામાં આવતા; તેઓને તાલીમ ત્રણ વર્ષ સુધી આપવામાં આવતી. લડાઇની શરૂઆતમાં કેળવાયલા સિપાઇઓની કુલ સંખ્યા ચાળીસ લાખથી કાંઇક ઓછી હતી.

ઑસ્ટ્રિઆના લશ્કરની સંખ્યા લગભગ ૪૦ લાખની અને રશિઆની ૫૦ લાખની હતી, આ મહાન્ રાજ્યોએ કેટલાં નામ નોંધ્યાં છે, અથવા તો કેટલાને રણસંગ્રામમાં ખરેખરી રીતે તેઓ ઉતારી શકશે, એ બાબત ચોક્કસ નિર્ણયપર આ આંકડા ઉપરથી આવી શકાય એમ નથી. લડાઈ દર્મિયાન તેઓએ પોતાના દેશનું ઘણુંખરૂં કામ સ્ત્રી વર્ગને સોંપી દીધું છે, અને પુરૂષ વર્ગને લડાઈ માટે છૂટો કર્યો છે; નામો નોંધવાની ઉમરમાં ઘટાડો કર્યો છે તેથી સોળ વર્ષના છોકરાઓ પણ હાલ લડાઇમાં ઉતર્યા છે.

સેનાપતિઓ.

જમીન ઉપરની લડાઇ સંબંધી કુલ સત્તા અંગ્રેજોએ લૉર્ડ કિચનરને આપી હતી, અને તેને લડાઈખાતાનો પ્રધાન નીમવામાં આવ્યો હતો. તેની ઉમર ૬૪ વર્ષની હતી. હાલના કોઇપણ મનુષ્ય કરતાં તેને લડાઇનો અનુભવ વધારે મળ્યો હતો અને ઉંચા હોદ્દાઓ પણ વધારે ભોગવ્યા હતા; તેથી પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ તેણે સંપાદન કર્યો હતો. વ્યવસ્થાપક તરીકે તે કુશળ હતો; ભવિષ્યના બધા બનાવોનું એ દીર્ઘદૃષ્ટિથી નિરીક્ષણકરી શકતો હતો.

મનુષ્યને પારખવાની શક્તિ એનામાં સારી હતી; વળી લશ્કર કેમ એકઠાં કરવાં, તેને કેમ દોરવવાં, અને તેમની અસંખ્ય જરૂરીઆતો કેમ પૂરી પાડવી તેની સઘળી વિગત એ જાણતો હતો. લડાઈ લાંબો સમય ચાલશે એમ એણે પ્રથમથીજ જાણ્યું હતું. ત્રણ વર્ષને માટે તૈયાર થવા અને લશ્કરમાં દસ લાખ માણસનો વધારો કરવા તેણે સૂચવ્યું હતું. તે પ્રમાણે દસ લાખ માણસ પણ બહાર નીકળી આવ્યાં અને તેમને કેળવવામાં તેણે પોતાનો ધર્મ બજાવ્યો. આવા કામમાં મુશ્કેલીઓ કેટલી હોય છે તેનો વિચાર કરીશું ત્યારે દેશ તેને કેટલો આભારી છે તે આપણને માલૂમ પડશે. આપણે કહેવું જોઇએ કે માત્ર ઇંગ્લિંડનીજ સેવા એણે બજાવી છે, એટલુંજ નહિ પણ ફ્રેન્ચોની સાથે ઘણાજ સલાહ સંપથી એ કામ કર્યું છે, તેથી મિત્ર રાજ્યોમાં પરસ્પર સહાય કરવાના દાખલા આના કરત વધારે સારા ઇતિ ાસમાં મળી આવતા નથી.

હાલ તો એના અચાનક મૃત્યુ વાસ્તે આપણે દિલગીર થવાનું છે. બ્રિટિશ લડાયક વહાણમાં રશિઆ જતાં એ અને એની હાથ નીચેના માણસો તા. ૫મી જુન સને ૧૯૧૬ ના રોજ ઑર્કનિના ટાપુ પાસે વહાણને સુરંગ વાગવાથી ડુબી ગયા. એની જગાપર લડાઇનો સેક્રેટરી હજુ શોધવાનો છે. ઘણી દિલગીરી સાથે આ કામ લોકોને કરવું પડશે; પરંતુ લૉર્ડ કિચનરનું કામ ઘણી સારી રીતે થયું છે. પાયા મજબૂત નાખવામાં આવ્યા છે, અને નવા પ્રધાન માટે કામ હવે ઘણું સહેલું થયું છે. માત્ર ચિંતાતુર સમયમાં પોતે લીધેલા મહાન્ શ્રમનો બદલો લૉર્ડ કિચનર પોતાની આંખે જોશે નહિ, એ દિલગીરી આપણે થયા વિના રહેશે નહિ.

બ્રિટિશ લશ્કરનો પહેલો સેનાધિપતિ સર જૉન ફ્રેન્ચ (હાલ વાઇકાઉન્ટ ફ્રેન્ચ) હતો. દક્ષિણ આફ્રિકાની લડાઇમાં એક સરદાર તરીકે તેણે ખ્યાતિ મેળવી હતી; તે ખ્યાતિ મૉન્ઝથી પાછા હઠવામાં અને ઇપરની લડાઇમાં તેણે બરાબર જાળવી રાખી છે. એક વર્ષના સખ્ત કામ પછી નોકરીમાંથી તે નિવૃત્ત થયો, અને એની જગ્યાએ સર ડગલસ હેગને નીમવામાં આવ્યો છે.

ફ્રેન્ચનો મુખ્ય સેનાધિપતિ જનરલ જોફ્ર છે; તે હાલ ૬૫ વર્ષનો છે. તે ગરીબ કુટુંબમાં જન્મ્યો હતો અને પ્રશંસાપાત્ર ગુણોથી ઉંચી પદવીએ ચઢયો છે. તેની શરૂઆતની નોકરી ઇજનેરીખાતામાં હતી અને તેને લીધેજ ખાઇઓની લડાઇપદ્ધતિ સમજવાને અને ચલાવવાને તે શક્તિવાન્ થયો. રણક્ષેત્રની સમગ્ર સ્થિતિ સમજવામાં, દરેક સ્થળે યોગ્ય બળ રાખવામાં, અને દરેક જગ્યાએ લાયક માણસને સરદારી આપવામાં તેણે વળી અદ્ભુત શક્તિ બતાવી આપી છે.

જર્મન લશ્કરનો કહેવાતો મુખ્ય સરદાર કૈસર છે. પણ લશ્કરોની હિલચાલમાં એનો કાંઇ હાથ હોય એમ જણાતું નથી. હિન્ડનબર્ગ અને મૅકેન્સન નામના એના બે સરદારોએ જાણવા લાયક વિજય મેળવ્યો છે. પૂર્વના દેશોમાં એમની સરદારી નીચે લશ્કરને મૂકવામાં આવ્યું હતું, અને સન ૧૯૧૫માં રશિઆની સામે ચઢાઈ પાર ઉતારનાર હિન્ડબર્ગજ હતો; ફ્રાન્સમાં કોઇ પણ જર્મન સરદારે નામના મેળવી નથી. પાટવીકુંવરને (Crown Prince) મોટી પદવી તો આપવામાં આવી પણ તે કાંઇ પરાક્રમ બતાવી શકયો નહિ.

રશિઆના લશ્કરની સરદારી હાલ ઝારે પોતેજ લીધી છે, જો કે લડાઇ ચલાવવાનું કામ જુદા જુદા સરદારોને સોંપવામાં આવ્યું છે. આ સરદારોમાં મુખ્ય ગ્રાન્ડ ડયુક નિકોલસ છે; તેને ઇ. સ. ૧૯૧૪માં પોલંડમાં સરદારી આપવામાં આવી; ત્યાં તે જર્મનો સાથે સમાનતાથી લડી શકયો. હવે તે કૉકેસસ ગયો છે, તેથીજ રશિઅનોએ અર્ઝરૂમમાં ફતેહ મેળવી છે.

નૌકાસૈન્ય.

આધુનિક નૌકાસૈન્યની નોકરી તે હમેશ આખી જિંદગી સુધીની નોકરી છે. અંમલદારો અને માણસો તરૂણ વયથીજ નોકરીમાં દાખલ થાય છે, અને જ્યારે તેઓ પેન્શનપર વાનપ્રસ્થ થાય છે ત્યારેજ તે છોડી જાય છે.

જ્યારે લડાઇ શરૂ થઇ ત્યારે દરેક પ્રજાનું નૌકાબળ કેટલું હતું તે નીચેના કોઠાપરથી જણાશે.

	બ્રિટન	ફ્રાન્સ	જર્મનિ
૧. લડાયક વહાણો (ડ્રેડનૉટ)	૨૪	૪	૧૬
૨. લડાઇની ક્રુઝરો	૧૦	...	૫
૩. ડ્રેડનૉટની આગળનાં જૂનાં વખતનાં વહાણો	૭૪	૩૮	૨૯
૪. ક્રુઝરો	૮૩	૧૩	૪૩
૫. ડિસ્ટ્રોયર	૨૨૫	૮૪	૧૩૦
૬. ટૉર્પેડો બોટ	૧૦૬	૧૫૦	૮૦

હાલની સ્થિતિ સમજવામાં આ કોઠો કાંઇ બહુ ઉપયોગી નિવડશે નહિ, કારણકે કેટલાંક વહાણનો નાશ થયો છે અને કેટલાંક નવાં બંધાયાં છે. ઇ.સ. ૧૯૧૪માં આપણા નૌકાસૈન્યમાં નાવિકો અને અધિકારીઓની સંખ્યા દોઢ લાખની હતી; ફ્રાન્સના નૌકાસૈન્યમાં સંખ્યા ૬૦ હજાર અને જર્મનિમાં ૮૦ હજાર હતી; મહાન્ બ્રિટિશ નૌકાસૈન્યનો સેનાપતિ સરજૉન જેલિકો છે; હાલ તે ૫૬ વર્ષનો થયો છે. જર્મન નૌકાસૈન્યનો સેનાપતિ પહેલાં તો વૉન ટિર્પિટ્ઝ હતો; પરંતુ તેને કાંઇ કારણસર નિવૃત્ત કરવામાં આવ્યો છે. તે કારણ હજુ જાહેર થયું નથી.

પ્રકરણ ૭ મું

દરિયાઇ લડાઈ.

એક તત્વવેત્તાએ કહ્યું છે કે 'અણધાર્યું હમેશ બને છે'. આ લડાઇમાં એવું ઘણું બન્યું છે. આ યુદ્ધનો ઇતિહાસ સૌથી રસિક બનાવવાનો રસ્તો એજ છે કે દરેક પક્ષની અભિલાષાઓ બતાવવી અને કેટલે અંશે તે ફળીભૂત થઇ છે તેનું વર્ણન કરવું.

જર્મન નૌકાસૈન્યનાં મુખ્ય મથક કિલ અને વિલ્હેમ્સહૅવન છે. આ બન્ને સ્થળોમાં દુશ્મનોનાં વહાણોના હુમલાનો ભય નથી. વિલ્હેમ્સહૅવનની

આગળ હેલિગોલંડ ટાપુનો મજબૂત કિલ્લો છે. ઉત્તર સમુદ્રનો કિનારો છાછરો છે, અને જે વહાણોને આ બાબત સારી રીતે માહીતી નથી, તેને વાસ્તે તે કિનારો ભયનું કારણુ છે. ત્યાં બધે ઠેકાણે સુરંગો નાખવામાં આવી છે.

ઈંગ્લંડ કે રશિઆ સામે લડાઇ ચલાવવાને સુગમ પડે એવી રીતે આ મથકો આવેલાં છે. આ બન્ને મથકો કેસર વિલ્હેમની નહેરથી જોડાયાં છે; તેથી થોડા કલાકમાં જર્મન વહાણો બૉલ્ટિક સમુદ્રમાંથી ઉત્તર સમુદ્રમાં જઇ શકે છે અને તેઓ ક્યાં છે તેની પાકી ખબર બ્રિટિશ કાફલાને કદી પડતી નથી, તેમ છતાં બહાર નીકળી બ્રિટિશ કાફલા ઉપર હલ્લો કરવાની જર્મનોની યોજના નથી. તેઓનાં વહાણ, તોપો, અને માણસો આપણી સાથે લડવાને શક્તિવાન્ છે, પરંતુ તેઓનું નૌકાબળ ઓછું છે, માટે તેઓ ખુલ્લી લડાઇનું જોખમ ખેડવા તૈયાર નથી. તેમની યોજના નીચે પ્રમાણે હોય એમ લાગે છે.

૧. સુરંગ અને ટૉર્પેડોની મદદથી એક પછી એક બ્રિટિશ વહાણનો નાશ કરવો. આવા વિચારથી તેઓએ માત્ર પોતાના કિનારા ઉપર નહિ પણ આપણા કિનારા ઉપર પણ સુરંગો નાખી છે. છેક આયર્લંડના પશ્ચિમ કાંઠા સુધી ઍટલૅંટિક મહાસાગરમાં તેઓએ સુરંગો નાખી છે; તેમની સબમરીનોએ રાત અને દિવસ આપણાં વહાણો ઉપર હુમલા કર્યા છે. પણ મોટી ફતેહ તો માત્ર તેઓને એકજ મળી છે. ત્રણ બ્રિટિશ ક્રુઝરો–ક્રેસી, અબુકર અને હોગને તેમણે ડુબાડી છે. આ બધીનો એકજ જર્મન સબમરીને નાશ કર્યો છે, જે પાછી જર્માન સહીસલામત પહોંચી ગઇ છે.

૨. ઇંગ્લંડના કિનારા ઉપર હુમલા કરીને ઇંગ્લંડને નુકસાન કરવું અને ગભરાટમાં રાખવું. આવા એક કરતાં વધુ પ્રયત્ન કરવામાં આવ્યા છે, અને જર્મનિથી રાત્રે નીકળી સવારે પાછાં પહોંચી જાય એવાં કેટલાંક ઝડપી વહાણોએ કાંઇક નુકસાન પણ કર્યું છે.

૩. ભરદરિયે હથિયારબંધ ક્રુઝરોથી અંગ્રેજોના વ્યાપારનો નાશ કરવો. એક પ્રકારે જમીન ઉપરની લડાઇના રિવાજ કરતાં દરિયા ઉપરની લડાઇનો રિવાજ જુદો છે; દરિયા પર ખાનગી માલ મિલ્કતને નુકસાન નહિ કરવું એવો નિયમ નથી. દુશ્મનના વાવટા સાથે જે વહાણ ફરતું હોય તેને

પકડવાનો હક છે; તેથી જર્મનો અંગ્રેજોના વ્યાપાર ઉપર હુમલો કરી શકે. કાંઇક અંશે લડાયક વહાણોથી અને કાંઇક અંશે થોડી નાની તોપવાળાં વ્યાપારી વહાણોથી આ પાર પાડવાની તેમની ધારણા હતી. કેટલાંક વ્યાપારી વહાણોના ભંડારમાં તોપો રાખવામાં આવતી હતી; લડાઇના વખતમાં તે ઉપર લાવી બ્રિટિશ વહાણ સામે નેમ તાકી તેઓ ફોડવામાં આવતી હતી.

એમ છતાં આ યોજનામાં જર્મનો નિષ્ફળ થયા છે. શરૂઆતમાં થોડીક ક્રુઝરે કેટલુંક નુકસાન કર્યું, પરંતુ આખરે બ્રિટિશ કાફલાએ તેમને પકડી. વધારેમાં વધારે જાણીતી થએલી ક્રુઝર એમ્ડન છે. તે ટ્સિંગટાઉમાંથી નીકળી ગઇ અને કેટલાંક અઠવાડિયાં સુધી હિંદી મહાસાગરમાં તેણે થોડો ઉપદ્રવ કર્યો. તેણે લગભગ ૨૦ બ્રિટશ વહાણો ડુબાડ્યાં અને આખરે ઑસ્ટ્રેલિઅન ક્રુઝર સિડનિએ તેને પકડી. તેણે કૉકોસના ટાપુઓ ઉપર આવેલા તાર વગર સંદેશા મોકલવાના મથક ઉપર હુમલો કર્યો. તે મથક ઉપરથી મદદની માગણીનો સંદેશો મોકલવામાં આવ્યો; તે સિડનિને મળ્યો, અને એમ્ડન નાસી જાય તે પહેલાં સિડનિ ત્યાં પહોંચી ગઇ. તે જબરૂં વહાણ હતું, તેથી જલદીથી તેણે એમ્ડનના કકડે કકડા કર્યા. કેટલાક સમય પછી એક જર્મન વહાણ ઉત્તર સમુદ્રમાં તટસ્થ રાજ્યના વહાણ તરીકે બ્રિટિશ કાફલામાંથી પસાર થઇ ગયું; તેણે ઍટલૅંટિક મહાસાગરમાં ઘણાં વહાણો ડુબાડયાં. અંતે કોલસા ખુટી જવાથી તેને એક અમેરિકાના બંદરમાં આશ્રય લેવાની જરૂર પડી.

બ્રિટન ઉપર હુમલો કરવાની જે નેમ હતી તેના આગળ આ બધી યોજનાઓ તો ગૌણ હતી. એ તો નિઃસંદેહ છે કે જર્મનોએ લાંબા વખત સુધી આવી આશા રાખી હતી; પણ જયાં સુધી બ્રિટિશ કાફલો સમુદ્ર ઉપર છે, ત્યાં સુધી તેમની કોઇપણ જાતની આશા ફળીભૂત થવાનો સંભવ નહતો; છતાં જો હોય તો પણ તે કેવું રૂપ લેશે તે પણ તેઓ જાણતા નહતા. જયાં સુધી આ સ્થિતિ રહી ત્યાં સુધી કિલની નહેરમાંથી, થોડા માઇલ પણ બહાર નીકળવાને જર્મનો ભાગ્યેજ હિંમત કરી શકયા. બ્રિટિશ કાફલાના ગમે તે પ્રકારે બે વિભાગ થાય તો નબળા ભાગ ઉપર હુમલો કરવાની તેમની

નેમ હતી. સન ૧૯૧૬ના મે માસની આખરમાં એ તક મળી, અને પોતાની આશા પરિપૂર્ણ કરી શકાશે એમ તેઓને લાગ્યું. ડેન્માર્કના કિનારાપર આખો જર્મન કાફલો ઉતરી આવ્યો; (કયા હેતુથી ઉપડી તે આવ્યો તે આપણે જાણતા નથી.) તેણે દરિયામાં બ્રિટિશ ક્રુઝરનો એક નાનો કાફલો જોયો. તેમનાપર તેઓએ એકદમ હુમલો કર્યો, જેનો જવાબ બ્રિટિશ ક્રુઝરોએ વાળ્યો. લડાઇ જોશભેર લાંબી ચાલી, પરંતુ જર્મન સૈન્યનું બળ વધારે હોવાથી બ્રિટિશને ભારે નુકસાન થયું. એમ છતાં વખતસર બ્રિટનનો બધો કાફલો આવી પહોંચ્યો; લડાઇની બાજી બદલાઇ અને જર્મનો એકદમ પૂરતી ઝડપે સહીસલામત પોતાને સ્થાને પાછા જતા રહ્યા. અંધકારને લીધે તેઓ નાસી જઈ શક્યા, પણ નુકસાન તો થયું. જર્મનોએ એ નુકસાનનો હજુ સુધી સ્વીકાર કર્યો નથી. કેટલું નુકસાન થયું, તેની આપણે ખાત્રી નથી, પણ પહેલી પંક્તિનાં પાંચ વહાણો તથા બીજાં ઘણાં નાનાં વહાણો નાશ પામ્યાં છે, એટલું તો ચોક્કસ લાગે છે. ચાર મોટાં વહાણો અને બીજાં કેટલાંક નાનાં વહાણોનું નુકસાન બ્રિટિશને પણ થયું છે. વિગ્રહ દર્મિયાન દરિયાની મોટી લડાઈ આજ થઇ છે. સામસામાં દરિયા ઉપરની ખુલ્લી લડાઈમાં તો પહેલાંની માફક હજુ સુધી બ્રિટિશ કાફલો સર્વોપરિસત્તા ભોગવે છે.

હવે બ્રિટિશ કાફલા અને તેના હેતુઓ તરફ નજર કરીએ અને પહેલાં તેનાં મથકોની નોંધ લઇએ. ઑર્કનિમાં સ્કાપાફ્લો, ફૂર્થ ઑવ ફોર્થ ઉપર રૉસિથ અને ડોવર એટલાં ગ્રેટબ્રિટનનાં મથકો છે. તેના હેતુઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. જર્મનિનાં લડાયક અને વ્યાપારી વહાણોને માટે ઉત્તર સમુદ્ર બંધ કરવો.
૨. ધસારા બંધ હુમલાની સામે ઈંગ્લંડનું રક્ષણ કરવું.

આપણે જોઇ ગયા તેમ આ બન્ને હેતુઓ પાર પડયા છે. ઈંગ્લંડના કિનારા ઉપર જર્મન વહાણો કેટલીક વખત આવી પહોંચ્યાં હતાં ખરાં, પણ તેમની ઇચ્છાઓ અને આશાઓ જોતાં ગણના કરવા જેવું નથી.

જર્મનોએ ઈંગ્લંડના કિનારા પર એકજ ફતેહમંદ ધસારો કર્યો છે.

એક લાંબી શીઆળાની રાત્રે તેમનાં ત્રણ ચાર ઝડપી વહાણો જર્મન સમુદ્રમાંથી છાનામાનાં નીકળી આવ્યાં, અને હાર્ટલપુલ, વ્હિટબિ અને સ્કારબરો ઉપર ગોળાનો મારો ચલાવ્યો. આમાંના પહેલામાંજ બચાવનાં સાધનો હતાં, પણ ત્રણેને નુકસાન થયું; ઘણા શહેરીઓ માર્યા ગયા. ધુમસનો લાભ લઇ જર્મન વહાણો બીજે દિવસે પોતાની ગોદીમાં નાસી ગયાં. બીજો ધસારો દુશ્મનને એટલો સંતોષકારક નિવડયો નહિ. બ્રિટિશ કાફલાના એક ભાગે જર્મન કાફલાને સપડાવ્યો, અને જ્યારે તે હેલિગોલંડ જતો હતો ત્યારે નાસતાં નાસતાં તેને હરાવ્યો, અને બ્લુકર નામની એક ક્રુઝરને ડુબાડી ને એને અશક્ત કરી.

૩. ફ્રાન્સ અને લડાઇની બીજી જગ્યાએ લશ્કર લઇ જવાનાં વહાણોનો બચાવ કરવો.

ખરેખર, અદ્ભૂત ફતેહ સાથે આ કામ તો પાર પાડવામાં આવ્યું છે. લગભગ બે વર્ષ દર્મિયાન લાખો સિપાઇઓએ દરેક દિશામાં અને વળી દુશ્મનોનાં મથકોની નજીકમાં દરિયો ઓળંગ્યો છે. એક બે આફત સિવાય બીજું કાંઈ જાણવા જેવું બન્યું નથી. આવાં વહાણ એક કે બે વખતજ ડુબ્યાં છે.

જબરો કાફલો હોવાને લીધે જમીન ઉપરની સ્થિતિમાં કેવા ફેરફાર થાય છે તેનું આપણને ભાન થાય છે. આથી હુમલાની સામે ઈંગ્લંડનું રક્ષણ થયું છે, એટલુંજ નહિ પણ, પોતાના દેશના રક્ષણાર્થે અને જર્મનિની સાથે લડતા યુરોપના રાજ્યોનો પક્ષ મજબૂત કરવાને બેલ્જિઅમના રણક્ષેત્રમાં, બ્રિટિશ સૈનિકો લડવાને શક્તિમાન્ થયા છે.

૪. બ્રિટિશ નાવિકો દુશ્મનોની સામે પરિણામ જનક યુદ્ધ કરવા ઘણા લાંબો વખત થયા આતુર છે, પણ તેમને તક મળી નથી. જટ્લંડ આગળ મુખ્ય લડાઇ થઈ છે, પણ તેથી કેટલીક નાની લડાઇઓ ભૂલી જવી જોઇએ નહિ. જ્યારે યુદ્ધ શરૂ થયું ત્યારે દક્ષિણ પેસિફિક મહાસાગરમાં એક જબરો જર્મન કાફલો હતો. તેણે વૅાલપરૈઝો આગળ ચાર અંગ્રેજ વહાણને હરાવ્યાં, પણ ફૅાકલંડ ટાપુ આગળ બ્રિટિશ કાફલાએ દુશ્મનના કાફલાને ફસાવ્યો અને એક સિવાય દુશ્મનનાં બધાં વહાણ ડુબી ગયાં. આ લડાઇઓથી આપણે

માલૂમ પડે છે કે જર્મનો બળવાન દુશ્મનો છે, પણ ગોળા નાખવાની બ્રિટિશની કળા તેમના કરતાં શ્રેષ્ઠ છે. આપણને જે નુકસાન થયું છે તે ટૉર્પેડો અને સુરંગથી થયું છે,

દરિયા ઉપરની લડાઇ ની હકીકત હજુ આપણે પૂરી કરી નથી. સબમરીનની લડાઇ અને દરિયાનાં નાકાં બંધ કરવા બાબત આપણે હવે વિવેચન કરવું જોઇએ. બંદરની અંદર વહાણોની આવજા બંધ કરવાની સ્થિતિને નાકેબંદી કહે છે. બધાએ કબૂલ કર્યું છે કે જ્યારે પ્રજાઓ વચ્ચે લડાઇ ચાલતી હોય ત્યારે એકબીજા અરસપરસનાં બંદરો બંધ કરે. જો કોઈ બંદર ખરેખર બંધ કરવામાં આવ્યું હોય, એટલે કે નાકેબંદીનો અમલ કરવા વહાણો મોકલવામાં આવ્યાં હોય, અને તટસ્થ રાજ્યનાં વહાણો તેમાં પ્રવેશ કરવાને પ્રયત્ન કરે તો તેમને પકડવાં એમ કબૂલ કરવામાં આવ્યુ છે. જ્યારે લડાઈ ફાટી નીકળી ત્યારે ઈંગ્લંડે જર્મન બંદર સાથેનો વ્યવહાર બંધ છે એવું જાહેર કર્યું ન હ, પરંતુ લડાઇનાં સાધનો જર્મનિમાં આયાત કરવાની મના કરી. આ માલ, બંધીના માલ તરીકે જાહેર કરવામાં આવતો, અને જે તટસ્થ વહાણો એ માલને લઇ જતાં તેને પકડવામાં આવતાં; પરંતુ ખોરાક અને રૂ જેવી કેટલીક ચીજોની આયાત કરવાની છૂટ હતી.

થોડા વખત પછી જર્મન સરકારના કૃત્યથી આ સ્થિતિ ફેરવાઇ. તે સરકારે પોતાના દેશમાં ખોરાકની બધી ચીજો કબજે લીધી અને લશ્કરી સત્તા હેઠળ તેમને મૂકી. બ્રિટિશ સરકારે એમ જાણ્યું કે આ પ્રમાણે. ખોરાક લડાઇનાં સાધનોની એક ચીજ થઇ પડે છે, માટે તેણે તેની આયાત અટકાવી, અને જર્મનિ સામે નાકેબંદી જાહેર કરી. જર્મનએ બ્રિટનની નાકેબંદી જાહેર કરી પ્રત્યુત્તર વાળ્યો. સબમરીનના ઉપયોગ સિવાય નાકેબંદી અમલમાં લાવવાને તેઓ પાસે બીજાં સાધનો હત નહિ. સબમરીનના ઉપયોગથી લડાઇના નિયમોનો ઘણે પ્રકારે ભંગ થયો. વ્યાપારી વહાણો પર હુમલો થાય તે પહેલાં તેઓને ચેતવણી મેળવવાનો ક છે તે નિયમ તેણે ખાસ કરીને તોડયો. જર્મનોએ તેમને કાંઈ પણ ચેતવણી આપતા નહિ, પણ ટૉર્પેડો મારી ડુબાડી દેતા અને ખલાસીઓને દરિયામાં તરફડવા દેતા. આ બ્રિટનની નાકેબંદીને સામે

બ્રિટિશ સરકારે જર્મનિની પૂરેપૂરી નાકેબંદી જાહેર કરી, અને ઉત્તર સમુદ્રના નાકા આગળ રાખેલા કાફલાથી તે આપણે અમલમાં લાવ્યા.

ઉત્તર સમુદ્રના નાકા ઉપર તપાસ રાખવાની રાજ્યના નૌકાસૈન્યની ફરજ છે, પણ તેને દરિયામાંથી સુરંગો ખસેડી નાખવા ઉપરાંત નાકેબંદીના બીજા કામોમાં રોકવામાં આવેલાં ઘણાં વ્યાપારી વહાણોની મદદ લેવી પડે છે. આ વહાણોમાં સાધારણ નાવિકો અને કિનારા પર રહેતા માછીઓ રાખવામાં આવે છે; તેનાં ધૈર્ય અને ખંત વિષે વિવેચન કોઇ પણ વિગ્રહના ઇતિહાસમાં રહી જવું જોઇએ નહિ. આવાં સેંકડો વહાણો સુરંગો અને ટૉર્પેડોથી ડુબાડી દેવામાં આવ્યાં છે; હજારો માણસોને પણ ડુબાડવામાં આવ્યા છે; પરંતુ મરણ પામેલા માણસોની જગ્યા જલદીથી પૂરવા કોઇ પણ પાછી પાની કરતું નથી. જે વ્યાપારી વહાણોના નાવિકો આવા જોખમમાં દરિયામાં પોતાનાં વહાણો ચલાવે છે તેમને વાસ્તે પણ એવુંજ કહેવું ઘટે છે. સન ૧૯૧૫માં પરચુરણ માલવાળાં આસરે ૬૦૦ વ્યાપારી વહાણોને ડુબાડવામાં આવ્યાં હતાં; અને ઘણી વાર તેમના લગભગ બધા નાવિકો મરણને શરણ થયા હતા. પાછળ બચનારને પણ ઘણુંજ દુઃખ ખમવું પડયું હતું, પણ દરિયાઇ સફરને માટે નાવિકો શોધવામાં કોઈ પણ વખત વિલંબ થયો નથી.

દીવસે દીવસે મોટી સબમરીનો બાંધવા વાસ્તે અને તેને વાપરવાના ભયાનક અને કઠિન કામમાં કુશળતા પ્રાપ્ત કરવા વાસ્તે દુશ્મનોની પ્રશંસા કર્યા વિના આપણને ચાલે એમ નથી. આપણા નૌકાસૈન્યે સંખ્યાબંધ આવી સબમરીનોને પકડી છે અને ડુબાડી છે; ઘણી વાર તો તેમને દરિયામાંથી હાંકી કાઢવામાં આવી છે; પણ તેઓ હમેશ ફરીથી દેખાઈ છે અને આજે પણ મિત્રરાજ્યોનાં વ્યાપારી વહાણોને અને બ્રિટન પાસે આવતાં તટસ્થ રાજ્યોનાં વહાણોનો ભોગ લે છે. તેઓ બ્રિટિશ કાફલાની નીચે જઇ ઍટલૅંટિક મહાસાગરમાં ઘણે દૂર જાય છે અને આપણાં વહાણોને રાત દિવસ નાશ અને તાત્કાળિક મરણની ધાસ્તીમાં રાખે છે.

લડાઇની શરૂઆત પછી થોડા સમયમાં જમીન માર્ગે, ઑસ્ટ્રિઆના કાફલાના મુખ્ય મથક પોલામાં અને કૉન્સ્ટૅન્ટિનોપલમાં, સબમરીન લાવવામાં

આવી અને પછી તેને ભૂમધ્ય સમુદ્રમાં ઉતારવામાં આવી; પણ તેમને માટે તૈયારી એ લાંબો સમય પહેલાં કરવામાં આવી હતી. કૉર્ફુમાં કૈસરની વાડી હતી ત્યાં આગળ તેલનો પુષ્કળ જથો રાખવામાં આવ્યો હતો; ઇજિઅન સમુદ્રના પહાડી ટાપુઓમાં તેને સંતાઈ રહેવાનાં ઘણાં સ્થળો હતાં. ઉત્તર સમુદ્રની માફકજ ભૂમધ્ય સમુદ્રમાં પણ તે ભય આપે છે, અને તેટલીજ ખંતથી આપણા તરફથી તેમની પુંઠ પકડવામાં આવે છે.

ડાર્ડેનલ્સની સામુદ્રધુનીનો રસ્તો ખુલ્લો કરવાનો પ્રયત્ન એ ભૂમધ્ય સમુદ્રમાં દરીઆઈ લડાઇનો મોટો બનાવ છે. આ સાંકડી સામુદ્રધુનીમાં દરેક બચાવનાં સાધનો જર્મનો તરફથી પૂરા પાડવામાં આવ્યાં હતાં; કારણ કે તેઓ જાણતા હતા કે કાન્સ્ટૅન્ટિનોપલ ઉપરના હુમલાથી તુર્ક લોકો ભયભીત થશે, અને જ્યાં સુધી સામુદ્રધુની બંધ રહેશે ત્યાં સુધી રશિઆના વ્યાપારને નુકસાન થશે. બ્રિટિશ સરકારે પણ આ જોયું અને તેથી તે રસ્તો ખુલ્લો કરવાનો નિશ્ચય કર્યો. કમનસીબે આ નિશ્ચય કરવામાં તેઓએ બહુ ઢીલ કરી અને માત્ર એકલા કાફલાનેજ હુમલો કરવાનું કામ સોંપવામાં મોટી ભૂલ કરી. ગૅલિપોલિની ટેકરી ઉપર છુપી જગ્યામાં તુર્ક લોકો અને તેમના જર્મન સલાહકારોએ મોટી મોટી તોપો ગોઠવી હતી. તેઓ ક્યાં છે તેની કાફલાને ખબર પડી નહિ; તેમજ તેમનો નાશ કરવા કાફલો અશક્ત હતો. પરિણામે તરતી સુરંગોથી કીમતી વહાણો ડુબી ગયાં. અંતે કુદરત અને કળાથી સુરક્ષિત એક ખડકવાળા કિનારા ઉપર તે દ્વીપકલ્પમાં એક લશ્કર ઉતારવામાં આવ્યું; એ ઉતારવામાં ઘણાં માણસો માર્યા ગયાં; તેમ છતાં ઘણાં મહીના સુધી તુર્ક લોકોના કિલ્લા ઉપર હુમલા જારી રાખવામાં આવ્યા. જો કે કેટલાક ફ્રેન્ચ હાજર હતા તોપણ મુખ્ય બોજો બ્રિટિશ લશ્કર ઉપર પડયો. જખમી અને મરણ પામેલાની સંખ્યા એક લાખની હતી. દ્વીપકલ્પના સંબંધમાં તો તે નકામી ભોગવવી પડી. તુર્ક લોકોની કિલ્લેબંદી સર કરી શકાઇ નહિ, તેથી સન ૧૯૧૫–૧૬માં શીઆળો બેસતાંજ આખું લશ્કર પાછું બોલાવી લેવાનું નક્કી કરવામાં આવ્યું; તેમાંના ઘણા ખરાને સેલોનિકા ઉતારવામાં આવ્યા.

પ્રકરણ ૮ મું.

જમીન ઉપરની લડાઇ.

અ. પશ્ચિમનું રણક્ષેત્ર.

જમીન ઉપરની લડાઇનો ઇતિહાસ લખવામાં, જે પદ્ધતિ આપણે આગળ રાખી છે તેવીજ પદ્ધતિ રાખવાનો આપણે પ્રયત્ન કરીશું, અને શત્રુઓના શા શા હેતુઓ હતા અને તે કેટલે અંશે પાર પડયા છે તે આપણે જોઇશું. અલબત્ત આ બાબતમાં આપણે ખાત્રીથી કંઇ કહી શકીશું નહિ. દરેક બાજુના સેનાપતિઓએ પોતાનાં ઉદ્દેશ અને યોજના સંબંધી દુનિયા આગળ કશો ઉલ્લેખ કર્યો નથી; અને તેમની યોજના વિષે આપણે ખાત્રીથી કંઇ જાણતા નથી; લડાઇઓની પ્રવૃત્તિ અને પરિણામ વિષે હમેશ આપણે જાણીતા હોતા નથી, અને સંખ્યા સંબંધમાં તો આપણે હમેશ અજ્ઞાનજ હોઇએ છીએ.

તોપણ થોડીજ માહીતી આપણે મળે છે, એવાત યાદ રાખીએ તો આપણે ખરા નિર્ણય ઉપર આવી શકી મોટા પાયા પરના બનાવો તો સમજી શકીશું, એમાં સંદેહ નથી.

જર્મનોનો સામાન્ય હેતુ ફ્રાન્સને કચડી નાખી લડાઇ આરંભ કરવાનો હતો. તેઓ એમ ધારતા હતા કે રશિઆ પોતાના લશ્કરને લડાઇમાં ઉતારતાં કેટલોક વખત લેશે; પૂર્વની સરહદ ઉપર પોતાનો બચાવ કરી શકશે એવો તેમને પૂર્ણ વિશ્વાસ હતો, તેથી તેઓએ ફ્રાન્સની સરહદ ઉપર લશ્કર એકઠું કરવાનું શરૂ કર્યું.

હવે ફ્રાન્સ અને જર્મનિની સરહદ રૂહાઇન નદીના ખૂણામાં શરૂ થાય છે. ત્યાં સ્વિટ્ઝર્લેંડ તેમની સાથે જોડાયલું છે; તે સરહદ ત્યાંથી વાયવ્ય ખૂણામાં ચાલી જાય છે. કેટલાક માઇલ સુધી વૉઝના પર્વતમાંથી અને કુદરતે હુમલા કરનારની સામે રક્ષણ કર્યું છે, તેવા ટેકરાવાળા દેશમાંથી તે પસાર થાય છે. ત્યાર પછી વધારે ખુલ્લો દેશ આવે છે, જેમાંથી રૂહાઇન નદીને મળનારી મોઝલ નદી વહે છે; પછી જંગલ અને ટેકરીઓ વાળો આર્ડેનો મુલક આવે

છે, અને અંતે ફ્રાન્સના ઇશાન ખૂણાનાં બેલ્જિઅમની સરહદ ઉપરનાં ખુલ્લાં મેદાનો દ્રષ્ટિગોચર થાય છે. આ સરહદ આગળ કેટલેક ઠેકાણે રસ્તા ઉપર ફ્રેન્ચના કિલ્લાઓ આવેલા છે. સૌથી દક્ષિણમાં બેલફોરનો કિલ્લો શરૂ થાય છે- મધ્યમાં વૉસુ અને આર્ડેનની વચ્ચે વર્ડુ આવેલું છે, જર્મનોનો આગળ વધવાનો મુખ્ય રસ્તો બેલ્જિઅમમાં થઇને મૉબ્ઝ તરફ હતો. તેઓ લક્સમ્બર્ગમાં* પણ દાખલ થયા અને વર્ડુ તરફ વધ્યા. તેઓનાં પોતાનાં મથકો એકસ લશાપેલ અને મેટ્સ હતા. એકસ અને મેટ્સ વચ્ચે બેલ્જિઅમનો તટસ્થ પ્રદેશ આવેલો છે, તેને થોડા કલાકમાં પસાર કરી જવા તેમનો ઇરાદો હતો.

સરહદઉપર પોતાનું લશ્કર લાવવામાં થોડા કલાક પૂરતા હતા. તેઓની વ્યવસ્થા, તૈયારી અને હુમલો કરવાની ઝડપ એ ઇતિહાસમાં ઘણા અજાયબ બનાવો છે; પણ તેટલાજ થોડા કલાકમાં બેલ્જિઅન લશ્કરે કૂચ કરી; જર્મનો લીએઝ આગળ આવી પહોંચ્યા. તે લીધા વગર આગળ વધવાની તેમની હિમ્મત ચાલી નહિ. વખત અમૂલ્ય હતો. તેઓની રાક્ષસી કદની તોપો સાથે હતી નહિ, તેથી તેઓએ પાયદળની ટુકડીથી તેનાપર હલ્લો કર્યો. હુમલો ફતેહમંદ થયો, પણ માણસોની ખુઆરી એટલી બધી ભારે થઇ કે નામુર આગળ તેવાંજ પગલાં લેવામાં આવ્યાં નહિ. તેઓએ પોતાની 'હૉવિટ્ઝર' વાસ્તે રાહ જોઈ; અને અંતે આવી ત્યારે તેનાથી નામુરનો એકદમ નાશ કર્યો, અને થોડા વખતમાં ફ્રાન્સ ઉપર કૂચ કરવા તેઓ તૈયાર થયા. આટલા થોડાજ દિવસમાં બેલ્જિઅમની રાજધાનીનું બ્રસલ્સ શહેર તેઓએ લઇ લીધું. ૮૦,૦૦,૦૦૦, પૌંડ લઇને શહેરનો નાશ તેમણે અટકાવ્યો, પરંતુ મધ્ય બેલ્જિઅમનાં લગભગ દરેક શહેર અને ગામડાને બાળી નાંખ્યાં. બેલ્જિઅમ લશ્કરપર અસહ્ય માર પડયો, પણ છેવટ સુધી લડતાં લડતાં ઉત્તરમાં એન્ટવર્પ તરફ તે જતું રહ્યું.

તે દર્મિયાન ફ્રેન્ચો પોતાનું લશ્કર એકઠું કરતા હતા, અને બ્રિટિશ

---

* આ નાનું રાજ્ય નામનું સ્વતંત્ર હતું, અને બેલ્જિઅમની માફક બધી સત્તાઓએ એને તટસ્થ જાહેર કર્યું હતું.

લશ્કર તો બ્રુસેલ્સ આગળ ઉતરી ચુક્યું હતું. જર્મનોએ બેલ્જિઅમ ઉપર તો જય મેળવ્યો, પણ હવે તેમની સામે એક જબરૂં લશ્કર ઉભું થયું. એ લશ્કરને પણ હરાવી દેવામાં તેઓ શક્તિવાન્ થયા, અને મૉબઝથી વર્ડું સુધી ફ્રેન્ચ લશ્કરો અને તે સાથે ગ્રેટબ્રિટનનું મદદઅર્થે આવેલું લશ્કર, ધીમે ધીમે પાછળ હઠતાં ગયાં.

આ લશ્કરની હારજીત સંબંધી વિગતવાર તપાસ આપણે કરીશું. સર જૉન ફ્રેન્ચની સરદારી તળે એ લશ્કર હતું. જો કે તેની બરાબર સંખ્યા વિષે આપણે માહીતી નથી, તો પણ તે સંખ્યા ૧,૦૦,૦૦૦ લાખ માણસની હશે એમ આપણે ધારી શકીએ. તેઓ ત્યાં આવી દૃઢ નિશ્ચય પૂર્વક સામે થયા તેથી જર્મનો બહુ ચીડવાયા, અને તેમનો નાશ કરવા ખાસ પ્રયત્ન કરવામાં આવ્યા. તે લશ્કર મહા મુસીબતે બચ્યું. મૉબઝની ઉત્તરે બેલ્જિઅમના પ્રદેશમાં મોન્ઝ આગળ તે મૂકવામાં આવ્યું હતું. તે જર્મનોના લશ્કરની ડાબી બાજુએ હતું. ઑગસ્ટ માસની ૨૨મી તારીખે એક લાંબી કૂચ કર્યા પછી આ જગ્યાએ તે આવી પહોંચ્યું. ઑગસ્ટની ૨૩મી તારીખે સાંજે જનરલ જૉફ્ર તરફથી એક ઘણો અણધાર્યો સંદેશો જનરલ ફ્રેન્ચને મળ્યો. તે એ હતો કે તેની ડાબી બાજુએ એના લશ્કર કરતાં બેવડું મોટું જર્મન લશ્કર આવે છે, અને તેથી જમણી બાજુના ફ્રેન્ચ લોકો હારીને પાછા હઠે છે. તેથી જનરલ ફ્રેન્ચને પાછા હઠવાની જરૂર પડી; ઑગસ્ટની ૨૪મી તારીખે સવારમાં તેણે પાછા હઠવા માંડયું. અને મૉબઝના કિલ્લાની ડાબી બાજુએ એ આવી પહોંચ્યો. મૉબઝના સીમાડામાં અટકાવી રાખવા અને તેને ઘેરી લેવા જર્મનોએ પ્રયત્ન કર્યો. પરિણામે તા૦ ૨૫મી ઑગસ્ટની સાંજે એક સખ્ત લડાઇ શરૂ થઇ, જેમાં બ્રિટિશ લશ્કર નાસી જઇ શક્યું ઑગસ્ટની ૨૫મીની સાંજે તે કૅામ્બ્રા પહોંચ્યું. ૨૬મી તારીખે આખો દિવસ અને મોડીરાત સુધી પાછા હઠવાનું તેણે શરૂ રાખ્યું. તા૦ ૨૭ અને ૨૮મીએ ફ્રેન્ચો તરફથી તેને થોડી મદદ મળી. આ વખતે મૉન્ઝથી આસરે ૭૦ માઇલ દૂર કૅામ્પિઅનના શહેરમાં બ્રિટિશ લશ્કર આવી પહોંચ્યું.

તેમને ઘણુંજ નુકસાન થયું, પરંતુ લશ્કર સહીસલામત રહ્યું. જર્મનો

એટલા બધા થાકી ગયા હતા કે તેઓ હુમલો ચાલુ રાખી શકયા નહિ; તેમનાં ધૈર્ય અને દ્રઢ નિશ્ચયમાં કાંઇ મણા હતી નહિ. બ્રિટિશ સિપાઇઓની હાર ઉપર જર્મન સિપાઇઓના ટોળાં તૂટી પડયાં, પણ બધો પ્રયત્ન વ્યર્થ ગયો.

કૅામ્પિઅનમાં બ્રિટિશ લશ્કરને ભય હતો નહિ. ઍમિયાંથી ફ્રેન્ચો એક લશ્કર લાવ્યા અને બ્રિટિશ લશ્કરની ડાબી બાજુએ તેને મૂકયું આ પ્રમાણે આખું લશ્કર એકત્ર થઇને એન અને માર્ન નદીની પેલી બાજુ દક્ષિણમાં પાછું હઠતું ગયું. જર્મનોએ રહિમ્સ લીધું. ફ્રેન્ચ સરકારે પોતાનાં રાજકીય ખત વિગેરે એકઠાં કર્યાં; ફ્રેન્ચ બેન્કે સોનું એકઠું કર્યું; અને બૉર્ડોમાં બન્નેએ પોતાનાં મુખ્ય મથકો બનાવ્યાં. પૅરિસની દસ માઇલમાં જર્મન લશ્કર દેખાવા લાગ્યું. પૅરિસના કિલ્લા તોડી પાડવાને અને એ રાજધાનીના મહોલ્લામાં પ્રવેશ કરવાને માત્ર થોડાજ દિવસનો સવાલ હતો એમ તેઓને લાગ્યું.

લાંબી કૂચને લીધે, જર્મન લશ્કર થાકી ગયું હતું; ખોરાક બહુ પાછળ રહી ગયો; અને પૅરિસના ઘેરા વાસ્તે એનામાં પૂરતું સામર્થ્ય હતું નહિ, એમ તેને લાગ્યું. આ પ્રમાણેજ આપણે માનવું પડે છે, કારણકે જર્મનોની પછીની હિલચાલ બીજી કોઇપણ રીતે સમજી શકાતી નથી. જર્મન લશ્કરની જમણી બાજુ, આગળ વધવાને બદલે ડાબા હાથ તરફ, અગ્નિકોણમાં પૅરિસથી દૂર જવા લાગી. સપ્ટેમ્બરની ૩જી તારીખે આ બનાવ બન્યો, અને પૅરિસ પાસેનું ફ્રેન્ચ લશ્કર જર્મન લશ્કરના પાછલા ભાગ ઉપર ધસી આવ્યું. માર્ન નદીના કિનારા ઉપર જર્મનો પડયા હતા, તેથી જે લડાઇ થઇ તે માર્નની લડાઇના નામે ઓળખાય છે; ફ્રાન્સમાં આથી લડાઇની બાજી બદલાઇ. માર્નના પ્રદેશો ઉપર જર્મનોએ સખ્ત હાર ખાધી અને એમનો વખત આવ્યો ત્યારે તેઓ ઉત્તર તરફ પાછા વળવા લાગ્યા. પણ નિયમિત રીતે વ્યવસ્થા પૂર્વક પાછા હઠયા અને સપ્ટેમ્બરની ૭મી તારીખ પછી દરરોજ તેમની અને મિત્રરાજ્યો વચ્ચે સખ્ત લડાઇ થયા કરતી. જર્મનો આખરે એન નદી પહોંચી ગયા; તે તેઓએ ઓળંગી અને તેના ઉત્તર કિનારાપર મજબૂત થાણું કરી રહ્યા.

આ જગ્યાની ખરેખર તેઓએ સૂક્ષ્મ તપાસ કરી હતી અને આગળ પ્રયાણ કરતી વખતે જો કદાચ પાછા હઠવું પડે તો તેને આશ્રયસ્થાન તરીકે

તૈયાર કરી રાખી હતી. આગળ ખાઇ ખોદી તે જગાને સુરક્ષિત બનાવવામાં આવી હતી, તેથી એ સ્થળે આગળથી હુમલો લાવવાનું અશક્ય હતું. થોડા સમયમાં આ ખાઇઓની હાર પશ્ચિમમાં દરિયા સુધી અને પૂર્વમાં વોઝ સુધી પ્રસરી ગઈ. શીઆળો આવી પહોંચ્યો અને માત્ર ખાઇઓની લડાઈ લડવાની બન્ને પક્ષને રહી.

આવી જાતની લડાઇ કાંઇ નવીન નથી, કારણકે ઇતિહાસમાં ઘણા ઘેરા થયા છે, પરંતુ ફ્રાન્સમાં અરાઢ મહિના સુધી જે ઘેરો રહ્યો છે તેવા પાયાપર બીજો કોઇ પણ ઘેરો રહ્યો હોય એવું આપણે જાણુતા નથી. બન્ને પક્ષે અસંખ્ય ખાઇઓ ખોદી છે; તેમાં જમીનમાં ઉંડા ઓરડા હોય છે, જેમાં સિપાઇઓ આખો દિવસ ગાળે છે. તેમાં તેઓ ઉંઘે છે, ખાય છે, પોતાનાં બધાં સાધનો રાખે છે, અને યુદ્ધ સંબંધી સભા પણ ત્યાંજ ભરે છે. આ ખાઇઓમાં દીવા કરવામાં વીજળી, અને માંહોમાંહે મસલત કરવામાં 'ટેલિફોન' નો ઉપયોગ કરવામાં આવે છે. કેટલીક ખાઇઓમાં સગવડ ઠીક હોય છે; પણ ઘણી તો ઠંડી અને ખરાબ હોય છે, તેમાં પાણી ને બરફ ભરાઈ રહે છે; છતાં એક ક્ષણ પણ તે અરક્ષિત રહેતી નથી. કેટલીક વખતે તો દુશમનોની ખાઇઓ પાસેજ, આવી ખાઇઓ આવી રહેલી હોય છે; અને તે એટલી બધી પાસે હોય છે કે એક પક્ષ બીજા પક્ષને વાતચીત કરતાં સાંભળી શકે છે; અને શસ્ત્રોનો તેમાં ઉપયોગ કરવામાં આવે છે, તે એવાં પ્રાણઘાતક હોય છે કે જરા બહાર આવતાંની સાથેજ મોત થાય છે.

ત્યારે લડાઈ ત્યાં કેવી રીતે ચાલે છે?

૧. આયનાવાળા 'પેરિસ્કોપ' નામના યંત્રોનો ઉપયોગ થાય છે; તેમાં ખાઇના ઉપરની જમીનના દેખાવોનું પ્રતિબિંબ પડે છે. દિવાલમાંનાં કાણાંમાંથી બંદૂકો અને યાંત્રિક તોપો બહાર રાખવામાં આવી હોય છે, અને પેરિસ્કોપ વડે દુશ્મન સામું તેમનાથી નિશાન લેવામાં આવે છે.

૨. બંબગોળાનો બહુ ઉપયોગ થાય છે; તે એક ખાઇથી બીજી ખાઇપર હાથ વતી ફેંકવામાં આવે છે.

૩. સામા પક્ષની ખાઇઓમાં સુરંગ ખોદી તેને દારૂગોળાથી ઉડાડી

મૂકવામાં આવે છે. ત્યાર પછી પડેલા બાકોરાને અથવા તો આખી ખાઈને કબજે કરવા પાયદળ દોડે છે.

૪. અને આ સઘળો વખત પાછલા ભાગમાં કેટલીક વાર તો, ઘણા માઈલ દૂરથી મોટી મોટી તોપો ખાઈઓ ઉપર ગોળા નાખે છે, અને દુશ્મનને તેમાંથી બહાર નસાડવા પ્રયત્ન કરે છે.

ઘણી વખત રાત્રે હુમલા થાય છે, છતાં પણ દુશ્મનની આખી હાર હાંકી કાઢવાના હેતુથી કરવામાં આવતા સામાન્ય હુમલા બન્ને પક્ષ તરફથી કાંઈ ઓછા થયા નથી; ખાસ અગત્યના હુમલા નીચે પ્રમાણે છેઃ—

૧. **ઈપરપરનો જર્મન હુમલો.** સામાન્ય હુમલાઓમાંનો આ પહેલો હુમલો હતો. બ્રિટિશોની સામે ઈ.સ. ૧૯૧૪માં એ લઈ જવામાં આવ્યો હતો. માર્નની લડાઇ પછી બ્રિટિશો એનથી ફ્લૅન્ડર્સ ગયા. ત્યાં આગળ પોતાની ડાબી બાજુમાં બેલ્જિઅનો સાથે પડાવ નાખ્યો. ઘણે ભાગે, એ લશ્કરમાં થઇ કૅલે જવાના ઇરાદાથી જર્મનોએ એક પખવાડીઆ સુધી તેમના ઉપર હુમલા કર્યા. બન્ને પક્ષમાં ખુઆરી ઘણી થઇ, પરંતુ હુમલો નિષ્ફળ નિવડ્યો.

૨. **નૉઈશૅપલ અને લૉસ પર સન ૧૯૧૫માં થએલા બ્રિટિશ હુમલાઓ.** આ હુમલાઓ લાંબા અને સખ્ત હતા, પરંતુ એમાંથી એક એ ધડો મળ્યો કે આગળ તારની ગુંથણીવાળી અને પાછળ આધુનિક બનાવટની તોપોવાળી હાલની કિલેબંદી ઉપર ધસારો કરી શકાય નહિ.

૩. **શાંપાં ઉપર ફ્રેન્ચોનો હુમલો.** સન ૧૯૧૫ના હુમલાઓમાં આ હુમલો ઘણો વિજયી નિવડ્યો. ફ્રેન્ચોએ ઘણાને કેદ પકડયા અને કેટલીક જમીન મેળવી, પણ તેઓ જર્મન સિપાઇઓની હારોને ભેદી શકયા નહિ.

૪. **વર્ડુ ઉપર જર્મનોનો હુમલો;** તે હજુ ચાલે છે. શીઆળા દર્મિયાન આ બાબત પર જર્મનોએ વિચાર કરી મૂકયો હતો, અને શીઆળાના બરફ પીગળ્યા પહેલાં સન ૧૯૧૬ના ફેબ્રુઆરી માસમાં તેઓએ તો શરૂ કર્યો. આ હુમલા માટે વર્ડુ કેમ પસંદ કર્યું તે હજુ આપણે પૂરેપુરું જાણતા નથી. ભરપૂર નાની ટેકરીઓવાળા પ્રદેશમાં ચોગરદમ કિલ્લાથી વીટળાયલું આ શહેર છે. સામાન્ય હુમલો કરવા વાસ્તે સૌથી સહેલો પ્રદેશ કદાચ આ હશે. જર્મનોએ

અગણિત તોપની સંખ્યા એકઠી કરી અને ફ્રેન્ચ કિલ્લા ઉપર અસંખ્ય ગોળા ફેંકયા, અને જયારે તેમને માલૂમ પડયું કે બચાવ પક્ષવાળા સંપૂર્ણ રીતે ચગદાઈ ગયા ત્યારે તેમને કબજે કરવા સંખ્યાબંધ પાયદળની ટૂકડીઓ તેઓએ મોકલી. ફ્રેન્ચે જર્મન તોપખાનાનો જવાબ વાળ્યો. બાકોરામાં તેઓ ભરાઈ રહ્યા, ને દુશ્મનના તોપના મારાને પત કર્યો નહિ. વળી જ્યારે તેઓનું પાયદળ આગળ ધસ્યું ત્યારે યાંત્રિક તોપથ તેનો નાશ કર્યો. આટલાં બધાં માણસની ખુઆરી કોઇ દિવસ થઇ નથી.

આમ છતાં પણ જર્મનોના હેતુઓ સિદ્ધ થયા નથી. તેઓ આગળ વધ્યા છે; વર્ડું શહેરના આગળના કિલ્લાઓ પણ તેમણે લીધા છે; પરંતુ લડાઇની શરૂઆતમાં એ કિલ્લાઓની જેવી અગત્યતા હતી, તેવી અગત્યતા હાલ નથી, કારણકે રક્ષણને માટે તેમની જગાએ ખાઇઓની હાર આવી છે. આ લડાઈમાંથી એટલું શીખવાનું છે કે હાલમાં કિલ્લાઓ તોપના મારા સામું ટકી શકતા નથી. કિલ્લા કરતાં ખાઇઓથી રક્ષણ સારૂં થાય છે. આ શોધનો ઉપયોગ ફ્રેન્ચોએ સારો કર્યો છે. ઘણા માણસોના ભોગે જર્મનો આગળ વધે છે, પણ જમીન તો તેમને થોડીજ મળે છે, કારણકે ત્યાં આગળ આવી કિલ્લેબંદી કરવામાં આવી હોય છે.

વર્ડુંની લડાઈ આખી દુનિયાનું લક્ષ ખેંચી રહી હતી, તે વખતે અંગ્રેજ લશ્કરે ઉત્તર ફ્રાન્સમાં કાંઈપણ હિલચાલ કરી ન હતી. કદાચ તેઓના લક્ષમાં રહ્યું નહિ હોય કે, ખાઇની લડાઇ અટકયા વિના હમેશ ચાલ્યા કરતી હતી. આ સિવાય પણ આપણે જાણીએ છીએ કે બ્રિટિશો પોતાના પાડોશી ફ્રેન્ચ સાથે કોઇ નવા કામને વાસ્તે તૈયારી કરતા હતા. એરાસની દક્ષિણે મોટી વાંકવાળી હદ ઉપર આપણે હવે આવીએ છીએ; ત્યાં મુખ્ય પેરોનનો કિલ્લો છે, અને તે જર્મન સત્તામાં છે. ગયે વર્ષે કોઈપણ પક્ષે મુખ્ય હુમલો આ સ્થળે કર્યો ન હતો, પણ અંગ્રેજો અને ફ્રેન્ચોએ દુશ્મનોની હાર અંહિ ભેદવા ફરીથી કોશીશ કરવાનો નિશ્ચય કર્યો છે. આવો પ્રયત્ન થશે એમ જર્મનો ધારતા હતા, તેથી દૃઢતાથી તેઓ તેમની સામે થયા છે; પરંતુ મિત્રરાજયો

ધીમે ધીમે આગળ વધ્યાં છે, અને શત્રુના બચાવની બીજી અને ત્રીજી હારો પણ તેમનાથી ધાસ્તીમાં આવી પડી છે.

ઇ. સ. ૧૯૧૫માં દારૂગોળાની આપણે મોટી તાણ હતી. એટલું તો કબૂલ કરવું જોઇએ કે આ બાબતમાં આપણે દીર્ઘ દૃષ્ટિ વાપરી નથી. ઘણા મહીના વહી ગયા ત્યાર પછીજ આપણી આંખ ઉઘડી કે લડાઇનાં શસ્ત્રની તંગીને લીધે આપણાં માણસો હારી જવાની ધાસ્તીમાં આવી પડયાં હતાં. મોટાં લશ્કરો તો આપણે ઉભાં કર્યાં, પણ તેમને લડાઇનાં સાધનો પૂરાં પાડયાં નહિ. 'આ ભૂલ સુધારતાં ઘણો સમય વીતી ગયો. દારૂગોળાના પ્રધાનની એક નવી જગ્યા કાઢવામાં આવી. મિ. લૉઇડ જર્યોજની તેના પર નીમણુક થઇ. તેણે વ્યાપારીઓ અને કારીગરોને બોલાવ્યા, નવાં કારખાનાં કાઢયાં, અને લશ્કરી સાધનો પૂરાં પાડવામાં પ્રજાકીય શક્તિ વાપરી. લડાઇ શરૂ થયા પછી આસરે અઢાર મહિના પછી આપણે આજે કહી શકીએ છીએ કે આપણા સૈનિકો શસ્ત્રના સંબંધમાં શત્રુ સાથે પૂર્ણ સમાનતાથી હવે લડી શકે છે. એથી ઉલટું, આવી ચીજો તૈયાર કરવામાં જેટલી દીર્ઘ દૃષ્ટિ અને કુશળતા જર્મનોએ બતાવી છે તેવી બીજા કોઇપણ કામમાં બતાવી નથી. ક્રૂપના કારખાનામાં, માત્ર ઇસન ગામમાંજ તોપો બનાવવામાં અઢી લાખ હોશિયાર કારીગરો રોકાયલા છે. લડાઇમાં તોપખાનાની ઉપયોગિતા તેઓ સમજી ગયા હતા, અને આવી મોટા કદવાળી અને ઝડપી તોપોથી આખી દુનિયા છક થઇ ગઇ છે.

બ. પૂર્વનું રણક્ષેત્ર.

પૂર્વનું રણક્ષેત્ર આપણી આગળ રજુ કરવાનું કામ કોઇ પણ રીતે સહેલું નથી, પરંતુ જર્મનિ, રશિઆ અને ઑસ્ટ્રિઆનાં અનુક્રમે આવેલાં શહેરો થૉર્ન, વૉર્સો અને ક્રૅકો સાથે વિસ્ટુલા નદીના પ્રવાહને સંપૂર્ણ રીતે સમજીને આપણે એ રણક્ષેત્રનું વર્ણન શરૂ કરીએ છીએ. નદીનો આખો પ્રદેશ સપાટ છે અને લશ્કરની હિલચાલ માટે સગવડ ભરેલો છે; માત્ર પ્રશિઆના ઇશાન ખૂણામાં સરોવર અને ભીની જગ્યા આવેલી હોવાથી હિલચાલો માટે ત્યાં અગવડ પડે છે. જર્મનિના સઘળા ભાગોમાં ચોગરદમ રેલ્વે આવેલી

છે, તેથી ત્યાં લશ્કરી હિલચાલ સપાટાબંધ થાય છે અને તેથીજ જર્મનો પોતાનાં લશ્કર એકદમ એકઠાં કરી શકે છે. પોલંડમાં બહુજ થોડી રેલ્વે છે, અને ખરેખર લડાઇથી તેને એટલું બધું નુકસાન પહોંચ્યું છે કે હવે તે અસ્તિત્વમાં છે એમ ભાગ્યેજ માની શકાય. આવી રેલ્વેના અભાવને લીધે રશિઆને એકંદરે અનુકૂળ થયું છે, કારણ કે જર્મનો પોતાની ભારે તોપો અને સાંચા કામ ત્યાં ખસેડી શકતા નથી. રશિઆની પોતાની પાસે તો એવી ભારે ચીજ છેજ નહિ.

પૂર્વના યુદ્ધમાં જે બનાવો બન્યા છે, તે ચોક્કસ ખબર મળતી ન હોવાને લીધે સમજાતા નથી, અને તેમના પર પૂરેપૂરો પ્રકાશ પાડી શકીશું એમ આપણે કહેતા નથી; પરંતુ રણક્ષેત્રના ત્રણ વિભાગ તો આપણે પાડી શકીશું, અને મુખ્ય બનાવ પણ વર્ણવી શકીશું.

પ્રથમ લડાઇ પૂર્વ પ્રશિઆમાં શરૂ થઇ. સરોવરમાંથી પોતાનો રસ્તો કાઢીને અને પ્રશિઆનાં નાનાં શહેરો લઇને, કોઇ ધારે તે કરતાં પણ વધારે ત્વરાથી રશિઆએ પ્રયાણ કર્યું. જર્મન લશ્કરના થોડાક ભાગને ફ્રાન્સમાંથી પૂર્વ પ્રશિઆમાં લાવવાની જર્મનોને ફરજ પાડીને ફ્રેન્ચોને મદદ કરવાની કદાચ તેમની ઇચ્છા હોય. કદાચ પૂર્વ પ્રશિઆમાંના જર્મન સૈનિકોનું બળ તેઓ બરાબર આંકી શકયા નહિ. વિચાર કર્યા વિના તેઓ આગળને આગળ વધ્યા; પરિણામે તેઓને જનરલ હિન્ડનબર્ગે પકડયા અને ટેનનબર્ગની લડાઇમાં મોટા નુકસાન સાથે તેમને હરાવ્યા.

આ પછી જર્મનો પોલંડમાં વૉર્સો ઉપર એકદમ ચઢીને હલ્લો લઇ ગયા. આ યુદ્ધમાં હિન્ડનબર્ગની સામે ગ્રાન્ડ ડયુક નિકોલસ હતો. બન્ને એક બીજાને પૂરા પડે એવા માલૂમ પડયા. સને ૧૯૧૪નાં શરદ ઋતુ અને શીઆળામાં વૉર્સો પહોંચવાને તેમણે ત્રણ જુદા જુદા પ્રયત્ન કર્યા, પણ તે બધામાં મોટી લડાઇઓ પછી તેમને પાછા હઠવું પડયું. છતાં શીઆળા દર્મિયાન સન ૧૯૧૫ની સાલ માટે ઘણી સાવચેતીથી તેમણે યોજનાઓ ઘડી કાઢી અને તેઓને તે વર્ષના ઉનાળાના યુદ્ધમાં આખી પૂર્વની સરહદ

ઉપર વિજય મળ્યો. પણ આ યુદ્ધ શરૂ કરીએ તે પહેલાં ગૅલિસ્યાના બનાવોનું વિસ્તારપૂર્વક વર્ણન કરીએ.

સને ૧૯૧૪માં લોકોના ધારવા કરતાં વધારે ઝડપથી રશિઅનો ગૅલિસ્યામાં દાખલ થયા; લેમ્બર્ગ લીધું અને ક્રૅકો તરફ ધસ્યા. લાંબા ઘેરા પછી એક લાખ કેદી સાથે ઝેમિઝ્લનો કિલ્લો તેઓએ લીધો, અને અંતે કાર્પેથિઅનના શિખર પર પહોંચ્યા સામાન્ય રીતે મિત્રરાજ્યો એમ ધારતા હતા કે ઇ.સ. ૧૯૧૫ની વસંત ઋતુમાં તેઓ હંગરિમાં પહોચી જશે; પરંતુ તે ઋતુમાં તો કાંઇ જુદુંજ માલૂમ પડયું. ઑસ્ટ્રિઅન લશ્કરોની પ્રશિઅનોએ નવેસર વ્યવસ્થા કરી, અને વસંત ઋતુમાં જ્યારે તેઓ રશિઅનોની સામે થયા ત્યારે ગૅલિસ્યાની પોતાની જીતનાં બધાં સ્થળોમાંથી પાછા હઠવાની રશિઆને જરૂર પડી. દરેક અઠવાડિએ તેઓએ નદી ઓળંગી. જ્યાં સુધી તેઓ પોતાના પ્રદેશોમાં પહોંચ્યા ત્યાં સુધી સૅન અને નિસ્ટર નદીપર પાછા હઠતા ગયા. ત્યાર પછી ઉત્તર અને દક્ષિણ તરફથી જર્મન લશ્કરોએ વૉર્સો ઉપર ધસારો કરવા માંડયો. અંહિપણ રશિઅનોને પાછા હઠવાની જરૂર પડી; અંતે વૉર્સો દુશ્મનોને હાથ ગયું. આ પછી આખી પૂર્વની સરહદ ઉપર જર્મન લશ્કરે સાધારણ રીતે પ્રયાણ કરવા માંડયું. કુર્લેંડ અને ઉત્તર પોલંડમાં એક પછી એક કિલ્લાઓ પડવા લાગ્યા. વિલ્ના લેવાયું. રાઇગા નક્કીજ લેવાશે શીઆળો આવશે ત્યારેજ તેઓ પ્રયાણ બંધ કરશે એમ સર્વને લાગ્યુ.

આવા ભયંકર નુકસાન છતાં પણ રશિઅનોએ પોતાનાં લશ્કર એકઠાં રાખ્યાં. પોતાને ઘેરી લઇ નાશ કરવાના દુશ્મનોના બધા પ્રયત્ન તેમણે ચૂકાવ્યા અને છેલ્લી આખરે ડ્વિના નદીની સરહદ ઉપર એક અણધાર્યો અને જબરો અટકાવ કર્યો. ઝનુન ઉપર આવી જઇને જર્મનોએ આ જગ્યા ઉપર હલ્લો કર્યો, પરંતુ તે લોકોનાં સાધનો પણ ખૂટી ગયાં હતાં; વળી લાંબા કૂચથી તેમનાં માણસ થાકી ગયાં હતાં, તેથી તેઓ અટકી જવાની સ્થિતિ પર આવી પડયા. દક્ષિણમાં પણ એવોજ બનાવ બન્યો વૉર્સોની પેલી ગમ સો માઇલ સુધી તેઓ આગળ વધ્યા, પણ પ્રિપેટની ભીનાશ વાળી જગ્યાને લીધે અટકી ગયા. અને શીઆળો તેમને વેઠવો પડયો.

ખુલ્લા મેદાનમાં શીઆળો બન્ને પક્ષે પસાર કર્યો. (ઇ.સ. ૧૯૧૫-૧૬) રશિઅનોએ દક્ષિણમાં આગળ વધવા પ્રયત્ન કર્યો, પરંતુ એમ માલૂમ પડ્યું કે, રેલ ઉતરી જાય અને જમીન સૂકીને કઠણ થાય એવા વસંત ઋતુ અને ઊનાળાના સમય સુધી કાંઇ પણ થઇ શકે એમ ન હતું. રશિઅનોએ આ વખતનો ઉપયોગ પોતાના લશ્કરને નવેસરથી સજ્જ કરવામાં ગાળ્યો. તેઓની હારનું કારણ બેશક પુરતાં સાધનોની તંગીજ હતી; તેમનો પોતાનો દેશ મુખ્ય ખેતીવાડી પર આધાર રાખતો હતો તેથી આ તંગી પૂરી પાડવાને તે શક્તિવાન્ થઇ શકયો નહિ. આર્કેન્જલ અને દૂરના વ્લેડિવૉસ્ટૉક સિવાય તેમની પાસે બીજાં ખુલ્લા બંદરો હતાં નહિ. પણ તે બન્ને પણ શીઆળામાં બરફથી પૂરાઇ જતાં હતાં તેથી તેઓના મિત્ર તેમને માટે ભાગ્યેજ કાંઇ પણ કરી શકયા. જોકે જાપાનના લોકોએ બને તેટલી ચીજો તેમને માટે મોકલી આપી છે, એતો નિર્વિવાદ છે.

આ વર્ષ દર્મિયાન પૂર્વ સરહદના ઉત્તરના અર્ધા ભાગમાં હજુ સુધી બહુજ થોડી લડાઇ થઇ છે. દ્વિના નદી આગળની સરહદ ઉપર જર્મનો અને રશિઅનો એક બીજાની સામે આવી રહેલા છે, તેમ છતાં તેની દક્ષિણે જુન માસમાં રશિઅનોએ બહુ સાચવીને વધવા માંડયું. આ પ્રયાણ બુકોવિનામાં ઘણું જ થયું છે; ઑસ્ટ્રિઅનોને કાર્પેથિઅન પહાડમાં હાંકી કાઢવામાં આવ્યા છે, અને એનું મુખ્ય શહેર ઝર્નોવિટઝ પુનઃ રશિઅનોના હાથમાં આવ્યુ છે. ભવિષ્યમાં હુંગરિ ઉપર મુલતવી રાખેલો હુમલો, ગૅલિશ્યા ઉપર નવી ચઢાઇ, અથવા તો પોલંડની પુનઃ પ્રાપ્તિ આપણે કદાચ જોઇશું.

क. બાલ્કન રાજ્યો.

ઑસ્ટ્રિઆના મત પ્રમાણે લડાઇનું મૂળ કારણ સર્વિઆની ખરાબ વર્તણુક છે, માટે તેનો મુખ્ય ઉદ્દેશ એ દેશને સજા કરવાનો હતો, તેથી ચઢાઈ ત્યાં લઈ જવામાં આવી, પરંતુ ભારે નુકશાન સાથે ઑસ્ટ્રિઆને પાછા હઠવું પડયું. બીજી ચઢાઈનું પણ એજ પરિણામ આવ્યું અને સર્વિઆ સહીસલામત રહ્યું. પણ જ્યારે પ્રશિઆના સરદારોએ બાજી હાથમાં લીધી

ત્યારે સ્થિતિ બદલાઇ. ઇ.સ. ૧૯૧૫ની પાનખર ઋતુની ચઢાઇથી સર્વિઆ જમીન દોસ્ત થઇ ગયું.

આ હુમલામાં જર્મનોને "સ્લાવના હિતદ્રોહિ. બલ્ગેરિઅનોની મદદ હતી. તેઓએ દક્ષિણ તરફથી એ દેશમાં પ્રવેશ કર્યો અને જર્મનોએ ઉત્તરમાંથી ડૅન્યુબ નદીને ઓળંગી; પરંતુ એટલું તો કહેવુંજ પડશે કે આ સ્થિતિને પહોંચી વળવાને મિત્રરાજ્યોએ દીર્ઘદષ્ટિ વાપરી નહિ. અને સર્વિઅનોએ પોતાના જાતિ બળમાં બહુજ વિશ્વાસ રાખ્યા. સર્વિઆની મદદ અર્થે શું કાંઇજ કરી શકાત નહિ ? ગમે તેમ હોય તોપણ છેવટ સુધી કાંઇપણ કરવામાં આવ્યું નહિ. મિત્રરાજ્યોએ એમ માન્યા કર્યું કે બલ્ગેરિઅનો શાંત બેસી રહેશે; ગ્રીકો પોતાનું કર્તવ્ય કરશે; તેથી જ્યારે વખત આવ્યો ત્યારે, જો કે મિત્રરાજ્યોનું લશ્કર સૅલોનિકા બંદર પર ઉતારવામાં આવ્યું હતું, તોપણ તે આગળ વધવા તૈયાર હતું નહિ. છેવટ સુધી લડતાં લડતાં સર્વિઅન લશ્કર ઍલ્બેનિઆના પહાડોમાં થઇને કિનારા ઉપર ચાલ્યું ગયું; ત્યાંથી તેને મિત્રરાજ્યોનાં વહાણો કૉર્ફુ લઇ ગયા. એ દેશના શહેરીઓને આથી અપરંપાર દુઃખ પડયું અને તેઓ પોતાના અસલના દુશ્મન બલ્ગેરિઅનના પંજામાં સપડાયા; તેમણે એમને ભૂખમરાથી માર્યા અને કાપી મારી નાંખ્યા.

આ બનાવમાં એક રાજ્ય જેણે અણઘટતું વર્તન બતાવ્યું, તે ગ્રીકનું રાજ્ય છે. બાલ્કનના વિગ્રહ પછી ગ્રીક લોકોએ સર્વિઆ સાથે સંધિ કરી એવું વચન આપ્યું હતું કે જો તેનાપર બલ્ગેરિઆ હલ્લો કરે તો તેઓ તેને મદદ આપશે. જ્યારે મિત્રરાજ્યોએ આ વચન પાળવા આગ્રહ કર્યો ત્યારે તેણે ના પાડી અને એવું બહાનું કાઢયું કે એ સંધિ એક સામાન્ય વિગ્રહને લાગુ પડતી નથી, પણ એ બે દેશો વચ્ચેના વિગ્રહનેજ લાગુ પડે છે. આવા બારીક મામલા વખતે આમ કહેવું એ એક હિચકારાનું બહાનું છે; આ જમાનામાં હિચકારાપણાનું આ એકજ દષ્ટાંત છે. પ્રજા તરીકે જર્મનિ સાથે મિત્રચારીનો કોઈપણ રીતનો ગ્રીક લોકો દાવો કરતા નથી; તેઓ બલ્ગેરિઆના જૂના દુશ્મન અને સર્વિઆના અસલના મિત્ર છે. ધર્મ અને આબરૂનો માર્ગ ખુલ્લો હતો, પરંતુ તેઓએ તે માર્ગ સ્વીકાર્યો નહિ.

મિત્રરાજ્યોએ સૅલોનિકાનો કબજો લીધો છે; તે કબજો લેવામાં ગ્રીસે જેવી તેવી સંમતિ આપી. સર્વિઆને મદદ કરવાની શરતથી એ બંદર ગ્રીસને આપવામાં આવ્યું હતું. હવે જોકે મિત્રરાજ્યોને ત્યાં આવવા દેવાની તેઓએ કબુલાત આપી છે તોપણ કોઈપણ પ્રકારે તેમને મદદ કરવા તેઓ ના પાડે છે. સર્વિઆ પાછું મેળવવા મિત્રરાજ્યો હુમલાની તૈયારી કરે છે. કૉર્ફુમાંથી સર્વિઅન લશ્કર પાછું લાવવામાં આવ્યું છે, પરંતુ સિપાઇઓને લઇ જવાનાં વહાણોના અભાવને લીધેજ હાલ કાંઇ પણ પગલું લેવામાં આવતું નથી.

૬. તુર્કસ્તાન સાથેની લડાઈ.

આપણા જાણવા મુજબ, તુર્ક લોકોનો પહેલેથીજ લડાઇમાં ભાગ લેવા વિચાર હતો, તોપણ તે શરૂ થયા પછી ભાગ લેવામાં ઘણો વખત વિલંબ કર્યો, અને કોઇ પણ નિશ્ચિત યોજનાથી પાકા ઠરાવ સાથે તેઓ વર્ત્યા નથી. તેઓની નજર સ્વાભાવિક રીતે ઇજિપ્ટ ઉપર હતી અને તેના ઉપર જબરો હુમલો કરવામાં મોટા લાભની આશા તેઓ રાખતા હતા; પરંતુ આ હુમલો કરવા તેઓ શક્તિમાન્ થયા નથી. મેસોપોટમિઆમાં બ્રિટિશો આગળ વધ્યા અને ગૅલિપોલીમાં લશ્કર તેઓએ ઉતાર્યું તેથી તેમની સામે તેનું ચુનન્દુ લશ્કર રોકાયું અને જર્મનિ તેમને કદીપણ માણસો મોકલી શક્યું નહિ. અધિકારીઓ, દ્રવ્ય, દારૂગોળો વિગેરે જર્મનોએ પુષ્કળ પ્રમાણમાં મોકલી આપ્યાં, પણ માણસો તો મોકલી શકયાજ નહિ. આથી ઈજિપ્ટ પર હુમલો નબળો અને રહીરહીને કરવામાં આવતો હતો; તેથી તે નહેર સુધી ભાગ્યેજ પહોંચી શકતો. હિંદુસ્તાનના લશ્કરની મદદથી બ્રિટિશો આ નહેરપર એવો સખ્ત કાબૂ રાખે છે કે આ પ્રદેશમાં હવે ભયનું કારણ જરાએ નથી. પશ્ચિમમાં આરબોએ હુમલા કર્યા છે પણ તે સઘળા નિષ્ફળ ગયા છે.

ઈ.સ. ૧૯૧૪ના નવેમ્બરની શરૂઆતમાં હિંદુસ્તાનની સરકારે મેસોપોટમિઆ પર એક ચઢાઇ મોકલી આપી; તેમાં બ્રિટિશ અને હિંદુસ્તાનનુ લશ્કર ગયું, મોટી ફતેહ મેળવી બસરા લઇ લેવામાં આવ્યું અને ઉપરાછાપરી જીત થવાથી બગદાદ સુધી લશ્કર આવી પહોંચ્યું. પણ આ અરસા દર્મિયાન તેની સંખ્યા ઘણી ઘટી ગઈ અને તુર્કોનું લશ્કર ધીમે

ધીમે વધતું જતું હતું. ઇ.સ. ૧૯૧૫ના નવેમ્બર મહીનામાં ટેસિફોનની લડાઇ પછી તેને પાછા હઠવાની જરૂર પડી. તેઓ કુત-ઉલ-અમારા સુધી ગયા અને ત્યાં તૈગ્રિસ નદીના ગાળામાં ઘેરાઇ ગયા. ઘેરો અર્ધા વર્ષ સુધી ચાલ્યો. કુતની દક્ષિણે તુર્કોએ એક જબરી જગ્યા પર છાવણી નાખી અને સામે આવતાં લશ્કર સામે બચાવ કર્યો; અંતે ખોરાક ખૂટયો અને આખા લશ્કરનાં બાકી રહેલાં ૯૦૦૦ માણસ મરણ શરણ થયાં (ઇ.સ. એપ્રિલ ૧૯૧૫)

તૈગ્રિસ નદી ઉપરની સ્થિતિ તેવીને તેવી છે. બ્રિટિશ લશ્કર તુર્કોની આગળ કિલેબંદી કરી પડયું છે; કોઇપણ લશ્કર આગળ વધી શકતું નથી. ઉનાળાની ગરમીને લીધે કદાચ થોડો વખત લડાઇ બંધ રહેશે; પણ એ દર્મિયાન રશિઅનો ઉત્તરમાંથી બગદાદ સુધી આવી પહોંચતા જાય છે. ઈરાનની અંદર ખટપટ થવાથી રશિઆનું ત્યાં સુધી પહોંચવાનું લાંબો વખત સુધી બંધ રહ્યું; ઈરાનમાં ઈરાની સરકાર સામે જર્મનોએ બળવાની ઉશ્કેરણી કરી હતી; પરંતુ હવે તેનો અંત આવ્યો છે અને રશિઅનો તૈગ્રિસની ખીણ પર આવેલી ટેકરીઓ ઓળંગે છે. રશિઅન ઘોડેસ્વારની એક ટુકડી આ દિશામાંથી બ્રિટિશ લશ્કરની સાથે જોડાઇ ગઇ છે.

એશિઆ માઇનૉરમાં એક વર્ષ સુધી તુર્કોએ અને રશિઅનોએ લડી હાર જીત મેળવી હતી. આખરે ગ્રાંડ ડયૂક નિકોલસ યુરોપથી ઇ.સ. ૧૯૧૫માં ત્યાં પહોંચ્યો. પાનખર ઋતુ અને શીઆળામાં શાંત રીતે તૈયારી તેણે કરવા માંડી અને વસંત ઋતુમાં ઇ.સ. ૧૯૧૬ના ફેબ્રુઆરી માસમાં રશિઅનોએ અર્ઝરૂમ લીધું છે, એવી અણધારેલી ખુશ ખબરે મિત્રરાજ્યોને મળી. એશિઆ માઇનૉરમાં તુર્ક લોકોનો આ સૌથી જબરો કિલ્લો છે. તે એક પહાડી જંગલવાળા પ્રદેશમાં આવેલો છે; તે હજારો ફુટ ઊંચો છે અને બરફને લીધે ત્યાં લડી શકાય એમ નથી. પરંતુ આ કામ અશકય લાગતું હતું, તેથીજ રશિઅનો અર્ઝરૂમ લેવા શક્તિમાન્ થયા. તેઓ બરફમાંથી આગળ પેટે ચાલી આવ્યા અને દુશ્મન ઉપર ઓચિંતો છાપો મારી હલ્લો કરી કિલ્લો લીધો. ત્યાર પછી ટ્રેબિઝંડનું બંદર તેઓએ લીધું, અને હવે તેમનો હેતુ

દક્ષિણમાં જઈ બગદાદ રેલ્વેનો સંબંધ તોડી નાખવાનો છે. આથી દક્ષિણમાંના તુર્કો ઉત્તરમાં તેમનાં મથકોથી, ખોરાકથી, અને વધારાના લશ્કરથી જુદા પડી જશે.

રશિઆએ આ પ્રમાણે આર્માનિઆનો કબજો લીધો છે, અને તેના ખ્રિસ્તિઓ આખરે જમાના પર્યંતના જુલમમાંથી મુક્ત થયા છે. આ લડાઇમાં તેમનો નાશ થઈ જાય ત્યાં સુધી ચલાવેલી લૂટ અને કતલથી તેઓને બહુ નુકસાન થયું છે. આ વાત છુપાવવી જોઇએ નહિ, જો કે આપણે રાજી ખુશીથી કબૂલ કરીએ છીએ કે યુરોપિઅન દુશ્મનો તરફ અને ખાસ કરીને મેસોપોટમિઆના બ્રિટિશો તરફ તુર્કો ઘણી સભ્યતાથી વર્ત્યા છે.

૬. ઈટલિ.

જ્યારે ઈટૅલિઅન આ લડાઇમાં જોડાયા ત્યારે તેઓએ એકદમ એક ભારે પગલું લીધું, અને પૂર્વની હદ ઉપર ટ્રિએસ્ટ તરફ અને ટ્રેન્ટિનોમાં બન્ને બાજુએ ઑસ્ટ્રિઆપર હુમલા કર્યા. બન્ને દિશામાં તેમની સામે થવાની તૈયારીઓ લાંબો વખત થયાં થઈ રહી હતી; બન્ને પ્રદેશ પહાડી છે અને સ્થાયી બરફવાળાં બન્ને પહાડોપર મજબૂત કિલ્લાઓ બાંધવામાં આવ્યા હતા. ખડકોમાં ચઢઉતર બેઠકો કોતરવામાં આવી હતી, અને સઘળા રસ્તા અને પહાડી માર્ગો ઉપર ગોળા ફેંકી શકાય એવી રીતે તોપો પોલાણમાં ગોઠવવામાં આવી હતી. પૂર્વમાં ઇઝોન્ઝો નદીની પેલીગમ કાર્સોના ટેકરા તરીકે ઓળખાતા પર્વતો સાથે નદીની હદનું રક્ષણ કરવામાં આવ્યું હતું. અંહિ એક વર્ષ સુધી ટ્રિએસ્ટ ઉપર નજર રાખીને ઇટૅલિઅનો લડી આગળ વધ્યા; પણ તેમનું પ્રયાણ બહુ ધીમું હતું. ખરેખર જ્યારે તેમણે આગળ વધવા માંડયું અને ટ્રેન્ટિનોમાં પણ કાંઇ પ્રયાણ થયું ત્યારે જર્મનો આ સ્થિતિ ઉપર પોતાની નિયમિત કાળજીથી વિચાર કરવા લાગ્યા, અને તે સ્થિતિ ઉથલાવી પાડવા નિશ્ચય કર્યો. લાંબા વખત સુધી સાવધાનતા પૂર્વક તેઓએ પોતાની યુક્તિઓ ઘડી અને સાધન એકઠાં કર્યાં. ઇ.સ. ૧૯૧૬ના મે માસમાં ટ્રેન્ટિનો ઉપર તેમણે હુમલો શરૂ કર્યો. આરંભમાંજ તેમને મોટી ફતેહ મળી; ઈટૅલિઅનોને પાછા ઈટલિમાં હાંકી કાઢવામાં આવ્યા અને રેલ્વેનો સંબંધ તુટી જશે અને

ફ્રૅાન્ઝો ઉપરના ઇટૅલિઅનો બાકીના ઇટલિના ભાગથી જુદા પડી જશે એમ લાગ્યું. પણ ઑસ્ટ્રિઅનોનું પ્રયાણ હવે અટકાવવામાં આવ્યું હોય એમ લાગે છે; ગૅલિસ્યામાં રશિઅનોની જીતથી તેમને પૂર્વની સરહદ પર લશ્કર મોકલવાની જરૂર પડશે, અને ઇટૅલિઅનો ફરીથી હલ્લો કરી ટ્રેન્ટિનો પાછું મેળવશે એમ આપણે આશા રાખીએ.

તે દર્મિયાન ઍડ્રિઍટિકના પૂર્વ ભાગ ઉપર વૅલોનાનો કબજો ઇટૅલિઅનોએ લઈ લીધો છે; અને જ્યારે મિત્રરાજ્યો સૅલોનિકાથી આગળ વધશે ત્યારે ઇટૅલિઅનો પણ વૅલોનાથી જમીન ઉપર આગળ વધશે, એમ આપણે અનુમાન કરીએ છીએ.

फ. પોર્ટુગલ.

પોર્ટુગલના નાના રાજ્યને લડા માં કાંઇ ખાસ સ્વાર્થ કે પ્રતિષ્ટા જાળવવા ઉતરવું પડયું નથી; પણ લાંબો વખત થયાં એને બ્રિટન સાથે મિત્રાચારી છે, તેથી માત્ર તટસ્થ રહેવામાં એણે સંતોષ માન્યો નહિ. લિસ્બનના બંદરમાં જે જર્મન વહાણોએ આશ્રય લીધો હતો, તેને અમર્યાદ સમય સુધી પોર્ટુગલ રાખશે નહિ, એમ જર્મન સરકારને તેણે વિદિત કર્યું. સને ૧૯૧૫ના માર્ચ માસમાં જર્મનોએ એની સામું તરતજ લડાઇ જાહેર કરી. ઘણું કરીને પોર્ટુગલને લડાઇમાં ઘસડવા તેઓ નાખુશ નહતા, કારણકે તેનું લશ્કર નાનું છે, અને તેની પાસે સંપત્તિવાળાં સંસ્થાનો છે. જો જર્મનો વિજયી નિવડે તો તેઓ તેમને ઉચાપત કરી લે. સ્વાભાવિક રીતે પોર્ટુગલ અને જર્મનિ વચ્ચે ભાગ્યેજ લડાઇ થઇ છે, પરંતુ જર્મન ઈસ્ટ આફ્રિકામાં પોર્ટુગિઝ લશ્કર બ્રિટિશ લશ્કરની સાથે સામેલ રહી લડે છે.

ग. આફ્રિકા.

જ્યારે લડાઈ ફાટી નીકળી ત્યારે આફ્રિકામાં જર્મનોનાં સ્થાન નીચે પ્રમાણે હતાં.

૧. કૅમેરૂન.

૨. સાઉથ વેસ્ટ આફ્રિકા.

૩. જર્મન ઈસ્ટ આફ્રિકા.

ફ્રેન્ચ અને બ્રિટિશ લશ્કરે લડાઇ શરૂ થયા પછી એક વર્ષમાં કૅમેરૂનનો કબજો લીધો; કેપ કૉલોનિના લશ્કરે સાઉથ વેસ્ટ આફ્રિકાનો કબજો લીધો; બન્ને પ્રદેશોમાં લડાઇ થઈ, પણ દેશની પ્રતિકૂળ સ્થિતિને લીધે પરિણામ આવતાં વાર લાગી. જર્મન ઈસ્ટ આફ્રિકાનો બચાવ મજબૂતાઇથી તેમણે કર્યો. ત્યાં આગળ લડાઇની શરૂઆતમાં બ્રિટિશોને એક આકરી હાર મળી. પુરતી તૈયારીઓ વિના ટૅંગાના બંદર પર એક હલ્લો કરવામાં આવ્યો, પણ ઘણી ખુઆરી સાથે તેને પાછો હઠાવવામાં આવ્યો. આ પછી એક વર્ષ બન્ને બાજુમાં કાંઇ પણ ચલવલ થઇ નહિ; પણ ઇ.સ. ૧૯૧૬ની વસંત ઋતુમાં કેપ કૉલોનિનું લશ્કર બ્રિટિશ લશ્કરને મળ્યું અને સખ્ત હલ્લા શરૂ થયા. હજુ તે પૂરા થયા નથી; પણ દરેક બાજુથી એ દેશ ઉપર હુમલા લાવવામાં આવે છે, અને મધ્ય ભાગમાં જર્મનોને ધીમે ધીમે પાછા જવું પડે છે. બ્રિટિશ લશ્કર જનરલ સ્મટ્સની સરદારી તળે મૂકવામાં આવેલું છે. તે દક્ષિણ આફ્રિકાનો એક ડચ છે અને બોઅર વિગ્રહમાં ગ્રેટ બ્રિટન સામે તે લડયો હતો.

ह. દૂરના પૂર્વ દેશો.

ટ્સિંગટાઉના સંસ્થાનને મથક બનાવી ત્યાંથી ચીનમાં સામ્રાજ્ય સ્થાપવાનો જર્મનિનો ઉદ્દેશ હતો. નજદીકના પૂર્વના દેશમાં બગદાદ રેલ્વેથી તેમને એક બીજું મથક મળ્યું. તેણે જે જે કાંઇ બાંધ્યું તે હમેશ ત્યાં સ્થાયી રહેવા ઇચ્છનાર માણસ બાંધે તે પ્રમાણે બાંધ્યું. ટ્સિંગટાઉતો તેની આબાદાનીના સમયમાં દૂરના પૂર્વ દેશોમાં એક દૈવતવાળી ભવ્ય જગ્યા હતી. જર્મનિમાં મૂર્ખાઇને બદલે ડહાપણ હોત તો લડાઇ ફાટી નીકળી તે વખતે તે શહેર ચીનને આપી દેત; આથી ચીન ઉપર ઉપકાર થાત અને જૅપનિસને તેમાં પેસવાનો વખત આવત નહિ. ઘણો વખત થયાં જૅપનિસ સામે તેણે પોતાની દુશ્મનાવટ જાહેર કરી છે. જપનિસોએ પણ તાત્કાળિક ડહાપણ વાપરી લડાઇ શરૂ થતાંની સાથેજ જર્મનિ સામે લડાઇ જાહેર કરી, અને ટ્સિંગટાઉ ઉપર તડાપ મારી, તેઓએ ખુલ્લી રીતે એમ જાહેર કર્યું કે, તેઓ તેને પોતાને કબજે રાખી મૂકવા માગતા નથી, પણ લડાઇ થઇ રહ્યા પછી ચીનને

પાછું આપવા ઇચ્છે છે. ટ્સિંગટાઉનો ઘેરો લાંબો વખત ચલ્યો નહિ તેમજ જાણવા જોગ થયો નહિ. જો કે તેનાપર કિલ્લાઓ મજબૂત અને સુરક્ષિત હતા તોપણ પૉર્ટ આર્થરના જીતનારા સામે તે ટકી શક્યું નહિ. બ્રિટિશ લશ્કરે આમાં મદદ કરી. જાપાન હવે એ શહેરનો વહીવટ કરે છે, અને જર્મન રહેવાશીઓને લડાઇના કેદી તરીકે ત્યાંજ રાખવામાં આવ્યા છે. આ પ્રમાણે બે કરોડ પૌંડના ખર્ચનો અને મહાન્ સ્વપ્નાનો અંત આવ્યો.

ज. પૅસિફિક મહાસાગર.

પૅસિફિક મહાસાગરમાં જર્મનોનું મુખ્ય સંસ્થાન સૅમોઆ હતું; તે ઉપરાંત કેટલાક નાના ટાપુઓ પણ હતા; તેમનો ઉપયોગ તાર વગરના સદેશાના મથકો તરીકે કરવામાં આવતો. ઑસ્ટ્રેલિઅનોએ આ સ્થળો લઈ લીધાં છે.

પ્રકરણ ૯ મું.

યુદ્ધપદ્ધતિ.

अ. જર્મનિ.

જંગલી પ્રજાઓ લડાઇ કેમ ચલાવે છે તે વિષે આપણે પૂરી માહીતી છે. તેઓ કોઈ ચીજને તેમજ કોઇપણ મનુષ્યને છોડતા નથી; પુરુષ, સ્ત્રી અને છોકરાં દરેકને મારી નાખે છે અને જે ચીજ હાથમાં આવે તેનો નાશ કરે છે અને લૂટી લે છે; તેમાં કાંઈ ખોટું થાય છે એમ તેઓને લાગતું નથી. માત્ર જીતનોજ વિચાર તેઓ કરે છે. જેમ જેમ પ્રજાઓ સુધરતી જાય છે તેમ તેમ લડાઇ ચલાવવામાં નિયમો પાળતી જાય છે. કાંઇક અંશે દયાની લાગણીથી અને કાંઇક અંશે સ્વાર્થબુદ્ધિથી આ નિયમો પાળવામાં આવે છે. દરેક લડાઇને જેમ બને તેમ ઘાતકી કરવામાં સ્વાર્થ સમાયલો નથી. જીતાયલી પ્રજાને કોઇ વખત વેર લેવાની તક મળે ત્યારે જેટલા પ્રમાણમાં તેને ખમ્યું હોય તેટલા પ્રમાણમાં ઘાતકી થઇને તે વેર લે છે. આ બેજ કારણથી સુધરેલી પ્રજાની લડાઈ જંગલી પ્રજાની લડાઈ કરતાં

વધારે દયા વૃત્તિવાળી હોય છે. જર્મન પ્રજામાં 'નાઇટ'ની સંસ્થા ઉત્પન્ન થઇ, તેજ એનું દ્રષ્ટાંત છે. યુરોપના અજ્ઞાન યુગમાં નિર્બળ અને અશક્તને મદદ આપવા આ સંસ્થાએ ઘણું કર્યું છે. દુર્ભાગ્યે લાંબા ધાર્મિક યુદ્ધમાં આ સંસ્થા અદૃશ્ય થઇ, અને જર્મનિના 'ત્રીસ વર્ષના વિગ્રહ' કરતાં બીજા કોઇ વિગ્રહમાં વધારે ક્રૂરતા વાપરવામાં આવી નથી.

એમ છતાં દુનિયાની દયાવૃત્તિ પુનઃ સતેજ થઇ, અને સાંપ્રત સમયની પ્રજાઓને એમ લાગ્યું કે લડાઈમાં ક્રૂરતાને પણ કાંઇ હદ હોવી જોઇએ. મનુષ્યજાત આ વિષય ઉપર કેટલે અંશે સંમત થવા અને નિયમો બાંધવા રાજી છે તે બરાબર જોવાનું કાર્ય વિદ્વાન વર્ગનું હતું. આ સંબંધી પહેલો લેખક એક હૉલંડનિવાસી હતો; વિગ્રહ અને શાંતિમાં પ્રજાના હક કેવા હોવા જોઇએ તેપર તેણે એક પુસ્તક લખ્યું. તે વિસ્તારપૂર્વક લખી ગયો નથી, પરંતુ તેણે એમાં શરૂઆત કરી અને અરસ્પરસ પ્રજાના કાયદાના વિચારને જન્મ આપ્યો. ત્યાર પછી એ વિચારોનો વિકાસ થયો છે. હવે તો તેનાપર ઘણાં પુસ્તકો લખાયાં છે, પણ આપણે એટલું યાદ રાખવું કે આવાં પુસ્તકોમાં લોકોએ શું કરવું જોઇએ, એ ઉપર માત્ર મત દર્શાવેલા છે, પરંતુ પ્રજાએ કઈ બાબતમાં કબુલાત આપી છે અને કઇ બાબતો તેમનાપર ફરજયાત ગણી શકાય તે સંબંધી પુસ્તકોમાં કાંઇ પણ ઉલ્લેખ કર્યો નથી. કેટલેક દરજજે કબુલાત થઈ છે; તેમાંથી સન ૧૯૦૭ની હેગ* કૉન્ફરન્સની કબુલાતો મુખ્ય અને શ્રેષ્ઠ છે. આ કૉન્ફરન્સમાં સઘળા રાજયોના પ્રતિનિધિઓ આવ્યા હતા, અને ઘણી બાબતોમાં લડાઇ સંબંધી કેટલાક નિયમો રજુ કરવામાં આવ્યા, તે બધાએ માન્ય રાખ્યા. આમાં ભાગ્યેજ એકાદ નિયમ એવો છે, કે જેનો જર્મનોએ આ વિગ્રહમાં ભંગ કર્યો નથી.

જર્મનિ સામેના આરોપોની બ્રિટિશ અને ફ્રેન્ચ કમિશનોએ તપાસ કરી છે. બ્રિટિશ કમિશનમાં પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત ગૃહસ્થો હતા. તેમણે

---

*બધાં રાજ્યો સામ્યતાથી મળી શકે એવા હેતુથી એક નાના રાજ્યની રાજધાની તરીકે આ કૉન્ફરન્સ માટે હૉલંડની રાજધાની હેગને પસંદ કરવામાં આવ્યું.

તપાસ કરી જે પરિણામ જાહેર કર્યું તેનો સ્વીકાર કરવોજ પડે છે. તેઓને માલૂમ પડયું છે કેઃ—

૧. જર્મનિએ શ્વેત વાવટાનો અને 'રેડ ક્રૉસ'નો દુરૂપયોગ કર્યો છે. પોતાની તોપના ગોળાના રસ્તામાં આવવા માણસોને લલચાવવામાં શરણુની નિશાની જે શ્વેત વાવટો ગણાય છે, તેનો ઉપયોગ થયો છે અને દારૂગોળાની લાવજા છૂપાવવાને 'રેડ ક્રૉસ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૨. લડાઇ દર્મિયાન હાસ્પિતાલ પર ગોળા ફેંકવામાં આવ્યા છે અને જખમી માણસોની આગબોટ ડુબાડવામાં આવી છે.

૩. કેદીઓની સાથેની જર્મન વર્તણુક વિષે વર્ણન કરતાં મિ. એસ્કિવથ કહે છે કે જર્મનોની લડાઇ ચલાવવાની રીતમાં આ એક ઘણુંજ ખરાબ કલંક છે. ઘાયલ થયલા સિપાઇઓના કપડાં છીનવી લેવામાં આવે છે. દવા અને દાકતરોની મદદ તેમને આપવામાં આવતી નથી; અને એક બાબત જાણીતી થઈ છે, તેમાં દાકતરી મદદ અને અન્ન પાણી વિના આખી છાવણીને 'ટાયફસ'થી મરવા દેવામાં આવી હતી.

રણક્ષેત્રમાં જર્મનોએ ઘણાં શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે, જેને હેગ પરિષદે વખોડયાં હોય કે ન હોય, તોપણ માણસની સામાન્ય સમજ તો તેને વખોડી કાઢે છે; જેવાં કે ઝેરી વાયુ અને પ્રવાહી આગ. સાઉથ વેસ્ટ આફ્રિકામાં તો કુવામાં પણ ઝેર નાખવામાં આવ્યું હતું. ખુલ્લા દરિયામાં સુરંગો પાથરવામાં આવી છે; તેઓ લડતી પ્રજા તેમજ તટસ્થ રાજ્યોને પણ નુકસાનકારક છે. અરક્ષિત શહેરો ઉપર તેમણે તોપનો મારો વરસાવ્યો છે; અને રાત્રિના અંધકારમાં, જડી આવે અને તેમની કલ્પનામાં આવે તેવી, વસ્તીવાળી જગ્યા ઉપર બંગગોળા છૂટા છવાયા નાખવા તેમણે પોતાનાં ઝેપેલિનને મોકલ્યાં છે. આ ઝેપેલિનના હુમલાથી સેંકડો સ્ત્રીઓ, બચ્ચાંઓ, અને સાધારણ શેહેરીઓના પ્રાણ ગયા છે. કાંઇપણ દયા વિના અથવા તો ઉંમર કે જાતિનો વિચાર કર્યા વિના કરાયલાં આવાં અઘોર કૃત્યોમાં પ્રાચીન સમયની લડાઇઓના વિચાર ફરીથી પ્રકટયા હોય એમ લાગે છે. લુસિટૅનિઆ અન માલોજા જેવાં ઉતારૂનાં વહાણોને ખબર આપ્યા વિના ડુબાડવામાં અને ઝેપેલિનના

હુમલામાં કોઇ જાતનો ફેર નથી. આથી આખી દુનિયા લડાઈના ત્રાસથી ભયભીત થઇ ગઇ છે.

પણ તાજા બનાવોથી આપણે ભૂલવું જોઇએ નહિ કે જર્મનિના સૌથી ખરાબ ગુના બેલ્જિઅમના હુમલા વખતે વિગ્રહની શરૂઆતમાં થયા હતા. જ્યારે એનું લશ્કર બેલ્જિઅમમાંથી પસાર થઈ ગયું ત્યારે, સ્ત્રી પુરૂષો અને બાળકોનાં મુડદાં અને આગથી બળેલાં ગામડાઓ સિવાય કાંઇ પણ તેમની પછાડી રહેવા દીધું નહિ. શું બન્યું તે બરાબર સમજવું ઘણું જરૂરનું છે.

બધાની એવી સંમતિ થઇ ગઇ છે કે જે દેશપર હુમલો થયો હોય તેની નાગરિક વસ્તીએ હુમલો કરનારાઓને હેરાન કરવા નહિ; પણ હુમલો કરનાર પ્રજાએ તે નાગરિક વસ્તીને સહીસલામત રહેવા દેવી.* જે કોઈ તેમનાપર હુમલો કરે અથવા તો હુમલામાં મદદ કરે તેને દયા વિના ગોળીબાર કરી મારી શકાય, અને જો આખું શહેર એવા હુમલાઓમાં ભાગ લે તો તેને બાળી નાખવું જોઇએ. આ વાજબી છે;† પરંતુ જર્મનિએ બેલ્જિઅમમાં એવી વર્તણુક ચલાવી કે તેણે આ લડાઇના કાયદાઓ, પૂર્વે નહિ સંભળાયલી એવી નિર્દયતા સાથે, અમલમાં મૂકયા. બનવાજોગ છે તેવું આપણે ધારો કે બેલ્જિઅમના નાગરિકે કોઈ એકાદ છૂટોછવાયો ગોળો ફેંકયો; જર્મનોએ તેના બદલામાં આખા શહેરને બાળી દીધું અને વસ્તીની કતલ કરી. આવી રીતે બાળી નાખેલું શહેર લુવાં હતું; તેમાં બેલ્જિઅમની મુખ્ય શારદાપીઠ હતી.

* એમ છતાં આપણે અહિં નોધ લઇશું કે જર્મન સરકારે એવો નવો હુકમ પોતાની રૈયતને કર્યો છે કે જો દેશ ઉપર કોઇ હુમલો કરે તો બની શકે તે રીતે નાગરિક પ્રજાએ તેમનો નાશ કરવો. જ્યારે મિત્રરાજ્યો જર્મનિ ઉપર હુમલો કરશે ત્યારે શું થાય છે તે જોઇશું.

†કેટલેક દરજ્જે દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ લશ્કરે બોઅરની સામે આવી વર્તણુક ચલાવી હતી. બ્રિટિશ લશ્કર ઉપર જે ખેડુતના મકાનો તરફથી ગોળીઓ ફોડવામાં આવી હતી, તે મકાનનો નાશ કર્યો, તોપણ પોતાના ઉપર હુમલો કરનારી પ્રજા ઉપર ગોળીબાર કર્યો નહિ. આ ક્ષમાવૃત્તિને લીધે લડાઈ લંબાઈ અને જ્યારે લડાઈ બંધ પડી ત્યારે કડવાશરહેલી લાગણીના અભાવરૂપી ફળ મળ્યું.

તે શહેર સૈકાઓ થયાં સાહિત્યના ઇતિહાસમાં પ્રખ્યાતિ પામ્યું હતું. હવે ત્યાં રાખોડીના ઢગલા છે. જ્યારે દુનિઆએ સવારના પહોરમાં લુવનો નાશ સાંભળ્યો ત્યારે જેવી અજાયબી અને ભયની લાગણી થઇ તેવી જમાનાઓમાં તેને થઈ નથી.

જે દેશ ઉપર ચઢાઇ કરવામાં આવી હોય તેના લોકો ઉપર કોઇપણ વિગ્રહમાં આના કરતાં વધારે હેરાનગતિ થઈ નથી. જર્મનોએ મહા યુદ્ધપૂર્વક તે જગ્યાઓ લૂટી છે. ફ્રાન્સ અને બેલ્જિઅમનાં જંગલો કાપી નાખ્યાં છે, લોડઝ અને લેલનાં સાંચાકામ અને સર્વિઆનાં પુસ્તકાલયો અને દફતરશાળાઓને લઇ ગયા છે. બાકીની આખી વસ્તીને લડાઈના કેદી સાથે ભૂખથી મારી નાખવાની બીક આપી પોતાને કામે લગાડી છે, અને રણક્ષેત્રમાં પોતાનાં સગાંવહાલાં સામે થવા હથિયાર તૈયાર કરવા તેમને ફરેઘડીએ ફરજ પાડવામાં આવી છે.

આ લડાઇ વાસ્તે જર્મનિએ જે તૈયારીઓ કરી તે સંબંધમાં લખ્યા વિના ચાલતું નથી. દરેક રાજ્ય લડાઇ માટે તૈયારી કરે છે. પરદેશમાં દરેક એલચી, જ્યારે તે દેશ પોતાના દેશ સાથે લડે ત્યારે, તેની સામું કામમાં લાગે તેવી ચીજો હમેશ ધ્યાનમાં રાખે છે; ધંધા અર્થે પરદેશમાં રહેતા સાધારણ શહેરીઓ પણ આવી ચીજો લક્ષમાં રાખે તો અયોગ્ય કહેવાય નહિ. પણ આ સંબંધમાં બીજા દેશ કરતાં જર્મનો એટલા બધા પાકા માલૂમ પડ્યા છે કે, માંહોમાંહે પ્રજાઓ ભવિષ્યમાં એક બીજાનો વિશ્વાસ રાખતાં ડરશે. જર્મનોની દૂતકળા દરેક ઠેકાણે પ્રવેશી ગઇ છે. દરેક સ્થળે મોટી નાની વ્યાપારી પેઢીઓ, વીમા કંપનીઓ અને એવી બીજી સંસ્થાઓ હતી પણ તે જાસુસોનાં બધાં કામો છૂપાવવાને વાસ્તે માત્ર બહાનારૂપે ઉભી કરવામાં આવી હતી; દરેક જર્મન વિદેશમાં સુખપૂર્વક રહેતો હતો અને પૈસાને વાસ્તે દૂતનો ધંધો થોડે ઘણે અંશે કરતો હતો. જર્મન પ્રતિનિધિઓ જે દેશમાં રહેતા તે દેશની સામે લડાઈની તૈયારીઓ તેમની ઑફીસમાં થતી. લડાઇ પછી આ સઘળું જાણવામાં આવ્યું છે, અને ભવિષ્યમાં જર્મનોને વસવાટ આપવો અશક્ય છે, અને કોઈપણ વિદેશીને દેશમાં રહેવા દેવો મુશ્કેલ છે,

એમ જનસમાજ માને છે. માંહોમાંહે પ્રજાકીય વિશ્વાસને આથી એક ધોકો લાગ્યો છે, અને એ વિશ્વાસને પાછો સતેજ કરવો એ સંધિનું મુખ્ય કામ થશે.

અ. ગ્રેટબ્રિટન.

મનુષ્યમાં તેમજ પ્રજામાં આત્મપ્રશંસા કરવી એ તિરસ્કારને પાત્ર છે; પણ જે મનુષ્ય લડાઇમાં ઉતર્યો ન હોય અને જે પોતાના દેશના સૈનિકો વિષે લખતો હોય તેણે સૈનિકોની લડાઇની પદ્ધતિ માટે જે વાજબી હોય તે લખવું જોઇએ. તેઓના ધૈર્ય વિષે આપણે અહિં વાત કરતા નથી. લડાઇના ઇતિહાસના દરેક પાનામાં તેમનું શૌર્ય સ્પષ્ટ દેખાઈ આવે છે. જો કે એ વાત પણ ખરી છે કે આવા વખાણને પાત્ર ન થાય એવી કોઇપણ પ્રજા આ લડાઈમાં નથી. તેના ખુશ મિજાજ, પરમાર્થ, પરસ્પર અને દુશ્મન પ્રત્યે દયાનાં કામોનું વર્ણન અહિં કરીએ. દરિયાની લડાઇમાં આપણાં વહાણો ઉપરથી જર્મનોના ડુબતા માણસો બચાવવા હોડીઓ ઉતારવામાં આવી છે. દુશ્મનના મારા સામે આવાં કામો કરવામાં આવ્યાં છે. અત્યારે લગભગ ૩૦૦૦ જર્મન દરિઆઈ કેદીઓ છે.

સૈનિકોના જીવનમાં ક્રૂર થવાની લાલચો ઉપરાંત બીજી ઘણી લાલચો છે. જ્યારે બ્રિટિશ લશ્કરને ફ્રાન્સ મોકલવામાં આવ્યું ત્યારે લૉર્ડ કિચનર આ લાલચો આગળથી સમજી ગયો હતો. દરેકને છેલ્લી વખતની આપેલી તેની સલાહમાં નીચેના કેટલા શબ્દ માલૂમ પડે છે.

“દુશ્મનના હુમલા સામે આપણા ફ્રેન્ચ સાથીઓને મદદ કરવાને શાહનશાહના સૈનિક તરીકે જવા હુકમ કરવામાં આવે છે. તમારે એવું કામ કરવાનું છે કે જેમાં તમારાં શુરાતન, બળ અને ધૈર્યની જરૂર છે.

તમારા દરેકની વર્તણુક ઉપર આખા બ્રિટિશ સૈન્યની કીર્તિનો આધાર છે એ ધ્યાનમાં રાખશો. નિયમમાં રહી સારી છાપ પાડવાનો તમારો ધર્મ છે એટલુંજ નહિ પણ, જેની સાથે રહીને આ લડાઈ તમે લડો છો તેની સાથે, મિત્રાચારીનો સંબંધ રાખવાનો પણ ધર્મ છે.

જે લડાઈમાં તમે સામેલ થયા છો તે એક મિત્રરાજ્યમાં લડવામાં

આવશે, બ્રિટિશ સૈનિકના ખરા સ્વરૂપમાં ફ્રાન્સ અને બેલ્જિઅમના રણક્ષેત્રમાં તમારૂં કામ બતાવવા કરતાં વધારે સારૂં કામ તમારા દેશ પ્રત્યે તમો કરવાના નથી. વિવેકી, વિચારવંત, અને દયાળુ હમેશ થજો; જેનાથી મિલ્કતનો નાશ થાય એવું કાંઇપણ કરતા નહિ; લૂટ ઉપર ધિક્કારની નજરથી જોજો.

નક્કી માનજો કે આથી તમારો સત્કાર થશે અને તમે વિશ્વાસપાત્ર બનશો. એ સત્કારને અને આવકારને તમે લાયક છો એવું તમારી ચાલચલગતથી સાબિત કરવું જોઇએ. તમે તંદુરસ્ત અને પુષ્ટ હો નહિ ત્યાં સુધી તમે તમારી ફરજ બજાવી શકો નહિ, તેથી કોઈપણ બાબતમાં હદપાર ન જવાય એમ સાવધ રહેજો.”

ઉદાર દુશ્મનની પ્રશંસા કરવા અંગ્રેજ પ્રજાએ કોઇ દિવસ ના કહી નથી. રૉબર્ટ બ્રુસ, જોન ઑવ આર્ક, અને જ્યૉર્જ વૉશિંગ્ટન કે જેમણે અનુક્રમે સ્કૉટલંડ, ફ્રાન્સ અને અમેરિકામાંથી તેમને હાંકી કાઢ્યા હતા તેઓ તેમના લોકમાન્ય શૂરવીરોમાં ગણાય છે, અને તેમને માટે કોઇપણ અંગ્રેજ લેખકે વિરૂદ્ધ લખ્યું નથી. બોઅર વિગ્રહ પછી જ્યારે જનરલ બોથા લંડનની મુલાકાતે આવ્યો ત્યારે તેવાજ ઉદાર સ્વભાવથી તેમણે તેને આવકાર આપ્યો. એમ લાગે છે કે એવાજ ભાવથી એમ્ડનના કૅપ્ટન મ્યુલરને પણ આવકાર તેઓ આપત, કારણ કે આવું માન મળતું અટકાવવાને અધિકારી વર્ગ તેને છાનોમાનો લઇ આવ્યો.

શૌર્યના આવાજ એક કામનું વર્ણન કરીને આપણે આ પ્રકરણ સમાપ્ત કરીશું. એક વખત એવું બન્યું કે પોતાની અને જર્મન ખાઇની વચ્ચે એક ઘાયલ થઇ પડેલા જર્મન ઉપર અકસ્માતથી કેટલાક બ્રિટિશ સિપાઇઓએ બંદૂક ફોડી. એક બ્રિટિશ અમલદારે આ જોઇ પોતાના માણસોને ગોળીબાર કરતા અટકાવ્યા અને તે ઘાયલ માણસને બચાવવા પોતાની ખાઇ છોડી ગયો. જે જર્મનોએ પોતાના સાથીપર ગોળીબાર થતો જોયો, તેમણે તે બ્રિટિશ અમલદારને તેની મતલબ સમજ્યા વિના વિંધી કાઢયો. છતાં તે ખંત રાખી ઘાયલ થયલા જર્મનને ઉંચકી લઇ જર્મન ખાઇમાં લઈ ગયો, ત્યાર પછી તેનો હેતુ સમજવામાં આવ્યો. અને જ્યારે ત્યાંથી પાછો વળ્યો ત્યારે

એક જર્મન અમલદારે પોતાની ખાઇમાંથી આગળ આવીને હિંમતને માટે જર્મન લશ્કરમાં જે લોઢાનો ક્રૉસ અપાય છે તેવો પોતાનો ક્રૉસ તેની છાતી ઉપર ખોસ્યો. એ બ્રિટિશ અમલદાર પોતાની ખાઇ તરફ પાછો વળ્યો, જ્યાં તે બીજે દિવસે મરણ પામ્યો. તે પાછો વળ્યો ત્યારે જર્મનોએ મોટી ખુશાલીના પોકાર કર્યા. એ બન્ને હાર ફરીથી એકબીજા સામે ગોળીબાર કરવા તૈયાર થઇ તે પહેલાં લાંબો વખત વહી ગયો.

જો લડાઇના અનિષ્ટમાંથી કાંઇ શુભ પ્રાપ્ત થવાનું હોય તો આના જેવા શૌર્યના કામોમાંથીજ કંઇક અંશે પ્રાપ્ત થશે. આપણે માનીએ છીએં કે, બ્રિટિશ લોકો હજીપણ કહેશે કે આવાં કામો કરવા અને બીજાઓ તે કરતા હોય તો તેમની કદર કરવા તેઓ શક્તિવાન્ છે.

પ્રકરણ ૧૦ મું.

લડાઈના સમયનું બ્રિટન અને તેનું સામ્રાજ્ય.

જ્યારે ઊનાળાના તોફાનની માફક લડાઇ સળગી ઉઠી ત્યારે બ્રિટનના લોકો ભડકી ગયા. ઘણાં વર્ષ સુધી જર્મનિ તરફ તેઓને અવિશ્વાસની લાગણી ઉત્પન્ન થઇ હતી. અને ઘણીવાર એમ કહેવામાં આવતું હતું કે બ્રિટન અને જર્મનિ વચ્ચે એકાદ દિવસ લડાઇ જાગશે; પણ પહેલાં જેવો લડાઇનો સંભવ હતો તેવો તે વખતે હતો નહિ. આગલા વર્ષના બાલ્કન વિગ્રહનો સહીસલામત અંત આવ્યો હતો; બન્ને દેશ વચ્ચે તાત્કાળિક કજીયાનું કાંઇ કારણ હતુ નહિ, અને સુધારક (Liberal) પક્ષની સરકારમાં લૉર્ડ મોરલી અને લૉર્ડ હૅલ્ડેન જેવા પુરૂષો હતા. લૉર્ડ મોરલી જેવા પુરૂષોના સિદ્ધાંતો શાંતિના પૂજકોના જેવા હતા અને લૉર્ડ હૅલ્ડેન જેવા પુરૂષો જર્મનોના મિત્ર હતા. વળી જુલાઈ માસ આખા યુરોપખંડમાં નવરાશનો મહીનો ગણાય છે અને તેથી બધા દેશોમાં ઘણા લોકો આ મહીનામાં કામથી છૂટા થઇ બહાર નીકળી ગયા હતા.

જાણે કે કોઇ મોટો ગોળો શાંતિના સમયમાં ઉતરી આવી આ શાંતિના ચિત્રના કકડે કકડા કરી નાખે તેમ આ શાંતિનો સમય થોડા દિવસમાં જતો રહ્યો. યુરોપની મોટી પ્રજાઓ લડાઈમાં ધસડાઈ; દરેક જણ જાણતો હતો કે આ જંગ ઇતિહાસમાં ઘણોજ સખ્ત અને અગત્યનો નિવડશે. કેવા ભાવથી બ્રિટને અને બ્રિટિશ સામ્રાજ્યે આ મહાન્ જંગમાં ભાગ લીધો, અને આ સમયને પહોંચી વળવા કેવાં પગલાં લીધાં, તે આ પ્રકરણમાં આપણે જોઇશું.

લોકોના ત્રાસના સમયની સામે બેન્કોનું રક્ષણ કરવાનું કામ પહેલું હતું. પોતાની દરરોજની જરૂરીઆતના પ્રમાણમાંજ માત્ર પુરતા પૈસા બેન્કો રાખે છે; પરંતુ જે માણસોએ પોતાના પૈસા તેમાં જમા મૂકયા હોય તે એકદમ પાછા માગે તો બૅન્ક એકદમ બંધ કરવી પડે અને મોટી ખોટ અને ગુંચવાડો પેદા થાય, તેથી સરકારને 'મોરિટોરિઅમ' અમલમાં મૂકવાની જરૂર પડી. 'મોરિટોરિઅમ' એક એવો હુકમ છે કે જે લોકો પૈસા ઉપાડી લેવા માગતા હોય તેમને તેમના પૈસાના અમુક ભાગ કરતાં વધારે બૅન્કે આપવા નહિ. આ હુકમ બે મહીના ચાલ્યો; તે દર્મિયાન, આ મામલાને પહોંચી વળવાને બ્રિટન પાસે પૂરતો પૈસો છે અને લડાઇને લીધે તેનો વ્યાપાર ભાંગી પડવાનો નથી, એવું દરેકને માલૂમ પડયું. બે મહીના પછી વ્યાપારી વર્ગ પોતાની નિયમિત સ્થિતિએ પહોંચ્યો. શાંતિના સમયની માફક સોનાની આવજા બ્રિટનમાં થાય છે; બૅન્કોની નોટ વટાવાય છે અને પ્રજાની પ્રતિષ્ઠા તેવીને તેવીજ રહી છે.

ખોરાક પૂરો પાડવા વિષે વિચાર કરવો અને જે ખોરાકની ચીજો માટે પરદેશ ઉપર આધાર રાખવો પડે છે તેની પહેલાંથીજ ખાત્રી કરવી આવશ્યક છે. લડાઇના પહેલા વર્ષમાં જાવાની બધી ખાંડ અને બીજે વર્ષે નૉર્વેની બધી માછલી એવા બધા ખોરાકનાં સાધન સરકાર તરફથી ખરીદી લઈ પૂરતી ગોઠવણ કરવામાં આવી છે. ખાસ કરીને જ્યારથી જર્મન 'સબમરીન' ના હુમલા થયા ત્યારથી વહાણના ધંધાનું રક્ષણ કરવાનું અને ઉત્તેજન આપવાનું આવશ્યક થયું છે. વહાણોનો અર્ધો વીમો યોગ્ય

દરે લઇને **સરકારે** આ કામ પાર પાડયું છે, જેથી વહાણની ખોટ અથવા નાશ માલિક કે વીમા કંપનીને માથે પડે નહિ.

આ બધાની એકદમ કુશળતાથી ગોઠવણ કરવામાં આવી; તેથી દરેક જણમાં **સરકાર** માટે મોટો વિશ્વાસ ઉત્પન્ન થયો. તેજ વખતે એવું પણ જાહેર કરવામાં આવ્યું કે જે બાબતમાં મતભેદ પડે તે વિષય ઉપર **પાર્લમેન્ટમાં** કોઈપણ નવી દરખાસ્તો લાવવી નહિ. આથી રાજ્યના **સામા પક્ષે** પોતાનો પૂર્ણ ટેકો **સરકારને** આપ્યો. અને જે બાબતમાં કાંઈપણ મદદ તે આપતો ન હતો, એમ તેને લાગ્યું તેમાં કોઇપણ ટીકા તેણે કરી નહિ.

કેટલાક વખત સુધી આ વ્યવસ્થા સારી રીતે ચાલી. દરેક ચીજથી દરેક માણસને સંતોષ થતો હતો એવું કાંઇ હતું નહિ. પણ **બ્રિટનમાં** રહેતા બધા **જર્મનોને** નજરકેદ રાખવા અથવા તો કેટલાકને સ્વતંત્ર રહેવા દેવામાં ડહાપણ છે, એ બાબતપર મોટી ચર્ચા થઇ. ખરેખર તેમાંના ઘણાખરા તો જાસુસો હતા. છાપખાનાની સાથે ચલાવેલી વર્તણુકથી અસંતોષ થયો. બધી ખબર 'સેન્સર' પાસે જવી જોઈએ; બધાએ કબૂલ કર્યું કે તેની પાસે નહિ પસાર થયલી ખબરો પ્રસિદ્ધ કરવા દેવી જોઇએ નહિ. 'સેન્સર'નું કામ બરાબર થતું હતું કે કેમ તે કહી શકાતું નથી, કારણ કે દુશ્મનને કાંઇપણ મદદ નહિ મળે એવી રીતે આપણા પોતાના સૈનિકોનાં પરાક્રમ વિષે આપણે વધારે કહેવું જોઇતું હતું.

કેટલાક વખત પછી લોકો વિચાર કરવા લાગ્યા કે **સામા પક્ષના** સૌથી જોરાવર માણસોને પોતાના રાજ્યની બહાર ટીકાકાર—અનુકૂળ ટીકાકાર–તરીકે રાખવા કરતાં રાજ્યમાંજ તેમનો વધારે સારો ઉપયોગ થઈ શકે. એક '**કોઍલિશન**' **પ્રધાનમંડળ** સ્થાપવામાં આવ્યું. જેમાં મિ. **બૉનર્લૉ** અને મિ. **બાલ્ફર** એક **મંત્રીમંડળમાં** તેમના અસલના હરીફો **સાથે** દાખલ થયા. રાજકીય **પદ્ધતિમાં** તો આથી પણ વધારે ફેરફાર થયા. લડાઇમાં જરૂર પૂરતા ઝડપી નિર્ણય ઉપર આવવા અને ચોક્કસ રાજનીતિ અમલમાં મૂકવા આ **મંત્રીમંડળ** મોટું છે એમ સઘળાને લાગ્યું. આપણે જોયું છે કે **મિત્રરાજ્યો** અને ખાસ કરીને **બ્રિટન** આવાં અગત્યનાં કામોમાં એક કરતાં

વધારે વાર મોડું પડયું છે. આ કારણથી ચાર માણસનું એક લડાઈનું મંડળ બનાવવામાં આવ્યું છે. તે મંડળ મંત્રીમંડળને પૂછ્યા વગર જરૂર પડે ત્યારે લંડન કે પૅરિસમાં મિત્રરાજ્યોના પ્રતિનિધિઓના અભિપ્રાય લઈને કામ કરે છે. તેના ચાર સભાસદો પૈકી આપણે જે બે ગણાવી ગયા તે ઉપરાંત મિ. ઍસ્કિવથ અને મિ. લૉઈડ જ્યૉર્જ સભાસદ છે.

લડાઇને લીધે થોડી આપત્તિ તો વેઠવી પડી છે; પરંતુ અસલ ધારતા હતા તે પ્રમાણમાં બ્રિટનમાં ઓછે દરજ્જે ખમવી પડી છે. શરૂઆતમાં વ્યાપાર પડી ભાંગ્યો પણ પાછો અજાયબ રીતે તે સતેજ થયો, અને લડાઇના સાધનોની માગણી વધવાથી દરેક મનુષ્યને કામ મળવા લાગ્યું છે. મજુરીના દર વધી ગયા છે; સૈનિકોની સ્ત્રીઓને ખોરાકી માટે સારી રકમ મળે છે; તેથી આ સ્થિતિને લીધે ગરીબ વર્ગના લોકોને નુકસાનને બદલે લાભ થયો છે. ભાવ વધી ગયા છે; આથી કેટલાક વર્ગના લોકોને ઘણું ખમવું પડયું છે. જેમની આવક સ્થાયી છે તે મધ્યમ વર્ગના બધા લોકો,–કલાર્ક અને અમલદાર, વકીલ અને પાદરી,–એ બધાને એકસરખું ખમવું પડે છે.

ભિન્ન ભિન્ન સ્થિતિના લોક શોકમાં છે; અમીર ઉમરાવ વર્ગના ૫૦ વારસો લડાઇમાં માર્યા ગયા છે. મજૂર વર્ગમાં એવું એકે કુટુંબ નથી કે, જેમાંથી એકે પુરૂષ માર્યો ગયો નહિ હોય અને જેનું કુટુંબ શોકાતુર થયું ન હોય. આવી સામાન્ય આફતથી લોકોમાં પરસ્પર લાગણી થઇ છે તે એક મોટો લાભ છે. આ વિગ્રહ પહેલાં શાંતિના સમયમાં રાજદ્વારી પક્ષમાં મતભેદને લીધે બ્રિટિશ પ્રજામાં પક્ષાપક્ષી થઇ હતી અને પોતાના હક સંબંધી આપસ્વાર્થી વિચારોવાળા પુરૂષોના ઘોંઘાટમાં સામાન્ય બુદ્ધિના વિચારો દબાઇ ગયા હતા.

દરિયાની પેલે પારના બ્રિટિશ સામ્રાજ્ય ઉપર હવે આપણે દૃષ્ટિ ફેરવીએ છીએ. જે બનાવો આપણી નજરે પડે છે તેનાથી આનંદ થતો નથી. દક્ષિણ આફ્રિકામાં કેટલાક ડચ અગ્રેસરોએ જર્મન અમલદારોની મદદ લઈ પોતાની ગયલી સ્વતંત્રતા પાછી મેળવવા હથિયારો લીધાં, પરંતુ દક્ષિણના લોકોમાં સંપ નથી અને ત્યાં બ્રિટન અને ડચ લોકો વચ્ચે લડાઈ જાગી હોત તો પરિણામે કદી પણ અંત ન આવે એવી મુલ્કી લડાઇ જાગત. ડચની આખી

પ્રજાને લડાઇની ઇચ્છા નહતી, અને જે બળવા થયા તે ડચ સરકારના હુકમથી ડચ લશ્કરે દાબી દીધા. તે સરકારનો અગ્રેસર જનરલ બોથા હતો. તેણે દસ વર્ષ પહેલાંની લડાઇમાં આપણી સામે બહુજ ખંતથી લડી વિજય મેળવ્યો હતો.

ચાલુ વર્ષમાં થોડાજ સમય પહેલાં જર્મન મદદથી આયર્લંડમાં પ્રજાનો બળવો ઉઠયો. પોતાના ઢંઢેરામાં કહ્યા મુજબ પોતાના બહાદુર મિત્રો ઉપર આધાર રાખી 'સીનફેન' પક્ષે ડબ્લિન અને દેશના બીજા ભાગમાં મુખ્ય મકાનો કબજે કર્યાં અને આયર્લંડને પ્રજાસત્તાક રાજ્ય જાહેર કર્યું. થોડા દિવસ જોશભેર ઝપાઝપી ચાલી; ઘણું લોહી રેડાયું; ડબ્લિનમાં જાનમાલની બહુ ખુઆરી થઇ. અંતે બળવો સમાવી દેવામાં આવ્યો. ઇતિહાસમાં આ કૃત્ય ઘણું દુષ્ટ અને ઉદ્ધત હતું—પાર્લમેન્ટના આયર્લંડના પક્ષમાં એક આગેવાને આ કૃત્યને બહુ સખ્ત ભાષામાં વખોડી કાઢયું છે—અને આખા દેશપર આની શી અસર થશે તે હજુ આપણે જોવાનું છે. જે બળવાખોરો પકડાયા તેમાંના થોડાને બંદૂકથી મારી નાખવામાં આવ્યા છે, અને બાકીનાને કેદ કર્યા છે. કેદીઓમાં એક ઉચ્ચ કુળની સ્ત્રી હતી; તેણી મરદના પોષાકમાં લડાઇ ચલાવતી હતી. એની વિરૂદ્ધ એક બીજી સ્ત્રીનું દૃષ્ટાંત આપણે આપીએ. મિસ કૅવલ નામની એક અંગ્રેજ સ્ત્રી બેલ્જિઅમમાં એક માવજત કરનારી સ્ત્રી તરીકે ગઇ હતી; તેણે કેટલાક કેદીઓને નાસવામાં મદદ કરી હતી. તે દગાથી પકડાઇ અને થોડા કલાકમાં તેણીપર કામ ચલાવી ગોળીથી તેને મારી નાખવામાં આવી. લશ્કરી કાયદા પ્રમાણે તેણી દેહાંતદંડની શિક્ષાને પાત્ર હતી, તેની આપણાથી ના કહેવાય એમ નથી; પરંતુ સખ્તાઇ માફક દયા પણ શું આવા બનાવોમાં વાજબી ન ગણાય? બ્રિટિશ લોક એમ કહે તો છે કે તેઓ દયાને પસંદ કરનારા છે; પણ દયા બધે ઠેકાણે બતાવી શકાતી નથી. એક આયરિશ બળવાખોર જેને મારી નાખવામાં આવ્યો હતો તે બોઅર વિગ્રહમાં લડયો હતો અને તેને બ્રિટિશોએ જીવતદાન આપ્યું હતું; આના જેવા દુશ્મનને બચાવી શકાય એમ નથી.

આ આયરિશ બળવાની નોંધ લેતાં આપણે ભૂલવું જોઇએ નહિ કે આયર્લંડના સૈનિકો લડાઇમાં દાખલ થયા છે અને તેમણે બહાદુરીભરેલી સેવા બજાવી છે. પહેલવહેલી ગૅલિપોલિમાં ઉતરનારી ટુકડી આયરિશજ હતી. આયર્લંડના ભવિષ્યપર વિચાર થાય છે અને આ લડાઇ પછીના નવા બ્રિટિશ સામ્રાજ્યમાં આશા રાખીએ છીએ કે આ સવાલનું નિરાકરણ કરવામાં આવશે.

કૅનેડા, ઑસ્ટ્રેલિઆ અને ન્યુ ઝલંડની નોંધ લેતાં આપણને વધારે સંતોષ થાય છે. આ દેશોમાંના કૅનેડામાં મિશ્ર પ્રજા છે. તે પ્રજા થોડીક ફ્રેન્ચ અને થોડા વખત થયાં કેટલીક યુનાઇટેડ્ સ્ટેટ્સમાંથી આવેલી છે. બીજા દેશોમાં બ્રિટિશ જઇને વસેલા છે. આ બધાં સંસ્થાનોમાં અંગ્રેજો તરફ સહાનુભૂતિ ઘણીજ છે. અને તેથીજ લડાઈમાં તેમની મદદ માગવામાં આવી ત્યારે ઘણા ઉત્સાહ અને ત્વરાથી જોડાયા. આ સર્વેએ મળી આપણને પાંચ લાખ સિપાઇઓ પૂરા પાડયા છે; તેમના અડગ ધૈર્યથી તેઓ ઇતિહાસમાં જાણીતા થયા છે. દક્ષિણના લશ્કરે ગૅલિપોલીમાં સફળ નોકરી બજાવી અને હાલ તેવીજ પ્રખ્યાતિ કૅનેડાના લોકોએ ફ્લૅન્ડર્સમાં મેળવી છે.

તટસ્થ રાજ્યો.

યુરોપનાં મુખ્ય તટસ્થ રાજ્યો સ્વીડન, હૉલંડ અને સ્પેન છે. સ્વીડનને અસલથી રશિઆ સાથે વૈરભાવ હોવાથી તેની લાગણી મિત્રરાજ્યો વિરૂદ્ધ છે. ડચની લાગણી ઉપર જર્મનના ભયની અસર થાય છે. સ્પેન વાજબી અને ખરેખરી રીતે તટસ્થ છે. ઍટલૅન્ટિક મહાસાગરની પેલી બાજુએ અમેરિકામાં પ્રજામાં મતભેદ છે. યુનાટેડ્ સ્ટેટ્સમાં છેલ્લાં પચાસ વર્ષ થયાં લાખો જર્મનો આવી વસ્યા છે; ચાલાક અને પ્રવીણ હોવાને લીધે તેઓ દરેક ઉદ્યોગના ક્ષેત્રમાં ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા છે; પરંતુ થોડાજ બ્રિટિશો ત્યાં વસ્યા છે. જ્યારે લડાઈ શરૂ થઈ ત્યારે યુનાઇટેડ્ સ્ટેટ્સના લોકોનું વલણ જર્મનિ તરફ કરવાને જર્મનિએ ઘણા પ્રયત્ન કર્યા. તેમના કેટલાક બાહોશ વક્તાઓ ત્યાં ભાષણ આપવા ગયા; લડાઇ સંબંધી જર્મન

પુસ્તકોથી દેશ છવાઇ ગયો, અને અમેરિકાના ટેકા માટે બની શકે તેટલી રીતે યાચનાઓ કરવામાં આવી. અમેરિકાના જર્મનોએ આખા દેશમાં ઘોંઘાટ કરી મૂકયો.

લડાઈનો સામાન મિત્રરાજ્યોને પૂરો પાડવા અમેરિકા ના પાડે એવો જર્મનિનો ઉદ્દેશ હતો. દરિયામાં વહાણો અટકાવવાને જર્મનિ પૂરતું બળવાન નહતું તેથી પોતાની નબળાઇનો બદલો યુનાઇટેડ્ સ્ટેટ્સ પુરો પાડે એવી તેની ઇચ્છા હતી. એણે એવું સૂચવ્યું કે બેમાંથી કોઈપણ પક્ષને તટસ્થ રાજ્યે હથિયારો પૂરાં પાડવાં જોઇએ નહિ. પ્રેસિડન્ટ વિલ્સને તટસ્થ રહેવા નિશ્ચય કર્યો હતો, પણ તટસ્થપણાનો આવો અર્થ કર્યો નહિ, અને લડાઈની શરૂઆતમાં યુનાઇટેડ્ સ્ટેટ્સે મિત્રરાજ્યોને કિંમતી સાધનો પૂરાં પાડ્યાં. જ્યારે આ સ્પષ્ટ થયું ત્યારે જર્મન અને જર્મન–અમેરિકન વચ્ચે કડવાશ ઉત્પન્ન થઇ. જે કારખાનામાં દારૂગોળો બનાવવામાં આવતો હતો તેનો નાશ કરવાને, પુલો ઉરાડવાને, અને વહાણો બાળી નાખવાને કાવતરાં થયાં; તેમાંનાં કેટલાંક સફળ થયાં, કેટલાંક નિષ્ફળ ગયાં. યુનાઇટેડ્ સ્ટેટ્સમાં જર્મન એલચીઓ આ કાવતરામાં મદદ કરતા હતા એવું જણાઇ આવ્યું. જર્મન એલચીખાતાના મોટા અમલદારો સાથે ઑસ્ટ્રિઆના એલચીને હાંકી કાઢવામાં આવ્યો.

આના કરતાં પણ વધારે ખીજવાટનાં કારણો મળે તો પણ જર્મનો સાથે અણબનાવ ન કરવાની પ્રેસિડન્ટ સંભાળ રાખે એવો હતો. બ્રિટન જતાં વ્યાપારી વહાણો સાથે જર્મનોએ લડાઇ જાહેર કરી ત્યારે મોટામાં મોટી લુસીટેનિઆ નામની આગબોટને પહેલી ડૂબાડી. આયર્લંડના કિનારાથી થોડે દૂર ૧૫૦૦ ઉતારૂઓ સાથે તે ડૂબી ગઇ. આમાંના સેંકડો ઉતારૂઓ અમેરિકન હતા, તેથી અમેરિકા શું પગલાં લે છે તે જાણવા જગત્ ઈંતેજાર થયું. પોતાની રૈયતનું મરણ નિપજે એવી રીતે જર્મનિએ લડાઇ કરવી જોઇએ નહિ, એમ પ્રજા વચ્ચે માંહોમાંહેના કાયદા પ્રમાણે માગણી કરવાનો તેને હક હતો, અને પ્રેસિડન્ટે જર્મનિ સામે આવાં કૃત્ય બદલ વાંધો પણ ઉઠાવ્યો. પણ જર્મનોએ બહાનાં કાઢયાં અને એક બે કરતાં વધારે વર્ષ સુધી બન્ને વચ્ચે પત્રવ્યવહાર ચાલ્યો. તે દર્મિયાન ઉતારૂઓની આગબોટો અને

અમેરિકનોને ડૂબાડવાનું જર્મનોએ જારી રાખ્યું; અંતે જ્યારે યુનાઇટેડ્ સ્ટેટ્સે ચોખ્ખું કહ્યું કે જો વધારે વહાણ હવે પછી ડૂબાડવામાં આવશે તો લડાઈ થશે, ત્યારે જર્મનિએ વચન આપ્યું કે અમેરિકાના વતનીઓના હિતને લક્ષમાં રાખી વહાણના ઉતારૂઓને નાના મછવામાં ઉતાર્યા વિના તે કદી પણ વ્યાપારી કે ઉતારૂના વહાણને ડૂબાડશે નહિ. ત્યારથી કોઇ પણ અમેરિકનને ડૂબાડવામાં આવ્યો નથી, પણ નાની તટસ્થ પ્રજાનાં વહાણોને તો, તેમાં કોઇ અમેરિકન નથી એવી ખાત્રી થયા પછી ડૂબાડવામાં આવે છે.*

જ્યારે તે બે પ્રજા વચ્ચે મધ્યસ્થ થવાનો પ્રસંગ આવે તે વખતે ઉપયોગમાં આવવાની ઇચ્છાથી આવું વલણ રાખવામાં આવે છે, એમ પ્રેસિડન્ટ કારણ જણાવે છે. નિષ્પક્ષપાત ન્યાયાધીશ તરીકે પોતાનો આવા વખતે સ્વીકાર થાય એમ એનો ઇરાદો છે. આ ઇરાદા તરફ આપણે માનપૂર્વક જોઇએ, પરંતુ આ અમેરિકન રાજનીતિ ઉપર ભવિષ્યના ઇતિહાસના લેખકો એ મુખ્ય ટીકા કરશે.

૧. બેલ્જિઅમનું તટસ્થપણું જાળવી રાખવાના કોલકરારપર અમેરિકાએ

---

*વર્તમાનપત્રમાં અહર્નિશ નીચે પ્રમાણે તારો આવે છેઃ—

લંડન, જુન ૧૨.

નૉર્વેના 'ઑર્કેડલ' નામના વહાણને ડૂબાડવામાં આવ્યું છે, અને નૉર્વેના 'પ્રૉસ્પર ત્રીજા' નામના વહાણને સુરંગથી ઉડાડવામાં આવ્યું છે.

એ વહાણ ઉપર ત્રીસ મુસાફર ડૂબી ગયા હતા; એમાંથી ચાર એક નાની હોડીમાં નાસી છૂટ્યા, પણ કેટલા દિવસે એ હોડી જ્યારે માલૂમ પડી ત્યારે ત્રણ મરી ગયા હતા.

સ્વીડનની 'પૅરા' નામની આગબોટને ટૉર્પેડોથી ઉડાડવામાં આવી છે અને 'હિડી' નામના નાના વહાણને સુરંગ મારવામાં આવી છે. ખલાસીને બચાવી લેવામાં આવ્યા.

કોઈપણ જાતની અગમચેતી આપ્યા વિના એક જર્મન સબમરીને ભૂમધ્ય સમુદ્રમાં 'રિમિના' નામની નૉર્વેની આગબોટ ઉપર ગોળા મારી તેને ડૂબાડી દીધી. પાંચ ખલાસીઓ હોડીમાં બેસતા હતા, એટલામાં તેમને મારી નાખવામાં આવ્યા, અને બીજાઓને બચાવી લેવામાં આવ્યા.

સહી કરી હતી; જ્યારે આ કોલકરારનો ભંગ થયો ત્યારે શા વાસ્તે **અમેરિકા** શાંત બેસી રહ્યું?

૨. પોતાની રૈયતના હકોનું રક્ષણ તેણે દરિયા ઉપર કર્યું. ત્યારે **નૉર્વે** જેવી નાની પ્રજાઓના ઘણા માણસો ડૂબાડવામાં આવ્યા, તેમને શું મદદ નહિ કરવી જોઈતી હતી?

કેદીઓ સંબંધમાં **અમેરિકાની** સેવા ભૂલવી જોઇતી નથી. **અમેરિકાના** એલચીખાતાએ **જર્મનિમાં બ્રિટિશ** કેદીઓની સ્થિતિ સહેવાય એવી કરી છે. **બેલ્જિઅનોને** મદદનાં નાણાં વિગેરે વહેંચી આપવાનું તેણે માથે લીધું છે. સર્વ ઉદ્યોગ બંધ કરી અને બધો ખોરાક ઘસડી જઇને આખા **બેલ્જિઅમમાં જર્મનિએ** દુકાળ પાડયો છે; **અમેરિકા** અને **બ્રિટનની** સખાવતથી મુખ્યત્વે કરીને ત્યાંની વસ્તીનો નિર્વાહ થાય છે. **પોલંડમાં** આ કામ થાય એમ નથી; ત્યાં તો ભૂખે મરતા લોકોને વાસ્તે મોકલેલો ખોરાક પોતાના લશ્કરના ઉપયોગમાં લેશે નહિ, એવી ખાત્રી **જર્મનિ** આપતું નથી.

પ્રકરણ ૧૧ મું.

લડાઈના મુદ્દાઓ.

લડાઈના મુદ્દાઓ જોતાં આ લડાઇ ઘણી લડાઇઓની માફક જાતો વચ્ચેની લડાઇ છે. જેમ **જર્મનોએ** પ્રાચીન સમયમાં **રોમન સામ્રાજ્યને** તોડી પાડી પોતાનો ફેલાવો કર્યો તેમ યુરોપમાં પોતાનો વિસ્તાર વધારવાનો **જર્મનોનો** પ્રયાસ છે. આવા **પ્રયાસથી** આપણે આશ્ચર્ય થવું જોઇએ નહિ; તેની અસંખ્ય પ્રજા વાસ્તે આજે **જર્મનિમાં** અવકાશ નથી. તેમને અનુકૂળ ખાલી જગ્યા માત્ર દુનિયામાં **યુફ્રેટિસની** ખીણમાંજ છે, અને આ લડાઇ કેટલેક અંશે તે દિશામાં આગળ વધવાનો પ્રયાસ છે; દરિયા તરફ આગળ વધવાનો અને દરિયાપર સત્તા મેળવવાનો પણ એ પ્રયત્ન છે. **જર્મન સમુદ્રના** તેમનાં બંદરોને હમેશ **બ્રિટનની** સત્તા અને પાડોશથી ભય રહે છે.

આપણે બ્રિટનના રહેવાશીઓએ આજ રીતે કેટલેક દરજ્જે આ લડાઇ તરફ જોવું જોઇએ. આ લડાઇથી આપણું પ્રજા તરીકેનું જીવન ભયમાં આવી પડયું છે. બ્રિટનની વસ્તી જર્મન વસ્તી કરતાં ઘણી ઓછી છે. જો તેમને જીત મળે તો બ્રિટનના દરેક વસ્તુ તેઓ લઈ લે અને જર્મનિના કિનારાથી દૂર એક નાનો ટાપુ બ્રિટન થઈ જાય, અને જર્મનિ તેને લશ્કર કે નૌકાસૈન્ય પણ રાખવા દે નહિ.

બીજો પણ એક એ સવાલ છે કે આ જાતો વચ્ચેની લડાઇની ઉત્પત્તિ રાજકીય સૂત્રોને લીધે થઇ છે કે કેમ? ફ્રેન્ચ રેવોલ્યુશનનો વિગ્રહ અમુક સૂત્રોને લીધેજ થયો હતો; જો કે તેનાથી ફ્રેન્ચ સામ્રાજ્ય સ્થપાયું, પણ સાથે સાથે મનુષ્યના હકોનો વિચાર અને ઓછોવત્તો પ્રજાકીય વિચાર પણ રાજ્યમાં દાખલ થયો. બન્ને પક્ષ આજે લડે છે તેમાં કાંઈ સિદ્ધાંત સમાયલો છે કે કેમ?

આ સવાલનો જવાબ આપવો સહેલો નથી, કારણ કે આ બારીક સમય આપણાપર એકાએક આવી પડયો છે. સ્થિતિ શું છે તે તો આપણે બરાબર સમજતા નથી; એટલું તો સ્પષ્ટ છે કે આ કાંઈ ધાર્મિક યુદ્ધ નથી. કારણ કે ઇંગ્લંડ અને પ્રશિઆ પ્રોટેસ્ટન્ટ છે; ફ્રાન્સ અને ઑસ્ટ્રિઆ રોમન કૅથોલિક છે. લોકોની સંમત્તિથી ચાલતાં રાજ્યો અને રાજાની નિરંકુશ સત્તાવાળાં રાજ્યો વચ્ચે આ લડાઇ ચાલે છે એમ પણ આપણે કહી શકતા નથી, કારણ કે રશિઆ અને પ્રશિઆ રાજાની નિરંકુશ સત્તાવાળાં રાજ્યો છે. પાર્લમેન્ટની રાજ્યપદ્ધતિ અખત્યાર કરવા રશિઆનું વલણ થયું છે.‡ પરંતુ પ્રયાસ ઘણો ધીમો છે અને તે આગળ વધ્યો નથી. જર્મનિ અને બ્રિટનના સિદ્ધાંતના મતભેદ તરફ આપણે ધ્યાન આપીશું, અને બીજા રાજ્યોને ધ્યાનમાં લઇશું નહિ.

રાજ્ય તરીકે જર્મનિ અને બ્રિટન વચ્ચે મોટો ભેદ એ છે કે બ્રિટનમાં પ્રજાની સંમતિથી રાજા રાજ્ય કરે છે, અને જર્મનિમાં, ઈશ્વર તરફથીજ પોતાને રાજ્ય મળ્યું છે એમ કૈસર કહે છે. બ્રિટિશ રાજાને ખાસ અંગત

‡ રશિઆની પાર્લમેન્ટ 'ડયુમા' કહેવાય છે.

સત્તા નથી; લોકોના પ્રતિનિધિ પ્રધાનો રાજ્યવહીવટ ચલાવે છે; પરંતુ જર્મનિમાં કૈસરની સત્તા સર્વોપરિ છે અને પ્રધાનો પણ તેજ નીમે છે. આ પ્રધાનોના હાથ નીચેના અમલદારોને પણ તેઓ નીમે છે અને પગાર પણ તેઓજ આપે છે. બ્રિટનમાં અમલદારો ઘણા થોડા છે અને મ્યુનિસિપૅલિટિ જેવી સામાજીક સંસ્થાઓ આ માણસોને નીમે છે અને પગાર આપે છે; તેઓની સત્તા બહુ થોડી હોય છે.

જર્મન અમલદારો બધી બાબતમાં લોકોના ઉપર અમલ ચલાવી તેમને નિયમમાં રાખે છે. તેઓનું રાજ્ય સારૂં અને પ્રમાણિક હોય છે; તેથીજ જર્મનિ બળવાન્, ધનવાન્ અને સમૃદ્ધિવાન્ થયું છે. એવો એક પણ દેશ નથી કે જ્યાં લોકોને માટે રાજ્ય આટલી બધી સંભાળ લેતું હોય. તેમના ખોરાક, રહેવાનાં ઘર, અને વ્યવહારનાં સાધનો ઉપર રાજ્યસત્તા પોતે તપાસ રાખે છે; ધર્મ અને કેળવણી પણ તેજ પૂરાં પાડે છે; જરૂર પડે તો તેને કામ, અને વૃદ્ધાવસ્થામાં પેન્શન પણ તેજ આપે છે. પણ આ બાબતમાં લોકોને સ્વતંત્રતા જરા પણ આપવામાં આવતી નથી. પરંતુ અમલદારોની પસંદગી તેમને કબૂલ કરવી પડે છે. એકંદરે આ બાબતમાં જર્મનો ફરિયાદ કરતા નથી, પણ ઉલટું તેઓને લાગે છે કે રાજ્યના ઉપકારને લીધે જ્યારે રાજ્યને જરૂર પડે ત્યારે મોટા ભોગ આપવાનો, લશ્કરમાં રાજીખુશીથી નોકરી કરવાનો, ભારે કરો આપવાનો, અને તે ઉપરાંત કૈસરના હુકમને માન આપવાનો અને તાબે થવાનો તેમનો ધર્મ છે. કેટલીક પેઢીઓ થયાં રાજ્યના શિક્ષકો શાળાઓમાં, અને વક્તાઓ ભાષણોમાં આવા બોધ લોકોને ખંતથી આપે છે.

આ પદ્ધતિ અંગ્રેજોની જરાએ નથી. લોકોની રાજીખુશીથી બંધાયલા મંડળો ઉપર શહેરીઓ વિશ્વાસ રાખે છે. અને જ્યારે તેઓ નિયમને તાબે થાય છે ત્યારે પણ તેઓ કામ કરવામાં તો સ્વતંત્ર હોય છે. આ પદ્ધતિમાં ઘણી ખામીઓ છે, કારણ કે એમાં સિદ્ધાંતવાળા તેમજ આળસુ અને સ્વાર્થી મનુષ્યો સ્વતંત્ર રહે છે; તેથીજ પ્રશિઆ કરતાં વધારે ખરાબ માણસો ઈંગ્લંડમાં હોય છે. ઈંગ્લંડમાં લોકો આ સમજવા લાગ્યા છે, અને વિચારે છે કે લોકોના જીવન ઉપર પહેલાં કરતાં વધુ સત્તા રાજ્યને મળવી જોઇએ.

પણ તેઓનો દૃઢ નિશ્ચય છે કે શહેરીઓએ પોતેજ પોતાના મંડળોમાં રાજ્યવ્યવસ્થાનું બંધારણ રચવું જોઇએ; અને પોતાના રાજાને કૈસર જેવો બનાવવાની તેઓની લેશમાત્ર પણ ઇચ્છા નથી.

ઇંગ્લંડ અને જર્મનિને આ બાબતોમાં એકબીજામાંથી ઘણું શીખવાનું હતું અને આ પરસ્પર શિક્ષણ મેળવવામાં લડાઇએ વિઘ્ન નાખ્યું છે, એ ઘણી દયાજનક વાત છે. પરંતુ લડાઇ તો થઇજ છે. લડાઇના પરિણામથી આપણે સમજવાનું છે કે કઇ પદ્ધતિવાળી પ્રજા વધુ બળ મેળવે છે; કયા પક્ષને જીત મળે છે તે ધ્યાનમાં લઇ પ્રજાની સત્તા કે રાજ્યની સત્તા તરફ લોકો પ્રીતિ વધારશે.

બાદશાહી સત્તાના ઉપયોગ સંબંધી વિચારમાં બ્રિટન અને જર્મનિ બન્ને જુદાં પડે છે. દરેક પ્રજા પોતાના ગુણ પ્રમાણે પોતાનું સામ્રાજ્ય બનાવે, એ બાબતપર તેઓ એકમત છે; પણ જુદી જુદી પ્રજાઓ અથવા જાતો પોતાના વિચાર બાંધે અને આગળ વધે એ બ્રિટિશ લોકો પસંદ કરે છે, પરંતુ જર્મન લોકો તો જર્મનિનાજ રીતરિવાજ પાળવા દરેક માણસને ફરજ પાડે છે. લાંબા અનુભવ પછી અને ઘણી ભૂલો કર્યા પછી આપણી પદ્ધતિ સૌથી શ્રેષ્ઠ છે એમ આપણે જાણ્યું છે. આ પદ્ધતિ પ્રમાણે હમેશ આપણે આપણા સામ્રાજ્યનો વિસ્તાર કર્યો નથી, તેમજ રાજ્ય પણ કર્યું નથી; તેથી ભૂતકાળની કેટલીક ભૂલોથી એવી આફતોમાં આવી પડ્યા છીએ અને એવા પ્રશ્ન ઉભા થયા છે કે જેનો નિર્ણય કરવાનું કામ ઘણું કઠિન થઈ પડ્યું છે. બ્રિટિશ સામ્રાજ્યમાં આયરિશની માફક કેટલીક પ્રજા કે જે સંતોષી નથી. અન્ય સ્થળે આમાંનું ઘણું કહેવામાં આવ્યું છે. આપણે હમણાં જાણીએ છીએ તે એ છે કે, બ્રિટિશ સામ્રાજ્ય પોતાના ભાગોમાં એક સામાન્ય રાજ્યસંસ્થા સ્થાપવા પ્રયત્ન કરે છે, જેમાં જુદા જુદા ઇતિહાસવાળા અને જુદા હેતુઓવાળા લોકો સાથે રહી શાંતિમાં રહી શકે. આ કામ ઘણું કઠિન છે, કારણ કે સામ્રાજ્યમાં આવા ભેદને લીધે ગુંચવાડા અને કડવાશ ભરેલી લાગણીઓ પેદા થાય છે; પરંતુ શાંતિદાયક ઉપાયો લઇને આ ભેદોનો નિકાલ કરવા પ્રયત્ન થાય છે.

અહિં પણ બ્રિટન અને જર્મનિ વચ્ચે રાજ્યનીતિમાં ફેર આપણે જોઇએ છીએ. એ વાત ખરી હોય કે ઘણા જર્મનો શાંત પ્રકૃતિવાળા છે, પરંતુ એ વાત પણ ખરી છે કે, જર્મનિ જે અર્થમાં એક લશ્કરી દેશ છે તે અર્થમાં બ્રિટન નથી. લશ્કરી પોશાકને અને ખાસ કરીને અમલદારના લશ્કરી પોશાકને બ્રિટનમાં માન અપાતું હોય એમ જણાતું નથી. ઈંગ્લંડમાં લશ્કરી અમલદાર સાદા શહેરી જેવોજ છે. જર્મનિમાં કેટલેક દરજ્જે તેને કાયદાનું બંધન નથી. જ્યારે તે બીજા લશ્કરી અમલદારો સાથે કજીઓ કરે ત્યારે પ્રાણઘાતક દ્વંદ્વ યુદ્ધ કરવાની અને કોઈ પણ સામાન્ય શહેરી તેનું અપમાન કરે તો તેને શસ્ત્રવતી સજા કરવાની તેને છૂટ છે. લશ્કરી પોશાક તરફ આ બેહદ માન જર્મનિની જે 'લશ્કરી સત્તા' કહીએ છીએ તેનો ભાગ છે. દેશના રાજ્ય વહીવટમાં પોતાના સરદારોની મારફત લશ્કરને જે સત્તા છે તે 'લશ્કરી સત્તાનો' બીજો ભાગ છે. કૈસરની આસપાસ લશ્કરી સરદારો રહે છે; પોતાની પાર્લમેંટ કરતાં તેમની સંમત્તિ વધારે વાર તે લે છે. ટુંકમાં જે પદ્ધતિથી દરેક માણસને લશ્કરમાં નોકરી કરવા જરૂર પડે છે તેને આપણે જર્મનિની 'લશ્કરી સત્તા' કહીએ છીએ. જ્યારે જર્મનિને નેપોલિઅને ચગદી નાંખ્યું ત્યારે આ રીત અખત્યાર કરવાની જર્મનિને જરૂર પડી હતી, પણ તે દિવસો વહી ગયા છે; છતાં પણ જર્મનિએ આ પદ્ધતિ આગ્રહપૂર્વક ચાલુ રાખીને યુરોપના બાકીના દેશોને તે દાખલ કરવાની જરૂર પાડી છે. લડાઇના પહેલા અઢાર મહીનામાં સ્વેચ્છાથી પચાસ લાખ માણસો બ્રિટનના લશ્કરમાં જોડાયા. આ એક મહાન્ કાર્ય હતું, અને આપણે આશા હતી કે આ સ્વેચ્છાના નિયમથી લડાઇમાં આપણે જય મળશે. પણ આખરે એ તો સ્પષ્ટ થયું છે કે રણક્ષેત્રમાં પૂરતા માણસો આ રીતથી મૂકી શકાયા નથી, જો કે જેટલા માણસો મળી શકે તેટલા માણસની તો જરૂર હતી; તેથી દરેક ઉપર પ્રજાકીય ફરજ્યાત નોકરી નાખવાની નાખુશીથી પ્રજાને જરૂર પડી.

ઘણા અંગ્રેજો આશા રાખે છે અને માને છે કે આ ફરજ્યાત નોકરી હમેશ રહેશે નહિ. તેઓનું એવું માનવું છે કે એક નાનું જાથુનું લશ્કર

રાખવું જોઇએ, જેમાં સૈનિકો થવાની સ્વાભાવિક વૃત્તિવાળા માણસો જોડાય; 'વૉલંટિઅર' તરીકે કાંઈ સામાન્ય તાલીમ લેવાને દરેક ઠેકાણે પુષ્ટ શરીરવાળા માણસો બહાર પડવા જોઇએ; અને પ્રજાના સર્વ સાધારણ ભયના પ્રસંગે દરેક માણસે લડાઇના આમંત્રણને માન આપી શસ્ત્ર ગ્રહણ કરવાં જોઇએ. પણ જ્યાં દરેક પુરૂષને સૈનિક તરીકે પૂરેપૂરી કેળવણી આપવામાં આવતી હોય ત્યાં લડવામાં આપણે કુશળ છીએ એવો પ્રજામાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે, અને તે લડવા પણ તત્પર થાય છે. આનું નામજ 'લશ્કરી સત્તા.' શાંતિ સાથે સુધારાનો આદર્શ જે બ્રિટિશનો છે તે આનાથી ઉલટોજ છે.

પ્રજાના માંહોમાંહેના કાયદાના રક્ષણાર્થે આ લડાઇનો પ્રયાસ છે. માણસોના કાયદાથી પ્રજાના કાયદા જુદા પડે છે, કારણકે એના કાયદા નક્કી કરવા અને અમલમાં લાવવા ખરેખરી કોઇની સત્તા નથી. આગળ ઉપર કોઇ એવી જબરી સત્તા ઉત્પન્ન થાય, પણ હાલ તો જુદી જુદી પ્રજા વચ્ચે સંધિથી કબુલાતો અપાય છે. સાધારણ રીતે આ કબુલાતો મતભેદના અમુક મુદ્દાઓ ઉપરજ લેવામાં આવે છે; જેના ઉપર સંમતિ આપનાર પ્રજાઓ અમુક રીતે વર્તવા બંધાય છે. દાખલા તરીકે, યુરોપનાં રાજ્યોએ એવી કબૂલાત કરી હતી કે જો તેઓ માંહોમાંહે લડતા હોય તો તેઓએ બેલ્જિઅમમાં અને સ્વિટ્ઝર્લેંડમાં દાખલ ન થવું, અને જો કોઇ સત્તા આ રાજ્યો ઉપર હુમલો કરે તો તેના રક્ષણાર્થે બીજી સત્તાઓ પણ હથિયાર ઉપાડી વચ્ચે પડે. હવે એવું તો કહી શકાયજ નહિ કે હમેશને વાસ્તે કોઈ પણ પ્રજા આવી શરતોથી બંધાયલી રહે. થોડાં વર્ષ પછી સહી કરનારો મરી જાય અને તેના વંશજો પોતાના પૂર્વજોના મતથી વિરૂદ્ધ પણ હોય; અને તેમ હોય તોપણ સ્થિતિ બદલાય અને સમય જતાં એવો વખત પણ આવે કે જ્યારે કોઇ પ્રજા કહી શકે કે કોઇપણ રીતે આગલી શરતને અનુસરીને ચાલવા હવે તે બંધાયલી નથી. પણ તેનાપર સંધિનું બંધન બીલકુલજ નથી, એમ કહેવા કોઇ પણ પ્રજા સ્વતંત્ર નથી. વાસ્તવિક રીતે જોતાં, બની શકે ત્યાં સુધી વિચાર પૂર્વક કરેલી સંધિઓ પાળવી જોઇએ. જે પ્રજા એમ કહે છે અને એમ વર્તે છે

તે બીજી પ્રજાની વિશ્વાસપાત્ર બને છે અને દુનિયાની શાંતિ જાળવવામાં મદદગાર થાય એટલુંજ નહિ પણ પોતે પણ બળવાન્ થાય છે.

સાંપ્રત સમયની લડાઇની શરૂઆત પહેલાં બેલ્જિઅમની તટસ્થતા જાળવવા જર્મનિએ વચન આપ્યું હતું. આપણે માનવાને મજબૂત કારણો છે કે જ્યારે આ વચન જર્મનિએ આપ્યું ત્યારે તે પાળવાનો વિચાર તેનો હતો નહિ; જ્યારે બેલ્જિઅમનું સંરક્ષણ કરવાનો વખત આવ્યો ત્યારે એકદમ તે વચનનો ભંગ તેણે કર્યો. જ્યારે બ્રિટિશ એલચીએ વાંધો ઉઠાવ્યો ત્યારે, બ્રિટન આ ચીથરાના કકડાને માટે આટલી બધી દરકાર કરે છે તે જોઈ જર્મન ચૅન્સેલરે પોતાની અજાયબી જાહેર કરી. જો જર્મનિના ભવિષ્યના વચનને એક કાગળના ચીથરા માફક ગણી કાઢવામાં આવે તો તેથી શું જર્મનોને સંતોષ થશે? તેઓએ બ્રિટનને એવું વચન આપ્યું કે જો તે તટસ્થ રહે અને જો તેઓ જીતે તો લડાઈ પછી તેઓ બેલ્જિઅમ છોડી ચાલ્યા જશે. આ પણ કાગળનું ચીથરું શું ન કહેવાય?

જર્મનોએ આપેલા વચનોનો ભંગનો અહિં અંત આવતો નથી; પણ પ્રજાકીય વચન અને સંધિઓ પાળવાનો જે બ્રિટનનો સિદ્ધાંત છે અને જેને માટે તે લડે છે તે સિદ્ધાંત આ ઉદાહરણથી સ્પષ્ટ થશે. લડાઇના મુદ્દાઓ સંબંધી આ આપણું છેલ્લુંજ કહેવાનું છે. જર્મનિ અને બ્રિટનના સંબંધમાં તો મનુષ્યના સુધારાના, લડાઈના અને સામ્રાજ્યના જુદા જુદા વિચારોને લીધેજ આ લડાઇ ઉત્પન્ન થઇ છે. આપણે પૂરો વિશ્વાસ છે કે બ્રિટન જીતશે અને બ્રિટનના વિચારો ખરા ઠરશે.

પ્રકરણ ૧૨ મું.

હિંદુસ્તાન અને લડાઈ.

ઉઠ્ઠાં સો વર્ષ થયાં યુરોપના વિગ્રહમાં હિંદુસ્તાન પ્રેક્ષક તરીકેજ રહ્યું છે; આજે તે લડાઇના મેદાનમાં ઉતર્યું છે; આમ તે ઉતરશે એમ કોઇ ધારતું નહતું. યુરોપના વિગ્રહમાં હિંદુસ્તાનના લોકો કેવો ભાગ લેશે એ

બાબત બ્રિટિશ સરકાર કે લોકોએ વિચાર કર્યો હોય એવું કહી શકાય એમ નથી. જ્યારે એવો સમય આવ્યો ત્યારે તે વખતનો વૉઇસરૉય દૃઢ મનનો હતો, અને ભારતવર્ષના વત્નીને તે બરાબર સમજતો હતો. તેથી લોકોની ખરી ઇચ્છાઓ અને ઉદારવૃત્તિના વેગને યોગ્ય માર્ગમાં દોરવવા અને તેમના અભિપ્રાય દર્શાવવાને ઘણોજ લાયક તે નિવડયો. હિંદુસ્તાનની વફાદારી પ્રત્યે લૉર્ડ હાર્ડિંગને જરાએ શંકા હતી નહિ, અને બીજા મનુષ્યના મનમાં એવી શંકા ઉત્પન્ન પણ થવા દેતો નહિ. લડાઇની શરૂઆતમાં હિંદુસ્તાનની સહાનુભૂતિ અને સહાય સંબંધી ખાત્રી હિંદુસ્તાનના શહનશાહને તેણે આપી. જે દરેક વર્ગના હિંદુસ્તાનના લોકોએ પૂરતી રીતે સાબિત કરી આપી છે.

આ ખાત્રીને અનુસાર હિંદુસ્તાનના સૈનિકોને બ્રિટિશ સૈનિકો સાથે રણક્ષેત્રમાં લડવા દેવાની બાબત પર તે તાત્કાળિક નિર્ણય ઉપર આવ્યો. હિંદુસ્તાનમાંના બ્રિટિશ લશ્કરના મોટા ભાગને ફ્રાન્સ મોકલવામાં આવ્યું, અને તેની સાથે લડવૈયાઓ તરીકે હિંદુસ્તાનની બધી લડાયક કોમોની ટુકડીઓ ગઇ. પઠાણ, ગુરખા, શીખ, રજપૂત અને પંજાબી, જેમના પૂર્વજો પોતાના સ્વદેશમાં એક બીજા સાથે લડતા હતા તેઓ આજે બ્રિટિશ વાવટા નીચે બ્રિટિશ અમલદારો સાથે આ મહાન્ જંગમાં લડે છે.

આનું કારણ શું? યુરોપની ખરી સ્થિતિનું ભાન હિંદુસ્તાનની ટુકડીઓને હતું એવું કોઈ ધારતું નથી. તેમાંના ઘણાખરાને જર્મન નામ સિવાય બીજી કાંઈ પણ માહીતી નથી; પરંતુ હિંદુસ્તાનની શાંતિ અને ઉદય તેઓ પૂરતી રીતે જાણે છે. જે રાજ્યની નોકરીમાં તેઓ છે તે રાજ્ય ઉપરજ શાંતિ અને ઉદયનો આધાર છે, તેથી તેના દુશ્મનોને પોતાના દુશ્મન તેમણે ગણ્યા. કેળવાયલા વર્ગમાં પણ આજ લાગણી છે; મિત્રરાજ્યોને લડાઇનું ખરું કારણ છે એ નિર્ણય ઉપર તેઓ આવ્યા, અને કબૂલ પણ કરે છે કે, લડાઇનું કારણ એવું છે કે જેને તેઓ વાજબી ગણે છે અને ટેકો આપે છે. તેઓએ કેવી જાતની મદદ આપી છે તે હમણાંજ આપણે જોઇશું; પણ તે પહેલાં આપણે રણક્ષેત્રમાં હિંદુસ્તાનના સૈનિકો સાથે જઇએ.

લાંબી મુસાફરીમાં આપણે હવે તેની સાથે જઇએ તેમાંના ઘણાખરાએ દરિયો અને વહાણો પહેલીજ વાર જોયાં; તેઓ એવા દેશમાં ગયા કે જ્યાં દરેક ચીજ તેમને વિચિત્ર લાગી અને ઘણી બાબતોમાં તો તેમને સમજણ પણ પડી નહિ; વળી ત્યાંની હવા પણ એવી ઠંડી હતી કે જેનો અનુભવ તેમને કદીપણ થયો નહતો અંતે જુદીજ જાતની લડાઇમાં તેમને દાખલ થવું પડયું. યુરોપના શીયાળાની ટાઢ ને શરદીને લીધે અને ખાઇઓમાં લાંબો વખત ખુલ્લા પડી રહેવાને લીધે ત્યાં ઘણા જબરા યુરોપિઅનથી પણ ટકાય એમ હતું નહિ. ત્યાં હિંદુસ્તાનના લડવૈયાની સહનશક્તિની એવી જબરી કસોટી થઇ કે ઇતિહાસમાં કોઈ પણ યુદ્ધમાં એવી કસોટી થઈ નથી. ઘણા સંતોષ સાથે આપણે કહેવું જોઇએ કે તેઓએ પોતાની પુરાણી પ્રતિષ્ઠા જાળવી છે, અને પોતાના સેનાધિપતિને અને દેશબંધુઓને સંતોષ આપ્યો છે. હિંદુસ્તાનનું લશ્કર પહેલું ફ્રાન્સમાં આવ્યું ત્યારે ઇપર નજદીક બ્રિટિશ હદ ઉપર સિપાઇઓને રાખવામાં આવ્યા. ત્યાં તેઓને તે મહાન્ યુદ્ધ સબંધી વિટંબણાઓ, ઝનૂની ઝપાઝપી, હારજીતના વખતો અને આખરની ફતેહ, એ સર્વેનો અનુભવ થયો. લડાઇની જીતના માનમાં પણ તેમને ભાગ મળતો અને તેમાના ઘણાને બ્રિટિશ લશ્કરમાં શૌર્યના શ્રેષ્ઠ ચાંદ વિકટોરિઆ ક્રૅાસ સહિત બીજા લશ્કરી ચાંદો મળ્યા છે. દાખલા તરીકે ૧૨૯ મી બલુચી ટુકડીનો એક સિપાઇ ખુદાદાદખાન યાંત્રિક તોપો ફોડનારી ટુકડીમાં છેલ્લો ટકી રહ્યો હતો અને પોતાના સાથી પડયા છતાં એણે યાંત્રિક તોપ ચાલુ રાખી હતી; આ માટે તેને ચાંદ આપવામાં આવ્યો હતો. ૯મી ભોપાળ પાયદળનો એક સિપાઇ છીતાસિંહ, જે પોતાનું સુરક્ષિત સ્થાન છોડી દઇને મેદાનમાં ઘાયલ થઇ પડેલાં પોતાના સરદારને મદદ કરવા દોડયો, તેને એક નિષ્ઠાથી નોકરી કરવા બદલ અને સ્પષ્ટ બહાદુરી દેખાડવા બદલ તે ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો.

તેની સાથે એક શીખના કામની કદર પણ કરવી જોઇએ. તે તેની ટુકડીમાંથી કેટલાંક વર્ષ પહેલાં વાનપ્રસ્થ થયો હતો, અને લડાઇ ફાટી નીકળી તે વખતે 'આર્જેન્ટાઇન રિપબ્લિક'માં દ્રવ્ય પ્રાપ્ત કરતો હતો. તે પોતાનું કામ છોડી દઇ લંડન આવવા પૈસા ખર્ચી રાજીખુશીથી લડાઇના

મેદાનમાં જવા તૈયાર થયો. હિમ્મત અને વફાદારી વાસ્તે જેટલું માન આપવું જોઇએ તેટલા માનને વાસ્તે તે ખરેખરો હકદાર છે.

યુરોપના બીજા શીઆળાના દુઃખમાંથી હિંદુસ્તાનના લશ્કરને મુક્ત કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. સન ૧૯૧૫માં ફ્રાન્સમાંથી તેમને બધાને ઘણે ભાગે ઈજિપ્ટમાં અને કાંઈક ઈરાની અખાતમાં ખસેડવામાં આવ્યા. ત્યાં તેમને બીજી અડચણો આવી પડી; પણ તેઓ હિંદુસ્તાન અને સામ્રાજ્યની નોકરીમાં ઓછા ઉત્સાહી થયા નથી.

હિંદુસ્તાનના રાજાઓએ લશ્કરની મદદ આપી છે અને ઘણી બાબતમાં પોતે કીમતી સેવા બજાવી છે. તેમની વફાદારી વિષે કહેવું જોઇએ. નાગરિક વસ્તીએ સહાનુભૂતિ અને દ્રવ્યથી સિપાઇઓને મદદ આપી છે. લડાઈથી ઉત્પન્ન થયલાં દુઃખમાંથી મુક્ત કરવા સૈનિકોના સુખસાધનને અર્થે ફંડો ઉઘાડવામાં આવ્યાં છે. 'ઇમ્પિરિઅલ રીલિફ ફંડ' અને 'પ્રોવિન્શિઅલ ફંડો' ઉઘાડવામાં આવ્યાં છે; સ્ત્રીઓએ પણ ખાસ ફંડ સ્થાપ્યાં છે. આ ફંડોમાંથી ઇસ્પિતાલોને મદદ કરવામાં આવે છે; માંદાની માવજત કરનારી આગબોટોને સરસામાન પૂરો પાડવામાં આવે છે, અને ઘણી રીતે સિપાઇઓનાં દુઃખ પણ ઓછાં કરવામાં આવે છે. દુર્ભાગી બેલ્જિઅમના લોકોને પણ ભૂલવામાં આવ્યા નથી, અને તેમની મદદ માટે પણ ફંડ ઉઘાડવામાં આવ્યું છે.

આ ફંડોના ઉઘરાણાની યાદી વાંચતાં જુદા જુદા દાતાઓ અને તેમની ઉદારતાથી દરેકને આશ્ચર્ય ઉપજે છે. તેમાં આપણે મોટા રાજાઓ અને પૈસાદાર વ્યાપારીઓનાં નામ જોઇએ છીએ; આ નામોની તો આપણે આશા રાખીએ, પણ તેમાં મીલના મજુરો તેમજ બીજા મજુરો, ગામડિયાઓ, અને નાના મોટા વિદ્યાર્થીઓનાં નામ પણ જોઇએ છીએ. સહજ માહીતીથી આપણને માલૂમ પડશે કે કેટલાક ઘણા ગરીબ માણસોએ, લાભ કે પ્રતિષ્ઠાના કાંઈ પણ વિચાર વિના આ ફંડોને મદદ કરવા હાડમારી પણ ભોગવી છે.

હિંદુસ્તાનની નાગરિક વસ્તીને લડાઇને લીધે હજુ સુધી કાંઇ બહુ સોસવું પડયું નથી; પણ લડાઈ જેમ ચાલશે અને આખું જગત જેમ ગરીબ

થશે, તેમ તેમ હિંદુસ્તાનને વધારે ને વધારે દુઃખ પડશે એમાં કાંઇ સંદેહ નથી, પરંતુ કાંઇપણ સંશય વગર આપણે માની શકીએ કે ધૈર્ય અને બુદ્ધિથી આ સમયને તે વેઠી લેશે.

ભવિષ્યમાં એને પણ લાભ થશે. હિંદુસ્તાનના લોકોની પ્રજા તરીકે ગણત્રી થાય છે, એવી લાગણી ઉદય પામશે. તેને સ્વમાન અને પ્રતિષ્ઠા મળશે અને તેની દૃષ્ટિમર્યાદા પણ વિશાળ થશે; જો તે વ્યાપારી લાભ લેવા તૈયાર હશે તો તે પણ મળશે. કારીગરોને કેળવણી આપવાની અને સારા ધંધામાં પૈસા રોકવાની જરૂર છે એમ તે આખરે શીખશે.

આખરે આપણે આશા રાખીએ છીએ કે આ બારીક સમયને લીધે ઉત્પન્ન કરેલી અરસ્પરસ સારી લાગણીને લીધે યુરોપિઅનો અને હિંદનિવાસિઓ વધારે ઘાડા સંબંધમાં આવશે, અને પરસ્પર લાભને માટે સાથે કામ કરી નવજીવન અનુભવશે. આપણે જાણીએ છીએ કે કેટલાંક વર્ષ થયાં એક જબરો મતભેદ પડયો છે, અને કેટલાક દુઃખદાયક બનાવો બન્યા છે. કજીયાને બદલે સંપના રસ્તા અને સાધનો મેળવવાને લડાઇ આપણને શીખવશે. વૉઇસરૉય ઉપર મોકલેલા પોતાના સંદેશાના શબ્દોમાં પોતાની પ્રજાઓ માટે શાહનશાહે ખરૂંજ કહ્યું છેઃ—" મારા સામ્રાજ્યની ઐક્યતા અને અખંડતાના રક્ષણાર્થે, તેમાં મારી હિંદુસ્તાનની પ્રજા, ખંડિયા રાજાઓ, અને બીજા રાજ્યકર્તાઓએ મારા રાજય પ્રત્યે બતાવેલી એકનિષ્ઠાવાળી ભક્તિ અને રાજ્યની લડાઇમાં જાતે સેવા કરવાની અને સાધનો આપવાની તેમની ઉદાર માગણી, એ બેના કરતાં કોઇપણ ચીજથી મારા ઉપર વધારે અસર થઇ નથી. લડાઇમાં આગળ પડવાની તેઓની એકત્ર માગણીએ મારા દિલપર અસર કરીછે, અને હું સારી રીતે જાણું છું તેમ, જે પ્રેમ અને રાજ્યભક્તિથી હું અને મારી હિંદી પ્રજા હમેશ જોડાયલા છીએ તે પ્રેમ અને રાજ્યભક્તિને તે પરીસીમાએ પહોંચાડે છે. દિલ્હીમાં મારા રાજ્યાભિષેકની પવિત્ર ક્રિયા પછી સને ૧૯૧૨ના ફેબ્રુઆરી મહીનામાં હું પાછો વળ્યો ત્યારે શુભ લાગણી અને ભ્રાતૃભાવથી ભરપૂર, બ્રિટિશ પ્રજા ઉપર મોકલેલા ભારતવર્ષની પ્રજાના જે સંદેશાથી મને અભિનંદન આપવામાં આવ્યું હતું, તેનું મને

સ્મરણ થાય છે. હિંદુસ્તાન અને ગ્રેટબ્રિટનનાં ભવિષ્ય મજબૂત રીતે ગાઢ જોડાયલાં છે, એવાં તમે આપેલાં વચન પૂરતી અને ઉદાર રીતે તમે પાળ્યાં છે, એ મને માલૂમ પડે છે." ચોગરદમ આ વિચારનો પ્રવાહ આપણે વધુ ને વધુ ચલાવો.

હિંદુસ્તાનના બ્રિટિશ રાજ્યને અપાતા નિયમસર ટેકાને માટે અફગાનિસ્તાનના અમીર સાહેબનો ઉપકાર માનવો ઘટે છે. ધર્મ અને સામાન્ય બુદ્ધિથી કયો રસ્તો લેવાય તે એ જાણે છે, અને આ લાંબી લડાઇનું પરિણામ શકમંદ છે એમ, એકપળ પણ પોતાની પ્રજાને તે ધારવા દેતો નથી. સરહદ પરની કેટલીક રાજા વિનાની જાતો સાથે આપણે ઝપાઝપી થઇ છે, પણ અફગાનિસ્તાનનો અમીર આપણો અડગ મિત્ર રહ્યો છે.

પ્રકરણ ૧૩ મું.

પરિણામ અને ભવિષ્યની આશા.

અત્યાર સુધીની લડાઇનાં પરણામો ઉપરથી કોઇપણ જાતના નિર્ણય પર આવી શકાય એમ નથી, અને જોતાં વારને તો સહજ નિરાશા ઉત્પન્ન કરે એમ છે. લડાઇનાં લગભગ બે વર્ષ પછી બેલ્જિઅમ અને ફ્રાન્સનો ઉત્તરનો ભાગ હજુ દુશ્મનનાજ હાથમાં છે; તેમજ પોલંડ અને સર્વિઆ પણ દુશ્મનના હાથમાં છે. કોઇપણ સ્થળે યુરોપમાં જર્મનિના પ્રદેશમાં મિત્રરાજ્યો દાખલ થયાં નથી. ટ્રીએસ્ટ તરફ ઇટૅલિઅનો વધી શકયા નથી અને તેઓને ટ્રેન્ટિનોમાંથી બહાર હાંકી કાઢવામાં આવ્યા છે. મૅસોપોટમિઆમાં કુત આગળની ખુઆરીથી ગુમાવેલી કીર્તિ પાછી પ્રાપ્ત કરીએ તે પહેલાં કેટલોક વખત આપણે થોભવું પડશે.

એથી ઉલટું પૂરેપૂરી ફતેહ મેળવવાની યોજનાઓમાં જર્મનો દરેક સ્થળે નિષ્ફળ નિવડયા છે. પૅરિસ કે રાઇગા તેઓ પહોંચ્યા નથી. ઈંગ્લંડ અને ઇજિપ્ટ ઉપર હુમલા લાવી શકયા નથી. આયર્લંડનો બળવો નામોશી સાથે નિષ્ફળ નીવડયો છે, અને બ્રિટિશ સામ્રાજ્યમાં દરેક ઠેકાણે લડાઇના ત્રાસને લીધે બળ અને ઐકયતાની લાગણી પેદા થઈ છે.

જર્મનિની ખુઆરી કાંઇ ઓછી નથી. ઈસ્ટ આફ્રિકા સિવાયનાં તેનાં બધાં સંસ્થાનો લેવામાં આવ્યાં છે, અને તે પણ જલદી જવાની વકી છે. તેનો પરદેશ સાથેનો વ્યાપાર પડી ભાંગ્યો છે; બ્રિટનનો મુલક જરાએ ગયો નથી, અને આયાત અને નિકાસમાં તેના વ્યાપારમાં જાણવાજોગ વૃદ્ધિ થાય છે.

બન્ને પક્ષના માણસોની ખુઆરીનો ચોક્કસ અંદાજ કરી શકાય એમ નથી. જર્મનિના છેલ્લા આંકડા પરથી જણાય છે કે તેમને લગભગ ૩૦ લાખ માણસોની ખોટ ગઈ છે, જેમાંના ૧૫ લાખ મરણ પામ્યા છે. આ આંકડા પર વિશ્વાસ રાખવો કે નહિ એ બાબતપર લોકોનો મતભેદ છે. ઑસ્ટ્રિઆ, રશિઆ કે ફ્રાન્સમાં તો આંકડા જાહેર થતા નથી. બ્રિટિશના છેલ્લા આંકડા જે ત્રણે મહીના ઉપર આવેલા તે ઉપરથી માલૂમ પડે છે કે, બ્રિટિશોની સાધારણ ખોટ સાડા સાત લાખ માણસની થઇ છે.

હાલ જર્મનિ પાસે રણક્ષેત્રમાં ચોક્કસ કેટલું લશ્કર છે, તેની ગણત્રી થઇ શકે એમ નથી. પણ તેથી તેની સંખ્યા ઓછી માનવી એ ભૂલભરેલું છે; જર્મનોના મથકોના સામર્થ્ય વિષે પણ ઓછી ગણત્રી કરવી નહિ, તેમજ એક બાજુથી બીજી બાજુએ લશ્કરોને લાવવા અને લઈ જવા તેમની પાસે પૂરતી રેલ્વે છે એ વાત પણ ભૂલી જવી જોઇતી નથી. દરેક બાજુ ઉપર સામટો હુમલો કરીને આમ સૈનિકોની લાવજાવ કરવામાં જર્મનોને મિત્રરાજ્યો અટકાવે એવું ધારવામાં આવતું હતું; પણ અત્યારસુધી એવો સામટો હુમલો કરવામાં આવ્યો નથી

હવે મિત્રરાજ્યો પાસે દારૂગોળાનો સારો જથો છે, તેથી એ સંજોગ આવે એમ છે. આ બાબતની નબળાઇને લીધે સન ૧૯૧૫માં તેઓ પ્રવૃત્તિ કરી શકયા નહિ; અને રશિઆની હારનું મુખ્ય કારણ પણ એજ હતું. આપણે આશા રાખીએ કે એ બાબતમાં સુધારો થયો હશે. સાથે રહી કામ કરવાની અગવડોને ધીમે ધીમે પહોંચી વળાય છે. દુશ્મનના લશ્કરી અમલદારોની સભાની સરખામણીમાં આપણા લશ્કરના અમલદારોની સભા જેમાં જુદી જુદી ભાષાવાળા ૭ પ્રતિનિધિઓ બેસે છે, તેને ઘણા ગેરલાભ છે, એ તો ખુલ્લું છે.

આપણા સૈનિકો બધાને ફ્રાન્સ મોકલી આપવા અથવા તો તેમાંના કેટલાકને જુદા જુદા ક્ષેત્રમાં વહેંચી કાઢવામાં ડહાપણ સમાયલું છે કે કેમ એ બાબત શંકા બતાવવામાં આવી છે; પરંતુ લશ્કરી સવાલની ચર્ચા લશ્કરી માણસોને સોંપવી જોઇએ. તુર્કો સામે રશિઆએ મેળવેલી જીતનો લાભ લેવો, બલગેરિઆ તેમજ હુંગરિને દાબી દેવું, એજ આપણી સારામાં સારી યોજના છે; પશ્ચિમના રણક્ષેત્રમાં જર્મનોને નકામા અને ઘણા ભોગ આપવા પડે એવા હુમલાઓ કરવાનું જર્મનોને સોંપીએ છીએ.

દર્મિયાન દરરોજ દરિયાઇ નાકેબંદી ચાલુ છે. શરૂઆતમાં આશા રાખતા હતા તેટલી આશા નહિજ રાખવી જોઇએ એ આપણે હવે શીખ્યા છીએ. જર્મન રસાયન શાસ્ત્રીઓ પણ સમયને અનુકૂળજ નિવડયા છે. રૂને બદલે લાકડામાંથી ફુટે એવા પદાર્થો અને પેટ્રોલ અને રબરને બદલે તેવાજ અન્ય પદાર્થો તેમણે શોધી કાઢયા છે. પરંતુ આ બધું છતાં ઘણી ઉપયોગી ચીજોનો જથો તેમની પાસે ઓછો થતો જાય છે. ખાસ કરીને ઉન, ચામડું અને થોડે અંશે ત્રાંબુ પણ ખૂટયું છે. ખોરાકનો સવાલ પણ જો કે તુર્ત સમયને માટે ગંભીર નથી, પરંતુ દુઃખરૂપ છે. માંસ અને ઘઉંની તાણ પડી છે, અને આખા દેશમાંથી બધી જાતની ચરબીઓ મળી શકતી નથી; તેથી ખાસ કરીને નિર્ણય આવે એવી જીત મેળવવાની જર્મનિને આવશ્યકતા છે.

હવે મિત્રરાજ્યોને પણ પોતાની મુશ્કેલીઓ છે. તેઓનાં માણસની અતિશય ખુઆરી થઈ છે, અને તેઓનો ખર્ચ મનાય નહિ એવો છે. માત્ર બ્રિટનને દરરોજ લશ્કર પાછળ ૫૦ લાખ પૌંડ ખર્ચ થાય છે. મિત્રરાજ્યોને મોટે ભાગે આર્થિક મદદ તે કરે છે. ફ્રાન્સનો કારખાનાંવાળો પ્રદેશ જર્મનોના હાથમાં હોવાથી, જો બ્રિટને તેને માણસ અને ખોરાકની મદદ નહિ આપી હોત, તો ફ્રાન્સ તો કયારનુંએ બેસી ગયું હોત. આ ખર્ચ લોન કાઢવાથી અને કરવેરા નાખવાથી નિકળે છે; હજુ સુધી દેશે આ માગણીઓ પૂરી પાડી છે. પણ સમય જતાં આપણાં સાધનો પણ કરકસરથી નીતિસર વાપરવાં પડશે અને બ્રિટનના સઘળા લોકોને હાલ જેટલી તાણ પડે છે, તેના કરતાં વધુ ભોગવવી પડશે.

આપણે એમ છતાં ખાત્રી છે કે જ્યારે આવો પ્રસંગ આવશે ત્યારે તેને માટે બ્રિટનો પણ તૈયારજ રહેશે. જીતવાના દૃઢ નિશ્ચય ઉપર તેઓ એકમત છે, અને બધાં મિત્રરાજ્યોનો પણ એવોજ દૃઢ નિશ્ચય છે. પરિણામે સ્થિતિ કેવી આવે તેનું તેમને ભાન થયું છે. જર્મનિ જેને વાસ્તવિક સંધિ કહે છે, તેની શરતો જર્મનોએ વારંવાર સૂચવી છે. બેલ્જિઅમ, પોલંડ અને સર્વિઆ જર્મનિનાં ખંડીઆ રાજ્ય થવાં જોઇએ. તુર્કસ્તાનમાં પોતાનોજ વગ રહે, અને ભવિષ્યની લડાઇઓમાં ઈંગ્લંડે નાકેબંદીનો હક મૂકી દેવો જોઇએ. આ શરતોમાં જર્મનિની ફતેહનો ભાવ આવી જાય છે; પણ તેની જીત થઈ નથી અને એવી શરતોનો વિચાર મિત્ર રાજ્યો એક ક્ષણ પણ કરશે નહિ. તેઓની મતલબ કે ઇચ્છા શું છે તે તેઓએ વિગતવાર જણાવ્યું નથી, પણ બ્રિટનના સંબંધમાં બેલ્જિઅમને સ્વતંત્રતા મળવી જોઇએ, અને તેણે જે ભોગવ્યું છે તેનો બદલો જેટલો પૈસાથી આપી શકાય તેટલો તેને મળવો જોઇએ; વળી પ્રશિઆની લશ્કરી સત્તા પણ તોડી નાખવી જોઇએ. જર્મનિએ માગેલી શરતોથી સલાહ કરવામાં આવે તો પાછાં હથિયાર ઉપાડવાનો ભય રહેશે યુરોપમાં પુનઃ લશ્કરી છાવણીઓ દરેક સ્થળે થશે; દરેક પુરૂષને સૈનિક તરીકે લાયક થવાની જરૂર પડશે અને દુનિયાની અર્ધી કમાણી લડાઈની તૈયારીમાં વપરાઇ જશે.

જ્યારે સંધિનો સમય આવી પહોંચશે ત્યારે ઘણા સવાલો ઉભા થશે. આપણા સંબંધમાં આ લડાઇ સ્વતંત્રાની છે, તેથી કોઇના ઉપર ગુલામગીરીની ધુંસરીથી તેનો અંત આવવો જોઇએ નહિ. યુરોપના અગ્નિ કોણના દેશોની મિશ્રિત પ્રજાને લીધે આમ બનવું મુશ્કેલ છે; આપણે સ્વતંત્રતા મેળવવાની યોજનાઓની ચર્ચા કરી શકતા નથી; છતાં પણ તે આપણી નજરમાં રાખવી જોઇએ, અને આપણી મનની વૃત્તિઓને તેજ પ્રમાણે કેળવવાની જરૂર છે. જો એમ નહિ કરીએ તો યુરોપ અને આખી દુનિયાનું ભવિષ્ય નિરાશાભરેલું થશે. સુધરેલી દુનિયાના અંશ તરીકે જર્મનિ વિના ચાલી શકે એમ નથી. પોતાની વસ્તીની સંખ્યામાં, કળા, જ્ઞાન અને સામાજિક પ્રગતિમાં આગળ આગેવાન ભાગ તે લેતું આવ્યું છે, તેમ તેને લેવા દેવો જોઇએ, અને

તેમાં તેને સ્વતંત્રતા પણ મળવી જોઇએ. પરંતુ એના અભિમાન વાસ્તે એને શિક્ષા થવી જોઇએ અને તે પોતાના બળ ઉપરથી શ્રદ્ધા મૂકી દે અને બીજાઓને વસવા માટે પૂરતી જગા રહેવા દે એવું પણ કરવાની જરૂર છે.

આપણે આશા છે કે આમ થશેજ; પણ બધુંજ સારૂંજ થાય છે એવા નિશ્ચિત મતથીજ આ લખીએ છીએ એમ નથી. આવી સ્થિતિ બન્ને બાજુએ હતી, પરંતુ હવે બન્ને પક્ષ અનુભવથી શીખ્યા છે. જેની આપણે જરૂર છે તે સર્વ શુભવાદ કે સર્વાશુભવાદ નથી, પરંતુ અડગ નિશ્ચય છે. લૉર્ડ કિચનરે પોતાના છેલ્લા પત્રમાં કહ્યું છે કે—"આપણે છેવટ સુધી વળગ્યા રહેવાનું છે અને અંત સુધી બનતો પ્રયત્ન કરવાનો છે. બધા વિચારવંત મનુષ્યોની લાગણી એણે પોતાના વાક્યમાં દર્શાવેલી છે. અને બીજા દેશની માફક હિંદુસ્તાનનાં વિચારવંત માણસો તરફથ એના શબ્દોને પૂરતો ટેકો મળશે એવો પૂર્ણ વિશ્વાસ આપણે છે, અને હાલને માટે આપણા જીવનસિદ્ધાંત તરીકે એ શબ્દોની નોંધ લઈ આપણે એજ શબ્દોથી આ લઘુ પુસ્તક સમાપ્ત કરીશું.

પરિશિષ્ટ (જ).

વિગ્રહના મુખ્ય બનાવોની યાદી.

પશ્ચિમનું રણક્ષેત્ર.	પૂર્વનું રણક્ષેત્ર.	તુર્કસ્તાન અને દક્ષિણ વિભાગ.	ઇટલિ અને બીજાં રાજ્યો.
		૧૯૧૪.	
ઑગસ્ટ.			
જર્મનોનો બેલ્જિયમ ઉપર હુમલો. ફ્રાન્સમાં બ્રિટિશ લશ્કરનું આગમન.	રશિયા સામું જર્મનિ લડાઈ જાહેર કરે છે. રશિયાનો પ્રશિયાપર હુમલો, ટેનન્બર્ગની લડાઈ.		
સપ્ટેમ્બર.			
ફ્રાન્સમાં જર્મનોની પાછા ફરવાની શરૂઆત. હિંદી લશ્કર ફ્રાન્સમાં.			બ્રિટિશ અને હિંદી લશ્કરો મેસેપોટમિઆમાં ઉતરે છે.
ઑક્ટોબર.		તુર્કો ઑડેસા ઉપર હુમલો કરે છે.	
નવેંબર.	રશિઆ ગૅલિસ્યાનો કબજો લે છે.	બ્રિટિશ કાફલો ડાર્ડનલ્સ ઉપર હુમલો કરે છે.	જાપાન ટ્સિંગટાઉન લે છે.
ડીસેંબર.		સર્વિઆમાંથી ઑસ્ટ્રિયનોને હાંકી કાઢવામાં આવ્યા.	

૧૯૧૫.

પશ્ચિમનું રણક્ષેત્ર.	પૂર્વનું રણક્ષેત્ર.	તુર્કસ્તાન અને દક્ષિણ વિભાગ.	ઇટલિ અને બીજાં રાજ્યો.
ફેબ્રુઆરી. વ્યાપાર ઉપર જર્મન સબમરીનના હુમલાની શરૂઆત.		ઇજિપ્ટ ઉપરના તુર્કસ્તાનના હુમલાને પાછા હઠાવવું.	
એપ્રિલ. ઇપર ઉપરનો જર્મન હલ્લો નિષ્ફળ નિવડયો.		મિત્ર રાજ્યોનું લશ્કર ગલિપોલિમાં ઉતરે છે.	
મે.			ઇટલિ લડાઇ જાહેર કરે છે.
જુન.	લેમબર્ગનું પડવું. રશિયા ગેલિસ્યા ગુમાવે છે.		
જુલાઇ.			સાઉથ વેસ્ટ આફ્રિકાનો કબજો લેવાયો.
ઓગસ્ટ.	વારસૉનું પડવું. રશિયનો પોલંડના કિલ્લાઓ ગુમાવેછે.		
સપ્ટેંબર. બ્રિટિશ લૂસ લે છે. શાંપાનમાં ફ્રેંચો આગળ વધે છે.			
ઑકટોબર	રશિયા રીગા બચાવેછે.	મિત્રરાજ્યોનું લશ્કર સેલોનિકામાં ઉતરે છે.	

	પશ્ચિમનું રણક્ષેત્ર.	પૂર્વનું રણક્ષેત્ર.	તુર્કસ્તાન અને દક્ષિણ વિભાગ.	ઇટલિ અને બીજાં રાજ્યો.
નવેમ્બર				ટેસિફૅન આગળ બ્રિટિશ જીત
ડીસેંબર			જર્મનિ અને બલ્ગેરિયા સર્વિયાનો કબજો લે છે. મિત્રરાજ્યનું લશ્કર ગૅલિપોલિમાંથી પાછું જાય છે.	કૂટનો ઘેરો શરૂ થાય છે.
૧૯૧૬				
જાન્યુઆરી				રતનો પૂરો કબજો મળેછે
માર્ચ	જર્મનોના વર્ડુ ઉપર હુમલાની શરૂઆત.			કૂટ પડયું.
એપ્રિલ				
મે	જટ્લૅંડની નૌકાસૈન્યની લડાઈ			ટ્રેન્ટિનો ઉપર ઑસ્ટ્રિયાના હુમલાની શરૂઆત
જૂન		રશિયા ઝર્નોવિટ્ઝ પાછું મેળવે છે.		

પરિશિષ્ટ (ब)

યુરોપના ઇતિહાસના અગત્યના બનાવોની સાલવાર યાદી.

ઇ. સ.	
૪૦૦	રોમન સામ્રાજ્યની પડતી. જર્મન હુમલાની શરૂઆત.
૮૦૦	શાર્લમેનનો રાજ્યાભિષેક.
૧૫૦૦	રેફર્મેશન.
૧૬૧૮-૧૬૪૮	ત્રીસ વર્ષનો વિગ્રહ.
૧૭૦૦	ફ્રાન્સનો ચૌદમો લુઇ.
૧૭૮૯	ફ્રેંચ રેવોલ્યુશન.
૧૮૧૫	વૉટર્લુની લડાઈ.
૧૮૬૬	પ્રશિઆ ઑસ્ટ્રિઆને હરાવે છે.
૧૮૭૦	પ્રશિઆ ફ્રાન્સને હરાવે છે.
૧૮૯૯	દક્ષિણ આફ્રિકામાં બોર વિગ્રહ. જર્મનિ અને બ્રિટિશ વચ્ચે શત્રુતાની લાગણી.
૧૯૦૪	આંટાંટ કૅાર્ડિઅલ.
૧૯૧૪	સાંપ્રત સમયની લડાઇની શરૂઆત.